## જૂલે વર્ન



# સાહસિકોની સૃષ્ટિ

ગુજરાતી બેસ્ટસેલર
૧૦,૦૦૦
ઉપરાંત નકલો
વેચાઈ ચૂકી છે.



સંક્ષિપ્ત કરનાર

**મૂળશંકર મો. ભટ્ટ**

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

સાહસકથાઓના મહાન લેખક જૂલે વર્નની આ એક અમર સાહસકથા છે. જૂલે વર્ને અહીં પાંચ પાત્રોના આલેખન દ્વારા અદ્‌ભુત સૃષ્ટિ ઊભી કરી છે. ગુજરાતીમાં આ પુસ્તક ખૂબ જ લોકપ્રિય થયું છે.

સાહસિકોની આ સૃષ્ટિમાં સાહસિકોની સાથે તમે પણ ખેંચાઈને આનંદ અને રોમાંચ અનુભવશો.

# સાહસિકોની સૃષ્ટિ

મૂળ લેખક

**જુલે વર્ન**

સંક્ષિપ્ત કરનાર

**મૂળશંકર મો. ભટ્ટ**


**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at: www.rrsheth.com

Email: sales@rrsheth.com

SAHSIKONI SRUSHTI, Adventures story

By VERNE, Jules

R. R. Sheth & Co., Mumbai □ Ahmedabad

**© આર. આર. શેઠની કંપની**

**પ્રકાશક**

ભગતભાઈ ભુરાલાલ શેઠ

આર. આર. શેઠની કંપની

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Web : www.rrsheth.com

E-mail : rrsheth_co@hotmail.com

# બે બોલ

*આજથી આઠેક મહિના ઉપર ભાઈ મૂળશંકરનું 'સાગરસમ્રાટ' પ્રકટ થયું ત્યારે તેની પાસેથી ગુજરાતને નામે અમે જે આશા રાખી હતી તે ભાઈ મૂળશંકરે આજે પૂરી કરી છે.*

*ભાઈ મૂળશંકરનાં આ પુસ્તકો ગુજરાતના બદલાતા જતા સાહસના અને વીરતાના આદર્શોને ભારે વેગ આપશે એમાં શંકા નથી. એથીયે આગળ ચાલીને બોલીએ તો આપણા સાહિત્યમાં આ પુસ્તકોએ ભાત પાડી ગણાય.*

*પણ દક્ષિણામૂર્તિને મન તો એની કિંમત જુવાન વિદ્યાર્થીઓના ઉપર આ પુસ્તકોની જે જાદુઈ અસર છે તેમાં છે. દક્ષિણામૂર્તિનો અને એ રીતે ગુજરાતનો જુવાન પોતે જાણે-અજાણે જે કાંઈ શોધી રહ્યો છે, તેને આ પુસ્તકમાં તે દેખે છે અને પૂરા હૃદયથી તેના તરફ ખેંચાય છે.*

*આવું ખેંચાણ એ જ આવા પુસ્તકના લખનારને માટે બસ નથી? તેથી જ આવા લેખકો મારા જેવાના બે શબ્દોને અંતરાયરૂપ થવા દેવા માગતા નથી.*

*૮-૬-'૩૪*

***– નાનાભાઈ***

# પ્રાસ્તાવિક

જુલે વર્નની આ બીજી એક કૃતિને મારા કિશોર મિત્રો પાસે ધરતાં મને આનંદ થાય છે. જુલે વર્નની આ કૃતિ મેં જ્યારે અંગ્રેજીમાં વાંચી ત્યારે પહેલેથી છેલ્લે સુધી હું આ સાહસિકોની સૃષ્ટિમાં તે સાહસિકોની સાથે સાથે જ ખેંચાયા કર્યો હતો. આ વાર્તાના વાંચનારાઓ મારા જેવો કંઈક અનુભવ પણ આ ગુજરાતી સ્વરૂપમાં કરી શકશે તોયે મને થોડોએક સંતોષ થશે.

આ આખી વાર્તા મૂળ લેખકે ત્રણ પુસ્તકોમાં બહાર પાડી છે, અને તેને તેણે ‘ભેદી ટાપુ’ (Mysterious Island)નું નામ આપ્યું છે. મને પોતાને આ નામ આખી વાર્તાનું સૂચક નામ નથી લાગ્યું. આમાં તો જુલે વર્ને પોતાનાં પાંચ કલ્પનાનાં પાત્રો દ્વારા એક મોટી સૃષ્ટિ ઊભી કરી છે. એટલે ‘સાહસિકોની સૃષ્ટિ’ એ નામમાં ઔચિત્ય લાગ્યું છે.

મૂળ ત્રણ પુસ્તકોમાંથી મેં થોડુંઘણું ટૂંકાવી નાખ્યું છે, પણ એ ટૂંકાવવામાં જુલે વર્નની આ કાલ્પનિક સૃષ્ટિને મેં ખંડિત નથી થવા દીધી. બહુ બહુ તો તેના ઉપરનું જુલે વર્નનું સુંદર રંગરોગાનનું કામ હું ઉતારી નહિ શક્યો હોઉં, પણ મૂળ શબ્દનું શબ્દશઃ ભાષાંતર ગુજરાતીમાં તેવા જ સ્વરૂપમાં નહિ દીપી ઊઠે એમ લાગવાથી મેં આમ કર્યું છે.

જુલે વર્નની આ કૃતિ યુરોપ-અમેરિકાનાં બાળકોમાં સૌથી વધારે પ્રિય થઈ પડી છે. જુલે વર્નની આ બહુ જ પ્રસન્ન કૃતિ છે. જુલે વર્ન પોતે પણ આ કૃતિને પોતાની પ્રિય કૃતિ માને છે.

જુલે વર્ને આ પુસ્તક લખ્યા પછી વિજ્ઞાનશાસ્ત્રમાં અનેક નવી નવી શોધો થઈ છે. જૂના સિદ્ધાંતોમાં પણ ફેરફારો થયા છે. એટલે જુલે વર્ને પોતાના આ પુસ્તકમાં વર્ણવેલા વિજ્ઞાનના પ્રયોગો વિષે અત્યારે મતભેદને અવકાશ છે. પણ આ સંક્ષિપ્તમાં તો જુલે વર્નનું જ અનુકરણ કર્યું છે.

આ પુસ્તકને પણ જો મારા મિત્રો વધાવી લેશે તો જુલે વર્ન તથા તેવા જ બીજા લેખકોનો વધારે પરિચય કરાવવાનો ઉત્સાહ મળશે. અને એમાંથી જ એક જમાનો એવો પણ આવશે કે જ્યારે આવી સાહસોની ભવ્ય કલ્પનાઓથી ભરેલી કૃતિઓ ગુજરાતમાં સ્વતંત્ર રચાશે. એ જમાનો બહુ દૂર નથી લાગતો. ગુજરાતના કુમારોની ભૂખ હવે ખરી ઊઘડી છે.

શ્રી દક્ષિણામૂર્તિ ગૃહ

૧૦-૬-’૩૪

**– મૂળશંકર મો. ભટ્ટ**

# જુલે વર્ન સંબંધે

*આ તથા આના જ જેવાં સંખ્યાબંધ પુસ્તકોના લેખક જુલે વર્નના જીવન સંબંધેની માહિતી બહુ જ થોડી મળે છે. ઈ. સ. ૧૮૨૮માં ફ્રાન્સના નાન્ટેસ (Nantes) નામના શહેરમાં તેનો જન્મ થયો હતો. તે જ્યારે નાનો હતો ત્યારે નાન્ટેસ શહેર આજના કરતાં ભવ્ય હતું; જૂની જાહોજલાલીના અવશેષો ત્યાં દેખાતા હતા, પણ જુલે વર્નને તેનાં ભવ્ય મકાનો કરતાંયે ત્યાંની લોઈર નદી (Loire) ઉપર તરતાં વહાણોમાં વધારે રસ હતો. ત્યાંથી સમુદ્ર પાંત્રીશ માઈલ દૂર છે. સમુદ્રને જોઈને તેની કલ્પનામાં અજબ ચેતન આવતું અને નાનપણથી જ તેના મનમાં 'સાગરસમ્રાટ'નાં સ્વપ્નાં આવતાં.*

*આ વાર્તા લખ્યા પછી તો અનેક બનાવો દુનિયા પર બની ગયા. પણ એ ન ભૂલવું જોઈએ કે જુલે વર્નની એ વાતો જ્યારે પહેલી બહાર પડી અને લોકો તેને વાંચવા માટે તૂટી પડતા, ત્યારે તે વાંચનારાઓને ખ્યાલ પણ નહિ હોય કે આ સબમરીન થોડા વખત પછી સ્વપ્ન મટીને એક સત્ય વાત બનશે. એ વખતે ઍરોપ્લેન પણ ન હતું; અને જ્યારે જુલે વર્ને The Clippers of the Clouds – મેઘયાનની વાર્તા લખી ત્યારે તેને પણ ખ્યાલ નહિ હોય કે તેની વાતો વાંચનાર બાળકો એક દિવસ સાચેસાચ પોતાના માથા પર આવાં ઍરોપ્લેન – હવાઈ વિમાનો ફરતાં જોશે.*

*જુસે વર્ને પોતાની શરૂઆતની કેળવણી નાન્ટેસમાં લીધી; અને પછી પારીસમાં કાયદાનું શિક્ષણ લેવા ગયો. ત્યાં તેણે નાનાં નાનાં નાટકોલખવા માંડ્યાં; કેટલાંક નાટકો તો રંગભૂમિ ઉપર ભજવાતાં પણ હતાં. ૧૮૬૩ની સાલમાં 'બલૂનમાં પાંચ અઠવાડિયાં' નામની તેની વાર્તા તેણે એક પ્રકાશક પાસે મૂકી. અને ત્યારથી તેણે આવી જાતની વાર્તાઓની માળા શરૂ કરી.*

*૧૮૭૦માં આ તથા તેની બીજી વાર્તાઓ યુરોપની જુદી જુદી ભાષાઓમાં ઊતરવા ભાગી, અને તે સાથે તેની ખ્યાતિ દુનિયામાં ફેલાવા લાગી. લગભગ સતત ત્રીસ વર્ષો સુધી તેણે પોતાની વાર્તામાળાનો પ્રવાહ ચાલુ રાખ્યો. સરાખરી વર્ષની એક વાર્તા તે પુસ્તકાકારે પ્રસિદ્ધ કરતો; કોઈ કોઈ વખત વર્ષમાં બે પુસ્તકો પણ બહાર પાડતો. બધાં થઈને લગભગ પચાસ પુસ્તકો તેણે પોતાના મૃત્યુ સુધીમાં લખી નાખ્યાં છે.*

*એક જમાનો એવો હતો કે દુનિયા આખીના એટલે અમેરિકા, ફ્રાન્સ, ઇટાલી, જર્મની, બ્રિટન: એ બધા દેશોનાં છોકરા તથા છોકરીઓ જુલે વર્નની જ વાર્તાઓ વાંચ્યા કરતાં.*

*જુલે વર્નને આમાંથી કમાણી પણ પુષ્કળ થઈ હતી, પણ તેણે પોતાનું જીવન સાદું જ રાબેલું. તેનો ખોરાક પણ ખૂબ સાદો હતો. તેણે એક નાનું એવું વહાણ ખરીદ્યું હતું; અને તેની અંદર નાની એવી કૅબિનમાં તે પડ્યો રહેતો, તથા આખો દિવસ લેખન અને વાંચન કર્યા કરતો અને*

*તેમાંથી જેટલો વખત મળે તેટલો વખત તે પોતાના વહાણની સારવારમાં ગળતો. આ જ વહાણ પર તેની ઉત્તમમાં ઉત્તમ કલ્પનાની કૃતિઓ ઉદ્ભવી હતી. આ વહાણમાં બેસીને તે નાની અને મોટી સફરો કરવા પણ નીકળતો.*

*૧૮૮૬માં એક વાર તેના ભત્રીજાથી રમતાં રમતાં પિસ્તોલની ગોળી છૂટી અને જુલે વર્નને તે વાગી. સદ્ભાગ્યે જુલે વર્ન ખચી ગયો, પણ તે અપંગ બન્યો. તોયે તેનું લેખનકાર્ય તો ચાલ્યા જ કર્યું.*

*લેખક તરીકેની તેની જિંદગીનાં પચાસ વર્ષમાંનો ઘણોખરો કાળ એણે 'એમીયન્સ' (Amiens)નગરમાં કાઉન્સિલર તરીકે કાઢ્યો. ત્યાં તેનું જીવન શાંત રીતે ચાલતું હતું. સવારે પાંચ વાગે ઊઠીને નિયમિત રીતે પોતાનું કામ કરતો. પારીસ શહેરમાં તે ભાગ્યે જ રહેતો.*

*ઈ. સ. ૧૯૦૫ના માર્ચની ૨૪મી તારીખે સિત્તોતેર વર્ષની ઉંમરે તેનું મૃત્યુ થયું.*

*તે પોતાની પાછળ લગભગ પચાસ કૃતિઓ મૂકતો ગયો છે.*

**—સંક્ષેપકાર**

# ક્રમ

## ખંડ પહેલો

આકાશમાંથી / કઈ રીતે આવ્યા / કેપ્ટનની શોધ / કોતરોમાં / એક જ દીવાસળી! / હાર્ડિંગનું શું થયું? / હાર્ડિંગ મળ્યો પણ જીવતો કે મુડદું? / દેવતા ઓલવાઈ ગયો! / હાર્ડિંગનો પહેલો ચમત્કાર / આ બેટ છે / નવું સંસ્થાન / ગ્રાન્ટ સરોવર / કુંભાર કે ખગોળશાસ્ત્રી? / લિંકન બેટ ક્યાં આવ્યો? / લોખંડનું કારખાનું / પાણીનો ધોધ / ગ્રેનાઇટ ગુફા / ગ્રેનાઇટ મહેલના બાદશાહો / ઘઉંનો એક જ દાણો / વિજ્ઞાનની વાતો / બંદૂકની ગોળી

## ખંડ બીજો

શોધખોળની તૈયારી / સાધનો મળી આવ્યાં / બેટને બીજે છેડે / અરધા માણસનો વધારો / બે નવા મદદગારો / ખલાસીની ઇચ્છા / વહેલ / ભેદી કૂવો / તરતી ચિઠ્ઠી / ખાલી ઝૂંપડી / અણધાર્યો પ્રકાશ / હેવાન કે ઇન્સાન / અંતરની વેદના / પાપનો એકરાર / ત્યારે તાપણું કોણે કર્યું હશે? / ક્ષિતિજમાં વહાણ

## ખંડ ત્રીજો

વહાણ નાંગર્યું / આયર્ટનનું સાહસ / વહાણ ડૂબી ગયું / છ શત્રુઓ / હર્બર્ટ ઘાયલ / ખેપિયો ટૉપ / ગ્રેનાઇટ મહેલમાં / દૈવી દવા / શત્રુ અને મિત્રની શોધમાં / રાત્રે ચાંદનીમાં / મદદગારની શોધમાં / અણધાર્યો સંદેશો / આખરે મળ્યા / કેપ્ટન નેમો / વિનાશના ભણકારા / જળજળાકાર / પાછા સ્વદેશે

# ખંડ પહેલો

## ૧ : આકાશમાંથી

પૃથ્વીની ચારેય દિશામાં પથરાઈને પડેલો શાંત સ્વભાવનો પૅસિફિક મહાસાગર આજે બદલાઈ ગયો હતો. ગાંડોતૂર થઈને તે નાચતો હતો. જાણે પ્રલયકાળ હોય એમ આકાશ અને સમુદ્ર એક થઈ ગયાં હતાં. સાંજનો વખત હતો; કાંઈ દેખાતું ન હતું. માત્ર આકાશમાંથી માણસોના અવાજો આવતા સંભળાતા હતા.

'અલ્યા! આપણે તે ઊંચે ચડીએ છીએ કે નીચે ઊતરીએ છીએ?'

'અરે ભાઈ! ચડતાયે નથી ને ઊતરતાયે નથી, પણ નીચે પડીએ છીએ!'

'નીચે દરિયો ઘુઘવાટા મારતો હોય એમ લાગે છે.'

'અરે, આપણી નીચે ખરેખર સમુદ્ર જ છે. જરૂર, બલૂનની કોથળીમાં કાણું પડ્યું છે, ને થોડા વખતમાં હવા ખલાસ થશે. હવે?'

'હવે શું? જેટલો સામાન હોય તેટલો નીચે ફેંકવા માંડો. ચલાવો!' છેલ્લો અવાજ હુકમ કરતો હોય તેવો જણાતો હતો.

દુનિયા ઉપર ઘણાંયે વાવાઝોડાં થઈ ગયાં હશે; પણ સને ૧૮૬૫ની સાલના માર્ચ મહિનામાં જે વાવાઝોડું આખી દુનિયા ઉપર ફરી વળ્યું હતું તેણે આડો આંક વાળી નાખ્યો હતો. ૧૮મીથી ૨૬મી તારીખ સુધીમાં તેણે દુનિયાને ડોલાવી નાખી હતી. મોટાં જંગલોનાં જંગલો ઊથલી પડેલાં; ગર્વથી મસ્ત ઊભેલાં શહેરોનાં મોટાં મોટાં મકાનો જમીનદોસ્ત થઈ ગયાં હતાં; જળને ઠેકાણે સ્થળ ને સ્થળને ઠેકાણે જળ થઈ ગયું હતું. પણ દુનિયાની સપાટી ઉપર જે આ કુદરતનું તાંડવ ચાલતું હતું, તેનાથી પણ ચડી જાય એવું તાંડવ તે વખતે આકાશમાં ચાલતું હતું. ૨૩મીની સાંજે પૅસિફિક મહાસાગર ઉપર એક મોટું બલૂન કલાકના ૯૦ માઈલની ઝડપે એક તણખલાની જેમ ઊડી રહ્યું હતું. તેના ગભારાની નીચેના મોટા ગોળ ટોપલામાં પાંચ માણસો હતા. ગાઢ ધુમ્મસને લીધે તેઓ એકબીજાને ચોખ્ખા જોઈ શકતા નહોતા, તો પછી આસપાસ તો શાનું જ દેખાય? ફક્ત પવનના ને પાણીના કાન ફાડી નાખે તેવા સુસવાટા સંભળાતા હતા. દિવસ છે કે રાત તેની પણ નજર નાખ્યે ખબર પડે તેમ ન હતું. બલૂન આખું કેટલીયે વાર ગૂંચળું વળી જતું! જ્યારે બલૂનની અંદરનાં માણસોને ખબર પડી કે બલૂનની હવાની કોથળીમાં કાણું પડ્યું છે અને બલૂન ઝડપથી નીચે ઊતરી રહ્યું છે, ત્યારે તેમણે બલૂનના ડબ્બામાં રહેલો ખાવાપીવાનો તથા

પહેરવા-ઓઢવાનો બધો સામાન નીચે ફેંકવા માંડ્યો. હલકું થવાથી બલૂન પાછું ઊંચું ચડ્યું.

આખી રાત તેમણે આ રીતે કાળના મોંમાં પસાર કરી. સવાર પડી. ચાર દિવસ પછી આજે પહેલી જ વાર તેમને સૂર્યનાં દર્શન થયાં. ૨૪મીની સવારથી તોફાન જરા શાંત પડ્યું. પ્રકાશ પણ દેખાવા લાગ્યો; વાદળાંઓ પણ છૂટાં પડવા લાગ્યાં; પવન પણ ધીમે ધીમે પોતાનું વિકરાળ સ્વરૂપ છોડતો જતો હતો.

લગભગ ૧૧ વાગ્યે ધુમ્મસ ઓસરવા માંડ્યું. કુદરતને નાચતાં નાચતાં જાણે થાક ચડ્યો હોય એમ લાગતું હતું. બલૂન પાછું ધીરે ધીરે નીચે ઊતરતું ગયું: જાણે તે મોતનાં ડચકાં ખાવા લાગ્યું. બપોરે બેત્રણ વાગ્યાને સુમારે બલૂન સમુદ્રથી લગભગ ૨૦૦૦ ફૂટની ઊંચાઈએ હતું. જે કાંઈ રડ્યોખડ્યો સામાન રહી ગયો હતો તે પણ સમુદ્રમાં હોમી દેવામાં આવ્યો. બલૂનમાં ૫૦,૦૦૦ ઘનફૂટ ગૅસ હજુ ભરેલો હતો, પણ તે હવે લાંબો વખત ટકાવી રાખી શકાય તેમ ન હતું. જેમ જેમ ગૅસ ઘટવા માંડ્યો તેમ તેમ બલૂન નીચે ઊતરવા માંડ્યું. સાક્ષાત્ મૃત્યુ તેમની સામે આવીને ઊભું હતું.

ક્યાંયે જમીન નજરે પડતી નહોતી. ૪૦ માઈલ સુધી નજર પડી શકતી હતી, પણ બધે પાણી જ દેખાતું હતું!

કુદરત તેમના પર કોપી હતી. મનુષ્યથી થઈ શકે તેવા બધા પ્રયત્નો કરીને અત્યાર સુધી આ પાંચ જવાંમર્દો કુદરત સામે ટક્કર ઝીલી રહ્યા હતા. બલૂનનું કાણું મોટું થવા લાગ્યું; બલૂનથી માત્ર ૫૦૦ ફૂટ જ નીચે સાગર ઘુઘવાટા મારી રહ્યો હતો – જાણે તેમને પોતાનાં મોંમાં સમાવી દેવા તૈયાર થઈને ઊછળતો હતો!

‘બલૂનમાં હવે કાંઈ રહ્યું છે?’ અંદરથી કોઈ બોલ્યું.

‘ના.’

‘બરાબર ખાતરી છે?’

‘કૅપ્ટન સાહેબ! એક આ ૨૦૦૦ સોનામહોરોની કોથળી રહી ગઈ છે.’

‘ચાલો, ફેંકી દો!’ હુકમ છૂટ્યો. – ‘અને ખીસામાં જે કાંઈ સામાન હોય તે પણ ફેંકી દો.’

વજનદાર કોથળી સમુદ્રને તળિયે બેઠી, ને બલૂન પાછું જરાક ઊંચું ચડ્યું, વળી પાછું તે નીચે ઊતર્યું.

ફરી વાર તે જ હુકમ કરતો અવાજ આવ્યો: ‘હવે એક જ ચીજ ફેંકી દેવાની બાકી છે; અને તે આપણે ઊભા છીએ તે ટોપલો. આપણે

બધા હવાની કોથળીની જાળીમાં લટકી જાઓ. પેનક્રૉફ્ટ! તું દોરડાં કાપી નાખ.'

બધા માખીની જેમ જાળીમાં ભરાઈ ગયા, ને થોડી વારે મોટો વજનદાર ટોપલો પાણીમાં પડ્યો. તે જ ક્ષણે બલૂન વળી ૨૦૦૦ ફૂટ ઊંચે ચડ્યું.

થોડી વારે વળી પાછું બલૂન નીચે ઊતરવા માંડ્યું. મનુષ્યશક્તિની હવે હદ આવી ગઈ હતી. એક જ એવી શક્તિ હતી જે તેમને બચાવી શકે. સાંજના ચાર વાગે તો બલૂન સમુદ્રથી ૪૦૦ ફૂટ જ ઊંચે રહ્યું.

એકાએક બલૂનમાંથી કૂતરાના ભસવાનો અવાજ આવ્યો. અંદરના માણસો સાથે બલૂનમાં કૂતરો પણ હતો.

'જમીન, જમીન!' ની બૂમો બલૂનમાંથી નીકળી. લગભગ ૩૦ માઈલ દૂર કાળી લીટી દેખાતી હતી.

હજુ એક કલાકનો રસ્તો હતો. નૈઋત્ય દિશામાં બલૂનને પવન જોરથી ઘસડી જતો હતો. એક કલાક કાઢવાનો એ ખરેખર વિકટ કામ હતું. બલુન પાણીની તદ્દન નજીક હતું. સમુદ્રની છોળો પણ તેને ભીંજવવા માંડી હતી. ઘાયલ થયેલા પક્ષીની જેમ બલૂન ગોથાં ખાઈ રહ્યું હતું.

હવે જમીન માંડ એક માઈલ કે બે માઈલ દૂર હશે. સાંજનું અંધારું થવા માંડ્યું. ત્યાં એકાએક ચીસ સંભળાઈ ને બલૂનનું વજન જાણે હલકું થયું હોય તેમ તે એકદમ ૧૫૦૦ ફૂટ ઊંચું ચડી ગયું ને પાછું નીચે ઊતરીને એક રેતાળ ખડક ઉપર જોરથી પછડાયું. જાળીમાં ભરાઈ રહેલા માણસો માંડ માંડ જાળીમાંથી છૂટા થયા. છ દિવસ પછી પહેલી જ વાર તેઓએ જમીન પર પગ મૂક્યો. બલૂન મનુષ્યોના હાથમાંથી છૂટ્યું કે તરત ઊડ્યું ને અદૃશ્ય થઈ ગયું.

પણ નીચે ઊતરીને જોયું તો પાંચ જણને બદલે ચાર જ જણા દેખાયા; કૂતરો પણ ગુમ થઈ ગયો હતો!

# ૨ : કઇ રીતે આવ્યા?

આ મુસાફરો અહીં કઈ રીતે આવ્યા હશે? તેઓ કોઈ ચોરડાકુ ન હતા; તેમ આવા તોફાનમાં ઓચિંતા સપડાઈ પણ નહોતા ગયા. તેમનો થોડોએક પૂર્વઇતિહાસ આપણે જાણી લઈએ.

૧૮૬૫ની સાલની શરૂઆતમાં જ અમેરિકામાં ઉત્તર તથા દક્ષિણનાં રાજ્યો વચ્ચે મોટી લડાઈ જામી. લડાઈનાં કારણોમાં આપણે ન ઊતરીએ. એ લડાઈમાં ઉત્તરનાં રાજ્યો તરફથી કૅપ્ટન ગ્રાંટ લડી રહ્યો હતો. તેણે દક્ષિણમાં સખ્ત મારો ચલાવ્યો હતો, અને દક્ષિણનું મોટું ઉપયોગી મથક જે રીચમંડ હતું તેને કબજે કરવા માટે તેણે ઘણા પ્રયત્નો કર્યા હતા. કૅપ્ટન ગ્રાંટ પાસે જે થોડાએક ચુનંદા અમલદારો હતા, તેમાંનો એક અમલદાર કૅપ્ટન સાયરસ હાર્ડિંગ હતો. આખા લશ્કરમાં તેની અજબ છાપ હતી. તેનું એકવડિયું છતાં સ્નાયુબદ્ધ શરીર, તરવરાટ કરતી આંખો અને પિસ્તાળીશ વરસની ઉંમરે પણ એક જુવાન જેટલી ચપળતાભરી તેની ચાલ ખૂબ આકર્ષક હતાં. ઉપરાંત તેને અનેક વિદ્યાઓનો અભ્યાસ હતો; ઇજનેરી કામ, વિજ્ઞાનની વિદ્યા, સુતારી કામ, નાવિક વિદ્યા, એ ઉપરાંત પણ અનેક પ્રકારનાં કામોમાં તે પ્રવીણ હતો. આવો માણસ અકસ્માત્ કૅપ્ટન ગ્રાંટના હાથમાંથી દુશ્મમોના હાથમાં કેદ પકડાયો. હાર્ડિંગને રીચમંડ નગરમાં કેદ રાખવામાં આવ્યો હતો. રીચમંડ ફરતો એવો પાકો બંદોબસ્ત હતો કે તેમાંથી એક ચકલું પણ ફરકી ન શકે.

કૅપ્ટન હાર્ડિંગ ઉપરાંત એક બીજો કેદી પણ રીચમંડમાં આવી પડ્યો હતો. અમેરિકાના એક સુપ્રસિદ્ધ છાપાનો તે ખબરપત્રી હતો. તેનું નામ ગિડિયન સ્પિલેટ. સ્પિલેટના નામથી છપાયેલા ખબરો ઉપર કોઈ શંકા જ ન લાવી શકે. લડાઈના છેલ્લામાં છેલ્લા ખબરો સ્પિલેટ તરફથી જ મળી શકે. એ ખબરો તે કોઈ ઓરડીમાં બેઠો બેઠો નહોતો નેળવતો: ફૂટતી તોપોના રેંકડાને ટેકો દઈ એ લડાઈના ખબર લખતો. તોપોના ધડાકાઓ વચ્ચે તેની કલમ સ્થિર જ રહેતી. બગલમાં પિસ્તોલ તૈયાર જ હોય. પૂરા છ ફૂટ ઊંચો એ પડછંદ આદમી ખબરપત્રી કરતાં યોદ્ધાને વધારે લાયક દેખાતો હતો. આ માણસ પણ રીચમંડ નગરમાં સપડાઈ ગયો હતો.

કૅપ્ટન હાર્ડિંગનો નોકર તથા રસોઇયો જ્યારે લડાઈમાં કૅપ્ટનથી વિખૂટો પડ્યો ત્યારે તે એકલો કઈ રીતે રહી શકે? રીચમંડ નગરમાં પેસવું બહુ અઘરું ન હતું, માત્ર નીકળવું જ મુશ્કેલ હતું. કોઈ પણ રીતે તે રીચમંડ નગરમાં ઘૂસ્યો અને પોતાના શેઠને તેણે શોધી કાઢ્યો. તેનું ટૂંકું નામ નૅબ હતું; તે હબસી હતો.

રીચમંડ નગરમાં પુરાયેલા એ ત્રણે જણા ભારે અકળાઈ ગયા હતા. જેના શરીરમાં તરવરાટ સમતો ન હોય તે કઈ રીતે આમ પુરાઈને બેસી રહો

શકે? પણ થઈ શું શકે? સિંહો પાંજરામાં પુરાયા હતા.

જોકે રીચમંડમાં ઉત્તરનાં રાજ્યોના કેદીઓ હતા; પરંતુ અત્યારે તો આખું રીચમંડ શહેર પણ એક કેદખાના જેવું થઈ ગયું હતું. કૅપ્ટન ગ્રાંટનું લશ્કર રીચમંડની આસપાસના ભાગોમાં ફરી વળ્યું હતું. રીચમંડ નગરનો ગર્વનર પણ કેદી જેવો જ બની ગયો હતો!

આવી લડાઈમાં બહારથી ખબર ન આવી શકે, એટલે ગવર્નર કેટલો મૂંઝાય? હવે શું કરવું? ગવર્નરે પોતાના અમલદારોને ભેગા કર્યા. તેમનામાં ફૉસ્ટર નામનો એક બુદ્ધિશાળી તેમજ હિંમતવાળો અમલદાર હતો. તેણે કહ્યું: ‘આપણી આસપાસના લશ્કરને વીંધીને જવા માટે એક જ ઉપાય છે, અને તે આપણું બલૂન. એ બલૂન દ્વારા બહાર જવા માટે હું તૈયાર છું.’

ફૉસ્ટરની યોજના બધાએ તુરત સ્વીકારી લીધી, ને બલૂન તૈયાર કરવાનો હુકમ પણ ગવર્નરે એને આપી દીધો. બલૂન બીજે દિવસે સાંજે ઊપડવાનું હતું.

પણ સવારથી જ હવામાં ફેરફાર થવા લાગ્યો. નૈઋત્ય દિશાનો પવન જોર કરવા લાગ્યો. આ પવનનું સાધારણ જોર હોત તો તે બલૂનને માટે અનુકૂળ હતું, પણ પવન વધવા લાગ્યો અને સાંજના વખતે તો તોફાન જ શરૂ થઈ ગયું. આવા તોફાનમાં બલૂન લઈ જવું એ ગાંડું સાહસ હતું. આથી ૧૮મી તારીખે સાંજે બલૂન ઉપાડવાનું મુલતવી રહ્યું.

બીજે દિવસે તોફાન ઘટવાને બદલે વધવા લાગ્યું. તે દિવસે સાંજને વખતે હાર્ડિંગ પોતાના મકાન પાસે રસ્તા પર ફરતો હતો ત્યાં પાછળથી કોઈએ તેનો હાથ પકડ્યો. પાછા ફરીને જોયું તો એક ખલાસી જેવો માણસ તેની સામે ઊભો હતો. આ માણસનું નામ પેનક્રૉફ્ટ હતું. એ વર્જિનિયા પ્રાંતનો રહેવાસી હતો. ધંધે ખલાસી હતો ને દુનિયા આખીનાં પાણી તે ખૂંદી વળ્યો હતો. દરિયો એનું ઘર હતું. તે બિચારો પોતાના ઘરકામે અહીં આવી ચડ્યો હતો, દરમિયાન લડાઈ શરૂ થઈ ને ભરાઈ પડ્યો! એમાંથી કેમ છટકવું તેની જ તે રાતદિવસ યોજના કર્યા કરતો. નાસી છૂટવાના તેના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. હાર્ડિંગને તે નામથી તો ઓળખતો હતો; રીચમંડમાં તે કેદ છે તે પણ એ જાણતો હતો. આજે એકાએક તેનો ભેટો થઈ ગયો.

‘કેમ કૅપ્ટન સાહેબ! અહીંથી છૂટા થવાનો તમારો વિચાર છે?’ ખલાસીએ સવાલ કર્યો.

સાયરસ હાર્ડિંગે તેને બરાબર નિહાળ્યો. આ રીતે કોઈ બીજાએ તેને પૂછ્યું હોત તો તેને હાર્ડિંગ બદમાશ જ માનત, પણ ખલાસીના મોં પર ચોખ્ખી નિર્દોષતા તરવરતી હતી.

‘તમે કોણ છો?’

ખલાસીએ પોતાની ઓળખાણ આપી.

‘ઠીક; કઈ રીતે નાસી જવાની તમારી યોજના છે? ચાલો, ઘરમાં જઈને બેસીએ.’ – અને બંને ઘરમાં ગયા.

‘તમને ખબર તો હશે કે અહીંના ગવર્નરે એક બલૂન તૈયાર કરી રાખ્યું છે, પણ એમાં કોઈ જવાનું નથી. તો પછી તે આપણા માટે જ છે એમ માની લઈએ તો?’

હાર્ડિંગ બધું સમજી ગયો. આસપાસની બધી મુશ્કેલીઓ પણ ઘડીકમાં વિચારી લીધી. યોજના સાદી હતી, પણ તેનો અમલ જીવલેણ હતો. હાર્ડિંગમાં ભય જેવી વસ્તુ જ ન હતી; ખલાસી પણ બીકને દરિયામાં પધરાવીને જ આવ્યો હતો! સવાલ ફક્ત એટલો જ હતો કે રીચમંડ નગરમાં મરવું કે આ બલૂનમાં ઊડીને મરવું. યોજના વિચારી લીધી, દિવસ તથા સમય નક્કી કરી લીધો અને ખલાસી ઊઠ્યો.

‘પણ હું એકલો નથી.’ હાર્ડિંગે ઊઠતાં કહ્યું.

‘કેટલા છો?’

‘બીજા બે; એક મારો નોકર તથા એક મિત્ર.’

‘ઠીક, તમે ત્રણ ને અમે બે; પાંચ જણા તો ખુશીથી સમાઈ જઈશું. ત્યારે આજે રાત્રે નવ વાગે નક્કી?’

‘નક્કી.’ – કહી બંને છૂટા પડ્યા.

ખલાસી ઘેર ગયો. ખલાસીની સાથે તેના જૂના શેઠનો દીકરો હર્બર્ટ હતો. નાનપણથી જ પિતા ગુજરી જવાથી હર્બર્ટ ખલાસીને જ પિતાની જેમ ગણતો હતો. પંદર વરસનો જુવાન હર્બટ ખલાસીને મન સર્વસ્વ હતો. ખલાસીએ આવીને હર્બર્ટને આ બધી વાત કરી. હર્બર્ટના આનંદનો પાર ન રહ્યો. તૈયારી તો શી કરવાની હોય? બલૂનમાંનો બધો સામાન તેમના માટે તૈયાર જ હતો.

આ તરફ હાર્ડિંગે સ્પિલેટને બોલાવીને બધી વાત કરી; નૅબ પણ હાજર જ હતો. સાડા આઠ વાગે બલૂન બાંધવાની જગ્યાએ પહોંચી જવું એમ નક્કી થઈ ગયું.

આ કંઈ સામાન્ય મુસાફરી ન હતી; જીવ સટોસટની રમત રમવાની હતી. હાર્ડિંગ ત્યાં આગળ વહેલો જઈને આસપાસ ફરીને બલૂન તપાસવા લાગ્યો હતો. અંધારું જામી ગયું હતું. તે ફરતો હતો ત્યાં સામેથી બીજો માણસ તેની સાથે અથડાયો, ‘કોણ છે?’ બંને જણા એકીસાથે બૂમ પાડી ઊઠ્યા, અને અવાજ ઓળખાતાં હસી પડ્યા. ખલાસી પણ બલૂન તપાસવા જ નીકળ્યો હતો. બંનેએ ભેગા મળી બલૂનને કઈ રીતે ઉપાડવું તે

વિચારી લીધું. દરમિયાન સ્પિલેટ, નૅબ તથા હર્બર્ટ આવી પહોંચ્યા. બધું મૂંગાંમૂંગાં જ કરવાનું હતું. વખત થતાં બધા બલૂનમાં ચડી ગયા.

ફક્ત એક ખલાસી બલૂન બાંધવાનાં દોરડાં કાપવા માટે નીચે રહ્યો. બલૂન સજ્જડ બાંધ્યું હોવા છતાં પવનના સપાટામાં તોફાને ચડેલા મદમસ્ત હાથીની જેમ ડોલ્યા કરતું હતું. એક પછી એક દોરડાં કપાવા માંડ્યાં; છેલ્લું દોરડું કાપવાનો હુકમ જ્યાં હાર્ડિંગ આપે છે ત્યાં તો એક મોટો પડછંદ કૂતરો કૂદીને બલૂનમાં પેઠો. હાર્ડિંગનો જ પાળેલો કૂતરો હતો. શેઠના ગયા પછી સાંકળ તોડાવીને એને શોધતો શોધતો તે અહીં આવી પહોંચ્યો હતો.

‘કેમ પેનક્રૉફ્ટ! આ કૂતરો ભારે નહિ પડે ને?’

‘ના રે ના!’ ખલાસીએ કહ્યું, ‘ભલે રહ્યો.’

ખલાસી ટોપલામાં ચડી ગયો. છેલ્લું દોરડું ચપ્પુથી કાપી નાખ્યું. કપાતાંની સાથે જ બલૂન છૂટ્યું!

બલૂનના મેદાનની પડખે જ એક ઊંચું મકાન હતું. તેના છાપરા સાથે બલૂનનો ટોપલો જોરથી અથડાયો અને છાપરું તૂટી પડ્યું. ક્ષણમાં તો રીચમંડ શહેરના દીવા દેખાતા બંધ થઈ ગયા.

૨૦મી તારીખના ઊપડેલા આ પાંચ સાહસિકો ૨૫મી સુધી તોફાનમાં ને તોફાનમાં પોતાના દેશથી કોણ જાણે કેટલે દૂર એવા એક ઉજ્જડ ખડક ઉપર આવી પડ્યા. તેમાંયે કિનારા ઉપર પગ મૂક્યો ત્યારે પાંચ જણમાંથી ચાર જ જણા રહ્યા હતા – કૅપ્ટન હાર્ડિંગ તેના કૂતરા સાથે ગુમ થયો હતો! કિનારે ઊતરતાં જ ચારે જણા તેની શોધ માટે તૈયાર થઈ ગયા.

# ૩ : કૅપ્ટનની શોધમાં

નૅબના શોકનો પાર ન હતો. તેનામાં સ્પિલેટ કે ખલાસીના જેટલી પણ હિંમત ન હતી, એટલે જ્યાં ખબરપત્રી સ્પિલેટ અને ખલાસી પેનક્રૉફ્ટ જેવાનાં પણ હાડ ગળી જાય તેવું હતું, ત્યાં નૅબના શા ભાર? ખલાસી પડખે હોવા છતાં હર્બર્ટ પણ ડઘાઈ ગયો હતો. ઘડીભર ભયનું વાતાવરણ જામી ગયું, પણ તરત ખલાસી સાવધાન થઈ ગયો. તેણે કહ્યું: 'ગભરાવાનો આ સમય નથી. આપણે કૅપ્ટનને ગમે તેમ કરીને પણ શોધી કાઢવા જ જોઈએ. મને હવે ચોક્કસ ખાતરી થઈ છે કે આપણે આ જગ્યાએ આવ્યા તે પહેલાં છેલ્લે છેલ્લે બલૂન દરિયાથી એકાએક ખૂબ ઊંચે ચડ્યું હતું, તેનું કારણ એ જ કે કૅપ્ટન તે જ વખતે દરિયામાં પડી ગયા હશે. તેમને તરતાં તો આવડે છે, કેમ નૅબ?'

'હા હા, તરવામાં તો તે ઉસ્તાદ છે. અને વળી ટૉપ સાથે છે.'

ત્યારે શો વાંધો! વળી કૅપ્ટન દરિયામાં પડ્યા ત્યાંથી કિનારો માંડ દોઢ માઈલ હશે. અત્યારે તો તે તરીને ક્યાંક કાંઠા ઉપર પણ આવી ગયા હશે. ચાલો, આપણે બધા તપાસમાં નીકળી પડીએ.

બધા તૈયાર થઈ ગયા. અંધારું થઈ ગયું હતું, એટલે તપાસ કરવામાં ખૂબ મુશ્કેલી હતી; અથડાતા-કુટાતા તેઓ ઉત્તર દિશામાં ચાલવા લાગ્યા. જમીન રેતીવાળી તથા પથ્થરોવાળી હતી. તેમના મજબૂત જોડા પણ એની સામે ટક્કર ઝીલી શકે તેમ નહોતું. મોટા મોટા ખાડાઓમાં પગ પડતા ત્યારે તેમના ઢીંચણની ચામડી છોલાઈ જતી હતી. તેને ન ગણકારતાં તેઓ આગળ વધવા લાગ્યા. વચ્ચે વચ્ચે ઊભા રહીને એ ભયંકર શાંતિમાં તેઓ જોર જોરથી કૅપ્ટનના નામની બૂમો પાડતા હતા. તેમની બૂમો માત્ર આકાશમાં જ ફેલાઈ જતી; કોઈ સામો જવાબ મળતો નહોતો. ફક્ત તે સાંભળીને ખડકોમાં સૂતેલાં પક્ષીઓ ફડફડાટ કરતાં ઊડી જતાં હતાં.

લગભગ વીશ મિનિટ આમ ચાલ્યા પછી તેઓને એકાએક અટકવું પડ્યું. તેઓ ખડકની એક ઊંચી ભેખડ ઉપર આવીને ઊભા હતા. નીચે દરિયો ઘુઘવાટા કરતો હતો અને મોજાં ઉછાળીને તેમને પલાળવા મથતો હતો. તેઓએ ત્યાંથી મોઢું ફેરવ્યું અને તેની વિરુદ્ધની જ દિશામાં ચાલવા માંડ્યું. આ વખતે તેઓ ખડકની જમણી બાજુએ આવેલા કિનારે કિનારે ચાલતા હતા. કિનારો અર્ધગોળાકારમાં હોય એમ લાગતું. વચ્ચે વચ્ચે અટકીને તેઓ બૂમો પાડતા હતા, પણ કશો જવાબ નહોતો મળતો. અરધો-પોણો માઈલ આમ ચાલ્યા પછી તેઓ ફરી જમીનને છેડે આવીને ઊભા રહ્યા!

'આપણે તો એક સાવ નાના અને ઉજ્જડ બેટ ઉપર આવી પડ્યા લાગીએ છીએ.' સ્પિલેટે કહ્યું. 'આ બેટની સાથે કોઈ બીજો બેટ

જોડાયેલો હશે કે કેમ તે અત્યારે તો ક્યાંથી જણાય? હવે તો અજવાળું થાય ત્યાં સુધી આપણે વાટ જ જોવી પડશે.'

વળી પાછી બધાએ સાથે મળીને ઘણી બૂમો પાડી. બધાની નિરાશા જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તેમનો થાક પણ વધતો ગયો. ભૂખ અને તરસ બંને એકીસાથે મળી તેમને પીડવા લાગ્યાં; ઉપરાંત ઠંડીએ પણ મારો ચલાવ્યો હતો. પહેરેલાં કપડાં સિવાય એક પણ ચીજ તેમની પાસે ન હતી. ખડકો ઉપર એક પણ ઝાડ ન મળે, ત્યાં લાકડું તો હોય જ ક્યાંથી? અને દેવતા પણ ક્યાંથી પાડવો? રાત કાઢવી એ મોત કરતાંયે આકરું હતું. માત્ર હાર્ડિંગ ક્યાં હશે તેના વિચારમાં તેઓ પોતાનું દુ:ખ ભૂલી જતા હતા.

રાત વધવા લાગી. પાંચ દિવસ પછી પહેલી વાર આકાશ સ્વચ્છ થયું હતું. ને અગણિત તારાઓ ફરવા નીકળી પડ્યા હતા. હાર્ડિંગ હોત તો જરૂર એમ કહેત કે આ તારાઓ આકાશના ઉત્તર ગોળાર્ધના નથી પણ દક્ષિણ ગોળાર્ધના છે. ધ્રુવનો તારો દેખાતો ન હતો; દક્ષિણ ગોળાર્ધનાં તારામંડળો ઝૂમખાંની જેમ લટકતાં હતાં ને સ્વસ્તિકનો તારો બરાબર મધ્યાકાશે ચમકતો હતો.

તેઓથી મૂંગા બેસી રહેવાય તેમ ન હતું. વળી બૂમો પાડવા લાગ્યા. એક વાર તો નૅબની એક બૂમથી જાણે સામેથી પડઘો પડ્યો એમ બધાને લાગ્યું. ફરી બધા બેટને પશ્ચિમ કિનારે ઊભા રહીને બૂમો પાડવા લાગ્યા. ખલાસીને ખાતરી થઈ કે પશ્ચિમ બાજુએ થોડી દૂર જમીન છે. ખલાસીએ કહ્યું: 'હું જમીન દેખતો નથી, પણ મને અંદરથી એમ લાગે છે કે સામે ચોક્કસ જમીન છે.'

રાત પસાર થઈ. સૂર્ય દેખાયો તેની સાથે જ પશ્ચિમ બાજુએ સામે ખડકવાળો કિનારો પણ દેખાયો. પૂર્વ બાજુમાં અફાટ સમુદ્ર પડ્યો હતો. ખડક અને પેલા કિનારા વચ્ચે મોટી ખાડી હતી; દરિયાનું પાણી તેમાંથી જોસબંધ વહેતું હતું.

તેમને નિરાંત થઈ. આખી રાતનો ઉજાગરો હોવા છતાં તેઓ ઉત્સાહમાં આવી ગયા. નૅબ તો કોઈને પૂછ્યા વગર કપડાં સહિત પેલી ખાડીમાં કૂદી પડ્યો અને પ્રવાહમાં ત્રાંસો ઉત્તર તરફ ધસતો તરવા લાગ્યો. ખલાસીએ તેને ઘણી બૂમો મારી પણ તે નકામી ગઈ. અરધા માઈલની ખાડી ઓળંગી નૅબ ઝડપથી હાથ વીંઝતો વીંઝતો સામે કિનારે પહોંચી ગયો અને બીજી જ ક્ષણે કપડાં પરથી પાણી ખંખેરતો ખડકોની પાછળ અદૃશ્ય થઈ ગયો.

સ્પિલેટ પણ પાછળ પડવા તૈયાર થયો હતો, પણ ખલાસીએ તેને અટકાવ્યો. તેણે કહ્યું: 'આપણે બધા આમ છૂટા પડી જશું તો બધુંય ખોઈ ખેસશું. આપણે ત્રણે જણાએ હવે જુદા પડવામાં સાર નથી. ઓટ થવા

લાગી છે; થોડી વારમાં ખાડીનું પાણી ઊતરી જશે એટલે આપણે સહેલાઈથી સામે કાંઠે જઈ શકશું.'

સ્પિલેટને ગળે એ વાત તરત ઊતરી ગઈ.

ભૂખ શમાવવા માટે તેઓએ શંખલાંનાં જીવડાં ને એવું બધું એકઠું કર્યું ને સળગતી ભૂખને થોડી શાંત કરી. સામેના કિનારા તરફ નજર નાખતાં તેમને જણાયું કે તે કિનારો પણ અર્ધ ગોળાકાર હતો, ને તેને લીધે વચ્ચે એક મોટો અખાત બની ગયો હતો. દક્ષિણમાં તે કિનારો અણીદાર થઈને દરિયામાં ઘૂસી જતો હતો. તે ખૂણા ઉપર કશી વનસ્પતિ દેખાતી ન હતી. ઉત્તર બાજુ અખાત જરા પહોળો થતો જતો હતો, અને તે તરફ કિનારો જરા વ્યવસ્થિત દેખાતો હતો. તેને છેડે નાની એવી એક ભેખડ પણ હતી. આ બંને ચાંચ વચ્ચે લગભગ આઠ માઈલનું અંતર હશે, એમ લાગતું હતું. જે ઉજ્જડ બેટ ઉપર બધા ઊભા હતા તેનો આકાર વહેલ માછલીના હાડપિંજર જેવો હતો.

સામો કિનારો આગળથી થોડોક રેતાળ હશે, પણ પાછળ મોટા મોટા ખડકો અડિંગા નાખીને ઊભા હતા. તે લગભગ ૩૦૦ ફૂટ ઊંચા હશે. ઉત્તર તરફ તે ખડકો લગભગ ત્રણ માઈલ સુધી પથરાયેલા હતા, અને પછી તરત જાણે કોઈએ ત્યાંથી કાપી નાખ્યો હોય તેમ સપાટ દરિયાકિનારો શરૂ થતો હતો. દક્ષિણ બાજુ તે ખડકો ધીમે ધીમે પગથિયાંની જેમ ઊતરતા ઊતરતા દક્ષિણ છેડે જમીન સાથે મળી જતા હતા. ઉત્તર બાજુની કરાડો પૂરી થતાં ત્યાં થોડાં થોડાં ઝાડો જોઈ શકાતાં હતાં. આથી તેમને ખાતરી થઈ કે સામેની જમીન પર વનસ્પતિ તો હશે જ. અને એ તેમને ધીરજ આપવા માટે પૂરતું હતું. છેલ્લે બધાની પાછળ વાયવ્ય ખૂણામાં સાતેક માઈલને અંતરે સૂર્યમાં ચળકતું શિખર દેખાતું હતું. બરફ ઉપર પડતાં સૂર્યનાં કિરણોને લીધે જ તે ચળકતું હતું. મોટા પર્વત પણ ત્યાં છે એમ તેમની ખાતરી થઈ.

પણ સામે કિનારે જે જમીન છે તે એક બેટ છે કે કોઈ મોટા ખંડનો ભાગ છે કે શું છે, એ અત્યારે નક્કી થાય તેમ ન હતું. ઓટ થતાં સુધી તેઓ તે જમીન સામે નિહાળી નિહાળીને જોઈ રહ્યા. કદાચ એ જગ્યાએ આખી જિંદગી પણ કાઢવી પડે તોયે કેમ કહેવાય?

ઓટ થઈ; કપડાં ઉતારીને ત્રણેય જણા ખાડીમાં કૂદી પડ્યા. થોડાક ભાગમાં જ તેમને તરવું પડ્યું – અને એટલું તો તેઓ કપડાં માથે મૂકીને તરી ગયા. લગભગ દસ વાગે તેઓએ સામેના કિનારે પગ મૂક્યો.

# ૪ : કોતરોમાં

સ્પિલેટે કિનારે પગ મૂકતાંવેંત જ ખલાસીને કહ્યું: ‘હું આ જ સમયે તમને પાછો મળીશ. હું પણ હાર્ડિંગની તપાસમાં નૅબ ગયો તે બાજુ જાઉં છું.’ અને તે ખડકની પાછળ અદૃશ્ય થઈ ગયો.

હર્બર્ટ પણ પાછળ જવા તૈયાર હતો, પણ ખલાસીએ કહ્યું: ‘તું જરા ધીરજ રાખ. બધા આમ ઉતાવળા ને આકળા થઈશું તો આ અજાણ્યે સ્થળે આપણે એક દિવસ પણ જીવી નહિ શકીએ. કૅપ્ટનને શોધી કાઢવા છે એ વાત સાચી પણ તેમને શોધવા માટે શરીરમાં શક્તિ તો જોઈશે જ ને? ખાધા વગર એ શક્તિ ક્યાંથી આવશે? પેલા બે જણ ગયા છે તેઓ થાક્યાપાક્યા ને ભૂખ્યાતરસ્યા આવશે ત્યારે તેમને માટે આપણે તૈયારી તો કરવી જ પડશે ને? મુશ્કેલી આવે ત્યારે ગભરાઈ જવા કરતાં ઠંડા મગજથી કામ વહેંચી લેવું જોઈએ એ અમને દરિયો ખેડનારને સમજાય; તમને સમજાતાં વાર લાગે. પહેલાં આપણે રાત રહેવાની જગ્યા અને ખાવાનું શોધવા જઈએ. પેલા બંને ઉત્તર દિશામાં ગયા છે એટલે આપણે દક્ષિણમાં જઈએ.

બંને નીકળી પડ્યા. રેતીવાળા કિનારાને કાટખૂણે બરાબર કાળા પથ્થરની મોટી ઊંચી કરાડો ઊભેલી હતી. તેમની પાછળ શું છે તે વચ્ચેથી ક્યાંથી જોઈ શકાય તેમ ન હતું. ક્યાંકથી પ્રવેશ કરવાની જગ્યા મળશે એ આશાએ તેઓ દક્ષિણ દિશામાં આગળ ને આગળ ચાલવા લાગ્યા. થોડે દૂર ખડકોની વચ્ચે ચિરાડ હોય તેમ તેમને લાગ્યું. ઝડપથી તે તરફ તેઓ ચાલવા લાગ્યા. રસ્તામાં ખડક ઉપર ચોંટી ગયેલાં શંખલાંઓ તેઓએ પુષ્કળ જોયાં. જીવતી છીપલીઓ પણ ત્યાં ખૂબ હતી. દરિયાનું ઘાસ ખડકો ઉપર જામી ગયું હતું. શંખલાંઓ અને છીપમાછલીઓ ભૂખે બળી જતા પેટને માટે કામ પૂરતી સારી હતી. તેમણે ખવાય તેટલી ખાધી ને બીજી પોતાના મિત્રો માટે બીસામાં ભરી લીધી. ભૂખ તો શમી, પણ તરસનું શું? થોડુંક આગળ ચાલ્યા પછી તેઓ પેલી દૂરથી દેખાતી ચિરાડ પાસે આવી પહોંચ્યા. એ ચિરાડમાંથી તેઓએ દૂર જંગલમાંથી નીકળતી નદી જોઈ ને મનમાં આનંદનો પાર ન રહ્યો! હવે કાંઈક રહેવાનું મળી જાય તો પછી બીજી કાંઈ અડચણ ન રહે. જંગલ દેખાતું હતું તેમાંથી લાકડાં પણ મળી શકે; ને પાણી તો હતું જ. ખડકોની તે ચિરાડમાં તેઓ પેઠા. ખડકના પથ્થર એકબીજા ઉપર જેમતેમ ખડક્યા હોય એમ પડ્યા હતા, અને તેની વચ્ચે પોલાણવાળો ઘણો ભાગ હતો. જોકે દરિયાનો ઠંડો પવન તેમાં આવતો હતો. ઉપરથી વરસાદ પણ આવી શકે તેમ હતું; પણ દરિયાના ખુલ્લા કિનારા કરતાં આ જગ્યા સારી હતી. તેમણે તે કાળમીંઢ પથ્થરોની ગુફામાં રહેવાનું નક્કી કર્યું. આવી જાતની ગુફાઓને ‘કોતરો’ પણ કહેવામાં આવે છે.

ખલાસીએ તે ગુફાને સાફ કરી. જ્યાંથી ખૂબ પવન આવતો હતો ત્યાં આગળ જંગલમાંથી લાકડાં લાવીને ગોઠવી દેવાનો વિચાર કર્યો. નદીનું પાણી પીને તેઓ જંગલ તરફ એટલે કે દરિયાકિનારો છોડીને નદીને કાંઠે કાંઠે ખડકોની પાછળના ભાગમાં જવા ઊપડ્યા. નદીને કાંઠે ઝાડ ઝૂકી રહ્યાં હતાં. અહીંનાં ઝાડ જોઈને હર્બર્ટના આનંદનો પાર ન રહ્યો. જાણે નવા મિત્રો તેને મળ્યા હોય, એમ તે એક એક ઝાડને ઓળખવા લાગ્યો. ખલાસીને ઝાડ ઓળખવા કશો રસ ન હતો. છતાં હર્બર્ટ જે કહે તે તે સાંભળતો હતો, ને કયાં ઝાડનાં ફળ ખાવા માટે ઉપયોગી છે તે ખાસ કરીને પૂછી લેતો હતો. સુકાં લાકડાં તો ત્યાં જથ્થાબંધ હતાં. કોઈ નાનો એવો શિકાર મળી જાય તે માટે ખલાસી આતુર હતો. પક્ષીઓ પણ ઝાડો ઉપર કિલકિલાટ કરી રહ્યાં હતાં.

લાકડાં ભેગાં કરતાં કેટલી વાર? ઘડીક વારમાં તેઓએ બે ભારા બાંધીને તૈયાર કર્યા, પણ તેને ઠેઠ સુધી લઈ શી રીતે જવા? કટકે કટકે લઈ જાય તો તો સાંજ પડી જાય; એકસાથે ઊપડે તેમ નહોતા, અને આખી રાત ઠંડીમાંથી બચાવે તેટલાં લાકડાં તો લેવાં જ જોઈએ! ખલાસીએ થોડી વાર વિચાર કર્યો – ત્યાં હર્બર્ટ બોલી ઊઠ્યો: ‘આપણે આ નદીનો ઉપયોગ શા માટે ન કરવો?’

‘હા હા, બરાબર છે! ચાલ આપણે એક ત્રાપો તૈયાર કરીએ. ત્રાપા પર આ લાકડાં ગોઠવી દઈશું, અને નદીનો પ્રવાહ એને ઠેઠ દરિયા સુધી લઈ જશે. આપણે બંને જણા કાંઠેથી દોરડાં વડે એને પકડી રાખીશું.’

ત્યાં દોરડાં તો ક્યાંથી હોય? પણ જંગલમાં મજબૂત વેલાઓનો તોટો ન હતો. હર્બર્ટે સૌથી મજબૂત રેસાવાળી વેલ શોધી કાઢી; તે વડે લાકડાં બાંધીને એક ત્રાપો તૈયાર કર્યો. એ વખતે પાછી ભરતી ચડવા માંડી હતી; દરિયાનું પાણી નદીમાં ક્યાંય સુધી ચડી જતું હતું, એટલે અવળે પ્રવાહે ત્રાપો લઈ જઈ શકાય તેમ નહોતું; અર્થાત્ ઓટ થતાં સુધી રાહ જોવી પડે તેમ હતું. એટલો વખત કાંઈ બેસી રહેવાય? તેઓ ત્યાં થઈને ખડકોની ટોચ ઉપર ચડવા લાગ્યા. ટોચે જઈને આસપાસ શું છે તે તપાસી લેવું જરૂરી હતું.

ખડક ઉપર ચડીને તેમણે પૂર્વમાં નજર નાખી તો તેમને પહેલવહેલો આશરો આપનાર પેલા નાનકડા બેટ સિવાય ક્યાંયે જમીન દેખાતી નહોતી. ઉત્તરમાં ખડકો પૂરા થયા. પછી સપાટ ને રેતાળ કિનારો દેખાતો હતો. દક્ષિણમાં ખડકોવાળો કિનારો નીચો થતો થતો પૂંછડી આકારે થઈને દરિયામાં પેસી જતો હતો. પશ્ચિમમાં પહેલું જેનું એક શિખર દેખાયું હતું તે આખો પર્વત દેખાયો, પણ તેની પાછળ પછી જમીન છે કે દરિયો તે કશું દેખાતું નહોતું. પર્વતની તળેટી ધીરે ધીરે ઢોળાવ ઊતરતી હતી, ને તેના પર ઝાડોનું મોટું જંગલ હતું. પર્વત લગભગ સાતઆઠ માઈલને અંતરે હશે.

'આપણે બેટ ઉપર છીએ એમ લાગે છે!' ખલાસીએ કહ્યું.

'જે હોય તે ભલે હોય; આપણને રહેવા માટે આ પૂરતું છે એટલે બસ!' હર્બર્ટે કહ્યું.

'પણ ગમે તેવડો મોટો તોયે બેટ જ તો!' ખલાસીએ કહ્યું.

આ બેટ હશે કે કોઈ ખંડનો ભાગ હશે તેનો પાકો નિર્ણય થઈ શકે તેમ ન હતું. એ તો પેલા પર્વત ઉપર ગયા પછી એની પાછળનો પશ્ચિમનો ભાગ જોયા પછી જ ખાતરી થાય તેવું હતું.

ચારે તરફ બંને જણાએ વારંવાર નજર ફેરવી લીધી. ખલાસી મનમાં ખિન્ન થયો હતો; અહીંથી છૂટીને પાછા સ્વદેશ જવાશે કે નહિ તેની તેને શંકા પડી હતી. હર્બર્ટ તો આવું મોટું જંગલ જોઈને રાજીરાજી થઈ ગયો હતો; ભવિષ્યનો વિચાર કરવા માટે અત્યારે તે નવરો નહોતો.

વખત ઘણો થઈ ગયો. બીજે રસ્તે થઈને તેઓ નીચે ઊતરવા માંડ્યા. તેઓ નીચે ઊતરતા હતા ત્યાં ખડકોની બખોલમાંથી કેટલાંયે કબૂતર જેવાં પક્ષીઓ ઊડાઊડ કરતાં હતાં.

'કબૂતર, કબૂતર!' હર્બર્ટ બૂમ પાડી ઊઠ્યો અને તાળીઓ પાડવા લાગ્યો. તેની બૂમાબૂમ સાંભળીને બખોલમાંથી વધારે કબૂતરો ઊડવા લાગ્યાં.

'હર્બર્ટ! જંગલી કબૂતરોના માળા જો અહીં હશે, તો તો ત્યાંથી ઈંડાં પણ મળી રહેશે; કેમ?'

'હા હા, જરૂર મળશે.'

બંનેએ બખોલમાં શોધ કરવા માંડી. થોડા વખતમાં કેટલાંયે ઈંડાં તેમણે એકઠાં કરી લીધાં, ને ટોપીઓમાં ભરીને તેઓ નીચે ઊતર્યા.

ઓટ થવા લાગી હતી, બંને જણ ત્રાપા ઉપર લાકડાં ભરીને અને ત્રાપાને નદીના બંને કાંઠા પર વેલનાં દોરડાંથી પકડી રાખીને ચાલવા લાગ્યા. થોડા વખતમાં નદી તેમને ત્રાપા સાથે દરિયાકિનારા સુધી લઈ આવી. નદીને કાંઠે 'કોતરો' પાસે તેઓએ લાકડાંના ભારા ઉતાર્યા.

# ૫ : એક જ દીવાસળી!

ગુફામાં આવીને ખલાસીએ સૌથી પહેલાં તો ગુફાને બરાબર સાફ કરી. જ્યાં ભેજ હતો ત્યાં સૂકી રેતી નાખી અને જ્યાં મોટાં બાકાં હતાં ત્યાં લાકડાં તથા પાંદડાંવાળાં ડાળાં મૂકી દીધાં; તોયે ગુફા તે ગુફા!

આ ગુફાના કુદરતી રીતે જ ત્રણચાર ખંડો પડીને તેના ઓરડાઓ જેવું બની ગયું હતું. રાત કાઢવા પૂરતી આ જગ્યા ખરાબ ન હતી.

ગુફાને સાફસૂફ કરીને ખલાસીએ તાપણું સળગાવવા માટે એક મોટો લાકડાંનો ઢગલો વચ્ચોવચ્ચ કર્યો.

'ચાલ, હર્બર્ટ! હવે એને સળગાવીએ. થોડી વારમાં આખી ગુફામાં ગરમી આવી જશે.'

'હું તો તૈયાર છું. લાવો દીવાસળીની પેટી.'

'આ લે.' – કહી ખલાસીએ ખીસામાં હાથ નાખ્યો.

'અરે! મારું બાકસ ક્યાં?' ખલાસી એક પછી એક ખીસામાં ઝડપથી હાથ નાખવા લાગ્યો; પણ એકે ખીસામાં બાકસ ન મળ્યું! 'અરે બાકસ ક્યાં? પડી તો નહિ ગયું હોય? હર્બર્ટ! જો તો, તારા ખીસામાં છે?'

હર્બર્ટ તો ખલાસીએ કહ્યું તે પહેલાં જ પોતાનાં ખીસાં ખોળવા મંડી પડ્યો હતો; તેની પાસે બાકસ નહોતું.

'હવે?' ખલાસી ગભરાઈ ગયો. દોડતો દોડતો તે ગુફાની બહાર આવ્યો ને દરિયાકિનારે ખડકોમાં બધે જોવા લાગ્યો. હર્બર્ટ પણ પાછળ પાછળ શોધમાં લાગી ગયો હતો.

'મારી દીવાસળીની પેટી પિત્તળની હતી; તે ક્યાંઈ છાની રહે તેવી ન હતી. મારી હોકલી ગઈ તેનું મને દુઃખ નથી; પણ આ બાકસ ખોવાયું તે ભારે થઈ! હવે અહીં બાકસ ક્યાંથી કાઢવું?'

'તમે બલૂનમાંથી નીચે તો નહોતું નાખી દીધું ને?'

'ના રે ના! મારી હોકલી ને બાકસ તો જીવની સાથે સાચવી રાખ્યાં હતાં.'

'કાંઈ નહિ. હવે કદાચ દીવાસળીની પેટી મળે તોયે ભીની થઈ હશે, એટલે નકામી જ છે.' હર્બર્ટે ખલાસીને ધીરજ આપી. 'કદાચ નૅબ કે સ્પિલેટ પાસે દીવાસળી નીકળે. એ આવે ત્યાં સુધી રાહ જોઈએ.'

'પણ એ પાછા કયારે આવશે, કોને ખબર? અને એમની પાસે પણ બાકસ હોય જ એની શી ખાતરી?'

કિનારા ઉપર ને ખડકો ઉપર ઘણું ફર્યા પણ બાકસ ન મળ્યું. નિરાશ થઈને તેઓ ગુફા તરફ પાછા ફરતા હતા ત્યાં હર્બર્ટની નજર પાછળના ખડકો ઉપર પડી. નૅબ અને સ્પિલેટ આ તરફ જ આવતા હતા. તેમની સાથે ત્રીજું કોઈ ન હતું; હાર્ડિંગનો પત્તો લાગ્યો નહોતો!

સ્પિલેટ આવતાંવેંત જ થાકથી એક પથ્થર ઉપર ધબ દઈને બેસી ગયો. નૅબની આંખો ઉજાગરાથી તથા રડી રડીને લાલ થઈ ગઈ હતી.

સ્પિલેટે થોડી વારે બધી વાત કરી. આઠ માઈલ સુધી તેઓ બધું ઢૂંઢી વળ્યા હતા, પણ માણસનું એક પણ ચિહ્ન નજરે પડ્યું નહોતું. કદાચ હાર્ડિંગ દરિયામાંથી બહાર જ નીકળી નહિ શક્યા હોય!

'ના ના; એમ બને જ નહિ!' નૅબ બોલી ઊઠ્યો, 'કૅપ્ટન ગમે તેમ કરીને બહાર નીકળી જ ગયા હશે!'

નૅબને ઉશ્કેરાયેલો જોઈને સ્પિલેટે પોતાની વાત અટકાવી. હર્બર્ટે કહ્યું: 'નૅબ! આપણે ગમે ત્યાંથી હાર્ડિંગને શોધી કાઢશું; તું ધીરજ રાખ. જો, તારા માટે ગુફામાં અમે ખાવાનું પણ તૈયાર રાખ્યું છે. ચાલ તું ખાઈ લે ને જરા આરામ કર – પછી આપણે બધા સાથે જ નીકળી પડશું.'

નૅબે ખાવાની ના પાડી. સ્પિલેટે થોડુંક ખાધું અને પાછો કિનારા પર એક શિલા હતી ત્યાં જઈ સૂઈ ગયો. હર્બર્ટ તેને દોરીને ગુફામાં લાવ્યો. અંધારું થવા આવ્યું હતું; નૅબ કે સ્પિલેટ બેમાંથી કોઈની પાસે દોવાસળી નહોતી. હાર્ડિંગ હોત તો જરૂર આમાંથી રસ્તો શોધી કાઢત એમ બધાને લાગ્યું. બધા ખૂબ મૂંઝાયા. જો અત્યારે દેવતા ન થાય તો કાલની રાત જેવી જ આજની રાત જાય!

સ્પિલેટ બીડી પીતો હતો પણ બાકસ તેની પાસે ન હતું. તેણે ખીસાંઓમાં ખૂબ તપાસ કરવા માંડી; છેવટે પાટલૂનના ખીસામાંના એક ખૂણામાંથી તેને એક દીવાસળી મળી. ખૂબ જાળવીને તેણે ખીસામાંથી તે કાઢી. તેના પર ગંધક ચોંટેલો હતો. દીવાસળી હવાઈ ગયેલી ન હતી. ખલાસીને તો દીવાસળીનું આખું વહાણ હાથ આવ્યું હોય એટલો આનંદ થયો! બધા ગુફાના એક સાવ અંધારિયા ને જરાય પવન ન આવે તેવા ખૂણામાં ગયા. જે દીવાસળીની કિંમત ધૂળની પણ ન ગણાય, તેની કિંમત અત્યારે લાખો રૂપિયાની થઈ પડી. સ્પિલેટે સૂકામાં સૂકાં લાકડાંનો એક ઢગલો કર્યો; તેની ઉપર નાની સૂકી ડાંખળીઓ નાખી અને પછી પોતાની ડાયરીમાંથી એક કાગળનો ટુકડો ફાડ્યો. બધા ટોળું વળી દીવાસળી સળગે તેની રાહ જોતા ઊભા. ખલાસીના હાથમાં દીવાસળી હતી. તેણે એક પથ્થર સામે ધીમેથી તે ઘસી, પણ તેનો હાથ ધ્રૂજવા માંડ્યો. તેણે કહ્યું: 'ના ના; મારાથી આ કામ નહિ થાય. મારો હાથ ધ્રૂજે છે. દીવાસળી ન સળગે અને ગંધક ઊડી જાય તો શું કરું?'

હર્બર્ટે ખલાસીના હાથમાંથી દીવાસળી લીધી. તે પણ મનમાં કાંઈ ઓછો નહોતો ગભરાતો, પણ હિંમત રાખીને તેણે પથ્થર સાથે દીવાસળી ઘસી. દીવાસળી સળગી. તરત જ સ્પિલેટે તેના ઉપર પેલો કાગળનો કટકો ધર્યો. કાગળ પણ સળગ્યો. તે કાગળને સૂકાં સાંઠીકડાં નીચે ધર્યો. થોડી વારમાં ડાંખળીઓમાંથી કડકડ અવાજ થવા લાગ્યો અને અગ્નિની જ્યોત પ્રગટી! બીજી જ ક્ષણે લાકડાંનો મોટો ઢગલો સળગી ઊઠ્યો. ખલાસી નાચી ઊઠ્યો: 'આખી ગુફા કદાચ પહેલી જ વાર આટલા અજવાળાવાળી થઈ હશે!' તેણે ફરી વખત કહ્યું: 'આટલાં વરસો દરિયામાં કાઢ્યાં પણ આવો મૂંઝારો આ પહેલી જ વાર થયો.'

તાપણીની હૂંફે હૂંફે થાક્યાપાક્યા બધા સૂતા. ફક્ત નૅબ એકલો આખી રાત કિનારા પર તેના શેઠના નામની બૂમો પાડતો ફર્યા કર્યો.

૨૫મી મેની રાત પસાર થઈ; ૨૬મીની સવાર પડી.

# ૬ : હાર્ડિંગનું શું થયું?

દુનિયામાં ઘણાંને દુ:ખ પડ્યાં હશે; પણ આ ટોળીને માથે તો દુ:ખનું ઝાડ ઊગવાનું જ બાકી રહ્યું હતું! દુનિયાના કયા ભાગ ઉપર તેઓ આવી પડ્યા હતા, તેની તેમને કશી ખબર ન હતી. પહેરેલાં કપડાં સિવાય સાથે એક પણ સાધન ન હતું. હા, સ્પિલેટ પાસે ઘડિયાળ તથા નોટ રહી ગઈ હતી; પણ અહીં કાંઈ તેમને ઑફિસમાં બેસવાનું નહોતું. અહીં તો ઘડી પછી શું થશે તેની જ ખબર પડે તેમ ન હતું. વધારામાં ટુકડીનો નાયક હાર્ડિંગ ગુમ થઈ ગયો હતો અને આટલી આટલી તપાસ કરવા છતાં તેનો કશો પત્તો લાગ્યો નહોતો! ખલાસીને સ્પિલેટે સુધ્ધાં હાર્ડિંગનાં ફરી વાર દર્શન થવાની આશા લગભગ છોડી દીધી હતી. ફક્ત નૅબને દુ:ખ ન થાય માટે જ તેઓ હાર્ડિંગની શોધ કરવા તૈયાર થયા હતા.

તેમને ખાવાપીવા તથા રાતવાસો કરવા પૂરતી સગવડ મળી ગઈ હતી. કબૂતરનાં ઈંડાં, છીપ, માછલી ને જંગલી ફળો તેમનો ખોરાક હતો. ૨૬મી સવારે વળી પાછા સ્પિલેટ અને નૅબ હાર્ડિંગની તપાસમાં નીકળી પડ્યા. ખલાસીને ખાવાપીવાની વ્યવસ્થાનું કામ સોંપાયું. હર્બર્ટ પણ ખલાસી સાથે જ રહ્યો. નાસ્તો કરીને બધા પોતપોતાના કામે લાગી ગયા. નૅબ તથા સ્પિલેટના ગયા પછી ખલાસી તથા હર્બર્ટ વળી પાછા નદીકાંઠાના જંગલમાં પેઠા. તેઓ નદીનો કિનારો છોડતા નહોતા. ઝાડમાંથી તેમણે વાંકી ગેડીઓ કાપી લીધી; હથિયાર તરીકે તે કામ આવે તેવી હતી. અને ખલાસીના હાથમાં તો ગમે તેવી ચીજ પણ હથિયાર બની જાય તેમ હતું!

કાંટા અને ઝાંખરાં વચ્ચે થઈને ગેડીઓ વીંઝતા વીંઝતા બંને જણા રસ્તો કાપતા હતા; સાથે સાથે જંગલનું બારીક નિરીક્ષણ પણ તેઓ કરતા હતા. કોઈ કોઈ જગ્યાએ હિંસક પશુઓનાં પગલાં વગેરે ચિહ્નો દેખાતાં હતાં, પણ માણસની વસ્તીનું એક પણ નિશાન જણાતું ન હતું. પશુઓ કઈ જાતનાં હશે તે તેમનાં પગલાં ઉપરથી ઓળખવું મુશ્કેલ હતું, પરંતુ તેમના પંજા ઉપરથી તે હિંસક હોય એમ સ્પષ્ટ દેખાતું હતું. મનુષ્યની નિશાની ન દેખાવાથી ખલાસીને એક રીતે શાંતિ થઈ; કારણ કે આવી જગ્યાએ જો માણસ હોય તો તે પશુથી પણ વધારે ભયંકર હોય એમાં એને શંકા નહોતી.

ઝાડો ઉપર જાતજાતનાં પક્ષીઓ કિલકિલાટ કરી રહ્યાં હતાં. કલકલિયાની જાતને મળતાં કેટલાંક પક્ષીઓ ટોળાબધં ઊડતાં હતાં. હર્બર્ટે તરત તેમને ઓળખી કાઢ્યાં.

‘પેનક્રૉફ્ટ! જુઓ આ જેકેમાર!’

‘એમ? પણ આપણને એ કાંઈ ખપ આવશે ખરાં!’

‘હા હા, જરૂર!’

પક્ષીઓ નિરાંતે બેઠાં હતા, ખલાસીનો એક પથરો એક પક્ષીને પાડવા માટે બસ હતો.

તેઓ આગળ વધ્યા, મોટાં મોટાં ગગનચુંબી વૃક્ષો તેમની આસપાસ દેખાવા લાગ્યાં; પણ તેમાં ફળવાળાં ઝાડ નહિ જેવાં જ હતાં. આ જાતનાં ઝાડ વિષુવવૃત્તની બંને બાજુએ ૩૫ થી ૪૦ અક્ષાંશ સુધી સાધારણ રીતે નથી દેખાતાં. દેવદાર, પાઈન, ફર, વગેરે ઊંચાં વધતાં ઝાડ અહીં પુષ્કળ હતાં.

વળી, થોડી વારે હર્બર્ટે કોસ્કોરસ નામનાં નવી જાતનાં પક્ષીનાં કેટલાંક પીંછાં જોયાં. હર્બર્ટે તે તરત જ ઓળખી કાઢ્યાં. બીજાં ગેલીનેસીઆ નામનાં પક્ષીઓ પણ ત્યાં પાર વગરનાં દેખાયાં. ખલાસીને આ પક્ષીમાં શિકાર પૂરતો રસ હતો. તેણે તેમને પકડવા માટે એક યુક્તિ કરી – ઘણા જંગલી લોકોમાં આ યુક્તિ વપરાય છે પણ ખરી: વેલાઓનું એક લાંબું દોરડું બનાવીને વચ્ચે વચ્ચે તેણે બાવળના કાંટાઓ ભરાવી દીધા અને એ કાંટાઓ સાથે નાનાં નાનાં જીવડાં પરોવી દીધાં. પછી એ દોરડું પાથરીને ખલાસી સંતાઈ ગયો. જીવડાં ખાવાની લાલચે પક્ષીઓ એની પાસે આવ્યાં ને જીવડાંની સાથે સાથે બાવળના કાંટા તેમની ચાંચમાં ભરાઈ ગયા. ખલાસીની શિકાર કરવાની આ રીત જોઈને હર્બર્ટ તો હસી હસીને ઢગલો થઈ ગયો.

શિકાર ને શિકારની શોધમાં સાંજ પડવા આવી. આખરે થાક્યાપાક્યા બંને જણ પાછા પેલાં કોતરો પાસે આવી પહોંચ્યા.

દરિયા તરફ શૂન્ય નજરે જોતો સ્પિલેટ ત્યાં ઊભો હતો.

‘કેમ કાંઈ સમાચાર? નૅબ ક્યાં?’ ખલાસીએ આવતાંવેંત પૂછ્યું. સ્પિલેટે કશું સાંભળ્યું જ ન હોય તેમ જવાબ ન આપ્યો.

ખલાસી વધારે નજીક ગયો. ‘કેમ સ્પિલેટ! આજે રાતે તોફાન થાય એવાં ચિહ્નો જણાય છે, નહિ વારુ? પણ આટલા દિવસો તોફાનમાં કાઢ્યા તો એક વધારે! અને આપણું ઠીક, પણ નૅબ તથા હાર્ડિંગ જો જીવતા હશે તો આ તોફાનમાં તેમની શી દશા થશે?’

‘પેનક્રૉફ્ટ!’ સ્પિલેટે એકદમ ખલાસી તરફ ફરીને કહ્યું: ‘કૅપ્ટન કિનારેથી દરિયામાં કેટલેક દૂર પડી ગયા હશે?’

‘આશરે બે ફર્લાંગ.’

‘ટૉપ પણ તે જ વખતે પડ્યો હશે, નહિ?’

‘હા જ તો. અને એ પણ બહાર નીકળ્યો હશે કે નહિ તે કોને ખબર? સાચું કહું તો મને આશા નથી.’ ખલાસીએ કહ્યું.

'ના, ના. પણ મને નવાઈ તો એ લાગે છે કે કદાચ હાર્ડિંગ ડૂબે, પણ ટૉપ કિનારે ન આવી શકે?'

'અરે, આવા તોફાની દરિયામાં બધુંય બળ નકામું થઈ પડે!'

'ત્યારે તને તો ખાતરી છે ને કે બેમાંથી કોઈ જીવતું છે જ નહિ?'

'મારી તો ખાતરી જ છે.'

'ત્યારે જો, મારે ગળે એ વાત ઊતરતી જ નથી કે હાર્ડિંગ અને ટૉપ બંને દરિયામાં ડૂબી જાય.'

'ભગવાન કરે ને તમારું માનવું સાચું પડે!'

બધા અંદર ગયા. નૅબ હજુ સુધી પાછો આવ્યો નહોતો. આમ થોડા માણસોમાંથી વળી એક જણ ઓછો થાય ત્યારે તેનું દુ:ખ કાંઈ ઓછું લાગે? ગુફામાં ભરી રાખેલા અગ્નિને પાછો સતેજ કરીને મોટું તાપણું સળગાવી ત્રણે જણા મૂંગા મૂંગા બેઠા; તેમનો આનંદ ઊડી ગયો હતો. જેમ તેમ કરીને પેટ ભર્યું અને તાપણાની આસપાસ એમ ને એમ પથ્થરનું ઓશીકું કરીને બધા સૂઈ ગયા.

બહાર રાત પડવાની સાથે જ તોફાન ફરી શરૂ થઈ ગયું. હર્બર્ટે કહ્યું: 'આવું તોફાન થવાની વકી હોવા છતાં નૅબ પાછો નથી ફર્યો, તેથી મને તો જરૂર એમ લાગે છે કે નૅબને કાંઈક આશા ઉત્પન્ન થાય તેવું મળ્યું હશે.'

ખલાસીએ આનો કાંઈ જવાબ ન વાળ્યો. હર્બર્ટને મનમાં એમ થતું હતું કે અત્યારે નૅબની મદદે આપણે પહોંચી જઈએ; જરૂર નૅબને કંઈક પત્તો લાગ્યો જ હોવો જોઈએ! પણ બીજા કોઈ બહાર નીકળવા તૈયાર નહોતા. આવી અંધારી રાતે નીકળવું એટલે પૂરા ખુવાર થઈ જવા બરાબર હતું. ખલાસીનું ડહાપણભર્યું પગલું હર્બર્ટના જુવાન હૃદયને ગળે ઊતરે તેમ ન હતું. ખલાસીના ના પાડવાથી તે મનમાં ને મનમાં સમસમી રહ્યો; ફક્ત તેની આંખમાંથી બે મોટાં આંસુ સરી પડ્યાં! સ્પિલેટ પણ હર્બર્ટને જોઈ ગળગળો થઈ ગયો.

# ૭ : હાર્ડિંગ મળ્યો - પણ જીવતો કે મુડદું?

રાત પડી. તોફાન ખૂબ વધવા માંડ્યું. નૈઋત્યનો પવન ફૂંકાવા લાગ્યો. વરસાદ મુશળધાર તૂટી પડ્યો. પવનના સુસવાટા ભયંકર ચીસો જેવા લાગતા હતા. મોટા ખડકોના ખડકો દડા હોય તેમ ઊછળી પડતા હતા, અને તેના અવાજો ગુફામાં રહેલા ત્રણેય જણનાં કાળજાં થડકાવી નાખતા હતા. ગુફા આખી ઉપરથી તૂટી પડશે એમ લાગતું હતું. સદ્ભાગ્યે ગુફાના પથ્થરો એકબીજા સાથે એવા ભરાઈ ગયા હતા કે તેમાંથી કાંકરી પણ ખરે તેમ ન હતી; પણ બહારના પથ્થરોના પડવાથી ગુફા ધણધણી ઊઠતી હતી. વચ્ચે વચ્ચે ખલાસી ગુફાની બહાર ડોકિયું કરી આવતો હતો.

હર્બર્ટ થાક્યોપાક્યો ઘસઘસાટ ઊંઘી ગયો. ખલાસી પણ દસ-અગિયાર વાગે ઝોકે ચડ્યો. સ્પિલેટને ઊંઘ આવતી ન હતી. શોધમાં નૅબથી પોતે વિખૂટો પડી ગયો એ માટે પોતાની જાત ઉપર તેને તિરસ્કાર આવ્યો. જો તે જુદો ન પડ્યો હોત તો નૅબને જરૂર સહીસલામત અહીં સુધી લઈ આવત. 'અત્યારે નૅબ ક્યાં હશે? ક્યાં સૂતો હશે? તેણે કાંઈ ખાધુંપીધું હશે કે નહિ?' એ વિચારોએ તેનું મન ઘેરી લીધું. થોડી થોડી વારે તે ઝબકી જતો હતો; જાણે કોઈએ બહારથી બૂમ પાડી હોય એમ તેને લાગતું હતું.

લગભગ બે વાગ્યાના સુમારે ત્રણેયની ઊંઘ એકાએક ઊડી ગઈ! તેમને થોડી થોડી વારે કંઈ વિચિત્ર અવાજ સંભળાતો હતો, પણ પવનના સુસવાટામાં તે પારખી શકાતો ન હતો. એકાએક ત્રણેય જણના કાન ઉપર કૂતરાના ભસવાના અવાજ જેવો અવાજ આવ્યો.

'સાંભળો!' ત્રણેય જણ એકીસાથે બોલી ઊઠ્યા: 'શાંતિ!'

પાછો કૂતરાના ભસવાનો અવાજ આવ્યો.

'કેમ, શાનો અવાજ લાગે છે?' ખલાસીએ પૂછ્યું.

'મને તો આ ટૉપનો જ અવાજ લાગે છે.' હર્બર્ટ આવેશમાં બોલી ઊઠ્યો.

બધા ઊભા થઈ ગયા અને દોડતા દોડતા ગુફાના મોઢા આગળ જઈને ગોઠવાઈ ગયા. પવન તેમને જોરથી ગુફામાં પાછા ધકેલતો હતો. ખડકને પકડીને તેઓ ઊભા રહ્યા.

'ચોક્કસ, ચોક્કસ, આ ટૉપ જ છે. ટૉપ, ટૉપ!' હર્બર્ટે બૂમ પાડી ને થોડી વારે અંધારામાંથી જાણે કાળો પથ્થર ઊડી આવ્યો હોય એમ ટૉપ તેમની નજીક આવી પહોંચ્યો! ઍંગ્લો-નોરમન જાતનો પડછંદ ટૉપ ગંધની પારખ તથા પગની ચપળતા એ બંને ગુણો વારસામાં લઈને આવ્યો હતો.

એ જ ટૉપ! હાર્ડિંગનો સાથી એ જ. પણ હાર્ડિંગ તેની સાથે નહોતો; ટૉપ એકલો હતો!

અહીં તે કઈ રીતે પહોંચ્યો હશે? અત્યારે એ જાણવું અશક્ય અને બિનજરૂરી હતું. ટૉપ હર્બર્ટના હાથ ચાટ્યા કરતો હતો અને જોરથી પૂંછડી હલાવતો. વચ્ચે વચ્ચે તે ભસતો જતો હતો.

'જરૂર, હવે હાર્ડિંગનો પત્તો લાગવાનો જ. હું નહોતો કહેતો કે હાર્ડિંગ એમ મરે નહિ?'

'હાશ, હવે મને નિરાંત થઈ! હવે તો હર્બર્ટ! ગમે તેવું તોફાન હોય તોયે આપણે તપાસમાં નીકળી પડીએ. ટૉપ ભોમિયા તરીકે સાથે છે એટલે વાંધો નથી.'

બધા તૈયાર થઈ ગયા. ખલાસીએ અગ્નિમાં થોડાંક વધારે લાકડાં નાખી રાખ્યાં, જેથી દેવતા સળગતો ચાલુ રહી શકે. સાથે થોડોક નાસ્તો પણ લઈ લીધો. હર્બર્ટ તથા સ્પિલેટને આવું કંઈ સાંભરે તેમ ન હતું, પણ ખલાસી તો ઝીણી ઝીણી બાબતોમાં બહુ કાળજી રાખનારો.

તોફાન હજુ એવું ને એવું જ જોસમાં હતું; પણ હવે તેમની હિંમત પણ એટલી જ જોસમાં હતી. ટૉપને આગળ કરીને તેઓ નીકળી પડ્યા. રસ્તો કઈ દિશામાં જાય છે, કેવો છે, તે જાણવું નકામું હતું. ટૉપ જ્યાં લઈ જાય ત્યાં જવું એ જ સહીસલામત હતું; ટૉપ તેમનો ધ્રુવતારો હતો.

નૈઋત્યકોણનો પવન અત્યારે તેમને ન ચાલવું હોય તોપણ પરાણે ઢસડી જાય તેવો હતો. પીઠ પાછળથી તે પવન તેમને જોરથી ધક્કો મારી રહ્યો હતો. કોઈ કોઈ વાર તો તેમને ખડકોમાં ગોથું ખવરાવી દેતો હતો! ઉત્તરમાં ને ઉત્તરમાં આ પ્રમાણે તેઓ ચાલવા લાગ્યા. ખડકોની હાર પૂરી થયા પછી રેતીવાળો સપાટ પ્રદેશ આવ્યો. લગભગ પરોઢિયું થઈ ગયું હતું. થોડી વાર વિસામો લઈ પાછા તેઓ ચાલવા લાગ્યા. પવનના જોરથી મોજાં ખૂબ પછડાતાં હતાં અને નાના નાના ખડકોને વીંધી નાખતાં હતાં. એક બાજુ દરિયો અને બીજી બાજુ સપાટ વેરાન પ્રદેશ — કોઈ કોઈ જગ્યાએ માત્ર એકાદ-બે ઝાડ દેખાતાં હતાં. ફક્ત પાછળ નજર કરતાં જંગલની કાળી કિનાર ઝાંખી ઝાંખી દેખાતી હતી.

આગળ ચાલ્યા. સવાર પડી. તોફાન ઓછું થવા લાગ્યું. સૂર્યે પૂર્વમાં ઝાંખી કોર કાઢી. તેઓએ આસપાસ નજર કરી; ટૉપ તેમને ક્યાંનો ક્યાં લઈ આવ્યો હતો! તેઓ લગભગ સાત માઈલ દૂર આવી પહોંચ્યા હશે. અહીં ટૉપ જરા વધારે જોરથી ભસવા લાગ્યો અને પછી કિનારાનો રસ્તો છોડીને અંદર બેટના ભાગમાં પેઠો.

'આવા સપાટ વેરાન પ્રદેશમાં આ કૂતરો ક્યાં લઈ જતો હશે? કદાચ ભૂલો તો નહિ પડ્યો હોય?'

બધા તેની પાછળ ચાલ્યા. થોડી વારે ટૉપ એક ખડકની બખોલ પાસે આવીને ઊભો. આસપાસ નાના નાના ઊંચાનીચા ટેકરા તો ઘણાયે હતા. ‘અહીં આ ખડક આગળ ટૉપ ઊભો રહ્યો હશે?’ બધાએ નજીક જઈને જોયું તો બખોલ ઊંડી હતી. નીચા વળીને સૌ અંદર ઘૂસ્યા; ઘાસની પથારી ઉપર એક મડદા જેવું શરીર ત્યાં પડ્યું હતું, અને પડખે નૅબ લમણે હાથ દઈને બેઠો હતો.

તે શરીર હાર્ડિંગનું હતું!

# ૮ : દેવતા ઓલવાઈ ગયો!

આ બધાને જોઈને નૅબને જરા પણ આશ્ચર્ય થયું નહિ. ખલાસીએ ફક્ત એટલું જ પૂછ્યું: ‘જીવે છે?’

નૅબે જવાબ ન આપ્યો. સ્પિલેટ અને ખલાસી ગભરાયા; હર્બર્ટ તો ત્યાં જ જાણે ચોંટી ગયો. નૅબ જે સ્થિતિમાં બેઠો હતો તે જ સ્થિતિમાં બેસી રહ્યો.

સ્પિલેટે ઘૂંટણીએ પડીને હાર્ડિંગની છાતી પર પોતાનો કાન લગાડી જોયો.

એક મિનિટ પસાર થઈ, પણ જાણે એક યુગ વીતી ગયો! સ્પિલેટે હાર્ડિંગના હૃદયના ઊંડામાં ઊંડા ઝરણોને સાંભળવાનો પ્રયત્ન કર્યો.

નૅબે ઊંચે જોયું – તે આખો ફરી ગયો હતો. જુવાનજોધ નૅબ ઘરડો ડોસો બની ગયો હતો! તેને ખાતરી હતી કે પોતાનો શેઠ મરી ગયો છે.

સ્પિલેટ આખરે ઊભો થયો ને બોલ્યો: ‘હાર્ડિંગ જીવે છે!’

બધાના જીવમાં જાણે જીવ આવ્યો. ખલાસી પણ નીચો નમ્યો; તેને પણ હૃદયના ધીમા ધીમા થડકારા સંભળાયા.

‘પાણી.’ સ્પિલેટ બોલ્યો.

સ્પિલેટના કહેતાં વાર જ હર્બર્ટ દોડ્યો, ને લગભગ સો કદમ દૂર પાણીનું નાનું ઝરણું હતું તેમાંથી પોતાનો રૂમાલ ભીનો કરીને એક જ શ્વાસે પાછો આવ્યો. એટલું પાણી અત્યારે તો પૂરતું હતું. સ્પિલેટે થોડાંક ટીપાં હાર્ડિંગના હોઠ ઉપર નાખ્યાં. ઠંડા પાણીએ જાદુઈ અસર કરી. હાર્ડિંગે જાણે એક લાંબો શ્વાસ લીધો હોય તેમ છાતી ઊંચી થઈ – હોઠ જરા ફફડ્યા.

‘હમણાં હાર્ડિંગ બેઠા થશે!’

નૅબના શરીરમાંય પ્રાણ આવ્યો. તેણે હાર્ડિંગનાં કપડાં કાઢ્યાં; બધે તપાસી જોયું કે ક્યાંઈ ઘા નથી લાગ્યો? નવાઈની વાત તો એ હતી કે ઘા તો શું પણ માથે, પીઠે, છાતીએ, કેડે કે પગે ક્યાંયે એક ઉઝરડો પણ થયો નહોતો! કારણ સમજવું મુશ્કેલ હતું. હાર્ડિંગ જાગે ત્યારે તેને ખુલાસો મળે. અત્યારે તો હાર્ડિંગને શુદ્ધિમાં લાવવાનું કામ મુખ્ય હતું. ખલાસીને એક રસ્તો સૂઝ્યો; તેણે હાર્ડિંગના શરીરને માલિશ કરવા માંડ્યું.

હાર્ડિંગ પર આ માલિશની ભારે અસર થઈ. તેણે પોતાનો હાથ હલાવ્યો; તેના શ્વાસોચ્છ્વાસ નિયમિત ચાલવા લાગ્યા; તેના એકેએક

અંગમાં થાક દેખાઈ આવતો હતો. જો બધા વખતસર ન આવ્યા હોત તો કદાચ હાર્ડિંગનું મડદું જ તેમને જોવાનું રહેત!

'નૅબ! તેં તો માન્યું હશે કે હાર્ડિંગના શરીરમાં જીવ નથી!'

'હા. અને ટૉપ તમને અહીં ન લઈ આવ્યો હોત તો મેં તો તેમને દફનાવવાની વિધિ પણ કરી નાખી હોત!'

નૅબે પોતાની વાત માંડીને કહી:

'હું કાલે કોતરોમાંથી નીકળ્યો અને ઉત્તરમાં પહેલાં આવ્યો હતો ત્યાં સુધી તો આવી પહોંચ્યો. ત્યાં આગળ કિનારા ઉપર હું બારીક તપાસ કરવા માંડ્યો. ક્યાંઈક હાર્ડિંગનું મડદું હાથ આવશે એમ મને હતું; હાર્ડિંગ જીવતા મળે એવી તો મેં આશા રાખી જ નહોતી. ઘણું ભટક્યો; ઉજ્જડ સપાટ કિનારો આખોય ઢૂંઢી વળ્યો. ક્યાંય માણસે પગ મૂક્યાનું ચિહ્ન સરખુંય જણાયું નહિ. એમ ને એમ કિનારા ઉપર હું આગળ બે માઈલ સુધી આવ્યો. કિનારો બરાબર તપાસતો જતો હતો. આખરે કાલે સાંજે મેં અહીં કિનારા પર માણસનાં પગલાં જોયાં.'

'પગલાં?' બધા બોલી ઊઠ્યા.

'હા.'

'દરિયામાંથી પગલાં શરૂ થતાં હતાં?'

'ના, ના. ભરતીના ઓવાળથી પડી ગયેલા કિનારાથી શરૂ થતાં હતાં. રેતી પરનાં પગલાં તો પાણીથી ધોવાઈ ગયાં હશે.'

'પછી?'

'સાચું કહું તો પહેલાં તો હું જરા ડર્યો. પગલાં તદ્દન ચોખ્ખાં હતાં અને આગળ ચાલતાં હતાં. પા માઈલ સુધી હું પગલાંની પાછળ પાછળ ચાલ્યો, ત્યાં મેં ટૉપના ભસવાનો અવાજ સાંભળ્યો. અંધારું થવા લાગ્યું હતું. ટૉપ મને અહીં લઈ આવ્યો. શેઠને મેં જોયા અને મને થયું કે આ મડદું જ છે. હવે શું કરવું? હું ખૂબ મૂંઝાયો. ટૉપ સિવાય અહીં મારું કોઈ ન હતું. ટૉપને મેં તમારા બધાનાં નામ કહ્યાં અને દક્ષિણ દિશામાં વારે વારે આંગળીથી રસ્તો બતાવ્યો. ટૉપ તે દિશામાં ઊપડ્યો અને તમને અહીં લઈ આવ્યો.'

'માણસ જે કામ ન કરી શકે તે કામ ટૉપે કર્યું!'

હર્બર્ટ તો ટૉપ ઉપર ફિદા થઈ ગયો, અને તેની સાથે ખૂબ વેલ કરવા મંડી પડ્યો.

હાર્ડિંગ દરિયાકિનારેથી આટલે સુધી ચાલીને આવે એ નવાઈની વાત હતી. બધાને એમ હતું કે કદાચ નૅબ કિનારા પરથી હાર્ડિંગને અહીં લઈ

આવ્યો હશે; પણ નૅબની વાત ઉપરથી એ વિષે શંકા રહી ન હતી.

દરમિયાન હાર્ડિંગના શરીરને માલિશ કરવાનું કામ તો ચાલતું જ હતું. હાર્ડિંગ વધારે ને વધારે શુદ્ધિમાં આવતો જતો હતો. હાર્ડિંગના કાનમાં બે-ત્રણ શબ્દો કહ્યા, પણ તે હાર્ડિંગે સાંભળ્યા હોય એમ ન લાગ્યું. અત્યારે દેવતાની ખાસ જરૂર હતી; પણ તે ત્યાં કાઢવો ક્યાંથી? કોઈ રીતે હાર્ડિંગને કોતરો સુધી લઈ જવો જ જોઈએ; ત્યાં બધા ઉપચારો થઈ શકે. પણ હાર્ડિંગ શુદ્ધિમાં આવે પછી તેને લઈ જવાય ને?

ખલાસીએ કહ્યું: 'જુઓ, આ ચાર દિવસથી હાર્ડિંગે કાંઈ ખાધું નથી, કાંઈક મોઢામાં ને પેટમાં જાય તો શક્તિ આવે ને?' આમ કહી તેણે પોતાની સાથે આણેલ થોડા નાસ્તાને પાણીમાં ભેળવીને પ્રવાહી બનાવ્યો, અને તે પાણી હાર્ડિંગના મોઢામાં રેડ્યું. એની અસર તરત જ થઈ. હાર્ડિંગે ધીમેથી આંખો ઉઘાડી.

નૅબ તો હાર્ડિંગ ઉપર લળી પડ્યો: 'ભાઈ! ભાઈ!'

કૅપ્ટને આ શબ્દો સાંભળ્યા; બધાને તેણે ઓળખ્યા; પોતાના હાથ ધીમેથી બધાના હાથ સાથે દબાવ્યા. તે કંઈક બોલ્યો, પણ કોઈએ સાંભળ્યું નહિ. થોડી વારે તેણે બોલવાનો પ્રયત્ન કર્યો. આ વખતે તેના ક્ષીણ શબ્દો સંભળાયા: 'બેટ છે કે ખંડ છે?'

'લો, હજુ તો ઊભા નથી થયા ત્યાં આ બેટ છે કે ખંડ છે, તેની ચિંતા પડી છે! બધું જાણવા માટે તો આપણને હજુ ઘણો વખત છે. તમે જીવતા થયા એ અમારે મન મોટો ખંડ જ છે!' ખલાસીએ કહ્યું.

એન્જિનિયર પાછા સૂઈ ગયા. આ વખતની તેની ઊંઘ શુદ્ધિની હતી. દરમિયાન સ્પિલેટે હાર્ડિંગને લઈ જવા માટે પાલખીની ગોઠવણ કરવા માંડી. નૅબ, હર્બર્ટ અને ખલાસી પાલખી બનાવવા માટે લાકડાંની તપાસમાં નીકળી પડ્યા. રસ્તામાં ખલાસીથી ન રહેવાયું; 'કેવો વિચિત્ર માણસ છે! હજુ મોતના જડબામાં છે ત્યાં તો આ બેટ છે કે ખંડ છે, તેની ચિંતા કરે છે!'

કોઈની પાસે કાંઈ હથિયાર તો હતું નહિ. હાથ એ જ મોટું હથિયાર! થોડાંક ડાળાં કાપ્યાં, અને બે મોટી ડાળીઓ સાથે તે નિસરણીની જેમ બાંધ્યાં; ઉપર ખડ પાથર્યું. લગભગ પોણા કલાકમાં આ કામ પતાવી લઈને તેઓ પાછા આવ્યા. હાર્ડિંગ આ વખતે ઊંઘમાંથી ફરી જાગ્યો. તેના મોઢા પર લોહી ફરવા માંડ્યું હોય એમ ચોખ્ખું દેખાતું હતું. તેણે પોતાના હાથનો ટેકો દઈને ઊભા થવાનો પ્રયત્ન કર્યો; સ્પિલેટે તેને પોતાનો ટેકો આપીને અરધો બેઠો કર્યો. આસપાસ તેણે નજર ફેરવવા માંડી. પોતે ક્યાં છે તે તેને જાણવું હતું.

'જુઓ, કૅપ્ટન સાહેબ! અમે કહીએ તે તમે સાંભળી શકશો ને?' સ્પિલેટે પૂછ્યું.

'હા.'

'સ્પિલેટ! તમારે જો હાર્ડિંગ સાથે વાતો કરવી હોય તો તેમના મોઢામાં જરા આપણી પેલી પ્રસાદી મૂકવી પડશે. મારી તો એ જ દવા છે.'

આણેલ નાસ્તાનો પ્રવાહી ભાગ ફરી વાર હાર્ડિંગના પેટમાં ગયો; સાથે સાથે બધાએ નાસ્તો કરી લીધો. સૌને એટલી બધી ભૂખ લાગી હતી કે આણેલો નાસ્તો ઓછો પડ્યો.

'વાંધો નહિ; આપણી પાસે કોતરોમાં હજુ પુષ્કળ ખાવાનું પડ્યું છે.'

'કોતરોમાં?' હાર્ડિંગે આશ્ચર્યથી પૂછ્યું.

'આપણને એક તૈયાર ઘર મળ્યું છે; તમને ત્યાં લઈ જવા માટે અમે એક પાલખી પણ તૈયાર રાખી છે. હવે તમારામાં જરા તાકાત આવે એટલે ઊપડીએ.'

'હું તમારો કેટલો આભાર માનું?' હાર્ડિંગે કહ્યું, 'તમે મારા માટે પુષ્કળ મહેનત ઉઠાવી છે. હવે સ્પિલેટ! તમારી વાત કરો.'

સ્પિલેટે જે કાંઈ બન્યું હતું તે બધું વિગતવાર કહી સંભળાવ્યું. બલૂનમાંથી તેઓ પડ્યા, હાર્ડિંગ ગુમ થયો, તેઓ સામે કિનારે આવ્યા અને પછી તપાસ કરતાં કરતાં હાર્ડિંગનો પત્તો કઈ રીતે લાગ્યો તે બધી હકીકત વિગતથી કહી સંભળાવી. બધાએ જાણે એ નવી જ વાત હોય તેમ ફરી રસપૂર્વક સાંભળી. હાર્ડિંગ તો આ બધું સાંભળીને ચકિત જ થઈ ગયો.

'ત્યારે મને કિનારા ઉપરથી અહીં સુધી તમે નથી લઈ આવ્યા?'

'ના.' સ્પિલેટે કહ્યું.

'કિનારાથી આ બખોલ કેટલી છેટે હશે?'

'લગભગ એક માઈલ.'

'ત્યારે હું એક માઈલ કઈ રીતે આવ્યો હોઈશ?'

'અમને પણ એ જ નવાઈ લાગે છે! તમે તમારી વાત કહી શકશો, કે તમે અહીં કઈ રીતે આવ્યા?'

હાર્ડિંગે પોતાની વાત સંભારી; પોતે બલૂનમાંથી પાણીનાં મોજાંઓને લીધે છૂટો પડી ગયેલો. દરિયામાં ડૂબ્યો. તેમાંથી બહાર આવ્યો. ત્યાં પોતાની પડખે એક પ્રાણી તરતું દેખાયું. તે ટૉપ હતો. એ તોફાની દરિયામાં પોતે તરવા લાગ્યો. ટૉપે પોતાને કપડાંથી પકડી રાખ્યો હતો; પણ એક જો

સબંધ વહેતા પ્રવાહમાં પોતાનાથી તરી ન શકાયું અને થાકી ગયો. અરધા કલાકમાં તો ડૂબ્યો. ત્યારથી માંડીને તે પોતે આ બખોલમાં બધાની સામે આંખ ઉઘાડી ત્યાં સુધીમાં શું થયું તેની તેને કંઈ ખબર નહોતી.

‘મને લાગે છે કે કિનારા પર આવ્યા પછી બેભાન અવસ્થામાં ચાલતાં ચાલતાં તમે ઠેઠ અહીં સુધી આવ્યા હશો. તમારાં પગલાં પણ બહાર કિનારા પર દેખાય છે!’ ખલાસીએ કહ્યું.

‘હું પોતે તો ચાલીને નથી આવ્યો એ વાત ચોક્કસ છે. એટલી બધી બેભાન અવસ્થામાં હું હોઉં એમ મને નથી લાગતું. અથવા તો એ પગલાં જ મારાં નહિ હોય, જા, પેનક્રૉફ્ટ! તું જા તો, મારો જોડો એ પગલામાં મૂકી જો.’

ખલાસીએ જોયું તો પગમાં જોડો બરાબર બંધબેસતો થતો હતો.

‘આ પણ એક નવાઈ જ છે ને? હું ચાલ્યો નથી એ વાત પણ ચોક્કસ છે છતાં, પગલાં મારાં છે એ વાતની પણ ના કહી શકાય તેવું નથી!’

‘તમારા પગ કોઈ કાપીને વાપરવા લઈ ગયું હશે!’ ખલાસીએ મજાકમાં કહ્યું અને વાત એટલેથી અટકી.

પાલખી તૈયાર થઈ ગઈ. ખલાસી તથા સ્પિલેટને ટેકે હાર્ડિંગ ઊભો થયો અને તેમાં સૂઈ ગયો. પાલખી હાર્ડિંગનો ભાર ઉપાડવા જેટલી તો મજબૂત હતી જ. પવન એટલો જ જોરમાં હતો, પણ વરસાદ બિલકુલ બંધ હતો. કૅપ્ટન મળ્યો એના ઉત્સાહમાં પાલખીનું વજન તેમને મન કાંઈ ન હતું. હાર્ડિંગ સૂતાં સૂતાં પણ આસપાસ નજર ફેરવ્યા કરતો હતો; પણ એક કલાક પછી ઝોળીના હલનચલનથી તેને થાક ચડ્યો, ને તેની આંખ મળી ગઈ. બે કલાક પછી તેઓ કિનારા પરના ખડકોની હાર પાસે આવી પહોંચ્યા અને ત્યાંથી કોતરોમાં પહોંચી ગયા.

કોતરોની બહાર પાલખી ઉતારી. ખલાસી અંદર ગયો. જઈને જોયું તો બધું ખેદાનમેદાન થઈ ગયું હતું! મોટા મોટા પથ્થરો ભરાઈને કોતરો પુરાઈ ગયાં હતાં; આગળના ભાગમાં વરસાદ, મોજાં ને પવનને લીધે મોટાં ગાબડાં પડી ગયાં હતાં. અધૂરામાં પૂરું અગ્નિ પણ ઓલવાઈ ગયો હતો!

‘હવે શું કરવું?’

# ૯ : હાર્ડિંગનો પહેલો ચમત્કાર

ખલાસીએ બહાર આવીને બધાને આ વાત કરી. ખલાસીને મન આ આપત્તિ મોટામાં મોટી હતી, છતાં તેના સાથીઓ પર આપત્તિની તેણે ધારી હતી એવી અસર ન થઈ. નૅબ તો પોતાનો શેઠ મળ્યો એના આનંદમાં બીજું કાંઈ સાંભળતો જ નહોતો. સ્પિલેટે તેને કહ્યું: ‘પેનક્રૉફ્ટ? આ કંઈ મોટી આફત નથી. જબરી આફત તો આપણે વટાવી ગયા.’

‘હા; પણ આ દેવતા સાવ ઠરી ગયો, તેનું શું?’

‘એમાં શું થઈ ગયું?’

‘તમે બધા આમ કેમ બોલો છો? દેવતા વગર શું કરશો? આટલા દિવસ ભૂખે મર્યા ને હજુયે મરવું છે?’

‘પણ દેવતા તો ફરી સળગાવશું. તેની આટલી બધી ચિંતા શી? હમણાં હાર્ડિંગને આપણે આ ખુલ્લી હવામાંથી અંદર લઈ જઈએ. હાર્ડિંગ આપણી પાસે છે તો બધુંય છે એમ જ સમજ ને!’

હાર્ડિંગને સૌ અંદર લઈ ગયા. વચ્ચેના પથરાઓ એક બાજુ ખસેડીને ત્યાં આગળ ઘાસની મોટી પથારી કરી ઉપર પહેરવાના કોટ વગેરે પાથર્યું, ને તે ઉપર હાર્ડિંગને સુવાડ્યો. એના ઉપર પાછા એક-બે કોટ નાખ્યા. હાર્ડિંગ એ જ જાણે એ બધાનું શરીર હોય તેમ સાચવવા લાગ્યા.

ખલાસીની દેવતાની વાત બધાએ ઉડાડી મૂકી, પણ ખલાસીને તો મનમાં ચટપટી થતી હતી. તેણે અગ્નિ ઉત્પન્ન કરવાના બધા ઉપાયો અજમાવવા માંડ્યા. ત્યાં પડેલાં લાકડાંને જોરથી ઘસવા માંડ્યાં; બહાર પડેલા ચકમકના પથરાઓને પણ વારંવાર અફાળીને જોવા લાગ્યો; પણ ખરા ચકમકના પથ્થર અને આ પથ્થર વચ્ચે તેને કશો ભેદ સમજાતો નહિ, એટલે હાથમાં આવ્યો તે પથ્થર લઈને તે ઘસવા મંડી પડ્યો! તે પથ્થરમાંથી ઘસારાને લીધે તણખા તો ઝરતા, પણ તે તણખા દેવતા સળગાવી શકે તેવા ન હતા. ખૂબ મહેનત કરી, આખરે ખલાસી થાક્યો. નૅબ તથા હર્બર્ટ તેની મદદે આવ્યા. તેઓ પણ તેમનાથી બનતું કરી ચૂક્યા. ખલાસી હવે ખિજાયો. જે લાકડું હાથમાં આવ્યું તેને બીજા સાથે તે ઘસવા માંડ્યો ને અગ્નિ ઉત્પન્ન ન થાય એટલે ભાંગીને ટુકડા કરીને નાખી દેવા લાગ્યો! પરસેવે તે રેબઝેબ થઈ ગયો. ‘જંગલીઓ લાકડાં તથા પથ્થરમાંથી અગ્નિ પેદા કરે છે એ વાત ધતિંગ છે!’ તે બોલી ઊઠ્યો, ‘આટલી વાર સુધી મેં માત્ર મારા હાથ જ ઘસ્યા હોત તો તે પણ સળગી ઊઠ્યા હોત!’

સ્પિલેટે કહ્યું: ‘પેનક્રૉફ્ટ! હાર્ડિંગ જાગે ત્યાં સુધી તો ધીરજ રાખ!’

આખરે કાચુંકોરું ખાઈને બધા હાર્ડિંગની પાસે બેઠા. રાત પડી છતાં હાર્ડિંગ જાગ્યો નહિ. એટલે બધા તેની ફરતા સૂઈ ગયા.

સવાર પડી; હાર્ડિંગે આંખ ઉઘાડી ને ફરી વાર એ જ વાક્ય ઉચ્ચાર્યું: ‘આ બેટ છે કે ખંડ?’

‘અમને હજુ તમારા જેટલી જ ખબર છે.’ ખલાસીએ કહ્યું.

‘હજુ સુધી તમે એની તપાસ નથી કરી?’

‘તમારા વગર એ બધું એમને કોણ સુઝાડે?’

‘મને લાગે છે કે હવે હું તમારી સાથે ફરી શકીશ; જોકે હજુ મારામાં નબળાઈ તો ખૂબ છે. મને ભૂખ ખૂબ લાગી છે; કાંઈ ખાવાનું પકાવી આપો.’

‘એ જ દુ:ખ છે ને?’ ખલાસીએ હવે પોતાનો ઊભરો કાઢ્યો, ‘માંડ માંડ એક દીવાસળી શોધીને દેવતા સળગાવ્યો, પણ કાલે રાતે બધું પાયમાલ થઈ ગયું!’

‘ઠીક, એ તો આપણે પછી જોઈશું. અત્યારે તો જે કંઈ ખાવાનું હોય તે લાવો.’

પોતાની આવી મહત્ત્વની વાતને હાર્ડિંગે પણ ઉડાડી મૂકી એથી ખલાસીના મનમાં બહુ દુ:ખ થયું. પણ હાર્ડિંગ પાસે તે કંઈ બોલી ન શક્યો. હાર્ડિંગ ખાઈને જરા તાજો થયો; તેનામાં જોર આવ્યું.

તેણે કહ્યું: ‘આજનો દિવસ બરાબર આરામ કરીને આવતી કાલે આપણે ફરવા અને તપાસ કરવા નીકળી પડશું.’

‘પણ હજુ એક કામ તો બાકી જ છે!’ ખલાસીએ અધીરાઈથી કહ્યું.

‘કયું?’

‘કેમ ભૂલી જાઓ છો? દેવતા જોઈશે ને!’

‘એ તો થઈ રહેશે.’ હાર્ડિંગે ખલાસીની વાત ઉડાડી મૂકી. જો સ્પિલેટ! આપણે કોઈ ખંડ ઉપર હોઈશું તો તો જ્યારે ત્યારે પણ વસ્તીવાળો ભાગ શોધી કાઢીશું. જો કોઈ બેટ ઉપર આવી પડ્યા હોઈશું તો તે પૃથ્વીના કયા રેખાંશ ઉપર છે તે શોધી કાઢીશું. આપણે અમેરિકાની દક્ષિણમાં છીએ એ વિશે તો મને શંકા જ નથી. જો આપણી આસપાસ કોઈ મોટો દેશ હશે તો તો વહાણ બનાવીને પણ ત્યાં પહોંચી જઈશું; પણ તે બધું આવતીકાલે, આ ખંડ છે કે બેટ તેની ખાતરી કર્યા પછી જોઈશું. ત્યાં સુધી મને પૂરતો આરામ લેવો દો. તમે એકબે જણા જંગલમાંથી સારો

શિકાર શોધી લાવો, એટલે લહેરથી ખાઈએ. અત્યારે ભૂખ ખૂબ ઊઘડી છે.'

નૅબ, ખલાસી અને હર્બર્ટ શિકારની શોધમાં નીકળી પડ્યા. ખલાસીની મદદમાં અત્યારે નૅબ તથા ટૉપ હતા, એટલે જંગલમાં ઘણે ઊંડે તે શિકાર માટે ઊતરી પડ્યો. તેને જો અગ્નિની ચિંતા ન હોત તો આજે તે શિકારમાં ગુલતાન થઈ ગયો હોત. ગમે તેવો સારો શિકાર મળે, પણ દેવતા વગર તેનું શું કરવું? નૅબને આ ચિંતા કેમ નથી તેનું આશ્ચર્ય ખલાસીને થતું હતું – જ્યારે ખલાસીને આટલી બધી ચિંતા કેમ થાય છે એનું આશ્ચર્ય નૅબને થયા કરતું હતું.

ખરું શિકારનું કામ તો ટૉપે જ કર્યું. એક વિચિત્ર પ્રકારનું પ્રાણી તે ક્યાંકથી પકડી લાવ્યો. હર્બર્ટે એ પ્રાણીની ઓળખી કાઢ્યું: તેનું નામ ‘કેપીબેરા’ હતું. ખલાસી તેને પોતાના ખભા ઉપર ચડાવીને ગુફા તરફ બધાની સાથે પાછો ચાલવા લાગ્યો. આટલો ખોરાક આજ માટે પૂરતો હતો; પણ જો દેવતા હોય તો કેવી લહેજત આવે!

ટૉપ જે રસ્તે આવ્યો હતો તે રસ્તે બધાને પાછો દોરી ગયો; જો એ ન હોત તો જરૂર બધા ભૂલા જ પડત. અડધા પોણા કલાકમાં તેઓ કોતરોની નજીકમાં આવી પહોંચ્યા. ખલાસીએ એ તરફ ઊંચે જોયું ને તેના મોંમાંથી આશ્ચર્યના – હર્ષના ઉદ્ગાર નીકળી પડ્યા. કોતરોમાંથી અગ્નિ-ધુમાડા ગૂંચળાં ખાતા ખાતા નીકળતા હતા!

# ૧૦ : આ બેટ છે

થોડી વારમાં તેઓ કોતરની અંદર આવી પહોંચ્યા. આખી જગ્યા ભડભડ બળતા તાપણાથી પ્રકાશિત થઈ ગઈ હતી. કૅપ્ટન અને સ્પિલેટ બેઠા બેઠા તાપતા હતા. ખલાસી તો ઘડીક અગ્નિ સામે, ઘડીક સ્પિલેટ સામે, તો ઘડીક હાર્ડિંગ સામે આશ્ચર્યથી જોવા લાગ્યો.

'કેમ પેનક્રૉફ્ટ! શિકાર લઈ આવ્યો?'

'હા. પણ આ દેવતા કઈ રીતે પડ્યો?'

'કેમ? આ આવડો મોટો સૂર્ય શા કામનો છે? એ આપણને દેવતા પણ ન આપે? આ તાપણું તો તેણે સળગાવી આપ્યું.' – કહીને હાર્ડિંગ જરા હસ્યો.

ખલાસીને લાગ્યું કે પોતાની મશ્કરી થાય છે; પણ હર્બર્ટ સમજી ગયો. તેણે પૂછ્યું: 'તમારી પાસે આગિયો કાચ હોવો જોઈએ. એ સિવાય ન બને.'

'બરાબર, હર્બર્ટ! તું સમજી ગયો. મારી તથા સ્પિલેટની ઘડિયાળના કાચ ભેગા કર્યા; તેની વચ્ચે થોડુંક પાણી રાખ્યું અને બંને કાચની ધારોને માટીથી સાંધી દીધી. આ રીતે આગિયો કાચ તૈયાર થઈ ગયો. તેને સૂર્યનાં કિરણો સામે ધરીને નીચે થોડુંક સૂકું ઘાસ રાખ્યું. થોડી વારમાં તો ઘાસ સળગી ઊઠ્યું.' હાર્ડિંગે વાત સમજાવી.

'કૅપ્ટન સાહેબ! તમે પણ જાદુ કરતા લાગો છો!' ખલાસીએ કહ્યું, 'સ્પિલેટ! તમારી નોટબુકમાં આ બનાવ તો ખાસ નોંધી રાખો. અમેરિકામાં જઈને આ વાત દરેક છાપામાં પ્રસિદ્ધ કરીશું.'

'અરે આવી આવી નાની બાબતો નોંધવા માંડીશું તો પછી હજુ આગળ ઉપરના મોટા મોટા ચમત્કારો નોંધવાની જગ્યા જ નહિ રહે.' નૅબે કહ્યું.

નૅબ તથા ખલાસીએ મળીને ખાણું તૈયાર કર્યું. હર્બર્ટે જંગલમાંથી બંને ખીસાંઓમાં તથા ટોપીમાં ખૂબ બદામો ભરી લીધી હતી. મોટા મોટા પાતાળની અંદર ખાણું પીરસાયું ને બધાએ આનંદથી ભોજન કર્યું. તે આખો દિવસ બધાએ આરામમાં કાઢ્યો. અહીં આવ્યા પછી પહેલી જ વાર તેઓ આટલા ખુશમિજાજમાં હતા.

હાર્ડિંગે બીજા દિવસ માટેની બધી તૈયારીઓ તથા યોજનાઓ ઘડી કાઢી હતી. સૌથી પહેલાં તો વાયવ્ય દિશામાં દેખાતા શિખર ઉપર ચડવાનું કામ કરવાનું હતું. પર્વત દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફૂટ ઊંચો હશે. એટલે ઊંચેથી ઓછામાં ઓછા ૫૦ માઈલ સુધી ચારે તરફ નજર પડી

શકે; એટલે આ બેટ છે કે ખંડ તે પ્રશ્ન એ પર્વત પર ચડ્યા પછી તુરત ઉકેલાય તેમ હતું. હાર્ડિંગે આખો દિવસ આરામમાં કાઢ્યો. બીજે દિવસે તેને ઘણું ચાલવાનું હતું; પણ એના લોખંડ જેવા શરીરમાં તાકાત આવતાં શી વાર?

રાતના વાળુ કરીને અને દેવતામાં લાકડાં નાખીને તેઓ સૂઈ ગયા. કોતરો પણ ખલાસીએ બરાબર પહેલાં હતાં તેવાં કરી નાખ્યાં. આસપાસનાં ગાબડાં માટી તથા લાકડાંથી પૂરી દીધાં હતાં; વધારાના અગ્નિની તેમને મોટી હૂંફ હતી; અને પાંચેય જણા પોતાના વફાદાર ટૉપ સાથે આજે ભેગા હતા, એની હૂંફ તો વળી ઓર હતી! તેઓ ઘસઘસાટ ઊંઘી ગયા.

૨૯મી માર્ચે તેઓ સવારમાં ઊઠ્યા ને મુસાફરી માટે તૈયાર થઈ ગયા. નૅબે વધેલો નાસ્તો સાથે બાંધી લીધો. આગિયો કાચ તો પાછો ઘડિયાળના કાચમાં ફેરવાઈ ગયો હતો, એટલે ખલાસીએ પોતાના શણના સુંદર રૂમાલનું એક ચીથરું ફાડીને સળગતું કરી સાથે લઈ લીધું. આ કપડામાં અગ્નિ સાચવી રાખવાનો ખૂબ સારો ગુણ હોય છે. વધારામાં હાર્ડિંગ તો ચકમકના પથરાઓને પણ સારી રીતે ઓળખતો હતો – અને અહીં એ પથ્થરની જરાયે ખોટ ન હતી. ફક્ત શોધતાં આવડવાની જ જરૂર હતી.

સવારના સાડાસાત વાગે હાથમાં લાકડીનાં હથિયારો સાથે બધાએ કોતરો છોડીને ચાલવા માંડ્યું. ખલાસીએ જંગલનો થોડોક રસ્તો તો જોયેલો હતો. પહેલાં તે રસ્તે થઈને પેલા પર્વત પર ચડવું અને વળતાં બીજે રસ્તેથી આવવું એમ નક્કી થયું. એ રસ્તો પર્વત ઉપર જવા માટે પણ સીધો હતો. વાયવ્ય દિશા તરફ તેઓ જંગલ ભેદીને ચાલવા લાગ્યા. લગભગ નવ વાગે જંગલના પશ્ચિમ ભાગમાં તેઓ આવી પહોંચ્યા. અહીં સુધી જમીન શરૂઆતમાં ચડઊતરવાળી હતી; પછી રેતાળ આવી અને પછી ધીમે ધીમે ચઢાણવાળી આવી. આ ચઢાણ ઠેઠ પર્વતની પહેલી ટૂક સુધી જતી હતી. નાનાં નાનાં વિચિત્ર પ્રાણીઓ જંગલનાં ઝાડોની નીચે આરામથી નિર્ભય થઈને બેઠાં હતાં. ટૉપે તેમને નસાડ્યાં – અને જો હાર્ડિંગે તેને રોક્યો ન હોત તો બેચારનો ત્યાં ને ત્યાં જ શિકાર થઈ ગયો હોત! હાર્ડિંગનો અત્યારે એક જ નિશાનો હતો – પર્વત ઉપર ચડવાનો. રસ્તામાં શિકાર ઘણા આવતા હતા, પણ હાર્ડિંગે તેના સાથીઓને બરાબર જ નિશાન ઉપર દોર્યા હતા.

દસ વાગે તેમણે આરામને માટે પડાવ નાખ્યો. થોડોક વખત આરામ લઈ ફરી ચડવાનું શરૂ થયું. અહીં જંગલ પૂરું થતું હતું અને પર્વતનો ભાગ બરાબર શરૂ થતો હતો. પર્વતનાં બે મોટાં શિખરો દેખાતાં હતાં. પહેલું શિખર લગભગ ૨૫૦૦ ફૂટ ઊંચું હતું; તેની બાજુમાં જ ખીણ હતી અને તેમાં મોટું જંગલ જામી પડ્યું હતું. ઈશાન ખૂણા ઉપર જે પર્વતનો વિસ્તાર

હતો તેના પર બહુ ઝાડી દેખાતી ન હતી; ફક્ત નાનાં નાનાં ઝરણાંઓ તે બાજુ ઢળેલાં દેખાતાં હતાં.

પહેલી ટૂક ઉપર જ બાજુ ઉપર ઢળી ગઈ હોય તેવી બીજી ટૂક દેખાતી હતી. તેનો દેખાવ કોઈ શૉખીન ફક્કડ આદમીએ વાંકી હૅટ માથા પર મૂકી હોય એવો લાગતો હતો.

તેમનો નિશ્ચય આ બીજી ટૂક ઉપર પહોંચવાનો હતો. તેની પર ચડવા માટે પહેલી ટૂકની ફરતી ધાર ઉપરથી જવું સહેલું હતું. ત્યાંથી ખીણનો દેખાવ બહુ રમણીય લાગતો હતો. ફરતાં ઝાડો ઠેઠ પર્વતની ટૂક સાથે ઊંચાઈની હરીફાઈ કરતાં હોય તેમ ઊંચે સુધી આવીને ડોલતાં હતાં. ઝાડીની અંદર સૂર્યનાં કિરણોને પેસવું મુશ્કેલ હતું.

વચ્ચે વચ્ચે હર્બર્ટની નજરે હિંસક પ્રાણીઓનાં પગલાં પડતાં હતાં. હર્બર્ટે કહ્યું: ‘મને લાગે છે કે આ અહીંના રહેવાસીઓ આપણને નિરાંતે રાત નહિ રહેવા દે.’

‘સાથે સાથે મને લાગે છે કે આ પ્રાણીઓને આપણે નિરાંતે નહિ રહેવા દઈએ!’ સ્પિલેટે કહ્યું.

આમ તો બીજી ટૂક બહુ નજીક દેખાતી હતી; પણ તેનો રસ્તો એટલો બધો વાંકમાં જતો હતો કે તેઓ ચડતાં ચડતાં ખરેખર થાકી ગયા. બાર વાગે તેઓએ એક ‘ફર’ ઝાડની નીચે નાસ્તો કર્યો. ત્યાં આગળથી એક નાનું એવું ઝરણું વહી જતું હતું. હજુ ઘણો રસ્તો કાપવાનો બાકી હતો. રાત પહેલાં તેઓ ધારેલી જગ્યાએ પહોંચી શકશે કે નહિ તેની શંકા હતી. તે જગ્યાએથી પૂર્વ, ઉત્તર તથા દક્ષિણનો ઘણો ભાગ જોઈ શકાતો હતો. દક્ષિણમાં ઊંચા ખડકોવાળી ભેખડને લીધે તેની પાછળનો ભાગ જોઈ શકાતો ન હતો. ઉત્તરમાં તો ક્યાંય સુધી નજર પહોંચતી હતી. વાયવ્ય દિશામાં પર્વતની બીજી ટૂક આડી આવતી હતી.

એક વાગે ફરી ચડવાનું શરૂ કર્યું. વચ્ચેવચ્ચે ચઢાવ એટલો બધો સીધો હતો કે એકબીજાને પકડીને ઉપર ચડવું પડતું હતું. નૅબ અને હર્બર્ટ ચડવામાં બહુ કુશળ હતા. આટલી ઊંચાઈએ પણ થોડાંક પશુઓ ચરતાં દેખાતાં હતાં. બકરાં અને ઘેટાં સિવાય આટલી ઊંચાઈએ બીજાં પશુઓ ઓછાં જ દેખાય છે. ખલાસીએ એક નાનું એવું પશુઓનું ટોળું જોયું ને તે બૂમ પાડી ઊઠ્યો: ‘ઘેટાં જોવાં હોય તો, ઘેટાં!’ બધાની નજર તે બાજુ ગઈ. આ પ્રાણીઓ ઘેટાંની જાતનાં હતાં; ફક્ત ખૂબ ઊંચાં હતાં. હર્બર્ટે તેમને ઓળખી કાઢ્યાં. તેનું નામ ‘મસમોન’ હતું.

ઘેટાંઓ પણ ઘડીભર આ વિચિત્ર પ્રકારનાં પ્રાણીઓ હોય તેમ તેમના તરફ તાકી રહ્યાં. પછી એકાએક જાણે બીધાં હોય તેમ ભાગી ગયાં.

'અત્યારે તો સાહેબજી! પણ આપણે પાછા કોઈ વાર જરૂર મળીશું!' ખલાસીએ ઘેટાંઓ સામે જોઈને કહ્યું.

લાવારસના જામી ગયેલા થરો ઉપર થઈને તેઓ ઉપર ચડવા લાગ્યા. ક્યાંક ક્યાંક ગંધકના ઝરાઓ તેમનો રસ્તો રોકી દેતા હતા; આથી તેમને ફરીને જવું પડતું.

ચાર વાગે તેઓ એટલી ઊંચાઈએ આવી ગયા હતા કે ત્યાં હવે ઝાડ ઊગતાં ન હતાં; ફક્ત લાવારસના ખડકો જ પડ્યા હતા. કોઈ કોઈ જગ્યાએ વચ્ચે વચ્ચે ફક્ત પાઈનનાં કે એવાં ઝાડ દેખાતાં હતાં.

હવા ખૂબ ખુશનુમા હતી; આકાશ ખૂબ સ્વચ્છ હતું. પશ્ચિમ તરફ ઢળેલો સૂર્ય બીજી ટ્રકની ઓથે આવી ગયો હતો, એટલે તડકો પણ નહોતો લાગતો. આખા બેટ ઉપર નીરવ શાંતિ છવાઈ ગઈ હતી. પૂર્વનાં છૂટાંછવાયાં વાદળાંઓ ઉપર સૂર્યનાં કિરણોની ઓછી છાંટ પડતી હતી, અને તેનો દેખાવ ઓર શોભા આપતો હતો.

ટૂકની ઉપરનો સપાટ ભાગ હવે બહુ દૂર ન હતો. ત્યાં પહોંચતાં જ સાંજ પડી જશે એ ગણતરીએ ત્યાં આગળ રાતનો મુકામ નાખવાનું નક્કી કર્યું. આમ તો તે ભાગ બહુ નજીક દેખાતો હતો; પણ રસ્તાના ગૂંચવાડાને લઈને ત્યાં પહોંચતાં અંધારું થઈ ગયું.

ખલાસીએ એક ઓથવાળી જગ્યાએ પડાવ નાખ્યો. સાથે સળગતું શણનું ચીંથરું હતું તેનાથી થોડાંક લાકડાં એકઠાં કરીને દેવતા સળગાવ્યો. આ દેવતા તેમને ગરમી આપવા ઉપરાંત જંગલી પશુઓથી બચવા માટે પણ ઉપયોગી હતો. તાપણા રસ્તા બેસીને તેમણે સાથે આણેલ ભાતું ખાધું. પેલા કેપીબેરાનો શિકાર તથા બદામનું વાળું તેમને બહુ મીઠું લાગ્યું.

લગભગ સાડાછ થઈ ગયા. હાર્ડિંગ જોકે થાકી ગયો હતો પણ તેનો વિચાર બાકી રહેલો ભાગ જલદીથી જોઈ નાખવાનો હતો, એટલે તે હર્બર્ટને સાથે લઈને ફરવા નીકળી પડ્યો. નૅબ અને ખલાસી પથારીઓની તૈયારીમાં રોકાયા. સ્પિલેટ આખા દિવસનો અહેવાલ લખવા બેઠો.

હાર્ડિંગ અને હર્બર્ટ આગળ ચાલ્યા આકાશ ખૂબ સ્વચ્છ હતું; હજુ કોઈક કોઈક તારાઓ દેખાતા હતા. બંને જણા મૂંગા મૂંગા ચાલ્યા જતા હતા. કોઈ કોઈ જગ્યાએ લાવારસના જામી ગયેલ થરોને લઈને તેમનો રસ્તો અટકી પડ્યો હતો. વળી અંધારું પણ થવા લાગ્યું હતું. આગળ ચાલતાં તેમને એકાએક અટકી જવું પડ્યું. અહીં પહેલી ટૂક અને બીજી ટૂક એક થઈ જતી હતી. જે ધાર ઉપર થઈને તેઓ ફરતા ફરતા ઉપર ચડતા હતા તે ધાર જ બંધ થઈ ગઈ હતી! પણ હવે તો તેઓ બે ટૂકની વચ્ચેની ખાઈમાં ઊતરવા લાગ્યા. બરાબર તપાસ કરતાં માલૂમ પડ્યું કે તે ખાઈ નહિ પણ ઠરી ગયેલા જ્વાળામુખીનું રાક્ષસી મુખ હતું. હાર્ડિંગે હર્બર્ટને આ

જ્વાળામુખી પર્વતનું મુખ બતાવ્યું. આ મુખને કિનારે કિનારે જઈને તેઓ બીજી ટૂકે સહેલાઈથી પહોંચી શકે તેમ હતું; જોકે એ ટૂક હજુ લગભગ ૧૦૦૦ ફૂટ ઊંચે હશે. તેઓ ખાઈમાં ઊતર્યા. દક્ષિણ આકાશના તારાઓનાં ઝૂમખાંઓ ઝુમ્મરની જેમ લટકતાં દેખાતાં હતાં. વીંછીડો, મત્સ્ય, સ્વસ્તિક, અગસ્ત્ય વગેરે તારાઓને હાર્ડિંગને ઓળખી કાઢ્યા ને તેની હર્બર્ટને સમજણ પાડી.

લગભગ આઠ વાગે તેઓ બીજી ટૂકને મથાળે આવી પહોંચ્યાં. અંધારું થયું હોવાથી બે માઈલથી વધારે દૂર નજર જઈ શકે તેમ નહોતું. પશ્ચિમ બાજુ જમીન છે કે પાણી છે તે અંધારામાં ઓળખાતું ન હતું; પણ એટલામાં પશ્ચિમમાં એક નાનો એવો પ્રકાશ દેખાયો. બીજનો ચંદ્ર પશ્ચિમમાં આથમતો હતો. તેના પ્રકાશમાં હાર્ડિંગે પશ્ચિમ બાજુ નજર નાખી અને હર્બર્ટનો હાથ પકડીને ધીમા પણ ભારે અવાજે તે બોલ્યો: ‘આ બેટ છે.’

# ૧૧ : નવું સંસ્થાન

અરધા કલાકમાં હાર્ડિંગ અને હર્બર્ટ તેમના મુકામે પાછા આવી પહોંચ્યાં. હાર્ડિંગે કહ્યું: ‘આપણે જે જગ્યાએ આવી પડ્યા છીએ તે બેટ લાગે છે; આપણે આવતીકાલે તેની વધારે ખાતરી કરીને વિચાર કરીશું.’

મોડી રાત્રે ખડકની ઓથે આવેલ મુકામે થાક્યાપાક્યા આ સાહસિકો પોતાના ઘરમાં સૂતા હોય તેમ ઘસઘસાટ ઊંઘી ગયા.

બીજા દિવસે એટલે કે ૩૦મી માર્ચે નાસ્તો કરીને તેઓ હાર્ડિંગની સાથે ઊંચામાં ઊંચા શિખર પર ચડવા માટે નીકળી પડ્યા. બધાના મનમાં એક જાતનો ભય હતો: ‘ચોક્કસ કોઈ બેટ હોય તો? તો તો કદાચ જિંદગીભર અહીં પડ્યા રહેવું પડશે! આટલે દૂર કોઈનાં વહાણો આવતાં હશે કે નહિ? દુનિયાના કયા ભાગ ઉપર આ હશે?’ પણ હાર્ડિંગ સાથે હોવાથી તેમને થોડી થોડી હિંમત રહેતી હતી. હાર્ડિંગને આ બેટમાં દુનિયાની તમામ વસ્તુઓ દેખાતી હતી, એટલે તેને ચિંતા ન હતી.

જે રસ્તે હાર્ડિંગ રાત્રે ચાલ્યો હતો તે જ રસ્તો અત્યારે તેમણે લીધો. થોડી વારમાં તેઓ પેલી ઊંડી ખાઈ પાસે આવી પહોંચ્યા. તે ખાઈ પડેલી ટૂકથી લગભગ ૧૦૦૦ ફૂટ ઊંચી હશે. ખાઈને તળિયે લાવારસના મોટા થરો ઢળેલા દેખાતા હતા. બધા ખાઈમાં ઊતર્યા. જ્વાળામુખી પર્વત ઘણાં વર્ષોથી શાંત પડી ગયો હોય એમ દેખાતું હતું.

ખાઈ વટાવીને તેઓ શિખર ઉપર આવી પહોંચ્યા. ઉપર ચડીને જોયું તો ચારે તરફ દરિયો ને દરિયો! હાર્ડિંગને કાલ રાતે જે થોડી શંકા હતી તે પણ અત્યારે દૂર થઈ. બેટની ચારે તરફ વિશાળ મહાસાગર ઘેરી વળ્યો હતો. ૫૦ માઈલ સુધી નજર પહોંચતી હતી, છતાં ક્યાંયે વહાણ જેવું દેખાતું ન હતું; જમીન પણ દેખાતી ન હતી.

હાર્ડિંગ ને તેના સાથીઓ મૂંગા મૂંગા ક્યાંય સુધી એમ ને એમ તાકી રહ્યા. ખલાસીની નજર દૂરબીન જેટલી તીવ્ર હતી, પણ તેને સુધ્ધાં ક્યાંયે વહાણ દેખાયું નહિ.

ઘણી વારે સ્પિલેટે આ શાંતિનો ભંગ કર્યો. ‘કૅપ્ટન સાહેબ! વિસ્તાર કેટલો હશે?’

હાર્ડિંગે થોડી વાર વિચાર કરીને કહ્યું: ‘હું માનું છું લગભગ આખા બેટનો વિસ્તાર ૧૦૦ માઈલનો હશે.’

‘અને તેનું ક્ષેત્રફળ?’

‘ક્ષેત્રફળ કહેવું મુશ્કેલ છે; કારણ કે આ બેટ સાવ ઘાટ વગરનો છે.’

બેટમાં જ્યાં ત્યાં નાનીમોટી ભૂશિરો, અખાતો અને નદીઓ વગેરેને લીધે તેનો આકાર બહુ વિચિત્ર બની ગયો હતો. સાધારણ રીતે એમ કહી શકાય કે દરિયામાં કોઈ રાક્ષસી કદનું પ્રાણી સૂતું પડ્યું હોય, એવો તેનો આકાર હતો. સ્પિલેટે તેનો નકશો તરત જ દોરી લીધો.

બેટના પૂર્વ ભાગમાં એક મોટી ખાઈ થઈ ગઈ હતી. એક બાજુએ એક ઊંચી ભૂશિર હતી. ઉત્તરમાં બે નાની નાની ભૂશિરો પાસે પાસે આવી હતી અને તેમની વચ્ચે એક નાનો એવો અખાત બની ગયો હતો. ઈશાનથી તે નૈઋત્ય સુધીનો આખો કિનારો અર્ધગોળાકાર હતો. વચ્ચે વાયવ્ય ખૂણામાં જાણે ઢીમણું થયું હોય તેવો આકાર હતો, અને પર્વત તેની વચ્ચે આવેલો હતો. અહીંથી નૈઋત્ય તરફ નજર નાખતાં બેટનો એક છેડો દ્વીપકલ્પની જેમ આવી રહેલો હતો, અને તે દ્વીપકલ્પને છેડે એક પૂંછડી આકારની જમીન દરિયામાં ઘૂસી જતી હતી. આ રીતે બધી બાજુથી વિચિત્ર રીતે ઘડાયેલો આ બેટ હતો.

બેટની અંદરના ભાગમાં નજર નાખતાં દક્ષિણનો ભાગ ગીચ ઝાડીવાળો દેખાતો હતો; ઉત્તર બાજુનો ભાગ રેતાળ વધારે હતો. આ પર્વત અને પૂર્વના કિનારા સુધીના ભાગની વચ્ચેના પ્રદેશ ઉપર નજર નાખતાં વચ્ચે એક સરોવર નજરે પડ્યું. બરાબર કાળજીથી જોતાં તેમને એ સરોવર દરિયાની સપાટીથી લગભગ ૩૦૦ ફૂટની ઊંચાઈએ જણાયું. સરોવરને એક નાની એવી નદી પશ્ચિમના કોઈ ભાગમાંથી નીકળીને મળતી હતી. આ નદી જો સરોવરમાં ઠલવાતી હોય તો સરોવરમાં વધતું જતું પાણી બીજી બાજુ ક્યાંક ઠલવાતું હોવું જ જોઈએ; આ બાબતની બારીક તપાસ વહેલી તકે કરી લેવી જોઈએ એમ હાર્ડિંગને લાગ્યું. કદાચ એ સરોવરની આસપાસ ક્યાંક રહેવા જેવી જગ્યા પણ મળી જાય. એ નદી તથા સરોવરની પાસેનો ભાગ ખૂબ ફળદ્રુપ હોય એમ જણાતું હતું. એનું કારણ એ હશે કે જ્યારે આ જ્વાળામુખી લાવારસ કાઢતો હશે ત્યારે આ દિશામાં ખૂબ વધ્યો હશે.

એક કલાક સુધી આ પ્રમાણે બેટનું બારીક નિરીક્ષણ તેમણે કર્યું. હવે એક મોટો સવાલ તેમની પાસે એ ઊભો હતો કે 'આ બેટમાં માણસની વસ્તી હશે કે નહિ?' અને બીજો સવાલ એ હતો કે 'આ બેટ પૃથ્વીના કયા ભાગ ઉપર આવ્યો હશે?' બંને પ્રશ્નોનો નિકાલ હાર્ડિંગ વખત જતાં લાવવાનો જ હતો. હજી સુધી તો અહીં માણસજાતનું એક પણ ચિહ્ન મળ્યું ન હતું. તેમ કોઈ વહાણ પણ આ કિનારે ઊતરતું હોય એમ જણાતું ન હતું. તો પણ તેનો પાકો નિર્ણય તો આખો બેટ તપાસ્યા પછી જ થાય.

હવે કાંઈ ખાસ જોવાનું બાકી રહેતું ન હતું. નીચે ઊતરતાં હાર્ડિંગે તેના સાથીઓને ઉદ્દેશીને કહ્યું: 'મિત્રો! દુનિયામાં આ એક નાનકડા ભાગ ઉપર ઈશ્વરે આપણને લાવીને મૂક્યા છે. આપણે હવે અહીં જ રહેવાનું છે - કદાચ જીવનભર અહીં જ રહેવાનું છે એમ માની લો. મને લાગે છે કે આ

બેટ દુનિયા પર સફર કરતાં વહાણોના માર્ગમાં નહિ જ આવતો હોય. એટલે હું તમારાથી કાંઈ પણ છુપાવ્યા સિવાય કહેવા માગું છું કે -'

'કૅપ્ટન સાહેબ! તમે એટલું ચોક્કસ ધ્યાનમાં રાખજો કે અમે મરદ છીએ!'

'મારા શેઠ કહે તે મારે ઈશ્વર બોલ્યા સમાન છે.'

'અને કૅપ્ટન! હું જરા સ્વભાવે આકળો છું, પણ હું તો આ બેટ ઉપર નવું જ અમેરિકા ઊભું કરવા માગું છું. મારામાં એટલી હિંમત છે. અહીં તમે ઇજનેર છો. આપણે અહીં રેલવે, તાર, ટપાલ વગેરે ચાલુ કરી દઈશું. પછી આપણે ભાગી આવેલા કે ભૂલા પડેલા માણસો નહિ; પણ અમેરિકન રાજ્ય તરફથી નવું સંસ્થાન વસાવવા આવેલા તેમના સાહસિક પ્રતિનિધિઓ છીએ એમ માનવું!'

'ચાલો ત્યારે હવે પાછા આપણા મુકામે.' સ્પિલેટે કહ્યું.

'હા, પણ તે પહેલાં આપણે એક કામ કરી લઈએ. આ બેટનું આપણે નામ પાડી દઈએ. જુઓ, આપણે જ્યાં ઊતર્યા છીએ તેને માટે કોતરો નામ જ બરાબર છે.' હાર્ડિંગે કહ્યું.

'આપણે કોના નામ ઉપરથી નામ પાડશું? મને તે લાગે છે કે આપણા નામે નામ પાડીએ.' નૅબે કહ્યું.

'ના ના, એમ નહિ. આપણા અમેરિકાના પ્રસિદ્ધ પુરુષોને આપણે અમર કરવા જોઈએ, ને તેમનાં નામો વારંવાર આપણને સાંભરે તેમ કરવું જોઈએ. જુઓ, આ મોટી ખાડીનું નામ "યુનિયન અખાત" રાખો; પછી આ પર્વતનું નામ "ફ્રાંકલીન પર્વત" રાખો અને પેલા સરોવરનું નામ "ગ્રાન્ટ સરોવર" રાખો.'

બધાએ એક અવાજે એ નામો વધાવી લીધાં. સ્પિલેટે તરત પોતાની નોટમાં નામો નોંધી લીધાં. પેલી નદી જે કોતરોની પડખે વહેતી હતી તેનું નામ 'મર્સી' રાખ્યું. બીજાં નામો પણ તેમણે જુદી જુદી ભૂશિરો તથા દ્વીપકલ્પને આપ્યાં.

આમ તો હાર્ડિંગે સાધારણ દિશાઓ નક્કી કરી હતી અને તે પ્રમાણે યુનિયન અખાત અને કોતરો બરાબર પૂર્વ દિશામાં આવતાં હતાં; પણ બીજે દિવસે સૂર્યની ગતિ ઉપરથી બરાબર દિશા નક્કી કરવાનું તેણે ઠરાવ્યું.

તેઓ ઊતરવાની તૈયારીમાં હતા ત્યાં ખલાસી બોલી ઊઠ્યો: 'અરેરે! આપણે કેવા છીએ? આ આખા બેટનું નામ પાડવાનું તો ભૂલી ગયા!'

'હા, એ સાચી વાત. આપણે તેનું નામ અમેરિકાના અત્યારના મહાનમાં મહાન પુરુષના નામ ઉપરથી "લિંકન બેટ" રાખીએ.'

બધાએ એકી અવાજે એ નામ વધાવી લીધું અને લિંકનના નામથી મોટેથી જય પુકારી. તેમને બિચારાઓને ક્યાંથી ખબર હોય કે એ જ લિંકન સોળ દિવસ પછી એક ગાંડાને હાથે મોત પામવાનો હતો!

# ૧૨ : ગ્રાન્ટ સરોવર

તેઓ પર્વત ઉપરથી નીચે ઊતરવા લાગ્યા. નાસ્તાનો વખત થયો કે નહિ તે જોવા માટે સ્પિલેટે ઘડિયાળ બહાર કાઢી. સ્પિલેટ પાસે ખૂબ ઊંચી બનાવટની ઘડિયાળ રહી ગઈ હતી. આવા સખત તોફાનમાં પણ તે ઘડિયાળ નિયમિત ચાલ્યા કરતી હતી અને સ્પિલેટ પણ ચાવી દેવાનું ભૂલતો ન હતો. હાર્ડિંગ પાસે એક ઘડિયાળ હતી તે તેના દરિયામાં પડ્યા પછી ચાવી ન દેવાવાને લીધે બંધ થઈ ગઈ હતી. હાર્ડિંગે અત્યારે તેને બહાર કાઢી અને સૂર્ય સામે જોઈને અટકળે નવ ઉપર મૂકી. સ્પિલેટ પણ પોતાની ઘડિયાળનો સમય ફેરવવા જતો હતો, પણ હાર્ડિંગે તેને અટકાવ્યો અને કહ્યું: 'જુઓ, તમારી ઘડિયાળનો સમય છે તે રીચમંડનો સમય છે, એટલે વૉશિંગ્ટનના રેખાંશ પ્રમાણે તમારી ઘડિયાળ છે. હવે એ જ સમય તમે રહેવા દેજો. આગળ ઉપર આપણને તે કામ આવશે.'

ખલાસીને તો ઘડિયાળ સાથે નાસ્તા પૂરતો જ સંબંધ હતો; તે આમાં કંઈ સમજતો નહિ. તેણે નાસ્તો તૈયાર કર્યો. બધાએ એટલા ઉત્સાહથી નાસ્તો કર્યો કે નાસ્તો ખલાસ થઈ ગયો. નવો શિકાર રસ્તામાંથી મળી જ રહેવાનો છે, એમ ખાતરી હોવાથી બધા પૂરતા નિશ્ચિંત હતા.

હાર્ડિંગે આ વખતે કોતરોમાં પહોંચવા માટેનો જુદો જ રસ્તો લીધો. પેલું ગ્રાન્ટ સરોવર એ ખૂબ મહત્ત્વનું હતું. આ વખતે તે રસ્તે થઈને દરિયાકાંઠે ઊતરીને કોતરોએ પહોંચી જવું એમ તેમણે નક્કી કર્યું. પર્વતની તળેટીમાં આવીને તેમણે સરોવર તરફનો રસ્તો લીધો. રસ્તા જેવું તો કાંઈ હતું જ નહિ; રસ્તો નવો જ પાડવાનો હતો. પર્વત ઉપરથી દેખાતી નદીને પકડી પાડવાથી તેમનો રસ્તો સરળ થઈ જાય તેમ હતું.

રસ્તો તદ્દન અજાણ્યો તથા ભયભરેલો હતો - આથી બધા ખૂબ ચેતી ચેતીને ચાલતા હતા. ટૉપ સૌથી આગળ હતો; કાંઈ ભય જેવું હોય તો તરત જ તે સૂચના કરતો. ચાલતાં ચાલતાં હાર્ડિંગ જમીન ઉપરથી કાંઈક ને કાંઈક વીણ્યા કરતો હતો. ક્યાંકથી થોડીક માટી તો ક્યાંકથી કોઈક છોડનું પાંદડું, ને એવું ખીસામાં ભર્યે જતો હતો. હર્બર્ટ, નૅબ અને ખલાસી જરા આગળ નીકળી ગયા હતા; હાર્ડિંગ તથા સ્પિલેટ બધું જોતા-તપાસતા પાછળ ચાલ્યા આવતા હતા. જમીન કોઈ જગ્યાએ પીળાશ પડતી માટીવાળી પણ જણાતી હતી. વળી, આગળ જતાં ભૂખરા પથ્થરોવાળી જમીન આવી.

એકાએક હર્બર્ટ દોડતો દોડતો હાર્ડિંગ પાસે આવ્યો. 'કૅપ્ટન સાહેબ! અહીંથી થોડેક દૂર ટેકરી પાસેથી ધુમાડો નીકળે છે!' એટલામાં તો નૅબ અને ખલાસી પણ આવી પહોંચ્યા. ખલાસી બોલ્યો: 'આપણે હવે બરાબર

સાવધાન થઈ જાઓ. કદાચ યુદ્ધનો પ્રસંગ આવે પણ ખરો. અહીં માણસની વસ્તી છે એ વિષે હવે શંકા નથી.'

'ટૉપ ક્યાં જાય છે?' હાર્ડિંગે પૂછ્યું.

'ટૉપ તો આગળ ચાલ્યો જાય છે.'

'તે ભસતો નથી?'

'ના, એ પણ નવાઈ જ છે ને! ટૉપ પણ બીતો લાગે છે.'

'એમ બને નહિ. તોયે આપણે તપાસ કરીએ. તમે બરાબર તૈયાર રહેજો. હું જરા આગળ જઈને તપાસ કરી જોઉં.'

'પણ કૅપ્ટન સાહેબ! તમે જોખમમાં ઊતરવું રહેવા દો.'

'મને જોખમ જેવું લાગતું નથી.' એમ કહીને હાર્ડિંગ આગળ વધ્યો, તેના સાથીઓ પણ ધીરે ધીરે લપાતા લપાતા તેની પાછળ ચાલ્યા. થોડેક આગળ ગયા ત્યાં ગંધકની ઉગ્ર વાસ આવવા લાગી.

'ઓહો! તમે તો નકામા ગભરાવી નાખ્યા! આ તો ગંધકનો ઝરો લાગે છે. આ ધુમાડા એ ગંધકના ઝરામાંથી નીકળે છે. આ પણ જાણવાનું મળ્યું. આ ઝરણાનું પાણી ગમે તેવી શરદી મટાડી દે છે.'

બધા ત્યાં પહોંચ્યા. હાર્ડિંગે પાણી ચોખ્ખું અને અંદર હાથ નાખીને કહ્યું: 'પાણી લગભગ ૯૫ ડિગ્રી ગરમ છે.'

'એ કઈ રીતે જાણ્યું!' હર્બર્ટે પૂછ્યું.

'કેમ? એ તો સાદી વાત છે. માણસના શરીરની ગરમી પણ સાધારણ એટલી જ છે. અંદર હાથ નાખવાથી જો આપણને ઠંડું કે ગરમ ન લાગે તો સમજવું કે તેની ગરમી આપણી ગરમી જેટલી જ છે.'

ઝરો જોઈને તેઓ આગળ ચાલ્યા. થોડી વારમાં તેઓએ કલ્પેલી એવી નાની નદીને કાંઠે તેઓ આવી પહોંચ્યા. નદીનું પાણી ખૂબ નિર્મળ હતું; તેની બાજુએ રાતી મટોડીવાળો કાંઠો હતો. આથી આ નદીનું નામ તેમણે 'રાતી નદી' રાખ્યું. આ નદીને કાંઠે કાંઠે ચાલવાથી તેઓને ખાતરી હતી કે સરોવરના કિનારે તેઓ જઈ પહોંચશે.

નદીને કાંઠે બંને બાજુ ઝાડોની કતાર ઝૂકી પડી હતી. અમેરિકાના અને ટાસ્માનિયાના સમશીતોષ્ણ કટિબંધ ઉપર જે જાતનાં ઝાડો થતાં હતાં તે જાતનાં ઝાડો અહીં નજરે પડતાં હતાં. પેલા પર્વતની તળેટીમાં જે ઊંચી જાતનાં ઝાડો હતાં તેને બદલે અહીં ઘટાવાળાં ઝાડો નજરે પડતાં હતાં. અમેરિકાની લગભગ ઑક્ટોબર માસની ઋતુ પ્રમાણેની ઋતુ અહીં એપ્રિલ માસમાં હતી. ઝાડો લીલાંછમ હતાં. યુકેલિપ્ટસ અને દેવદારનાં ઝાડો પણ અહીં દેખાતાં હતાં. 'ટુસાક' નામનું ન્યુ હોલાંડમાં નજરે પડતું ઘાસ પણ

અહીં પુષ્કળ હતું. ફક્ત નાળિયેરનું ઝાડ અહીં એક પણ નજરે નહોતું આવતું.

પક્ષીઓ પણ અહીં જાતજાતનાં નજરે પડતાં હતાં. કોકેટુ, પેરોકેટ, કલકલિયો વગેરે રંગબેરંગી પક્ષીઓ ઝાડો ઉપર બેસીને અદ્‌ભુત સંગીત ગાઈ રહ્યાં હતાં. ક્યાંક ટોળાબંધ લેલાં ગડબડાટ કરી મૂકતાં નજરે પડતાં હતાં. આમાંથી સ્પિલેટના પથ્થરે ત્રણચાર સરસ શિકાર મેળવી આપ્યા.

ટૉપ પણ બીજી બાજુથી શિકાર ઉપાડી લાવવાનું ઠીક કામ કરતો હતો. આગળ ચાલતાં વળી ‘કાંગારુ’ પ્રાણીઓનું મોટું ટોળું નજરે પડ્યું. આ પ્રાણીઓ અમેરિકામાં ભાગ્યે જ જોવા મળે છે. હર્બર્ટ તો આ કાંગારુ જોઈને ખુશખુશ થઈ ગયો. ખલાસીને તો તેમાં શિકાર પૂરતો જ રસ હતો. પણ તેની પાસે સાધન નહોતું. તેણે હાર્ડિંગને કહ્યું: ‘હવે આપણે સૌથી પહેલાં બંદૂક અને દારૂ બનાવવાનું કામ કરો. તેની સૌથી વધારે જરૂર મને તો લાગે છે.’

‘હા, ધીરે ધીરે એ બધુંયે કરીશું. હમણાં તો આપણે કામચલાઉ તીરકામઠાં બનાવીશું.’

‘અંહ! તીરકામઠાં? એ તો નાનાં છોકરાંની રમત કહેવાય.’

એ તો અત્યારે તીરકામઠાંઓ રમત લાગે છે! પણ જૂના વખતમાં મોટાં મોટાં યુદ્ધો જ તીરકામઠાંથી લડાયાં છે, એ ખબર છે?’

ખલાસી આ દલીલથી મૂંગો થઈ ગયો.

આગળ ચાલતાં ચાલતાં એકાએક તે નદીનો છેડો આવ્યો ને એક વિશાળ સરોવર નજરે પડ્યું. આ જગ્યા જોઈને તેમના મનમાં ખૂબ આનંદ થયો. આવી સુંદર કુદરતી રમણીયતાવાળી જગ્યા અમેરિકામાં ભાગ્યે જ જોવા મળે. સરોવર લગભગ સાત માઈલના ઘેરાવાવાળું હશે. તેનું પાણી ખૂબ મીઠું અને નિર્મળ હતું. ‘આ સરોવરને કાંઠે ક્યાંક રહેવાની જગ્યા મળી જાય તો કેવું સારું!’ એમ બધાના મનમાં થયું. હાર્ડિંગ એક બીજી જ તપાસમાં હતો. તેણે જોયું કે આ નદી સરોવરમાં ઠલવાય છે, એટલે સરોવરમાં વધતું જતું પાણી બીજી બાજુથી ક્યાંકથી નીકળતું હોવું જ જોઈએ. આ પાણી કઈ બાજુથી નીકળે છે તેની તપાસ હાર્ડિંગને બહુ જ જરૂરી લાગી. સરોવર સમુદ્રથી લગભગ ૩૦૦ ફૂટની ઊંચાઈએ હતું. જો એ પાણી ધોધરૂપે દરિયા તરફ પડતું હોય તો એ ધોધ તેમને ખૂબ ઉપયોગી થાય તેવું હતું. આથી એ વધારાના પાણીનો નિકાલ ક્યાંથી થાય છે તેની શોધમાં હાર્ડિંગ કાંઠે કાંઠે ફરવા લાગ્યો. સરોવરની દક્ષિણે સીધી ભેખડોવાળી એક ટેકરી હતી; તે વટીને તેઓ સરોવરની ઉત્તરે આવ્યા; પણ ત્યાંયે વધારાનું પાણી નીકળી જતું દેખાયું નહિ.

દરમિયાન સાંજ પડી ગઈ. બધાને ભૂખ પણ લાગી હતી, એટલે ભેખડોવાળી ટેકરીથી નીચે ઊતરીને ત્યાંથી મર્સી નદીને કાંઠે કાંઠે થઈ બધા કોતરોમાં પહોંચી ગયા.

ત્યાં જઈને ખલાસીએ દેવતા સળગાવ્યો, અને નૅબે તથા ખલાસીએ ખાણું પકાવ્યું. ખાઈ રહ્યા પછી હાર્ડિંગે બધાને ભેળા કરીને પોતાના ખીસામાંથી એક પછી એક વસ્તુઓ કાઢીને સૌને બતાવવા માંડી: ‘જુઓ, આ લોઢું છે; આ વાસણ બનાવવાની માટી છે; આ ચૂનો છે; આ કોલસા છે અને આ પાયરાઈ ધાતુ છે. કુદરતે આપણને લગભગ બધું આપ્યું છે. હવે આપણે તેનો ઉપયોગ શરૂ કરી દેવાનો છે.’

# ૧૩ : કુંભાર કે ખગોળશાસ્ત્રી?

બીજે દિવસે સવારે ખલાસીએ પહેલો જ પ્રશ્ન હાર્ડિંગને પૂછ્યો: ‘આજે શું કરવાનું છે?’ તેમને એકડેએકથી બધું શરૂ કરવાનું હતું. તેમની પાસે તૈયાર સાધનમાં પહેરેલાં કપડાં હતાં; બાકી બધો કાચો માલ હતો. તેમાંથી તેમને બધું બનાવવાનું હતું. પણ હાર્ડિંગ જેવો હિંમતવાળો અને બુદ્ધિશાળી હતો; તેવા જ તેના સાથીઓ તેને મળ્યા હતા. સ્પિલેટ કલમ ચલાવવા ઉપરાંત બીજું ઘણું ચલાવી જાણતો હતો. હર્બર્ટની રગેરગમાં ચેતન ભર્યું હતું; કામ વિના તેને ગમે તેમ જ નહોતું. ખલાસી અને નૅબ કામ કરવામાં રાક્ષસ જેવા હતા; થાક શું કહેવાય તેની તેમને ખબર જ નહોતી. ઉપરાંત બંને જણા હાર્ડિંગના વચન ઉપર જાન આપે તેવા હતા. એથી વધારે શું જોઈએ? વળી ખલાસી સુતારી કામ, ખેતીનું કામ, શિકારીનું કામ, રાંધવાનું કામ, સીવણકામ, એવું ઘણું ઘણું જાણતો હતો. પાંચ જણની ટોળી જાણે ઈશ્વરે ખાસ મેળવી આપી હોય તેવી હતી.

હાર્ડિંગે કહ્યું: ‘સૌથી પહેલાં આપણે એક મોટી ભઠ્ઠી બનાવવી પડશે.’

‘શાને માટે?’

‘વાસણો બનાવીને પકવવા માટે.’

‘પણ ભઠ્ઠી શાની બનાવવી?’

‘ઈંટોની.’

‘ઈંટો શાની બનાવવી?’

‘કેમ, ઈંટો માટીની બનાવવી.’ હાર્ડિંગે કહ્યું, ‘ઈંટો પાડવાનું કામ આજથી જ શરૂ કરી દ્યો. આપણે જ્યાં આગળ ખૂબ માટી નીકળતી હોય ત્યાં જ આપણું કારખાનું નાખીશું, અને ઈંટો બનાવતાં સુધી ખાવાપીવાનું ત્યાં જ રાખીશું, ખાવાનું નૅબ રોજ ત્યાં લેતો આવશે.’

‘હા, પણ ખાવા માટેનું શું?’ સ્પિલેટે કહ્યું.

‘શિકાર માટે સાધનોની જરૂર પહેલી પડશે. તીરકામઠું બનાવવા માટે પહેલાં તો ચપ્પુની જરૂર પડશે.’

‘હા, એ વાત સાચી.’ હાર્ડિંગ જરા વિચારમાં પડી ગયો. એકાએક તેની નજર ટૉપ ઉપર પડી. તેણે બૂમ પાડી: ‘ટૉપ, ટૉપ!’ ટૉપ દોડતો દોડતો શેઠની સામે બે પગ ઊંચા કરીને ઊભો થઈ ગયો. ટૉપના ગળામાં પોલાદનો એક પટ્ટો હતો. હાર્ડિંગે તે છોડી નાખ્યો અને તેના બે ટુકડા કર્યા. બંને ટુકડાને પથ્થર પર ઘસીને ધાર કાઢી, અને થોડી વારમાં બે ચપ્પુ બની ગયાં!

ખલાસી હાર્ડિંગની બુદ્ધિ પર વારી ગયો. તે આનંદમાં આવી બૂમ પાડી ઊઠ્યો! બંને ચપ્પુને એક લાકડાના હાથામાં બેસારી દીધાં. હર્બર્ટને સાથે લઈને સ્પિલેટ તથા ખલાસી સરોવર બાજુએ તીરકામઠાં માટેના ઝાડની શોધમાં નીકળી પડ્યા. ફેજીવા નામનું ઝાડ આ માટે સૌથી વધારે ઉપયોગી ગણાય છે. દક્ષિણ અમેરિકામાં જંગલીઓ પણ આનો જ ઉપયોગ કરે છે. હર્બર્ટે એ ઝાડ શોધી કાઢ્યું ને તેમાંથી કામઠાં બનાવ્યાં. કામઠાંની દોરી માટે 'હીબીસ્કર હીટરોફિલ્સ' નામના છોડના મજબૂત તાંતણા કામમાં આવે તેવા હતા. એ રીતે તેમણે ત્રણ કામઠાં અને ભારો એક તીર બનાવ્યાં.

આ કામ પૂરું કરીને તેઓ જે જગ્યાએ માટીનું કારખાનું કરવાના હતા, ત્યાં પહોંચ્યા. આ જગ્યા સરોવરથી લગભગ ૨૦૦ ફૂટને અંતરે હતી.

ત્યાંથી માટી ખોદવી એ કામ સાવ સહેલું હતું, કારણ કે તે જમીન સાવ પોચી હતી. અણીદાર લાકડાથી તેઓએ ઢગલાબંધ માટી ખોદી અને અંદર થોડી રેતી ભેળવીને માટીને ખૂબ ગૂંદી. પછી તેનાં ચોસલાં બનાવવા માંડ્યાં. આ કામ અઘરું નહોતું; પણ તેમાં મજૂરી સખત હતી. આખો દિવસે પરસેવો ઉતારતા ત્યારે માંડ તેઓ ૧૫૦ ઈંટો પાડી શકતા.

આ કામ ચાલતું હતું તે દરમિયાન બીજી એપ્રિલે હાર્ડિંગે એક અગત્યનું કામ કરી લીધું. આગલે દિવસે તેણે સૂર્ય કેટલા વાગે બરાબર આથમ્યો તે નોંધી લીધું હતું. કાલે સૂર્ય આથમ્યો અને આજે ઊગ્યો તેની વચ્ચે બરાબર ૧૨ કલાક ને ૨૪ મિનિટ પસાર થઈ હતી. એ દિવસે સૂર્ય ઊગ્યા પછી ૬ કલાક અને ૧૨ મિનિટે બરાબર સૂર્ય માથે આવે. સૂર્ય આકાશના જે ભાગ ઉપર મધ્યાહ્ને આવ્યો તે ભાગ તેણે ઝાડની નિશાની કરીને નોંધી રાખ્યો. એ ઝાડ ઉપરથી આગળ ઉપર લિંકન બેટ પૃથ્વીના કયા ભાગ ઉપર છે તે નક્કી કરવાનું તેણે ધાર્યું હતું.

ઈંટો તૈયાર થયા પછી તેની આસપાસ એક મોટો નિભાડો ખડક્યો અને તેમાં ઈંટો પકવી. ઈંટો પાકી ગઈ પછી તેની ભઠ્ઠી બનાવવાનું કામ શરૂ થયું. બીજી બાજુથી તેમણે રેતી અને ચૂનો મેળવીને પણ તૈયાર કરી રાખ્યો હતો. ૧૪મી એપ્રિલે તેઓએ ભઠ્ઠી તૈયાર કરી નાખી. વીસ ફૂટ ઊંચી ભઠ્ઠીના ભૂંગળામાંથી પહેલી વાર ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડ્યા. અમેરિકામાં મોટામાં મોટા મિલમાલિક કરતાં પણ આ પાંચ જણાને પોતાની આ ભઠ્ઠી માટે વધારે ગર્વ હતો.

ભઠ્ઠી તૈયાર થઈ એટલે પછી માટીનાં વાસણો બનાવવાનું કામ તેમણે હાથમાં લીધું. કુંભારકામની કળા શીખવાનો આ તેમને વિચિત્ર રીતે પ્રસંગ મળ્યો. ખલાસીએ કહ્યું: 'અહીં આગળ આપણે કુંભારકામ શીખીને અમેરિકામાં જઈને માટીનાં વાસણોની દુકાન શરૂ કરી શકીશું!'

વાસણો જે ઘાટ ઊતરતા હતા તે પરથી તો એ કયું વાસણ છે તે ઓળખવું મુશ્કેલ થઈ પડે તેવું હતું; પણ ધીમે ધીમે તેમાં પણ સ્પિલેટનો હાથ ઠીક બેસવા માંડ્યો. માટલાં, કથરોટ, હાંડલાં અને એવાં તાત્કાલિક જરૂરી વાસણો તેમણે પહેલાં બનાવ્યાં. ભઠ્ઠીમાં નાખવા માટે કોલસો પણ ત્યાં પુષ્કળ હતો. વાસણો તો ભઠ્ઠીમાંથી પાકીને નીકળવા લાગ્યાં. પાંચે જણના આનંદનો પાર ન રહ્યો. ૧૬મી એપ્રિલ સાંજે તેઓએ પહેલી જ વાર માટીનાં વાસણોમાં રસોઈ બનાવી તથા ખાધી.

જમ્યા પછી બધા દરિયાકિનારે હવા ખાવા માટે નીકળ્યા. આજે વદી પાંચમ હોઈ ચંદ્ર હજુ ઊગ્યો નહોતો, પણ પૂર્વ દિશામાં આકાશમાં સહેજ પ્રકાશ દેખાવા માંડ્યો હતો - કહો કે ચંદ્રની ઉષા થઈ ગઈ હતી. દક્ષિણ ક્ષિતિજમાં તારાઓનાં ઝૂમખાં લટકતાં હતાં. ઉપર લગભગ મધ્યાકાશે સ્વસ્તિક નક્ષત્ર ઊંધું લટકતું હતું - જાણે આકાશના કંઠમાં પહેરાવેલો મોતીનો હાર હોય એવું તે શોભતું હતું.

હાર્ડિંગ ઘણી વાર સુધી આકાશ સામે જોઈ રહ્યો. એકાએક તેણે પૂછ્યું: ‘આજે પંદરમી એપ્રિલ થઈ; ખરું?’

‘હા.’ હર્બર્ટે કહ્યું.

‘બસ, હું ન ભૂલતો હોઉં તો આવતી કાલનો દિવસ એ વરસના ચાર દિવસોમાંનો એક એવો દિવસ છે કે જે દિવસ દુનિયા આખીનાં ઘડિયાળો પોતાનો સમય સૂર્યની ગતિ પ્રમાણે મેળવી લેશે. એટલે કે સૂર્ય આવતી કાલે આ બેટના મધ્યાકાશમાંથી પસાર થશે. જો આકાશ ચોખ્ખું હશે, તો હું કાલે આપણા બેટના રેખાંશ શોધી કાઢીશ.’

‘પણ સેક્સ્ટન્ટ કે એવું કાંઈ સાધન આપણી પાસે તો છે નહિ!’ સ્પિલેટે કહ્યું.

‘કાંઈ વાંધો નહિ.’ હાર્ડિંગે કહ્યું, ‘અને વળી આજે રાત પણ ખૂબ સ્વચ્છ છે, એટલે આ સ્વસ્તિક તારાની ઊંચાઈ માપીને આ બેટના અક્ષાંશ પણ કાઢી લઈએ. તમે સમજ્યા? આપણે એટલું તો શોધી કાઢ્યું છે કે આ બેટ છે - પણ તેટલું બસ નથી. આ બેટ પૃથ્વીના કયા રેખાંશ અને અક્ષાંશ પર આવેલો છે, તે પણ આપણે જાણી લેવું જોઈએ. એનાથી આપણે એ પણ જાણી શકીશું કે અમેરિકાથી કેટલે દૂર આપણે આવી પડ્યા છીએ.’

‘હા; એની આપણને ખબર પડે તો પછી આપણે અહીં રહેવા માટે ઘર બાંધવું કે અહીંથી ઊપડવા માટે વહાણ બાંધવું તેનો પણ નિર્ણય થાય!’

‘એટલા માટે આજે રાત્રે જ હું આ બેટના અક્ષાંશ લઈશ, ને આવતી કાલે બપોર પછી તેનો રેખાંશ માપી લઈશ.’

હાર્ડિંગ પાસે જો સેક્સ્ટન્ટ (ઊંચાઈનીચાઈનું કોણમાપક યંત્ર) હોત તો તો આ કામ બહુ સહેલાઈથી થઈ શકત; પણ અહીં તે ક્યાંથી કાઢવું? પણ હાર્ડિંગ તેથી નિરાશ થાય તેમ નહોતો. તેણે ગુફામાં જઈને તાપણાના પ્રકાશમાં બે મલોખાં છોલીને તૈયાર કર્યાં. અને તેના બે છેડાને બાવળની એક જાડી શૂળથી સાંધી લીધા; આ રીતે તેણે સેક્સ્ટન્ટ તૈયાર કર્યું. તેની બંને ભૂજાઓ જેટલી વધારે-ઓછી પહોળી કરવી હોય તેટલી થઈ શકે તેવું થયું.

આ સાધન લઈને તે પાછો સમુદ્રને કિનારે આવ્યો. હવે જે જગ્યાએથી ઘણે દૂર સુધી ક્ષિતિજ સ્પષ્ટ જોઈ શકાય એવી જગ્યાએ જઈ સ્વસ્તિકના તારાનું માપ લઈ શકાય તેમ હતું; એટલે ઉત્તર દિશામાં આવેલી એક ઊંચી ટેકરી પર તેઓ ચડ્યા. સ્વસ્તિકનો મુખ્ય તારો હવે સ્પષ્ટ દેખાતો હતો.

હાર્ડિંગે ઉપર ચડીને પોતાની પાસેનો સેક્સ્ટન્ટનો એક છેડો સમુદ્રની સપાટીની લીટીમાં રાખ્યો અને બીજો છેડો સ્વસ્તિકના મુખ્ય તારાની લીટીમાં મેળવ્યો. આ બન્ને છેડાની વચ્ચે થયેલા ખૂણાનું માપ એ જ ક્ષિતિજ અને સ્વસ્તિકના તારાની વચ્ચેના અંતરનું માપ હતું. હવે એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર હતી કે પૃથ્વીના દક્ષિણધ્રુવ અને સ્વસ્તિકના નક્ષત્રની વચ્ચે ૨૭ અંશનું અંતર છે, એટલે ક્ષિતિજ અને સ્વસ્તિકના નક્ષત્રની વચ્ચેના અંતરમાં આ ૨૭ અંશની પણ ગણતરી રાખવાની જરૂર હતી. આ માપ હાર્ડિંગે આ ઊંચી ટેકરી ઉપર ચડીને લીધું હતું, એટલે પૃથ્વીના ક્ષિતિજ અને દક્ષિણધ્રુવની વચ્ચેના અંતરના માપમાંથી આ ટેકરીની ઊંચાઈ અંગેનું માપ બાદ કરવાનું હતું. એ ટેકરીની કેટલી ઊંચાઈ છે, તે માપવાનું આવતી કાલ ઉપર મુલતવી રાખ્યું. તે વખતે તો સ્વસ્તિક તારાનું અંતર પેલાં સેક્સ્ટન્ટથી માપીને સેક્સ્ટન્ટના તે બન્ને છેડાને એક લાકડાના કટકા સાથે જડી લીધા, જેથી તે છેડા આઘાપાછા ન થાય અને માપ બીજા દિવસ સુધી બરાબર સચવાઈ રહે.

# ૧૪ : લિંકન બેટ ક્યાં આવ્યો?

બીજે દિવસે રવિવાર હતો. એ દિવસે સવારમાં જ બધા પોતપોતાનાં કેટલાય વખતનાં મેલાં થયેલાં કપડાં ધોવા માટે નદીએ ગયા. હજુ તેમની પાસે સાબુ નહોતો બન્યો. સાબુ બનાવવા માટે સોડા, પોટાશ અને ચરબી અથવા તેલની જરૂર હતી. ધીમેધીમે એ બધું મળી રહેશે એવી હાર્ડિંગને ખાતરી હતી. તેમની પાસે ફક્ત કપડાંની એક જ જોડ હતી; પણ તે એવાં મજબૂત કપડાં હતાં કે હજુ છ મહિના ખુશીથી ખેંચી કઢાય તેમ હતું. તેથી નવાં કપડાં પેદા કરવાનો વિચાર હમણાં કરવો નકામો હતો. એક વાર આ બેટના અક્ષાંશરેખાંશ નક્કી થાય, એટલે પછી ભવિષ્યનો બધો વિચાર થઈ શક તેમ હતું.

રવિવારે આકાશ ખૂબ સ્વચ્છ હતું. સૂર્ય ચમકવા લાગ્યો. હાર્ડિંગને પોતાની ગણતરીમાં ફતેહ મળવાની આશા બંધાઈ. સૌથી પહેલાં તો પેલી ટેકરીનું માપ કાઢી લેવાની જરૂર હતી; પછી બાકીની ગણતરી થઈ શકે. હાર્ડિંગ હર્બર્ટને લઈને ટેકરીની ઊંચાઈ માપવા માટે ગયો અને બાકીના સૌ પોતપોતાના કામમાં રોકાયા.


કૅપ્ટન હાર્ડિંગ પાસે એક બાર ફૂટ લાંબી લાકડી હતી. આ લાકડીનું માપ એણે પોતાના શરીરની ઊંચાઈચી કાઢ્યું હતું. હર્બર્ટ પાસે પણ વેલના એક લાંબા તાંતણાને છેડે એક નાનો પથ્થર બાંધીને બનાવેલો ઓળંબો હતો.

દરિયાના કિનારાથી લગભગ ૨૦ ફૂટને અંતરે અને પેલી ટેકરીથી ૫૦૦ ફૂટને છેટે તેઓ ઊભા. હાર્ડિંગે પેલી લાકડી બરાબર બે ફૂટ જમીનમાં ખોડી, અને પેલા ઓળંબા વડે તેણે એ લાકડી બરાબર લંબ છે કે નહિ તે જોઈ લીધું. પેલી ટેકરી પણ જમીનથી બરાબર કાટખૂણે હતી, અને આ લાકડી પણ જમીનથી બરાબર કાટખૂણે બોડી હતી.

આટલું કર્યા પછી હાર્ડિંગ તે લાકડીથી થોડેક અંતરે પાછો ગયો અને ભોંય ઉપર આંખ માંડી એવી જગ્યા શોધી કાઢી કે જે જગ્યાએથી પેલી લાકડીની અને ટેકરીની ટોચ સીધી લીટીમાં દેખાય. આ જગ્યાએ તેણે એક લાકડાની ખૂંટી ખોડી. આ ખૂંટી અને પેલી લાકડી ખોડેલી જગ્યા વચ્ચે પંદર ફૂટનું અંતર થયું.

હવે ભૂમિતિનો એક સાદો સિદ્ધાંત લાગુ કરવાનો હતો. ભૂમિતિનો એક સિદ્ધાંત એવો છે કે કોઈ પણ બે સમકોણ ત્રિકોણની સમવર્તી ભુજાઓનું પ્રમાણ સરખું રહે.

હાર્ડિંગે હર્બર્ટને આ સિદ્ધાંત સમજાવ્યો, એટલે નીચેની આકૃતિ પ્રમાણે તે ટેકરીની ઊંચાઈ હર્બર્ટે ખૂબ જ સહેલાઈથી શોધી કાઢી.




આ હિસાબે ટેકરીની ઊંચાઈ ૩૩૩ ફૂટની થઈ.

હવે હાર્ડિંગે ગઈ કાલ રાતે માપેલું સેક્સ્ટન્ટ હાથમાં લીધું. આ સાધનની બે ભુજાઓ વચ્ચેના ખૂણાનું માપ તે ક્ષિતિજ અને સ્વસ્તિકના તારા વચ્ચેનું અંતર છે, એ તો ગઈ કાલે જ નક્કી થયું હતું.

જમીન ઉપર તેણે એક મોટું વર્તુળ દોર્યું, અને તેના તેણે બરાબર ૩૬૦ ભાગ પાડ્યા. આપણે જાણીએ છીએ કે દરેક વર્તુળને ૩૬૦ અંશ હોય છે. હાર્ડિંગે આ વર્તુળ ઉપર પેલું સેક્સ્ટન્ટ મૂકીને તેનો ખૂણો કેટલા અંશનો છે તે માપી લીધું. તેની અંદર તેણે ૨૭ અંશ ઉમેર્યા; કારણ કે એ ૨૭ અંશ સ્વસ્તિકના નક્ષત્ર તથા દક્ષિણ ધ્રુવની વચ્ચેનું અંતર હતું. આ માપ ટેકરી પરથી લીધેલું ગણાયું, તેથી તેની ૩૩૩ ફૂટની દરિયાની સપાટીથી આવેલી ઊંચાઈને કારણે માપમાં કરવો જોઈતો ફેરફાર કરતાં એ ખૂણો ૫૩ અંશનો થયો. આ ૫૩ અંશને ૯૦ અંશમાંથી બાદ કર્યા, કારણ કે પૃથ્વીના વિષુવવૃત્ત અને દક્ષિણધ્રુવ વચ્ચે બરાબર ૯૦ અંશનો ખૂણો હોય છે, એ આપણે જાણીએ છીએ. આ ૯૦ અંશમાંથી ૫૩ અંશ બાદ થતાં પાછળ ૩૭ અંશ રહ્યા. હાર્ડિંગે આ ગણતરીએ ઠરાવ્યું કે આ બેટ પૃથ્વી ઉપર દક્ષિણે ૩૭ અક્ષાંશ પર આવેલો છે. કદાચ ગણતરીમાં થોડીક છૂટછાટ મૂકીએ તોપણ ૩૫ થી ૪૦ દક્ષિણ અક્ષાંશની અંદર આ બેટ આવેલો છે, એમાં હાર્ડિંગને શંકા ન રહી.

હવે મોટું કામ આ બેટના રેખાંશ કાઢવાનું હતું. સૂર્ય જ્યારે મધ્યાહ્નને આવે ત્યારે જ તે થાય તેમ હતું. મધ્યાહ્ન થતાં સુધીનો વખત તેમણે ઉત્તર કિનારા તરફ ફરવામાં ગાળવાનો વિચાર કર્યો. અત્યારે ખાડીની પેલી બાજુનો નાનો બેટ વધારે સારી રીતે જોઈ શકાતો હતો. આ બેટ ઉપર કેટલીય જાતનાં મોટાં પક્ષીઓ ઊડાઊડ કરતાં હતાં. કેટલાંક પ્રાણીઓ રેતી ઉપર ચાલતાં દેખાતાં હતાં; એ સીલ હશે એમ લાગતું હતું. જે કિનારા ઉપર તેઓ ચાલતા હતાં તે કિનારા ઉપર કાલુ માછલીઓનાં ઈંડાં ઢગલાબંધ દેખાયાં, વળી દરિયાઈ પક્ષીઓ ત્યાં ટોળાબંધ હતાં.

ખલાસીએ કહ્યું: ‘કૅપ્ટન સાહેબ! જ્યાં સુધી બંદૂક ન હોય ત્યાં સુધી બધું નકામું!’

‘અરે, જો તો ખરો, પેનક્રૉફ્ટ! બધુંય આ બેટમાંથી મળી આવશે.’ સ્પિલેટે કહ્યું.

‘અરે! એ બધાંય સાધનો આપણી પાસે તો હતાં, પણ બલૂનમાંથી આપણે બધાંય નીચે નાખી દીધાં તેનું શું થાય?’ ખલાસીએ કહ્યું.

‘હા. પણ જો બલૂનમાંથી એ ફેંકી દીધાં ન હોત તો બલૂને આપણને દરિયામાં ફેંકી દીધા હોત, તેનું કેમ?’ હર્બર્ટે કહ્યું.

‘પેલો બિચારો ફોસ્ટર સવારે બલૂનમાં બેસવા ગયો હશે તેનું મોઢું કેવું થઈ ગયું હશે!’ ખલાસીએ કહ્યું.

‘આપણે અહીંથી તેને કાગળ લખીશું કે તમારું બલૂન અહીં આવ્યું છે, માટે ચિંતા ન કરતા!’ નૅબે કહ્યું.

‘ના, ના, એમ નહિ. આપણે જાતે જ ત્યાં જઈને ફોસ્ટર તથા રીચમંડના ગવર્નર પાસે તેમનું બલૂન લઈ જવા માટે દિલગીરી બતાવીશું.’ સ્પિલેટે કહ્યું.

‘પણ ત્યાં કયારે જઈશું?’ ખલાસીએ પૂછ્યું.

‘ત્યાં કયારે જઈ શકીશું અથવા તો જઈ શકીશું કે નહિ તે હવે આપણે હમણાં જ એકાદ કલાકમાં નક્કી કરીશું.’ હાર્ડિંગે ઘડિયાળ જોઈને કહ્યું.

બધા પાછા ફર્યા. રસ્તામાં હાર્ડિંગે કહ્યું: ‘આજના માપ ઉપરથી એટલું તો નક્કી થયું કે ન્યુઝીલાંડ એ આ બેટની પશ્ચિમમાં છે. હવે ચોક્કસ રેખાંશ કાઢીએ એટલે તેનું ચોક્કસ અંતર આપણી પાસે આવી જશે. જો નજીકમાં જ કોઈ એવો જાણીતો બેટ કે ખંડ હશે તો પછી પેનક્રૉફ્ટે વહાણ બનાવવું પડશે, ને તેના કૅપ્ટન પણ થવું પડશે.’

‘હા, જી, આપણે તો તૈયાર જ છીએ!’

કોતરોથી લગભગ છ માઈલના અંતરે તેઓ હતા. અગિયાર વાગ્યા હતા. તેમણે નાસ્તો કરી લીધો. પાસે એક નાનું ઝરણું હતું તેમાંથી હર્બર્ટ હાંડો ભરીને પાણી લઈ આવ્યો.

દરમિયાન હાર્ડિંગે એક સરસ સપાટ રેતીવાળી જગ્યા પસંદ કરી લીધી. વચ્ચે એક છ ફૂટ લાંબી લાકડી બોડી. તે લાકડી બરાબર સીધી ન રાખતાં હાર્ડિંગે જરા દક્ષિણ દિશામાં ઢળતી રાખી, કારણ કે તેણે બરાબર આગળથી ધ્યાનમાં રાખી લીધું હતું કે આ બેટ દક્ષિણ ગોળાર્ધમાં છે અને સૂર્ય ઉત્તરાયણમાં છે.

હર્બર્ટ હવે હાર્ડિંગની યોજના સમજી ગયો. સૂર્યના તડકામાં ખોડેલી લાકડીના પડછાયા ઉપરથી આ બેટ પરનું સૂર્યનું ક્રાંતિવૃત્ત કાઢવાનું હતું. બરાબર બાર વાગે આ લાકડીનો પડછાયો તેની ટૂંકામાં ટૂંકી લંબાઈ ઉપર આવે. સ્પિલેટ અને હાર્ડિંગ બંને પોતાનાં ઘડિયાળો લઈને ઊભા હતા. સૂર્યથી પડતો લાકડીનો પડછાયો જેમ જેમ ટૂંકો થવા લાગ્યો તેમ તેમ તે પડછાયાની જગ્યાએ દર ચાર મિનિટે એક પછી એક ખૂંટા તે નાખતો ગયો. જે વખતે સૌથી વધારે ટૂંકો પડછાયો થયો ત્યારે તેણે સ્પિલેટને પૂછ્યું.

‘તમારી ઘડિયાળમાં કેટલા વાગ્યા?’

‘પાંચ ને એક મિનિટ.’

હવે માપ કાઢવું એ તદ્દન સહેલું હતું. સૂર્ય ચાર મિનિટે એક અંશનું અંતર કાપે છે, એટલે કે કલાકે ૧૫ અંશનું અંતર કાપે છે. વૉશિંગ્ટનમાં જે સૂર્ય બાર વાગે મધ્યાહ્‌ને આવે તે જ સૂર્ય અહીં વૉશિંગ્ટનના સમય પ્રમાણે પાંચ વાગે મધ્યાહ્‌ને આવ્યો, એટલે કે સૂર્ય ૭૫ અંશ મોડો અહીં ઊગ્યો છે. હવે વૉશિંગ્ટન શહેર ૭૭ પશ્ચિમ રેખાંશ ઉપર છે. એ હિસાબે આ બેટ ૭૭ + ૭૫ એટલે કે ૧૫૨ પશ્ચિમ રેખાંશ ઉપર આવ્યો હોવો જોઈએ. એટલે, હવે આ બેટ પૃથ્વીના ૩૫ થી ૪૦ દક્ષિણ અક્ષાંશ તથા ૧૫૦ થી ૧૫૫ પશ્ચિમ રેખાંશ ઉપર આવેલો છે એમ સિદ્ધ થયું.

હાર્ડિંગની નજર સામે પૃથ્વીનો નકશો ખડો થઈ ગયો. બરાબર ધ્યાનથી તે બધું સંભારી ગયો, પણ આ બેટ જે જગ્યાએ આવ્યો હતો તેની આસપાસ નજીકમાં એક પણ બેટ નહોતો. માહિતી અને પોમોટસના બેટો ત્યાંથી ૧૨૦૦ માઈલ દૂર હતા, ન્યૂઝીલાંડ ૧૮૦૦ માઈલ દૂર હતો અને અમેરિકાનો કિનારો ૪૫૦૦ માઈલ દૂર હતો!

લિંકન બેટ જેવો કોઈ બેટ દુનિયામાં અત્યાર સુધીમાં દોરાયેલા નકશામાં મૂક્યો હોય એવું હાર્ડિંગના સ્મરણમાં નહોતું!

# ૧૫ : લોખંડનું કારખાનું

૧૭મી એપ્રિલે સવારમાં ખલાસીએ હાર્ડિંગને પહેલો પ્રશ્ન પૂછ્યો: 'આજે શું કરવાનું છે?'

અત્યાર સુધી તેમણે કુંભારનો વેશ ભજવ્યો હતો; હવે તેમને લુહાર બનવાનું હતું.

૧૫મી તારીખે તેઓ ઉત્તરમાં ઠેઠ પેલા અખાત સુધી જઈ આવ્યા હતા. ત્યાં આગળ ઝાડપાન કે ટેકરીઓ બહુ ન હતાં, પણ જ્વાળામુખી પર્વતમાંથી નીકળેલ લાવારસનાં ઢીમ ત્યાં જામી ગયાં હતાં અને તેમાં ધાતુઓવાળા પથ્થર દેખાતા હતા.

ગઈકાલે તેમનું ભવિષ્ય નક્કી થઈ ગયું હતું. એક હોડી કે બોટ બનાવવાથી તેમનું કામ સરે તેમ ન હતું. અહીં આગળ તેમને રહેવાનું જ ઠર્યું હતું – ક્યાં સુધી તે તો ઈશ્વર જાણે! શિયાળો માથે આવતો હતો, તેથી પહેલાં તેમને નવું સારું રહેઠાણ શોધી કાઢવાની જરૂર હતી. સાથે સાથે લોઢાનાં હથિયારોની ખાસ જરૂર હતી. લોઢાની ધાતુ તો મળી આવી; હવે લોઢું સાફ કરવાનું ને તેમાંથી ચોખ્ખું લોઢું બનાવવાની કળા તેમણે શીખવાની હતી. લોઢાની કાચી ધાતુ તો માટી, કોલસો તથા પથ્થર સાથે ભળેલી હોય છે. આ જુદું પાડવાનું કામ ખૂબ મુશ્કેલ હોય છે – અને એમાંયે આ લોકો પાસે કશું સાધન ન મળે! પણ હાર્ડિંગ એમ હારી જાય તેવો ન હતો. તેણે સાથીઓને કહ્યું: 'સૌથી પહેલાં આપણે સીલ પ્રાણીનો શિકાર કરવો પડશે.'

'સીલનો શિકાર? તેને ને લોઢાને શો સંબંધ છે?' ખલાસીએ આશ્ચર્યથી કહ્યું.

'એ તો કૅપ્ટનને ખબર.' સ્પિલેટે કહ્યું.

બધા સામેના નાનકડા બેટ ઉપર સીલના શિકાર માટે નીકળી પડ્યા. તે વખતે ઓટ હોવાથી તેઓ સામે પાર ખાડી ઊતરીને જઈ શક્યા.

તેમણે સામે કિનારે પગ મૂક્યો કે ટોળાબંધ કબૂતરો ખડકના દરોમાંથી ઊડ્યાં. ખલાસી તથા નૅબની પાસે લાકડીઓ હતી, પણ હાર્ડિંગે તે ઉગામવાની તેમને ના પાડી. તેનું એક કારણ એમ પણ હતું કે ત્યાં દરિયાકાંઠે હવા ખાવા માટે પડેલાં સીલ જાગી જાય તો તેમનો શિકાર પછી ન થઈ શકે.

તેઓ બેટની બીજી બાજુ ગયા. ત્યાં આગળ દસપંદર સીલ રેતીમાં પડ્યાં પડ્યાં ઊંઘતાં હતાં. સીલના શિકારમાં ખલાસી કુશળ હતો, એટલે બધા તેની સલાહ પ્રમાણે ગોઠવાઈ ગયા અને પછી એકીસાથે ખલાસીના

હુકમ પ્રમાણે તૂટી પડ્યા. એક સીલને બે જણે ઘેરી લીધું; બીજાને બીજા બે જણે ઘેરી લીધું. જોતજોતામાં બે સીલ તો ત્યાં ને ત્યાં મૃત્યુ પામ્યાં.

‘લ્યો, કૅપ્ટન સાહેબ! આ તમારાં સીલ.’

‘બસ, હવે આપણે આ સીલના ચામડાની ધમણો બનાવીશું.’

‘ધમણ? હં, હવે સમજાયું, હાર્ડિંગ સાહેબ! આ તો તમને જ સૂઝે હોં!’ ખલાસી હાર્ડિંગની બુદ્ધિ ઉપર વારી ગયો.

આવો મોટો ભાર ઊંચકીને સામે કાંઠે જવા કરતાં અહીં જ તેનાં ચામડાં ઉતારી લેવાં એ ઠીક હતું. ચમારકામમાં નૅબ અને ખલાસી લાગી ગયા, અને બે મોટાં ચામડાં લઈને તેઓ ચાલ્યા. આ ચામડાને સૂકવીને એક લાકડા સાથે વેલના દોરાથી સીવીને બાંધી લીધાં, અને તેની એક ધમણ બનાવી.

૨૦મી એપ્રિલે તેમનું લોઢાનું કારખાનું શરૂ થયું. જ્યાં આગળ કોલસો તથા કાચું લોઢું નીકળતું હતું ત્યાં જ આ ધમણ અને ભઠ્ઠી ગોઠવાયાં. ત્યાં આગળ નાનું એવું ઝૂંપડું પણ બાંધ્યું ને કામ ચાલુ થયું. બેટ ઉપર જ્યાં આગળ લોઢું તથા કોલસો નીકળતો હતો તે ભાગ બેટની વાયવ્ય દિશામાં આવેલો હતો, તેથી ત્યાંથી કોતરો તથા ઉત્તર બાજુની ટેકરીઓના છેડા સુધીના રસ્તામાં તેમને ઘણી જાતની ઉપયોગી વનસ્પતિ તથા શાક મળી આવતાં.

પ્રાણીઓમાં જંગલી ભૂંડ પુષ્કળ મળ્યાં. તેનો શિકાર કરવાનું પણ સ્પિલેટ ન ભૂલ્યો. સાંજના પાંચ વાગે તેઓ જંગલ વટાવીને પશ્ચિમ બાજુએ વળ્યા અને પેલી રાતી નદીથી ૧૦૦ વારને અંતરે નક્કી કરેલી જગ્યાએ તેમણે પડાવ નાખ્યો. થોડા જ વખતમાં ઝૂંપડી તૈયાર થઈ ગઈ; બીજી બાજુથી ખાણું પણ તૈયાર થઈ ગયું. રાત્રે તાપણું સળગાવી બધા સૂઈ ગયા.

૨૧મી એપ્રિલની સવારે ભઠ્ઠી તૈયાર થઈ. પેલી સીલના ચામડાની ધમણને એક છેડે એક દોરડા સાથે લાકડું બાંધ્યું. આ લાકડું ઊંચુંનીચું કરવાથી ધમણમાં હવા ભરાતી ને ઠલવાતી. હાર્ડિંગે લોઢાની કાચી ધાતુમાં જેમાં ઓછામાં ઓછો ભેગ હોય તે ખાસ જોયું, જેથી મહેનત ઓછી પડે.

ભઠ્ઠી ચાલુ થઈને લોઢું ગળાવા લાગ્યું. લોઢું તૈયાર થયું; તેમાંથી પાછી ગજવેલ તૈયાર કરવાનું કામ બાકી હતું. ગજવેલમાં લોઢું અને કોલસો મેળવેલાં હોય છે. હાર્ડિંગે તૈયાર થયેલા લોઢાના રસમાં કોલસાનું જોઈતા પ્રમાણમાં મિશ્રણ કરી ગજવેલ પણ તૈયાર કરી.

ગજવેલ તૈયાર થયા પછી તેનાં ઓજારો બનાવવાનું કામ મુશ્કેલ ન હતું. પહેલવહેલું તો લોઢાનો એક મોટો હથોડો તૈયાર કર્યો અને તેના વડે બીજાં નાનાં નાનાં ઉપયોગી હથિયારો તેમણે બનાવ્યાં. કુહાડી, તીકમ,

પાવડા, હથોડીઓ, ખીલા, દાતરડાં વગેરે ઘણાં ઓજારો તેમણે તૈયાર કર્યાં. પાંચમી મેએ તેમનું કારખાનાકામ પૂરું થયું, અને લુહારો પોતપોતાનાં હથિયારો ખભા ઉપર ચડાવીને ગર્વ ભર્યે ચહેરે કોતરો તરફ પાછા આવ્યા.

# ૧૬ : પાણીનો ધોધ

આ બેટ ઉપરથી છઠ્ઠી મે એટલે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધના એ જ અક્ષાંશ અને રેખાંશ પરનો નવેમ્બર માસ અને તેની છઠ્ઠી તારીખ. શિયાળાનાં ચિહ્નો દેખાવા માંડ્યા હતાં; અહીં નિરાધાર સ્થિતિમાં પડેલી આ ટોળી માટે શિયાળો જીવલેણ જ બને એની સૌને ખાતરી હતી. કોઈ એવી જગ્યા તેમણે શોધી કાઢવી જોઈએ કે જ્યાં ઠંડી બિલકુલ ન પેસી શકે. આ કોતરો ઉપર જોકે ખલાસીને ઘણી મમતા હતી, કારણ કે તે તેણે શોધી કાઢેલાં હતાં – પણ એ કોતરો ઉપર એક વખત વરસાદે અને પવને પોતાનો પરચો બતાવી દીધો હતો, એટલે શિયાળાના તોફાન માટે તે જગ્યા નકામી હતી. કોઈ બીજી જગ્યા વહેલી તકે શોધી કાઢવાની જરૂર હતી. એ જગ્યા શોધવામાં એ પણ ધ્યાનમાં રાખવાનું હતું કે એ પૂરેપૂરી સહીસલામત હોય. આ બેટ ઉપર મનુષ્યની વસ્તીનું એક પણ ચિહ્ન નજરે પડ્યું નહોતું, પણ જંગલી પ્રાણીઓનો ભય તો ઊભો જ હતો. આ ઉપરાંત હાર્ડિંગ એમ માનતો હતો કે આ બાજુ મલાઈયન ચાંચિયાઓ ઘણી વાર નીકળતા હોવા જોઈએ; તેમના તરફથી પણ ભવિષ્યમાં મુશ્કેલી ઊભી ન થાય તે માટે પણ પગલાં લેવાં જ જોઈએ. વળી જે જગ્યાએ રહેવાનું થાય ત્યાં પાણીનું સાધન પણ જોઈએ જ. આ બધી બાબતો ધ્યાનમાં રાખીને તેમણે જગ્યા શોધવાની હતી.

આને માટે પહેલાં ગ્રાંટ સરોવરની આસપાસ ક્યાંક જગ્યા મળી જાય તો સારું, એમ માનીને ફરી એક વાર તેઓ બધા તે સરોવરની આસપાસ શોધ માટે નીકળી પડ્યા. તળાવની દક્ષિણ બાજુના ખૂણા ઉપર ઊંચાણવાળી જમીન ઠેઠ દરિયાકિનારા સુધી લાગી ગયેલી હતી. આ ઉચ્ચ પ્રદેશમાં ક્યાંક રહેવાથી જગ્યા મળી જાય તો સારું એ આશાએ તેઓ તે બાજુ ચાલવા લાગ્યા. ઉપરાંત આ સરોવરમાં રાતી નદીનું આવતું પાણી બીજી બાજુથી બહાર પડતું હોવું જોઈએ એમાં હાર્ડિંગને જરાયે શંકા ન હતી. આ પાણી કઈ જગ્યાએ વહે છે તે પણ જાણવું જરૂરી હતું. હાર્ડિંગે ઘણી તપાસ કરી પણ બહાર વહી જતા પાણીના પ્રવાહનો તેને પત્તો ન લાગ્યો. તેઓ લગભગ આખો કિનારો ફરી વળ્યા. સરોવરની બે બાજુએ તો ગીચ ઝાડી આવી રહી હતી અને તેને લીધે સરોવરની શોભા ખૂબ ખીલી ઊઠતી. ઝાડીમાં શિકારનું કામ પણ સ્પિલેટ સાથે સાથે કરતો જતો હતો. તીરકામઠાંના કામમાં સ્પિલેટ બંદૂક ચલાવવા જેટલો કુશળ થઈ ગયો હતો. ટૉપ પણ કાંઈક ને કાંઈક ખોળ્યા કરતો હતો. એક વાર તો તે એક ભયંકર સાપની સામે કુસ્તી માટે તૈયાર થઈ ગયો! આવી જાતના સાપ અમેરિકામાં ભાગ્યે જ જોવા મળે છે. આ સાપને મણિધર સાપ તરીકે ન્યુ સાઉથ વેલ્સના જંગલી લોકો ઓળખે છે. જો હાર્ડિંગે ટૉપને પાછો ન વાળી લીધો હોત તો કદાચ તે પોતાનો જાન પણ ખોઈ બેસત! ફરતાં ફરતાં

વળી પાછા તેઓ સરોવરથી દક્ષિણ બાજુએ આવ્યા. અહીંથી તેઓ પાછા ઉચ્ચપ્રદેશ પર થઈને દરિયાકાંઠે ઊતરી કોતરોમાં જવા ધારતા હતા, ત્યાં હાર્ડિંગે જોયું કે જાણે સરોવરનું પાણી એક બાજુ પ્રવાહ તરીકે વહ્યું જાય છે. હાર્ડિંગે અંદર એક લાકડું નાખ્યું તો તે તણાવા લાગ્યું, અને તણાતું તણાતું કાંઠા ઉપર આવેલી ઊંચી જમીનની નીચે અદૃશ્ય થઈ ગયું! હાર્ડિંગ અહીં આગળ થંભ્યો. સરોવરનું વધારાનું પાણી આ ઊંચી ભેખડની નીચે વહેતું હોવું જોઈએ એમ તેની ખાતરી થઈ. ભેખડ અંદરથી જરૂર પોલી હોવી જોઈએ, નહિ તો આટલું બધું પાણી અંદર જાય કઈ રીતે? હાર્ડિંગે ત્યાં આગળ નીચા નમીને કાન માંડી જોયા તો તેને પાણી વહેતું સંભળાયું. પાણી ખૂબ જોરથી વહેતું હતું એમાં શંકા ન હતી, પણ આ પોલી જગ્યામાં પ્રવેશ કઈ રીતે કરવો એ મોટો સવાલ હતો. કારણ કે સરોવરના પાણીની સપાટી એ પોલી જગ્યાથી લગભગ એક ફૂટ ઊંચી હતી. જો આખા સરોવરના પાણીની સપાટી એક ફૂટ નીચે ઊતરે તો જ અંદર પ્રવેશ કરવાનું બની શકે તેવું હતું.

આ સાત માઈલના ઘેરાવાવાળા સરોવરની સપાટી એક ફૂટ નીચે ઉતારવી એ કામ તો અમેરિકાનો કોઈ મોટો ઈજનેર કરી શકે! હાર્ડિંગ ઘડીભર વિચારમાં પડી ગયો. પછી સાથીઓને તેણે કહ્યું: ‘મિત્રો! આપણે એક મહાભારત કામ કરવાનું છે. આ ભેખડો અંદરથી પોલી હોવી જોઈએ, ને એની અંદર આપણે કોઈ પણ રીતે પ્રવેશ કરવો જોઈએ. આને માટે આપણે સરોવરના પાણીને કોઈ બીજે માર્ગેથી વહેતું કરીને એની સપાટી એક ફૂટ નીચી ઉતારવી જોઈશે. જે બાજુએ સરોવર દરિયાની નજીકમાં નજીક છે, ત્યાં આગળ એક મોટો ધોધ આપણે બનાવવાનો રહેશે. આ ધોધથી સરોવરનું પાણી ઓછું થશે, એટલું જ નહિ પણ એ ધોધ આપણને ભવિષ્યમાં કામ આવશે.’

‘હા, હા, એ સાચું; પણ સરોવરની એ બાજુની પાળ તો કાળમીંઢ પથ્થરની બનેલી છે.’ ખલાસીએ કહ્યું.

‘હા; પણ એ પથ્થરની પાળને હું ઉડાડી મૂકીશ!’ કૅપ્ટને કહ્યું.

‘કઈ રીતે?’

‘એ તો હાર્ડિંગ સાહેબ જે કરે તે આપણે જોવાનું.’

બધા ત્યાંથી કોતરોમાં પાછા આવ્યા.

હાર્ડિંગની યોજના એવી હતી કે સરોવરની પૂર્વ બાજુની પાળને ખોદી નાખીને તે બાજુ મોટો ધોધ બનાવવો. આ પાળને તીકમપાવડાથી ખોદી શકાય તેવું તો નહોતું જ. તેને માટે દારૂ કે કોઈ રસાયણ તૈયાર કરવાં પડે તેમ હતું; સુરંગ ફોડે તેવું રસાયણ બનાવવાનું કામ સહેલું ન હતું; એને માટે જોઈતાં બીજાં જુદાં જુદાં રસાયણો તો આ બેટમાંથી મળી આવે તેમ

હતું, પણ એ બધાં રસાયણોની મેળવણીનું કામ જોખમ ભરેલું હતું. કોલસો, ફૂલીંટ, એલ્યુમિનિયમ અને સલ્ફરેટ ઑફ આયર્ન એટલી ધાતુઓની એમાં જરૂર હતી. આમાં સલ્ફરેટ ઑફ આયર્ન સૌથી વધારે પ્રમાણમાં જોઈએ. આ સલ્ફરેટ સલ્ફરિક રૂપમાં ફેરવી નાખવાથી પછી તેમાંથી સલ્ફરિક ઍસિડ બનાવી શકાય તેમ હતું.

હાર્ડિંગે કોતરોની પાછળ એક જગ્યા પસંદ કરી, અને ત્યાં પોતાનું કામ શરૂ કર્યું. બાર દિવસ સલ્ફરિક ઍસિડ બનાવતાં થયા. દરમિયાનમાં નૅબ તથા ખલાસીએ હાર્ડિંગની સૂચના પ્રમાણે મરેલાં પ્રાણીઓની ચરબીમાંથી ગ્લિસરીન તૈયાર કર્યું. ઉપરાંત ચૂનો તથા સોડાની પણ જરૂર હતી, તે પણ ત્યાં પુષ્કળ પ્રમાણમાં હતાં. સોલ્ટ ઑફ નાઈટર પણ જરૂરનું હતું. હર્બર્ટે ફ્રાંકલીન પર્વતની તળેટીમાંથી તે શોધી કાઢ્યું. આ પ્રમાણે બધી સામગ્રી ભેગી કરતાં બીજું અઠવાડિયું નીકળી ગયું.

આ પછી હાર્ડિંગે એકલાએ કામ માથે લીધું. તે એક એકાંત સ્થળમાં જઈને પોતાનો પ્રયોગ કરવા લાગ્યો. સલ્ફરિક ઍસિડમાંથી નાઈટ્રોગ્લિસરીન બનાવવાનું કામ સૌથી વધારે જોખમકારક હતું. વળી હાર્ડિંગ પાસે માટીનાં વાસણો સિવાય કાંઈ સાધન ન હતું. આથી તેણે બોહીમિયા દેશમાં થતા પ્રયોગો પ્રમાણે નાઈટ્રોગ્લિસરીન બનાવવા માંડ્યું.

૨૦મી મેને દિવસે આખરે તેનો પ્રયોગ પૂરો થયો અને માટીના એક નાના એવા કુંજામાં કાંઈક પ્રવાહી પદાર્થ ભરીને તેણે તેના મિત્રોને બતાવ્યો અને કહ્યું: ‘જુઓ, આ પ્રવાહો પદાર્થ એ સરોવરની પાળ તો શું, પણ આખા બેટને ઉડાડી દેવા માટે સમર્થ છે!’

બધા આશ્ચર્યથી જોઈ રહ્યા. બીજે દિવસે બધા તીકમ-પાવડા વગરે લઈને સરોવરને કાંઠે ગયા. એક નક્કી કરેલી જગ્યાએ ઊંડો ખાડો ખોદ્યો; અંદર નાઈટ્રોગ્લિસરીન ભર્યું અને તેના ઉપર ત્રણ પાયાવાળી એક લાકડાની ઘોડી મૂકી, તથા ખડના લાંબા દોરડા સાથે બાંધેલો વજનદાર લોઢાનો ગઠ્ઠો બરાબર ખાડા ઉપર આવે તેમ લટકતો ગોઠવ્યો. દોરડાનો બીજો છેડો ઠેઠ ૫૦ વાર છેટે રાખ્યો. બધી તૈયારી થઈ ગયા પછી હાર્ડિંગે ખલાસીને પેલો છેડો સળગાવવાની સૂચના આપી. ખલાસીએ જેવી જામગરી મૂકી કે તરત જ હાર્ડિંગની સૂચના પ્રમાણે બધા ત્યાંથી દોડ્યા. આખું દોરડું સળગતાં પચીશ મિનિટ થાય તેમ હતું. પચીશ મિનિટ સુધી તેઓએ દોડ્યા કર્યું. પચીશ મિનિટ બાદ મોટો ધડાકો થયો. આખો બેટ ધણધણી ઊઠ્યો, જંગલમાં પશુપક્ષીઓ બૂમાબૂમ પાડવા લાગ્યાં અને આ પાંચે જણા શું થવાનું છે તે જાણતા હતા છતાંય એ ધડાકાથી કંપી ઊઠ્યા – જાણે ધરતીકંપ થયો એમ લાગ્યું. થોડી વાર પછી ધડાકો થયો હતો તે જગ્યાએ તેઓ પાછા આવ્યા અને એકીસાથે આનંદની બૂમ પાડી ઊઠ્યા! પાણીનો એક મોટો ધોધ ખળખળ કરતો ૩૦૦ ફૂટ નીચે પડીને દરિયામાં મળી જતો હતો!

# ૧૭ : ગ્રેનાઇટ ગુફા

હાર્ડિંગની યુક્તિ આબાદ સફળ નીવડી, પણ તેને તે વાતનો ગર્વ ન હતો. નૅબ, ખલાસી અને હર્બર્ટ તો આવીને કૂદવા જ લાગ્યા હતા. થોડી વારમાં જ પાણીની સપાટી બે ફૂટ નીચે ઊતરી ગઈ. દરમિયાન ખલાસી ચીમનીમાં જઈને બીજાં થોડાં લોઢાનાં ઓજારો લઈ આવ્યો. રસ્તામાં ખલાસીએ કહ્યું: 'આવો ભયંકર પદાર્થ પણ કૅપ્ટન બનાવી શકે છે, તો તો આખી દુનિયા ઉડાવી દેવી એ પણ એને મન રમતવાત છે!'

પાછા બધા પેલા સરોવરના કિનારાના ઉચ્ચ પ્રદેશ પાસે આવી પહોંચ્યા. હાર્ડિંગની ગણતરી પ્રમાણે તેમાં એક મોટું કાણું હવે સ્પષ્ટ દેખાયું. તે લગભગ ૨૦ ફૂટ પહોળું હતું, પણ ઊંચું તો બે જ ફૂટ હતું. ખલાસી, નૅબ વગેરે કોશ, કોદાળી ને તીકમ લઈને મંડી પડ્યા ને પેલું કાણું વધારે ઊંચું કર્યું; હાર્ડિંગ ધ્યાનથી તે કાણું જોઈ રહ્યો હતો.

ખલાસીએ કહ્યું: 'ચાલો ત્યારે હવે કોની વાટ છે? અંદર ઘૂસીએ. જુઓ, ટૉપ તો આપણી પહેલાં પહોંચી ગયો છે!'

'ઊભો રહે નૅબ! પહેલાં તું થોડાંક ડાળખાં કાપી લાવ. આપણે મશાલો સળગાવ્યા વગર અંદર ન જવું.'

મશાલો તૈયાર કરીને બધા અંદર ઘૂસ્યા. ધાર્યું હતું તેના કરતાં પણ કાણું ધીમેથી ઊંચું થવા લાગ્યું. પહેલાં વાંકા વળીને ચાલતા હતા તેને બદલે આગળ ઊભાં ઊભાં ચાલી શકાય એવું આવ્યું. ઘણા વખતના પાણીના વહેવાને લઈને નીચેના પથ્થરો ખૂબ લીસા થઈ ગયા હતા, આથી પગ બહુ જ જાળવી જાળવીને મૂકવા પડતા હતા. અંદરનો પથ્થર કાળા ગ્રેનાઈટનો હતો. આ માર્ગ ખૂબ જૂના વખતનો હશે, અને સરોવરની અંદરથી વહેતા પ્રવાહને લીધે ધીમે ધીમે પહોળો થતો ગયો હશે એમ સ્પષ્ટ દેખાતું હતું. આખો માર્ગ ધીમે ધીમે નીચે ઊતરતો જતો હતો. લગભગ ૧૦૦ ફૂટ ઊતર્યા પછી હાર્ડિંગ ઊભો રહ્યો ને આસપાસ નજર ફેરવી. જગ્યા ખૂબ ભેજવાળી ને લીલવાળી તો હતી જ.

'કેમ કૅપ્ટન સાહેબ! અહીં આગળ રહેવાનું રાખીશું?'

'પણ આ જગ્યા નાની પડશે.'

'તો આપણે તેને ખોદીને, કોતરીને મોટી બનાવીશું. અંદર બારીબારણાં પણ મૂકીશું.'

'પણ હજુ આપણે આગળ જઈએ. જોઈએ તો ખરા કે આગળ જગ્યા છે કે નહિ?' હાર્ડિંગે કહ્યું.

વળી બધા આગળ વધ્યા. માર્ગ સીધો દરિયાકિનારા તરફ જ જતો હોય એમ હાર્ડિંગને લાગ્યું. લગભગ પચાસ ફૂટ આગળ ગયા હશે, ત્યાં તેમને કાને ટૉપના ભસવાનો અવાજ આવ્યો.

‘ટૉપ ભસે છે.’

‘હા, ખૂબ જોરથી ભસે છે.’

‘બધા તૈયાર રહો.’ હાર્ડિંગે હુકમ આપ્યો અને બધા આગળ વધ્યા. થોડેક દૂર ગયા ત્યાં ટૉપ દૂર ખૂણામાં ભસતો નજરે પડ્યો. તેમણે આસપાસ નિહાળીને જોયું, તો તે માર્ગ મટીને એક મોટી ‘અરેબિયન નાઈટ્સ’ની વાર્તાઓમાં આવતી ગુફા જેવી ગુફા બની ગઈ હતી! માર્ગ સામે બંધ થઈ જતો હતો. ટૉપ ઘડીક આગળ ને ઘડીક પાછળ દોડતો દોડતો ભસ્યા કરતો હતો. ખલાસી તથા નૅબ મશાલો લઈને ખાલી ગુફા ફરી વળ્યા. હાર્ડિંગ, હર્બર્ટ તથા સ્પિલેટ કોઈ પણ અકસ્માત હુમલો થાય તો તે માટે તૈયાર થઈને ઊભા હતા.

આખી ગુફા ખાલી હતી. ત્યારે ટૉપ શાથી ભસતો હશે? હાર્ડિંગે તેને શાંત કરવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ ગયો.

‘અહીં કોઈ જગ્યા એવી હોવી જોઈએ કે જ્યાંથી આ સરોવરનું પાણી દરિયાને મળતું હોય.’

‘હા; એ વાત બરાબર છે. ચાલો, આપણે જગ્યા શોધી કાઢીએ.’

‘ટૉપ, ચલાવ!’ હાર્ડિંગે હુકમ કર્યો. કૂતરો દોડતો દોડતો ગુફાને છેડે જઈને ઊભો રહ્યો. બધા તેની પાછળ પાછળ ગયા. જઈને જોયું તો આગળ મોટો કૂવો દેખાયો. કૂવાને કાંઠે બધા ટોળું વળીને ઊભા રહ્યા. મશાલોનો પ્રકાશ કૂવાના તળિયા સુધી પહોંચી નહોતો શકતો. ટૉપ તો કૂવા આગળ આવીને વધારે વધારે જોરથી ભસવા લાગ્યો.

હાર્ડિંગ પણ વિચારમાં પડી ગયો. થોડી વારે તેણે એક સળગતો લાકડાનો કકડો કૂવામાં નાખ્યો. સળગતું લાકડું કૂવામાં અંદર પ્રકાશ પાડતું પાડતું તળિયે પહોંચ્યું. તળિયે પહોંચવાના વખત ઉપરથી હાર્ડિંગે ગણતરી કરી કે કૂવો ૯૦ ફૂટ ઊંડો છે. કદાચ આ કૂવો દરિયાની સપાટી સાથે મળેલો હોવો જોઈએ એમ હાર્ડિંગે અનુમાન કર્યું.

‘બસ, આપણે આ જ ગુફામાં રહેશું.’ હાર્ડિંગે કહ્યું.

‘હા, ભલે; પણ આ ગુફામાં તો કોઈક રહેતું લાગે છે.’ સ્પિલેટે કહ્યું.

‘કાંઈ વાંધો નહિ. કોઈ રહેતું હશે પણ આપણા આવ્યા પછી તેણે જગ્યા ખાલી કરી આપી છે.’ હાર્ડિંગે કહ્યું.

'મને તો એમ થાય છે કે પા કલાક માટે હું ટૉપ બની જાઉં, અને મેં જે જોયું હોય તે બધુંય તમને કહી દઉં!' ખલાસીએ કહ્યું.

હાર્ડિંગ બોલ્યો: 'સાચી વાત, આપણે જાણીએ છીએ તે કરતાં ટૉપ ઘણુંય વધારે જાણે છે.'

ગમે તેમ હોય પણ રહેવા માટે આવી જગ્યા બીજે મળવી મુશ્કેલ હતી. બેશક આમાં બે મુશ્કેલી હતી; એક તો આ ગુફા એવડી મોટી હતી કે તેમાં પ્રકાશ કરવા માટે ઘણી મશાલો જોઈએ – સિવાય કે મોટાં બાકોરાં પાડીને બહારથી પ્રકાશ અંદર લાવી શકાય. બીજી મુશ્કેલી આવવા-જવાના માર્ગની હતી. હાર્ડિંગનું અનુમાન એવું હતું કે ગુફાની પૂર્વ તરફની ભીંત બહુ જાડી નહિ હોય, કારણ કે સરોવરથી તેઓ લગભગ ૩૦૦ ફૂટ સુધી અંદર આવી ગયા હતા. જો એ બાજુ તરફ જ ભીંતમાં કાણું પાડી શકે તો તો પ્રકાશને માટેની મુશ્કેલી સાવ મટી જાય. અને જો એ પ્રમાણે ત્યાં બારી મુકાય તો પછી બારણું પણ ત્યાં જ બનાવી નિસરણીથી ચડવા-ઊતરવાનું ગોઠવી શકાય.

હાર્ડિંગે આ યોજના તેના સાથીઓને સમજાવી. ખલાસીએ તો તીકમ ઉગામીને કહ્યું, 'બોલો કૅપ્ટન સાહેબ! ક્યાં આગળ કાણું પાડું?'

હાર્ડિંગે જગ્યા બતાવી. નૅબ તથા ખલાસી બંને તૂટી પડ્યા. બે કલાકની મહેનતને અંતે તેઓ થાક્યા. મહેનત નકામી ગઈ હોય એમ બધાને લાગ્યું. ત્યાં તો નૅબના એક ઘાએ એક મોટો પથ્થર ખસી ગયો અને એના હાથમાંથી કોશ છટકીને બહાર ઊડી પડી!

'શાબાશ!' ખલાસી બૂમ પાડી ઊઠ્યો. દીવાલ ત્યાં આગળ ત્રણ જ ફૂટ જાડી હતી. પડેલા કાણામાંથી હાર્ડિંગે જોયું તો સમુદ્રનો કિનારો લગભગ ૮૦ ફૂટ નીચે હતો. સામે દરિયો, પેલો નાનકડો બેટ અને ખાડી સ્પષ્ટ દેખાયાં.

થોડી વારમાં તો એક પછી એક પથ્થર ખસવા લાગ્યા ને આખી ગુફામાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો! ગુફા હવે બરાબર સ્પષ્ટ જોઈ શકાતી હતી. બીજી બાજુએ ગુફા ૨૦ ફૂટ માંડ ઊંચી હશે, પણ જમણી બાજુ ગુફા લગભગ ૮૦ ફૂટ ઊંચી હતી. કોઈ પરીઓના પ્રદેશમાં તેઓ જાદુથી આવી પડ્યા હોય એમ ઘડીભર તો તેમને લાગ્યું. ક્યાંક ક્યાંક કુદરતે ઊભા કરેલા ગ્રેનાઈટના થાંભલા આવી રહ્યા હતા; ક્યાંક ક્યાંક કમાનો બની ગઈ હતી.

આ બધું જોતાં પાંચેય જણના આનંદનો પાર ન રહ્યો. જ્યાં તેમણે નાની એવી બખોલની આશા રાખી હતી ત્યાં આવી મહેલ જેવી જગ્યા મળી ગઈ હતી!

'બસ, અહીં જ રહેવું એ વાત ચોક્કસ!'

'કબૂલ છે. આ ગુફાનું નામ આપણે "ગેનાઈટ મહેલ" રાખીએ.' હર્બર્ટે કહ્યું.

બધાએ એક અવાજે એ નામ સ્વીકારી લીધું.

હવે એ ગુફાને વધારે વ્યવસ્થિત કરવાનું કામ બીજા દિવસ ઉપર રાખવાનું નક્કી કર્યું. હાર્ડિંગે પાછા ફરતાં પહેલાં વળી પેલા કૂવામાં ડોકિયું કર્યું. તેણે ધ્યાનથી કાન માંડ્યા, પણ કાંઈ સંભળાયું નહિ. ફરી તેણે એક સળગતી ડાળખી અંદર નાખી, પણ કશું દેખાયું નહિ. કદાચ કોઈ મોટું દરિયાઈ પ્રાણી પહેલાં અહીં રહેતું હશે અને પોતાને જોઈને કૂવામાં થઈને સમુદ્રમાં પેસી ગયું હશે એમ તેમણે અનુમાન કર્યું.

હવે જલદી પાછા ફરવું જોઈએ એમ જણાયું; કારણ કે મશાલો ઓલવાઈ જવાની તૈયારીમાં હતી.

હાર્ડિંગના હુકમ પ્રમાણે બધા જે રસ્તે આવ્યા હતા તે રસ્તે પાછા ફર્યા. મશાલો લગભગ ઓલવાઈ ગઈ હતી, પણ તેઓ વખતસર પેલા સરોવરને કાંઠે આવી પહોંચ્યા.

# ૧૮ : ગ્રેનાઇટ મહેલના બાદશાહો

બીજે દિવસે એટલે કે ૨૨મી મેએ ફરી પાછા તેઓ પેલા ગ્રેનાઈટ મહેલમાં ગયા. હવે ત્યાં આગળ બરાબર બધું ગોઠવવાનું હતું. હાર્ડિંગની યોજના એવી હતી કે જ્યાં આગળ પેલું કાણું પડ્યું હતું ત્યાં પાંચ બારીઓ મૂકવી અને એક બારણું મૂકવું. બારીઓની વાત તો બરાબર હતી, પણ બારણું શા માટે મૂકવું તે ખલાસીને સમજાયું નહિ, કારણ કે જવા-આવવા માટેનો રસ્તો તો સરોવર બાજુ હતો જ. પણ હાર્ડિંગે કહ્યું: 'જુઓ ભાઈ! જે રસ્તેથી આપણે આવ-જા કરીએ છીએ તે રસ્તેથી પાછા બીજા કોઈને આવવું-જવું સહેલું પડે ને? માટે હું તો એ માર્ગ બંધ કરી દેવા માગું છું; અને આ બાજુ બારણું પાડીને ત્યાં એક નિસરણી મૂકીને તેનાથી આવ-જા કરવી એવી મારી યોજના છે. દરિયાકિનારેથી આ મહેલની દીવાલ તદ્દન સીધી છે, એટલે કોઈ એમ ને એમ ત્યાંથી આવી શકે તેમ નથી. આપણે નિસરણીથી ચડઊતર કરશું; અને ઉપર આવ્યા પછી નિસરણી ઉપર ખેંચી લઈશું એટલે કોઈ આપણું નામ ન લઈ શકે!'

ખલાસી સમજી ગયો. આટલી બધી અગમચેતી રાખવાની જરૂર છે એમ ખલાસી માનતો નહોતો, પણ હાર્ડિંગ આગળ પોતાની અક્કલ સાવ થોડી છે એવી તેને અનેક વાર ખાતરી થઈ ગઈ હોવાથી તે કાંઈ બોલ્યો નહિ.

બારીબારણાંનું કામ શરૂ થઈ ગયું; સાથે તેને માટે લાકડાંની જાળીઓ પણ તૈયાર કરવા માંડી. બારીબારણાંનાં કાણાં ખોદીને પાડતાં પાર આવે તેમ નહોતું. હાર્ડિંગ પાસે હજુ નાઈટ્રોગ્લિસરીન પડ્યું હતું; તેનો ઉપયોગ કરીને બારીબારણાં ખોદી કાઢ્યાં ને તીકમ વગેરે સાધનોથી તેને બરાબર આકારમાં આણ્યાં. આ બારીબારણાં પૂર્વ દિશામાં પડતાં હોવાથી સવારમાં સૂર્યનાં તેજસ્વી કિરણો આખી ગુફા અજવાળી નાખતાં હતાં. સૂર્યના પ્રકાશને લઈને ગુફાનો ભેજ પણ સાવ નીકળી ગયો. જમણી બાજુ ગોઠવેલા બારણા સાથે એક મોટી નિસરણીની જરૂર હતી. આ કામ પણ ખૂબ મુશ્કેલ હતું, રોજ વેલોનાં દોરડાં પણ તેમને વણવાં પડતાં; લાકડાના કટકાઓ કાપીને તૈયાર કરવાના હતા. આ રીતે ખૂબ ધીરજથી તેમણે નિસરણી તૈયાર કરી. સાથે સાથે ઓરડાઓના વિભાગ પાડવાનું કામ પણ તેમણે માથે લીધું. એક બાજુ રસોડું, એક બાજુ કોઠાર, વચ્ચે મોટું દીવાનખાનું, સૂવાનો ઓરડો, આ રીતે જુદા જુદા વિભાગો પાડી નાખ્યા. જગ્યાની જરાયે તાણ નહોતી, એટલે ઓરડાઓ ખૂબ મોટા રાખ્યા હતા. ઓરડાઓ બનાવવા માટે ઈંટોની પણ જરૂર હતી, એટલે વળી ઈંટો પાડવાનું કામ પણ તેમણે શરૂ કરી દીધું. આ બધું તૈયાર થઈ જાય ત્યાં સુધી રોજ પેલા સરોવરવાળા માર્ગથી તેમને આવ-જા કરવી પડતી અને ત્યાંથી સરોવરનો ઉચ્ચ પ્રદેશ વટાવી તેમને નીચે આવવું પડતું. એમાં તેમનો

વખત ખૂબ જતો. નિસરણી તૈયાર થયા પછી તેને બારણા સાથે જોડી દેવાનું કામ જ બાકી હતું. આની સાથે સાથે બીજાં પણ થોડાંક દોરડાં તેમણે બનાવ્યાં. એના વડે નીચેથી ઉપર સામાન ચડાવવાનું કામ સહેલાઈથી થઈ શકે તેમ હતું.

આ કામમાં જો હાર્ડિંગની બધામાં ઉત્સાહ પૂરવાની યુક્તિ અને ખલાસીની ગમ્મત ન હોત તો તે આટલી ઝડપથી ન થઈ શકત. ખલાસી તો જાતજાતના મનોરથો ઘડી રહ્યો હતો. તેની કલ્પનામાં તો આ બેટ ઉપર રેલવે, તાર અને મોટાં કારખાનાં તરતાં હતાં. સ્પિલેટ, નૅબ તથા હર્બર્ટ પણ આ કામમાં બરાબર લાગી ગયા હતા, અને ખલાસીના જેટલા જ કુશળ થઈ ગયા હતા.

૨૮મી મેએ આખરે નિસરણી તૈયાર થઈને ગોઠવાઈ ગઈ. લગભગ ૧૦૦ બાયાંની આ લાંબી નિસરણી બે ભાગમાં વહેંચી નાંખી હતી. ૮૦ ફૂટ લાંબા ચઢાવમાં વચ્ચે એક ખાંચ પાડીને ત્યાં નિસરણીને બાંધી દીધી હતી; નહિ તો આટલી લાંબી નિસરણી ખૂબ ઝોલા ખાય ને ચડવું મુશ્કેલ થઈ પડે. વળી તે સીધી કરાડમાં પણ વચ્ચે ખાંચા પાડ્યા હતા, જેથી નિસરણી સાથે સાથે તેઓ એમાં પણ પગ ભરાવી શકે. આમ કરવામાં નિસરણીને ઘસારો પણ ઓછો લાગતો હતો.

નિસરણી પરથી ચડઊતર શરૂ થયા પછી તેઓ બહુ જ થોડા વખતમાં નીચે આવી શકતા હતા, બધાને ચડઊતરની ટેવ પણ પડી ગઈ; ફક્ત બિચારા ટૉપને મુશ્કેલી હતી, પણ ખલાસી ટૉપનો શિક્ષક બની ગયો. થોડા વખતમાં તેને ઉપર ચડતાં ને ઊતરતાં તેણે શીખવી દીધું. શરૂઆતમાં તો ખલાસી ટૉપને ખભે બેસાડીને ચડતો તથા ઊતરતો.

આ કામની સાથે જંગલમાંથી ખોરાકની વ્યવસ્થા કરવાનું કામ કાંઈ મૂકી દેવાય તેમ નહોતું. હર્બર્ટ અને સ્પિલેટ અવારનવાર જંગલમાં જઈને શિકાર કરી આવતા હતા. હજુ દૂરના પશ્ચિમના જંગલમાં તો તેઓ ગયા જ નહોતા, તે જંગલમાં ફરવા જવાનું તેમણે આવતા વરસ માટે રાખ્યું હતું. હમણાં તો મર્સીની આસપાસનું જંગલ પસંદ કર્યું હતું. હર્બર્ટ શિકાર સાથે સાથે જાતજાતની વનસ્પતિઓનો અભ્યાસ પણ કરતો હતો અને ઉપયોગી વનસ્પતિ ભેગી કરીને ગ્રેનાઈટ મહેલમાં લાવતો હતો. એક નાના તળાવને કાંઠે લીલોતરીવાળી જગ્યામાં તેમણે ટોળાબંધ સસલાં પહેલી જ વાર જોયાં. આ સસલાંઓ ઉપર ટૉપ તો તૂટી પડ્યો, ને બેત્રણ સસલાં તેના પંજામાં આવી ગયાં!

૩૧મી મેએ ઓરડાના વિભાગો તૈયાર થઈ ગયા. રસોડા માટે એક ધુમાડિયું પણ તેમણે ગોઠવી દીધું. હવે એ ઓરડાઓને બરાબર વ્યવસ્થિત કરવાનું તથા તે માટેનો જરૂરી સામાન તૈયાર કરવાનું કામ શિયાળાની ઋતુ માટે મુલતવી રાખીને પેલો સરોવરનો માર્ગ પૂરી દેવાનું કામ તેમણે પહેલાં

હાથ ધર્યું. તે ભાગ પથ્થરોથી પૂરી દેવાની જરૂર ન હતી. ત્યાં આગળ થોડાક જંગલી છોડો તેમણે વાવી દીધા; જેથી થોડા વખતમાં ત્યાં ગીચ ખડ ઊગી જાય, અને તે માર્ગ ઉપર કોઈની નજર પડે પણ નહિ. સાથે સાથે સરોવરમાંથી એક નાની પાણીની આવ આવે એવડો એક ખાડો ત્યાં કર્યો. આમ કરવાથી સરોવરમાંથી તેમને ગ્રેનાઈટ મહેલમાં બેઠાં બેઠાં પાણી નિયમિત મળ્યા જ કરતું હતું. હવે તેમની આ ગુફા તે સંપૂર્ણ મહેલ જ બની ગયો હતો. તેમાં ટેબલ, ખુરશી, વગેરે ઠાઠ સજવાનું કામ તેમણે શિયાળા માટે રાખ્યું હતું. સ્પિલેટે પેલી બારીઓની પાસે નાનાં નાનાં કૂંડાઓમાં છોડો ઉગારી દીધા હતા. આથી બારીઓની શોભામાં વધારો થતો હતો. બારીએ ઊભા રહી નજર નાખતાં ઉત્તર તરફની ભૂશિરો તથા દક્ષિણની ભૂશિર, પેલો નાનકડો બેટ અને તેની પાછળ ઘૂઘવતો પૅસિફિક સાગર જોઈને તેમના આનંદનો પાર ન રહ્યો.

# ૧૯ : ઘઉંનો એક જ દાણો

જૂન માસમાં બેટ ઉપર શિયાળો શરૂ થઈ ગયો અને કરા પડવા માંડ્યા. ગ્રેનાઈટ મહેલના વાસીઓને હવે ગ્રેનાઈટ મહેલની ખરી કિંમત સમજાઈ. આસપાસની ગમે તેવી ઠંડી અંદર કશી પણ અસર કરી શકતી ન હતી.

આખા જૂન મહિના દરમિયાન તેમણે ઘણાં કામ હાથમાં લીધાં. ખલાસીએ પક્ષીઓ વગેરે પકડવા માટે એક જાળ તૈયાર કરી. નૅબે જાતજાતનાં અથાણાં ને સંભાર કરીને માટીની બરણીઓમાં ભરી રાખ્યાં. પણ કપડાંનો સવાલ સૌથી મોટો હતો અને એને માટે હાર્ડિંગની પાસે પણ ઉપાય નહોતો. જોકે તેમણે પહેરેલાં કપડાં ખૂબ મજબૂત હતાં, પણ હવે તેમની પાસેથી ગજા ઉપરાંત કામ લેવામાં આવતું હતું અને શિયાળામાં બહાર નીકળવું પડતું ત્યારે આ કપડાંથી ઠંડી રોકાય એમ ન હતું. ગ્રેનાઇટ મહેલમાં તો તાપણાં સળગાવીને પડ્યા રહેવું એ જ એક ઉપાય હતો.

સ્પિલેટે કહ્યું: 'કૅપ્ટન સાહેબ! તમે માપેલા અક્ષાંશ અને રેખાંશ ઉપરથી તો એમ કહી શકાય કે આ બેટમાં સ્પેનના જેટલી ઠંડી પડતી હશે; અને સ્પેનમાં કાંઈ એવી ભારે ઠંડી નથી પડતી!'

'એ વાત સાચી છે.' હાર્ડિંગે કહ્યું: 'સ્પેનમાં પણ કોઈક કોઈક શિયાળો બહુ આકરો પડી જાય તેવો હોય છે. અને અહીં આપણને તેવો એકાદ વખત અનુભવ થાય તો નવાઈ નહિ. પણ અહીં એક સુખ છે. લિંકન બેટ દરિયાની તદ્દન મધ્યમાં આવેલો છે, એટલે તેમાં ઠંડી ઓછી પડશે.'

'એનું શું કારણ?' હર્બર્ટે પૂછ્યું.

'કારણ કે દરિયામાં એવો ગુણ છે કે ઉનાળામાં પડેલી બધી ગરમી તે પોતાની અંદર સાચવી રાખે છે; અને જ્યારે ખૂબ ઠંડી પડે છે ત્યારે ધીમે ધીમે બહાર કાઢે છે. આથી સમુદ્રની તદ્દન નજીકના ભાગમાં ઉનાળામાં ઓછી ગરમી અને શિયાળામાં ઓછી ઠંડી પડે છે.'

'કપડાંની વાત તો જવા દ્યો; પણ હવે શિયાળાના દિવસો ટૂંકા થશે અને અંધારું વહેલું થશે, માટે દીવાસળીની કંઈક વ્યવસ્થા કરવી પડશે.' ખલાસીએ કહ્યું.

'એમાં કાંઈ મુશ્કેલી નથી!'

'તો પછી એમાં વાર શા માટે લગાડવી?'

'તો આવતી કાલે જઈને સીલનો શિકાર ફરી વાર કરી આવો.'

'ઓહો! સીલ તો બહુ કામમાં આવતું લાગે છે!'

હાર્ડિંગ પાસે સલ્ફરિક ઍસિડ અને ચૂનો તો હતાં જ; ફક્ત ચરબીની જરૂર હતી. એ ચરબી સીલના શિકારમાંથી મેળવવાનો તેનો ઇરાદો હતો.

આજે ૪થી જૂન હતી. તે દિવસે તેમનો (ખ્રિસ્તીઓનો) ‘વ્હીટસન્ડે’નો તહેવાર હતો, એટલે તે દિવસે બીજું બધું કામ બંધ રાખીને આરામ લેવાનું તથા મિજબાની ઉડાડવાનું તેમણે નક્કી કર્યું. સવારે બધાએ ભેગા થઈને પ્રભુની પ્રાર્થના કરી. ઈશ્વર પાસે કાંઈ માગ્યું નહિ; ફક્ત ઈશ્વરનો આભાર માન્યો. તેઓ પોતે દુ:ખી છે એમ માનતા જ હતા; તેઓ પોતાની જાતને તો આ નવા બેટને શોધી કાઢનારા સાહસિકો – અમેરિકાના નાગરિકો છે એમ જ માનતા હતા.

પમી જૂને તેઓ નાના બેટ ઉપર જઈને સીલનો શિકાર કરી આવ્યા. તેમાંથી લગભગ ૩૦૦ રતલ ચરબી તેમને મળી. તેના ચામડામાંથી જોડા બનાવવાની યોજના હતી.

હાર્ડિંગે સલ્ફરિક ઍસિડ અને ચરબીને સાથે ઉકાળીને તેમાંથી ગ્લિસરીન છૂટું પાડ્યું, અને પાછું તેને પાણી સાથે ઉકાળીને તેમાંથી ઓલેઈન, મારગેરીન અને સ્ટીરીન નામનાં તત્ત્વો જુદાં પાડ્યાં. આ ત્રણ તત્ત્વોમાંથી પહેલું તત્ત્વ એલોઈન નીચોવી નાખી બાકીનાં જે બે તત્ત્વો રહ્યાં તેમાંથી મીણબત્તીઓની લાકડીઓ બનાવવા માંડી. એક દિવસમાં આ કામ પતી ગયું. તેની અંદર મૂકવા માટે દોરા તો નહોતા, એટલે તેમણે તેમાં ઘાસનાં તરણાં નાખ્યાં. આ જાતનું ઘાસ શોધતાં ખરેખર તેમને તકલીફ પડી – અને ઘણાંય ઘાસ બદલ્યા પછી તેઓ એમાં સફળ થયા. મીણબત્તીઓ ફક્ત ધોળી અને લીસી નહોતી થઈ એટલું જ; બાકી બળવામાં ખૂબ જ સરસ હતી.

આ ઉપરાંત જે બંધા ફર્નિચરો ઘાટ વગરનાં હતાં તેને બરાબર છોલીને ઠીક કર્યાં. એક કાતરની ખાસ જરૂર હતી. તેમની હજામત તો ખૂબ જ વધી ગઈ હતી. હર્બર્ટને આ બાબતની તકલીફ નહોતી; પણ હાર્ડિંગ, સ્પિલેટ અને ખલાસીને તો મોઢે જંગલ જામી ગયું હતું; નૅબને પણ બોકડા જેવી દાઢી ઊગી ગઈ હતી. આ કાતર જેવું પણ નાનું હથિયાર બનાવતાં તેમનો દમ નીકળી ગયો.

રસોડામાં પણ અભરાઈઓ વગેરે નાખી દીધું, પણ સૌથી મોટું કામ તેમને માથે બીજું જ ઊભું હતું. ગ્રેનાઈટ મહેલમાંથી બેટની ઉત્તર દિશાનો માર્ગ પેલા સરોવરમાંથી પડતા ધોધને લીધે બંધ થઈ ગયો હતો; ઉત્તર તરફ સરોવરને કાંઠે પણ જઈ શકાય એમ નહોતું, અને નીચે દરિયાકિનારે પણ પેલા ધોધને લીધે મોટી નદી થઈ ગઈ હતી, એટલે ત્યાંથી પણ ઉત્તર તરફ જવાય તેમ નહોતું. આને માટે બે પુલ – એક સરોવરના ઉચ્ચ પ્રદેશ ઉપર અને બીજો નીચેના મેદાનમાં કરવાની જરૂર હતી. આમાં બહુ કારીગરી

કરવાની ન હતી; ઝાડનાં ૨૦-૨૫ ફીટ લાંબા બે મોટાં અને પહોળાં થડ કાપીને મૂકવાનાં હતાં. આવાં બે થડ નૅબ તથા ખલાસી કાપી આવ્યા અને ધોધ આડાં ગોઠવી દીધાં.

જોતજોતામાં તેમણે ઘણું વસાવી લીધું. હજી વધારે ભંડાર મર્સી નદીના દક્ષિણના છેડાના ભાગ સુધીના જંગલમાંથી મળી આવે તેમ હતું; પણ એ ભાગ હમણાં તેમને તપાસવો ન હતો. તેમને શાકપાંદડું જોઈએ તેટલા પ્રમાણમાં મળી આવ્યું હતું. 'મેપલ' નામના ઝાડના પ્રકારમાંથી તેમણે સાકર જેવો પદાર્થ પણ શોધી કાઢ્યો હતો; ચા પણ તેમણે તુલસીના છોડમાંથી તથા બીજા ઘાસમાંથી બનાવી હતી. તેમને એક વસ્તુ ખૂટતી હતી અને તે રોટી. જોકે બાજુના જંગલમાં 'સેગો' નામનું એક ઝાડ થતું હોવું જોઈએ એમ હર્બર્ટની માન્યતા હતી, અને એ ઝાડમાંથી રોટી બનાવવા યોગ્ય ભૂકી નીકળતી હતી એમ તે જાણતો હતો; પણ હજી સુધી એવું ઝાડ નજરે પડ્યું નહોતું.

એક દિવસે એમ થયું કે બહાર વરસાદ ખૂબ જોરથી પડતો હતો. બધા ગ્રેનાઈટ મહેલના વચલા ઓરડામાં એકઠા થયા હતા. એકાએક હર્બર્ટ બૂમ પાડી ઊઠ્યો: 'જુઓ કૅપ્ટન સાહેબ! આ જુઓ, ઘઉંનો દાણો!'

ખરેખર તેના હાથમાં એક ઘઉંનો દાણો હતો! ખીસામાં હાથ ફેરવતાં ફેરવતાં ઓચિંતો આ દાણો તેને મળી આવ્યો હતો. હર્બર્ટ જ્યારે રીચમંડમાં હતો ત્યારે તે પોતાને ઘેર કબૂતરોને દાણા નાખતો. તે વખતનો આ દાણો તેના ખીસામાં ભરાઈ રહ્યો હતો.

હાર્ડિંગે તે દાણો પોતાના હાથમાં લીધો અને તેને બરાબર તપાસ્યો: હજુ તે દાણો સડી નહોતો ગયો.

'આ એક દાણાનું શું કરવું?' ખલાસીએ પૂછ્યું.

'આપણે તેની રોટી બનાવશું.'

'આની રોટીથી તો બિચારી એક કીડીયે ભૂખી રહે!'

'જુઓ, મિત્રો! હર્બર્ટે આજે એક બહુ મહત્ત્વની શોધ કરી છે.' હાર્ડિંગે દાણો હાથમાં રાખીને કહ્યું, 'આ એક દાણામાંથી ઘઉંનો એક છોડ ઊગે ને એક છોડ ઉપર દસ ઊંબીઓ થાય. એ દસ ઊંબીઓમાંથી ૮૦૦ ઘઉંના દાણા નીકળે. આપણે આ ૮૦૦ દાણા ફરી વાર વાવી દઈએ તો તેમાંથી ૬,૪૦,૦૦૦ દાણા મળે અને આ દાણાઓને પાછા વાવી દઈએ તો ૫૧,૨૦,૦૦,૦૦૦ દાણા આપણી પાસે થાય. આ દાણાને ફરી પાછા વાવી દઈએ તો?'

ખલાસી તો દિઙ્મૂઢ જ થઈ ગયો! એક દાણામાં આટલી શક્તિ છે એનું આટલી સરસ રીતે હાર્ડિંગે જ્યારે ભાન કરાવ્યું ત્યારે ખલાસી તથા તેના સાથીઓ હાર્ડિંગની બુદ્ધિ ઉપર ફિદા થઈ ગયા.

‘ત્યારે હવે શું કરવાનું?’

‘શું કરવાનું શું! આ દાણાને આપણે એક સરસ ફળદ્રુપ જગ્યાએ વાવી દઈએ. તેના પર બરાબર કાળજી રાખીએ. આ પ્રદેશમાં આપણે બે પાક ખુશીથી ઉતારી શકીશું. એટલે મારી ગણતરી પ્રમાણે બે વરસમાં આપણે ત્યાં ઘઉંનો મોટો કોઠાર થઈ જશે!’

‘હા. અને આપણે તેને વેપાર માટે અમેરિકા પણ મોકલાવીશું.’ ખલાસીએ કહ્યું.

૨૦મી જૂનને દિવસે આકાશમાં ઉઘાડ હતો. પહેલાં તો એ ઘઉંને કૂંડામાં વાવવાનો વિચાર થયો; પણ કુદરત ઉપર એટલો બધો અવિશ્વાસ રાખવાનું કાંઈ કારણ ન હતું. પાંચે જણ ઉત્તર બાજુના સરોવરના ઉચ્ચ પ્રદેશ પર ચઢ્યા અને ત્યાં એક સરસ જગ્યા પસંદ કરીને તેણે તીકમ વડે ખોદી નાખી. આસપાસ લાકડાના ખૂંટા નાખીને વાડ પણ બનાવી દીધી, અને વચ્ચોવચ તે ઘઉંના દાણાને વાવ્યો.

આ વખતે પાંચેય જણના દિલમાં શું થતું હશે? આ એક દાણા ઉપર ભવિષ્યની રોટીનો આધાર હતો. પેલી દીવાસળી સળગાવતી વખતે જેમ ખલાસીના દિલમાં થયું હતું તેમ જ અત્યારે આ બધાનાં દિલમાં થયું.

# ૨૦ : વિજ્ઞાનની વાતો

તે દિવસથી ખલાસી એક પણ દિવસ પોતાના ખેતરમાં હાજરી આપ્યા સિવાય રહેતો નહિ. અને જો કોઈ નવાં જંતુઓ ત્યાં આસપાસ ફરતાં દેખાયાં તો ખલાસીના હાથે એમનું ખૂન થતાં જરાય વાર નહોતી લાગતી.

જૂન માસને અંતે ઋતુમાં ઠંડી જણાવા લાગી. ૨૯મી તારીખે તો જો ત્યાં બૅરોમીટર હોત તો તેનો પારો શૂન્યથી ૨૦ જ અંશ ઊંચો રહ્યો હોત! મર્સી નદીમાં અને સરોવરમાં પાણી ઉપર બરફ જામી ગયો હતો.

૪થી જુલાઈએ તો એટલી ઠંડી પડી કે બૅરોમીટરનો પારો શૂન્યથી લગભગ ૧૩ અંશ જેટલે નીચે ઊતરી જાય. સારું હતું કે ખલાસી તથા નૅબે લાકડાંનો મોટો જથ્થો ભરી રાખ્યો હતો. મહેલમાં બેત્રણ જગ્યાએ મોટી તાપણીઓ નિરંતર ચાલુ રાખવામાં આવતી હતી. સરોવરમાંથી પાણીની જે આવ લાવવાની યોજના હાર્ડિંગે કરી હતી તેની ખરી ઉપયોગિતા તો હવે સમજાઈ, કારણ કે સરોવરની સપાટીના નીચેના ભાગમાં ઠંડીએ અસર ન કરેલી હોવાથી ત્યાં બરફ નહોતો જામ્યો; અને આથી ગ્રેનાઈટ મહેલમાં પાણી અખંડ વહ્યા જ કરતું.

આ ઋતુમાં હવા તદ્દન સૂકી થઈ ગઈ હતી. હાર્ડિંગે એક દિવસ મર્સી નદી તથા તેની દક્ષિણનો પેલી બાજુનો પંજાના આકારની ભૂશિર સુધીનો ભાગ તપાસવાનો વિચાર કર્યો. ત્યાં આગળથી કાંઈક શિકાર અથવા બીજું કાંઈ જરૂરી સાધન મળી આવે એવો સંભવ હતો. ગ્રેનાઈટ મહેલથી તે લગભગ આઠનવ માઈલ દૂર હશે. ત્યાં જઈને પાછા આવતાં આખો દિવસ સહેજે નીકળી જાય એમ હતું; તેથી સાથે પૂરતું ભાતું લઈને તેઓ નીકળી પડ્યા. મર્સી નદી અત્યારે સાવ થીજી ગઈ હતી, એટલે તેને ઓળંગવામાં કશી મુશ્કેલી ન આવી, પણ ભવિષ્યમાં એ નદી ઓળંગવા માટે પુલની જરૂર તો ઊભી જ હતી. સ્પિલેટે પોતાની ગણતરીનાં ભવિષ્યનાં કામોમાં આ પુલનું કામ ગણી લીધું.

તેઓએ પહેલી જ વાર મર્સી નદીની જમણી બાજુને કિનારે પગ મૂક્યો. જમીન પર ખૂબ બરફ જામી ગયો હતો. ઊંચાં ઊંચાં ઝાડોની વચ્ચે થઈને તેઓ આગળ વધ્યા. રસ્તામાં તેમણે શિયાળનાં મોટાં ટોળાં જોયાં. ટૉપે તેમને જો નસાડ્યાં ન હોત તો કેટલાંકને સ્પિલેટે ત્યાં જ વીંધી નાખ્યાં હોત. પણ તોયે એકાદ-બે લાગમાં આવી જ ગયાં.

‘આ શિયાળ જો ફરતાં ફરતાં આપણા રહેઠાણ બાજુ આવી ગયાં તો ભવિષ્યમાં આપણાં ખેતરવાડી વગેરેને નુકસાન કરશે!’ ખલાસીએ કહ્યું, ‘ઠીક થયું કે અત્યારથી જ આપણને ચેતવણી મળી ગઈ!’

આગળ ચાલતાં ચાલતાં તેઓ 'યુનિયન' અખાતને દક્ષિણ છેડે આવી પહોંચ્યા. અહીં આગળ બેટની એક અમી દરિયામાં પાતળી થતી થતી, નૈઋત્ય દિશામાં લગભગ ચાર માઈલ સુધી વિસ્તરેલી હતી. અહીં દરિયાકાંઠો ખૂબ જ ખરાબ હતો. દરિયો ઊંડો, અણીદાર ખડકોવાળો ને તોફાની હતો. તેઓ જો બલૂનમાંથી અહીં પડ્યા હોત તો અત્યારે તેમનામાંથી કોઈ જીવતો હોત કે નહિ તે સવાલ હતો.

આઠ વાગી ગયા હતા. નાસ્તાનો વખત થયો એટલે નૅબ નાસ્તો પકાવવા લાગ્યો. દરમિયાન સ્પિલેટે હાર્ડિંગને પૂછ્યું: 'તમને નવાઈ નથી લાગતી કે આવડા નાના બેટ ઉપર જમીનમાં આટલી બધી જાતના પ્રકારો દેખાય છે?'

'સ્પિલેટ! એ તમારી શંકા બરાબર છે; પણ વિચાર કરતાં મને એમ લાગે છે કે આ બેટ ઘણા વખત પહેલાં કોઈ એક મોટા ખંડનો ભાગ હશે.'

'શું આવા મોટા મહાસાગરમાં વળી મોટો ખંડ હોય ખરો?'

'કેમ નહિ! ઑસ્ટ્રેલિયા, ન્યુ આયર્લેન્ડ, ઑસ્ટ્રેલેશિયા અને પૅસિફિકના બીજા બેટો: એ બધા એક વખત જોડાયેલા હોય એમ માનવાને પૂરતાં કારણો છે. વખત જતાં તેમની વચ્ચેના ભાગો સમુદ્રમાં ડૂબી ગયા હોય, એટલે આ બેટો જુદા જુદા બની ગયા હોય.'

'હા, આ બેટનું પણ એમ જ હોય એમ માની શકાય છે. કારણ કે નહિતર આટલી વિધવિધ વનસ્પતિ ને આટલાં જાતજાતનાં પશુપક્ષીઓ અહીં ક્યાંથી હોય?'

'તો પછી ધીમે ધીમે કદાચ આ બધા નાના બેટો ને ખંડો પણ ડૂબી જશે ને?' ખલાસીએ પ્રશ્ન કર્યો.

'હા, વાત બનવાજોગ છે – અને સાથે સાથે નવા બેટો ઉત્પન્ન પણ થશે.' હાર્ડિંગે કહ્યું.

'એ કઈ રીતે!'

'સમુદ્રમાં એવા કારીગરો રહે છે કે જેઓ મોટા બેટો તૈયાર કર્યા કરે છે.'

'એવા કોણ કારીગરો છે?'

'એનું નામ છે પરવાળાંનાં શંખલાંનાં જીવડાંઓ.' હાર્ડિંગે કહ્યું. 'આમ તો તેઓ માંડ ચોખાભાર વજનનાં હોય છે; પણ દરિયામાંથી ખારાશ લઈને અને તેમાંથી રસ ઉત્પન્ન કરીને તેઓ મોટા મોટા ખડકો પેદા કરે છે; અને આ બધા ખડકોમાંથી જતે દહાડે મોટા મોટા બેટો બંધાઈ જાય છે. આવી જાતના બેટો પૅસિફિક સમુદ્રમાંથી ઘણાય મળી આવે છે. અલબત્ત, આમાં સૈકાઓના સૈકાઓ ચાલ્યા જાય છે; કારણ કે પરવાળાંનાં

જીવડાંઓ ઠેઠ દરિયાના તળિયેથી પોતાનું ચણતર શરૂ કરે છે, અને ધીમે ધીમે ઉપર સુધી લાવે છે.'

'ત્યારે દુનિયામાં આમ નવા બેટો ઉત્પન્ન થાય ને જૂના ડૂબી જાય, એવું ચાલ્યા જ કરશે?' ખલાસીએ પૂછ્યું.

'જુઓ, એમાં એમ છે કે વિજ્ઞાનશાસ્ત્રીઓ એમ માને છે કે જતે દહાડે આ પૃથ્વી પણ ચંદ્રની જેમ સાવ ઠરી જશે. એટલી ઠરી જશે કે ધીમે ધીમે જેમ ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવમાં માણસો રહી નથી શકતા, તેમ દુનિયાના અત્યારના ગરમ ભાગો ઉપર માણસો જીવી નહિ શકે. અને પૃથ્વી પણ એક સાવ ઠરી ગયેલો ગ્રહ બની જશે. એ સ્થિતિ કેટલા કાળ સુધી રહેશે તે ઈશ્વર સિવાય બીજા કોઈથી જાણી શકાય તેમ નથી. આમાં જ ઈશ્વરની મહત્તાનું રહસ્ય સમાયેલું છે.'

'ત્યારે ભવિષ્યમાં આ બેટ પણ ડૂબી જશે?'

'હા જ તો! જોકે આ બેટ પરવાળાંનો બેટ નથી પણ જ્વાળામુખીના લાવારસનો બનેલો છે. પરંતુ ભવિષ્યમાં જ્વાળામુખી પર્વત ફાટે તો આ બેટને ડૂબતાં કાંઈ વાર ન લાગે.'

'મને લાગે છે કે તે પહેલાં આપણે અમેરિકા પહોંચી ગયા હોઈશું.' ખલાસીએ કહ્યું.

'હા હા, પેનક્રૉફ્ટ! તું ચિંતા ન કર. આવા ફેરફારો કંઈ એકાએક નથી થતા. આપણે તો અહીં આખી જિંદગી સુધી રહેવું છે એમ માનીને નિશ્ચિંત થઈને રહેવું.'

નાસ્તો તૈયાર થઈ ગયો. ખાઈને વળી સૌ આગળ ચાલ્યા. અહીં ભેજવાળી જમીન પુષ્કળ હતી. ભેજ, માટી અને પાંદડાંના કોહી જવાને લીધે કાદવ પણ જામી ગયો હતો. ઉનાળામાં અહીં મેલેરિયા ફાટી નીકળવાનો પૂરો ભય હતો. આગળ જતાં દરિયાકિનારે બતક, જળકૂકડી, ટેન્ડોર્ન્સ ને શિનમોન, એવાંએવાં પક્ષીઓ ખૂબ દીઠામાં આવ્યાં. થોડાંઘણાંનો શિકાર પણ થઈ ગયો. ભવિષ્યમાં આ પક્ષીઓ પાળવામાં આવે તો ખૂબ ઉપયોગી થઈ પડે તેવાં હતાં તેની નોંધ પણ સ્પિલેટે લઈ લીધી. પાંચ વાગે ફરીને તેઓ ગ્રેનાઈટ મહેલમાં પાછા આવી પહોંચ્યા.

# ૨૧ : બંદૂકની ગોળી

૧૫મી ઑગસ્ટ સુધી શિયાળો ચાલુ રહ્યો હતો. ત્યાં સુધીમાં ઘણીયે વખત આ પાંચેય જણને ગ્રેનાઇટ મહેલના ઓરડામાં લાંબો વખત સુધી પુરાઈ રહેવું પડતું હતું. આ બેટમાં આટલી ઠંડી પડવા છતા રીંછ હજુ સુધી ક્યાંયે દેખાયાં ન હતાં; ધોળી રુવાંટીવાળાં રીંછ જો મળી આવે તો તેનું ચામડું ગમે તેવી ઠંડી સામે ટક્કર લઈ શકે. ઠંડી એટલી પડતી કે શિકાર માટે પણ નીકળવું ઘણી વાર મુશ્કેલ થઈ પડતું! આને માટે ખલાસીએ એક યુક્તિ શોધી કાઢી. તેણે પ્રાણીઓ પકડવાની નવી જાતની જાળ તૈયાર કરી. જમીનમાં ખાડાઓ ગાળીને તેના ઉપર સૂકાં ડાળખાં પાથરી દીધાં, અને તે ખાડાઓમાં તળિયે માંસ કે એવી સરસ સુગંધવાળી ચીજ રાખી મૂકી. ગંધની લાલચે જંગલી પશુઓ તે ખાવા માટે આવે, અને પેલાં ડાળખાં ઉપર પગ મૂકતાંની સાથે જ ખાડામાં ભરાઈ પડે!

આ જાતની યુક્તિ સફળ થઈ. રોજ કોઈક ને કોઈક અંદર આવીને પડતું. પણ હજુ કોઈ જંગલી જાનવરો તેમાં નહોતાં આવતાં; ભૂંડ, શિયાળ ને એવાં પ્રાણીઓ જ તેમાં આવતાં હતાં. અલબત્ત, આસપાસ હિંસક પ્રાણીઓનાં પગલાં પડેલાં સ્પષ્ટ દેખાતાં હતાં.

૧૫મી ઑગસ્ટે હવા બદલાઈ. ઠંડી ઓછી થઈ અને પારો શૂન્ય ડિગ્રીથી સહેજ ઊંચો ચડ્યો હોય એમ લાગ્યું. આખો બેટ જાણે ધોળી ચાદર પાથરી હોય તેમ બરફથી છવાયેલો દેખાતો હતો. બરફ લગભગ બે ફૂટ જેટલો પડ્યો હતો. વળી પાછું બરફનું તોફાન શરૂ થયું. વાયવ્ય દિશામાંથી આવતો પવન ગ્રેનાઈટ મહેલની એક કાંકરી ખેરવી શકે તેમ ન હતું, પણ દરિયામાં અને બેટનાં જંગલોમાં તેણે હાહાકાર મચાવી દીધો હતો, મોટાં ઝાડોનાં ઝાડો ઊથલી પડતાં અને તેનો અવાજ ગ્રેનાઈટ મહેલમાં સંભળાતો હતો.

ખલાસીએ કહ્યું: ‘આ પવન આપણને ઠીક મદદ કરે છે. કઠિયારાની જેમ આપણે માટે જ મોટાં ઝાડો કાપી આપે છે!’

દરિયાનો ઘુઘવાટ પણ આટલી ઊંચાઈએ સ્પષ્ટ સંભળાતો હતો. કુદરતે તેમને ખરી જરૂરને વખતે આવું સરસ સ્થળ રહેવા માટે કાઢી આપ્યું તે માટે તેઓ કુદરતનો હૃદયથી આભાર માનતા હતા.

આ બધા સમય દરમિયાન તેઓ ગ્રેનાઈટ મહેલમાં માત્ર તાપવાનું કામ નહોતા કરતા; ટેબર, ખુરશી, કબાટ વગેરે બનાવવાનું કામ ચાલતું હતું; એ ઉપરાંત એક નવો હુન્નર તેમણે શોધી કાઢ્યો હતો. સરોવરને ઉત્તરને કાંઠે છૈયા જેવું લાંબું ઘાસ થતું હતું; તે એકઠું કરીને તેમાંથી તેઓ ટોપલીઓ ને કરંડિયા બનાવવા લાગી ગયા. આ ધંધો તેમને માટે સાવ નવો હતો. માત્ર કલ્પનાથી તેની આકૃતિ તથા ગૂંથણી ધ્યાનમાં રાખીને તેઓ

બનાવ્યે જતા હતા. પણ જેના હાથમાં કારીગરી હોય તેને કોઈ પણ હુન્નર હાથ બેસાડતાં કેટલી વાર? જુદાં જુદાં ખાવાનાં સાધનો રાખવાના ઘણા ટોપલા નૅબના રસોડામાં ગોઠવાઈ ગયા. રસોડાની આવી શોભા જોઈ નૅબના આનંદનો પાર ન રહ્યો.

વળી પાછી ઑગસ્ટ માસની આખરમાં હવા શાંત થઈ; તેઓ બહાર નીકળી શકે તેવી સ્થિતિ બની. જ્યાં ત્યાં બરફ છવાઈ ગયો હતો. સરોવર પરની બરફની ચાદર ઉપર બતક, બગલાં વગેરે પક્ષીઓ આમતેમ ફરતાં તથા ઊડતાં હતાં. જે પેલો ધોધ ખડકો ઉપર થઈને પડતો હતો તે પાણીને બદલે બરફનો થઈ ગયો હતો. કોઈ મિલની પીંજણમાંથી પીંજાઈ પીંજાઈને રૂ બહાર પડતું હોય એમ આ ધોધ જોતાં લાગતું હતું. જે ઝાડો પહેલાં લીલાંછમ લાગતાં હતાં તે જાણે ઘરડા ડોસાઓની જેમ ધોળાં થઈ ગયાં હતાં. કુદરતનો જ્યાં એક હાથ ફરે ત્યાં કવો ફેરફાર થઈ જાય છે!

સ્પિલેટ અને હર્બર્ટ રોજ પોતે ગોઠવેલી પેલી જાળની મુલાકાત લેવાનું ભૂલતા નહોતા, કારણ કે એના ઉપર તેમનો ઘણો આધાર હતો.

ધીમે ધીમે બરફ ઓગળવા માંડ્યો. વરસાદ પણ પડવા લાગ્યો. એ દરમિયાન તેઓએ પોતાના મહેલમાં ખૂટવા માંડેલો ખોરાક તથા લાકડાં વગેરે એકઠાં કરવા માંડ્યાં. લાકડાંની તો ક્યાં ખોટ હતી? એમાંયે હમણાં જ થયેલા તોફાનને લીધે કેટલાંયે ઝાડો તૈયાર પડેલાં હતાં. નૅબ તથા ખલાસી પોતે બનાવેલી એક કામચલાઉ રેંકડીમાં ભરીભરીને લાકડાં ગ્રેનાઈટ મહેલના ભંડકમાં ભરી દેવા લાગ્યા. એક વાર તેઓ પેલાં કોતરોની પણ મુલાકાત લઈ આવ્યા. કોતરોની શી દશા હતી? એના કેવા હાલહવાલ થઈ ગયા હતા! એનો ઘણો ભાગ રેતીથી પુરાઈ ગયો હતો; માત્ર તેમની ઓથ પાછળ જે લોઢું ગાળવાની ભઠ્ઠી બનાવી હતી તે સદ્ભાગ્યે સહીસલામત રહી હતી.

૨૫મી ઑગસ્ટે વળી પાછું કુદરતે પોતાનું સ્વરૂપ બદલ્યું. પવન અગ્નિ ખૂણામાંથી ફૂંકાવા લાગ્યો. ઠંડી એકદમ વધી પડી. પારો શૂન્યથી ૮ અંશ નીચે ઊતરી ગયો હશે એમ લાગ્યું. એટલી ઠંડી હતી; એમાં વીંધી નાખે તેવો ઠંડો પવન પણ જોરથી ફૂંકાવા લાગ્યો. ગ્રેનાઈટ મહેલમાં ફક્ત હવા આવવા પૂરતું કાણું રાખીને બીજાં બધાં બારીબારણાં બંધ કરી દીધાં. મીણબત્તીનો વપરાશ ખૂબ કરવો પડતો; પણ વચ્ચે વચ્ચે મીણબત્તીને બદલે મોટાં તાપણાં કરીને તેઓ ચલાવી લેતા.

આ વખતે હાર્ડિંગે 'મેપલ' ઝાડના રસમાંથી સાકર બનાવવાનું કામ ઉપાડ્યું. તેણે તે ઝાડનો રસ તો માટલાંઓમાં ભરી જ રાખ્યો હતો; તેને ઉકાળીને ચાસણી જેવો બનાવ્યો અને પછી સૂકવી નાખ્યો. એમાંથી સાકરના ખૂબ ગાંગડા તૈયાર થયા; એનો રંગ રતાશ પડતો હતો, પણ તે ઘણા સ્વાદિષ્ટ હતા.

ઠંડી ઠેઠ સપ્ટેમ્બરની મધ્ય સુધી ચાલુ રહી. વગર ગુને મળેલી આ જેલમાં તેમના જેવા કામ સિવાય ઘડીભર પણ ન રહી શકે તેવાઓને પુરાઈ રહેવું કેમ ગમે? ટૉપ પણ મૂંઝાઈને આમતેમ આંટા માર્યા કરતો. જ્યારે જ્યારે તે પેલા કૂવા પાસે જતો ત્યારે ખૂબ ભસતો. જોકે હવે તો કૂવા પર મોટું લાકડાનું ઢાંકણું નાખી દીધું હતું, પણ ટૉપ તે ઢાંકણું ઉઘાડવાનો પ્રયત્ન કરતો હતો. આનું કારણ સમજવા માટે હાર્ડિંગે ખૂબ મહેનત કરી, પણ કાંઈ હાથ લાગ્યું નહિ. જોકે હાર્ડિંગ પોતે તો મિત્રોને એમ કહેતો કે ટૉપને આ એક બોટી ધૂન લાગી છે; પણ પોતે એની પાછળ કાંઈક ભેદ હોવો જોઈએ એમ ચોક્કસ માનતો. સ્પિલેટને આ સંબંધી તેણે કહ્યું પણ હતું.

આખરે ઠંડીની ઋતુ પૂરી થવા આવી. મર્સી નદી તથા પેલા ધોધનું વહેણ ચાલુ થયું. જંગલનાં ઝાડો પરથી બરફ પાણી થઈને નીતરવા લાગ્યો. વૃક્ષો અને આખું જંગલ જાણે નાહીને ઊઠ્યું હોય તેમ સ્વચ્છ દેખાવા લાગ્યું. વસંતનાં ચિહ્નો જણાવા લાગ્યાં. શિકારનું કામ પણ શરૂ થઈ ગયું. ખલાસી હવે હાર્ડિંગની પાછળ પડીને રોજ ને રોજ તેને બંદૂક બનાવવાનું કહ્યા કરતો. બેશક, તીરકામઠાંની મદદથી શિયાળ, કાંગારું, કેપીબેરા, બતક વગેરે પશુપક્ષીઓનો શિકાર સ્પિલેટ સહેલાઈથી કરી શકતો હતો; પણ બંદૂક હોય તો ઘણો ફેર પડે, એ વાત એ પણ કબૂલ કરતો.

પણ હાર્ડિંગ અત્યારે બંદૂક કરતાં પણ કપડાં બનાવવાની વાત વધારે, અથવા સૌથી પહેલી અગત્યની ગણતો હતો. તેણે પેલાં ફ્રાંકલીન પર્વત પરથી એક ઘેટાંનું ટોળું જોયું હતું. એ ટોળાને કોઈ રીતે પકડીને ઉછેરવું અને પક્ષીઓને માટે એક કબૂતરખાના જેવું બનાવવું, એ બે કામ વસંતઋતુ માટે તેણે નક્કી કર્યાં.

સાથે સાથે એકાદ માસ પછી બેટના પશ્ચિમ બાજુના જંગલમાં ફરવું અને તેની બારીક તપાસ કરવી એ પણ તેમણે નક્કી કર્યું. દરમિયાનમાં એક એવો બનાવ બન્યો કે જેથી જંગલની પૂરતી તપાસ કરવાનો કાર્યક્રમ જેમ બને તેમ જલદી હાથ ધરવાનું તેમને નક્કી કરવું પડ્યું.

૨૪મી ઑક્ટોબરે ખલાસી પોતે ગોઠવેલી પેલી જાળની મુલાકાતે ગયો; ત્યાં આગળ એક ભૂંડણ અને તેનાં બે બચ્ચાં તેમાં સપડાઈ પડ્યાં હતાં. ખલાસી તેમને પકડીને ખુશી થતો થતો ઘેર ગયો, અને નૅબને આજે સરસ ખાણું પકવવાની સૂચના આપી.

સાંજે પાંચ વાગે બધા ટેબલ ફરતા જમવા બેઠા. કાંગારુનો સૂપ અને ભૂંડનાં બચ્ચાંનો સૂપ માટીના વાટકાઓમાં ઊકળતો હતો. પડખે થાળીમાં ભૂંડનાં બચ્ચાંનું માંસ પીરસેલું હતું. ખાવાનું શરૂ થયું અને ખલાસીએ જેવો પહેલો કોળિયો ભર્યો કે તે બૂમ પાડી ઊઠ્યો: 'અરર! દાંત પાડી નાખ્યો! પહેલે જ કોળિયે મોટી કાંકરો આવ્યો!'

નૅબ બોલી ઊઠ્યો: ‘કાંકરો? એમાં કાંકરો ક્યાંથી હોય?’

‘આમ જો ત્યારે, લે!’ ખલાસીએ મોઢામાંથી મોટો ગોળ કાંકરો કાઢ્યો ને ટેબલ પર મૂક્યો.

પણ એ જોતાંવેંત બધા ઠરી ગયા. તે કાંકરો નહોતો, પણ બંદૂકની ગોળી હતી!

# ખંડ બીજો

## ૧ : શોધખોળની તૈયારી

સાત મહિના પસાર થઈ ગયા. એ દરમિયાન પોતા સિવાય બીજા કોઈ માણસનું મોઢું નહોતું જોયું. બેટમાં આવી પડ્યા પછી ઠેઠ અત્યાર સુધીમાં એ બેટમાં કોઈ માણસની વસ્તી છે કે નહિ તેની શોધ કરવાની તેમણે બાકી નહોતી રાખી. અલબત્ત, હજી બેટનો ઘણો મોટી ભાગ વણશોધ્યો રહો ગયો હતો; પણ જેટલો ભાગ તેઓ જોઈ શક્યા હતા તેમાં ક્યાંયે માણસની વસ્તીનું ચિહ્ન સરખું દેખાયું નહોતું. તેમ પોતે આવ્યા પહેલાં પણ ત્યાં કોઈ માણસે પગ મૂક્યો હોય એવુંય ચિહ્ન ક્યાંયે ન હતું. ત્યારે આ બંદૂકની ગોળી ક્યાંથી આવી?

ગોળીને ટેબલની વચ્ચોવચ્ચ મૂકવામાં આવી. કોઈ મંત્રવિદ્યા સાધતા હોય તેમ પાંચે જણા તેની તરફ તાકી રહ્યા. કોઈની અક્કલ કામ કરે તેમ નહોતું. ધીમે ધીમે ચર્ચા ખૂબ જોરથી થવા લાગી. ખાવાનું તો ત્યાં ને ત્યાં જ ઠરી ગયું. હાર્ડિંગે દરેકને જાતજાતના પ્રશ્નો પૂછીને એક ડિટેક્ટિવની જેમ બધી માહિતી એકઠી કરી અને છેવટે એક કલાકની ચર્ચા પછી તેનો અંત આણ્યો. તેણે કહ્યું: ‘આપણી બધાની ચર્ચાનો સાર એ છે કે આપણે આ બેટ પર આવ્યા તે પહેલાં અહીં કોઈ માણસની વસ્તી હોવી જોઈએ. જે બચ્ચાના પેટમાંથી આ ગોળી નીકળી તે બચ્ચું ત્રણ જ મહિનાની ઉંમરનું હતું, એમ ખલાસી કહે છે. એટલે ત્રણ મહિનાની અંદર જ અહીં આગળ કોઈ માણસે બંદૂકથી શિકાર કર્યો હોવો જોઈએ...’

‘ના, ના!’ ખલાસી વચ્ચે જ બોલી ઊઠ્યો: ‘હું તમને ખાતરીથી કહું છું કે આપણા સિવાયનો બીજો કોઈ માણસ આ બેટ પર હોય તો હું તમે કહો તે હારી જાઉં! શું આવડા ખોબા જેવડા બેટમાં બીજો કોઈ માણસ હોય તો તે આપણાથી છાનો રહો શકે?’

તો પછી એમ જ અનુમાન થાય છે કે આ બચ્ચું જન્મ્યું ત્યારે સાથે જ બંદૂકની ગોળી લેતું આવ્યું!’ સ્પિલેટે ખલાસીની દલીલને ઉડાવી મૂકી.

‘ના ના; એમ ન હોય. એ તો પેનક્રૉફ્ટના દાતમાં ઘણા વખતથી ગોળી ભરાઈ રહો હશે!’ નૅબે ટોણો માર્યો.

‘નૅબ! હવે વધારે બોલવામાં સાર નથી.’ ખલાસી ઉશ્કેરાઈ ગયો. ‘છ મહિના સુધી મારા દાંતમાં આવડી ગોળી ભરાઈ રહે ને મને ખબર ન પડે, એમ? આમ જો, મારા દાંત. જો એક પણ દાંત પોલો છે એમ તું બતાવી આપે તો હું અત્યારે જ મારા બત્રીશે દાંત ખેંચી કાઢવા તૈયાર છું!’

મામલો ગંભીર થતો જાય છે એ હાર્ડિંગ બરાબર સમજતો હતો. તેણે ખલાસીને શાંત પાડવા કહ્યું: ‘અરે! નૅબનું કહેવું તો સાવ અર્થ વગરનું છે. પેનક્રૉફ્ટ! ચોક્કસ અહીં આ બેટ ઉપર ત્રણ મહિનાની અંદર જ બંદૂકનો ભડાકો થયો હોવી જોઈએ. સંભવ છે કે ચાંચિયા લોકો ફરતાં ફરતાં આ બેટને કિનારે થોડા વખત માટે ઊતર્યા હોય અને પાછા ચાલ્યા ગયા હોય. છતાં પેનક્રૉફ્ટ! મને લાગે છે કે આપણે આ આખા બેટની આસપાસ પ્રદક્ષિણા કરવા નીકળવું પડશે. એને માટે એક નાની એવી હોડી તૈયાર કરતાં કેટલી વાર લાગશે?’

ખલાસીને આ પ્રમાણે પોતાનું મહત્ત્વ વધ્યું હોય એમ લાગ્યું; તેની રીસ ઊતરી ગઈ. તેને જેટલો જલદી ક્રોધ ચડતો તેટલો જ ઝડપથી તે ઊતરી જતો. તે બોલી ઊઠ્યો: ‘કૅપ્ટન સાહેબ! પાંચ જ દિવસમાં તૈયાર કરી આપું.’

‘પાંચ જ દિવસ?’

‘હા હા. આપણે રૅડ ઇંડિયન લોકોની પદ્ધતિથી હોડી બનાવીશું. ઝાડનું થડ તોડી તેને અંદરથી પોલું બનાવીશું. આજથી તૈયારી કરવા માંડું છું.’

ખાવાનું સુકાઈ ગયું; તેનો રસ પણ સુકાઈ ગયો. રાત પડી. હાર્ડિંગ અને સ્પિલેટ બારીએ બેઠા હતા. દરિયાનો પવન ફરફર આવી રહ્યો હતો. ઘણી વાતચીત થયા પછી હાર્ડિંગે પોતાના દિલની વાત કોઈ ન સાંભળે તેમ સ્પિલેટને કહો: ‘સ્પિલેટ! મારો એવી દૃઢ અભિપ્રાય છે કે આપણે આખો બેટ ખૂંદી વળીશું છતાં કાંઈ મળવાનું નથી.’

બીજે દિવસે બાબરા ભૂતની જેમ ખલાસી કામે લાગી ગયો. તેની મદદમાં બીજા ત્રણેય જણ હતા; પણ તેઓ બધો વખત નહોતા રહેતા; સ્પિલેટ ને હર્બર્ટ તો શિકાર માટે જતા, અને નૅબ રસોડાના કામમાંથી નવરો પડતો ત્યારે જ ખલાસીની મદદે જતો. હાર્ડિંગ વારંવાર ત્યાં જતો અને ખલાસીને સૂચના પણ આપતો. હર્બર્ટ અને સ્પિલેટ ગોળીના બનાવથી ખૂબ આશ્ચર્યચકિત થઈ ગયા હતા; જંગલમાં શિકારની તપાસની સાથેસાથે માણસનાં ચિહ્નો જોવાનું તેઓ ચૂકતા નહિ. એક વાર હર્બર્ટ કૌરી નામના ગગનચુંબી ઝાડ ઉપર ચડીને બધેય નજર ફેરવી વળ્યો. ફક્ત પર્વતની પાછળનો બેટનો ભાગ જોઈ નહોતો શકતો; બાકી આખા બેટ ઉપર નજર ફરી વળતી હતી. હર્બર્ટે આંખો તાણી તાણીને જોયું, પણ ક્યાંય કશું ચિહ્ન દેખાયું નહિ.

આ તપાસ પછી બીજે દિવસે એવું બન્યું કે હર્બર્ટ ને નૅબ દરિયાકાંઠે ફરતા હતા ત્યાં કિનારે એક મોટો કાચબો તડકામાં આરામથી પડ્યો હતો. કાચબાનો શિકાર હજી સુધી તેમને મળ્યો નહોતો; ખલાસીએ તેની ખૂબ તપાસ કરી હતી. આજે આવો સુંદર શિકાર મળ્યો એ જાણી નૅબના

આનંદનો પાર ન રહ્યો. ખલાસી આજે ખુશી થશે એ વિચારે હર્બર્ટને પણ આનંદ થયો. બંને જણા દોડતા દોડતા કાચબા પાસે પહોંચી ગયા; કાચબે પોતાનું મોઢું અને પગ ઢાલમાં સંતાડી દીધાં. કાચબાને મારવો એમાં કાંઈ મુશ્કેલી નહોતી. તેને એક વાર ઊંધો કરી નાખ્યો પછી તે ચત્તો થઈ શકે જ નહિ. નૅબે તથા હર્બર્ટે તેને લાકડાં ભરાવીને ઊંધો પાડી દીધો. તે એવડો મોટો હતો કે બે જણા ઉપાડી શકે એ અસંભવ હતું. આથી ઉપાડવા માટે બધાને બોલાવવા નૅબ ને હર્બર્ટ મુકામે ગયા. ખલાસીએ કાચબાની વાત સાંભળીને દરિયાકાંઠે વહેતાં જ મૂકી દીધાં! સ્પિલેટ પણ નીકળી પડ્યો, ને પાછળ પાછળ હાર્ડિંગ પણ ચાલ્યો. પણ ત્યાં જઈને જોયું તો કાચબો ગુમ!

ખલાસીએ નૅબને કહ્યું: ‘આવી મારી મશ્કરી કરો છો? એક તો આખો દિવસ કામ કરી કરીને થાકી જઈએ અને તમને આવી મશ્કરી સૂઝે છે?’

હાર્ડિંગ પાછળથી આવી પહોંચ્યો હતો; તેના સાંભળતાં પણ ખલાસીએ નૅબને થોડીક સંભળાવી! હર્બર્ટ ને નૅબ બંને ઝંખવાણા પડી ગયા. કાચબો અહીંથી કઈ રીતે ગુમ થાય? આભપાતાળ એક થાય તોય કાચબો બીજાની મદદ વગર કોઈ દિવસ ચત્તો ન થઈ શકે.

હાર્ડિંગે ઝઘડો પતાવ્યો: ‘જુઓ ભાઈઓ! એમ થયું હશે, કે દરિયાનું મોજું આવ્યું હશે ને કાચબી ચત્તો થઈ ગયો હશે. કાંઈ ફિકર નહિ; ચાલો, ફરી કોઈ વાર વાત.’

આ નિર્ણય આખરે ખલાસીએ કબૂલ કર્યો; બધાને ગળે એ નિર્ણય ઊતર્યો પણ ખરો. ફક્ત નિર્ણય આપનાર હાર્ડિંગને જ પોતાના નિર્ણય વિષે શંકા હતી.

# ૨ : સાધનો મળી આવ્યાં

૯મી ઑક્ટોબરે સવારે નાની હોડી હાર્ડિંગે ધોધ પાડીને બનાવેલી નદીને કાંઠે તરી રહી હતી. હાર્ડિંગે તે તપાસી. તેમાં બે છેડે બે તથા વચ્ચે એક એમ ત્રણ બેઠકો બનાવી હતી. હોડી બાર ફૂટ લાંબી હતી; તેનું વજન માંડ ૨૦૦ રતલ જેટલું હશે. ચડતી ભરતીએ તેને હાંકી. અંદર ખાવાનો સામાન પૂરતો ભરી રાખ્યો હતો.

હોડી ઊપડી. બધાએ આનંદની બૂમ પાડી. સ્પિલેટે ખલાસીની પીઠ થાબડી: ‘આ હોડીથી તો આખી દુનિયા ફરતી પ્રદક્ષિણા કરી વળીએ! નૅબ તથા ખલાસી હલેસાં પર બેઠા. પેલા નાનકડા બેટ અને મોટા બેટ વચ્ચેની મોટી ખાડી વટાવી ગયા. દક્ષિણમાંથી પવન ધીરો ધીરો આવ્યા કરતો હતો. તેઓ કિનારેથી અરધા માઈલ કરતાં વધારે દૂર ચાલ્યા ન જવાય તે માટે બરાબર સંભાળ રાખતા હતા. સ્પિલેટ હાથમાં નોટ તથા પેન્શિલ લઈને બેટનો નકશો દોરી રહ્યો હતો ને હાર્ડિંગ બારીકાઈથી કિનારો તપાસી રહ્યો હતો. લગભગ પોણા કલાક સુધી હોડી દક્ષિણ દિશામાં ચાલી. દક્ષિણ બાજુ બેટની પૂંછડીના ભાગ પર તેઓ પહોંચવાની તૈયારીમાં હતા. ત્યાં ખલાસીના હાથમાંથી હલેસું નીચે પડી ગયું ને તે બોલી ઊઠ્યો: ‘જુઓ કૅપ્ટન સાહેબ! કિનારા પાસે કાળું કાળું કંઈક તરતું દેખાય છે.’

ખરેખર, કિનારા પર મોજાં સાથે અથડાતું કંઈક કાળું કાળું દેખાતું હતું!

ખલાસીએ કાંઠા તરફ હોડી લીધી. હોડી આવતાંવેંત જ બધા નીચે કૂદી પડ્યા. પાસે જઈને જોયું તો બે મોટાં બંધ પીપો અરધાં રેતીમાં દબાયેલાં હતાં અને તે બંને પીપો સાથે એક મોટો પેટી ચારે બાજુથી બંધ કરેલી દોરડાંથી બાંધેલી દેખાતી હતી.

‘અહીં જરૂર કોઈક વહાણ આવીને કાંઠે ભટકાઈને ડૂબી ગયું હોવું જોઈએ.’ હર્બર્ટે કહ્યું.

પણ આ પેટીમાં શું હશે? કોઈએ ચારેય બાજુથી બંધ કરી દીધી છે. એને ઉઘાડવી પણ કઈ રીતે? કાંઈ નહિ, આ એક પથરો...’ એમ બોલતો ખલાસી એક મોટી પથરો જેવો પેટી ઉપર મારવા જાય છે ત્યાં હાર્ડિંગે તેને રોક્યો. ‘ક્રૉફટ! તું બહુ જ ઉતાવળો છે. આમ તો પેટી ભાંગી જશે અને અંદર કાંઈક હશે તો તે પણ તૂટી જશે. ઘેર જઈને ખોલવા જેટલીય ધીરજ તારામાં નથી?’

ખલાસી પોતાની ભૂલ સમજી ગયો અને શાંત થઈ ગયો. હાર્ડિંગે કહ્યું: ‘આ પેટીને બે પીપો સાથે બાંધી છે એ આપણે માટે ખૂબ

સગવડવાળું છે. પેટી એની મેળે જ તરતી તરતી આપણી સાથે ઠેઠ સુધી આવી શકશે.'

પીપોની સાથે એક દોરડું બાંધી તે દોરડું પકડીને તેઓ પાછા હોડીમાં બેસી ગયા. હોડીની પાછળ પાછળ પીપો અને સાથે પેલી પેટી તરતાં આવતાં હતાં.

બેટની બીજી તપાસ કરવાનું એ વખતે અધૂરું રહ્યું. 'આ પેટી અહીં કઈ રીતે આવી?' એ જ પ્રશ્ન અત્યારે દરેકના મગજમાં રમી રહ્યો હતો. પેટી મળવાનો આનંદ હતો, તેની સાથે થોડોક ભય સમાયેલો હતો. માણસની વસ્તી વિષેની શંકા વધારે ને વધારે દૃઢ થવા લાગી. પેલી બંદૂકની ગોળી અને આ પેટીને કાંઈક સંબંધ હોવો જોઈએ એવી શંકા થઈ. પેટીને તથા પીપોને બાંધેલાં દોરડાંની ગાંઠો તપાસી ખલાસીએ જાહેર કર્યું: 'વહાણના ખલાસી સિવાય બીજા કોઈના આ ગાંઠ બાંધવાના ભાર નથી!'

'આપણે ગ્રેનાઈટ મહેલે જઈને આ પેટી તોડીશું. એમાં શું છે તે જોઈશું અને એનો કોઈ માલિક બેટ ઉપર મળી આવશે, તો તેને પાછું પહોંચાડી દઈશું.'

'અને એ નહિ મળે તો આપણું તો છે જ ને!' ખલાસીએ અધીરાઈથી કહ્યું.

પેટી વજનદાર હતી; બે પીપો પણ તેને પાણી પર બહુ મુશ્કેલીથી તરતી રાખી શકતાં હતાં.

ગ્રેનાઈટ મહેલની સામે દરિયાકિનારે તેઓ આવી પહોંચ્યા. પીપોને ઢસડીને બધાએ રેતીમાં કિનારા પર આણ્યાં. ખલાસી તરત જ ઉપર જઈને મહેલમાંથી હથોડી, છીણી, વાંસલો વગેરે જે હાથ આવ્યું તે લઈ આવ્યો. તીકમની જરૂર પડશે કે નહિ તેનો વિચાર કર્યા વિના તે પણ ખંભે નાખતો આવ્યો!

ખલાસીની અધીરાઈ જોઈને હાર્ડિંગે પેટી તોડવાનું કામ ખલાસીને ન સોંપતાં સ્પિલેટને સોંપ્યું. ખલાસી પોતાનો ગુનો સમજી ગયો, પણ છતાં તે અધીરાઈ છોડી ન શક્યો. દોરડાં કાપી નાખ્યા પછી પેટીની ઉપરનું પાટિયું છીણીઓ ભરાવીને નોખું પાડયું. પાટિયાની નીચે પાતળા પતરાનું એક ઢાંકણ હતું તે ઊંચું કર્યું, અને જોયું તો અંદર જાતજાતની ચીજો દેખાવા લાગી. સ્પિલેટ એક પછી એક ચીજ બહાર કાઢતો ગયો અને એકેએક ચીજ વખતે હર્બર્ટ, નૅબ અને ખલાસી તાળીઓ પાડીને નાચવા લાગ્યા. ચોપડીઓ જોઈને હર્બર્ટ તો તેને છાતીએ ચાંપવા વાગ્યો; નૅબ રાંધવા-ખાવાનાં વાસણોને ચૂમીઓ ભરવા માંડ્યો.

ટૂંકામાં, આ પાંચેય જણને જરૂરની લગભગ દરેક ચીજ એમાંથી મળી આવી. સ્પિલેટની નોંધપોથીની યાદી પ્રમાણે તેમાં આટલી ચીજો

હતી:

(ક) ૩ છ ફણાંવાળાં ચપ્પુ, ૨ નાની કુહાડી, વાંસલા, ૩ કરવતો, ૩ હથોડા, ૨ શારડી, ૧૦ ખીલાની કોથળીઓ, ૨ સ્ક્રૂનાં બંડલો, ૨ ડ્રિલ, ૬ વીંધણાં, ૨ કાનસ.

(ખ) ૨ ઘોડાવાળી બંદૂકો, ૨ કારતૂસવાળી બંદૂકો, ૫ ખંજરો, ૨ પચીસ શેર દારૂ ભરેલા ડબ્બાઓ, ૧૨ કારતૂસની પેટીઓ.

(ગ) ૧ સેક્સ્ટન્ટ, ૧ દૂરબીન, ૧ ભૂમિતિનાં સાધનોની પેટી, ૧ હોકાયંત્ર, ૧ થરમૉમીટર, ૧ બૅરોમીટર, ૧ કૅમેરો તથા તેનાં સાધનોની પેટી.

(ઘ) ૨ ડઝન ઊન જેવા કાપડનાં બનાવેલાં ખમીસો, ૩ ડઝન મોજાં, ૧ લોઢાની કડાઈ, ૬ ત્રાંબાની કડાઈ, ૨ રકાબીઓ, ૩ લોઢાની થાળીઓ, ૧૦ ચિનાઈ માટીની થાળીઓ, ૨ કીટલી, ૧ સ્ટવ, ૬ છરીઓ.

(ચ) ૧ બાઈબલ, ૧ નકશાપોથી, ૧ શબ્દકોશ, ૧ વનસ્પતિ તથા પ્રાણીશાસ્ત્રનો જ્ઞાનકોશ (૬ ભાગમાં), ૩ રીમ કોરા કાગળો, ૨ કોરી નોટો.

‘આટલાં સાધનો એકીસાથે પેટીમાં મૂકનાર માણસ ખરેખર ભારે અજબ ભેજાનો હોવો જોઈએ!’ સ્પિલેટે પેટી ખાલી કરીને કહ્યું: ‘આટલાં સાધનો માણસ પાસે હોય તો તે દુનિયામાં ગમે તે ભાગ ઉપર જઈ પડે તોપણ પોતાનું ફૂટી લે.’

‘અને આ પેટીનો માલિક કોઈ ચાંચિયો કે એવો ન જ હોય!’

બધાં સાધનો બારીકાઈથી તપાસ્યાં: પુસ્તકો પણ જોયાં. એકેયમાં તેના બનાવનારનું કે કંપનીનું કે દેશનું નામ ન હતું. સાધનો ઉપરથી તેના માલિકને ઓળખી કાઢવો એ મુશ્કેલ હતું. પણ અત્યારે તેઓ એટલા આનંદમાં હતા કે તેનો વિચાર તેઓ કરી શકે તેમ હતું જ નહિ. ઈશ્વરનો તેમણે ખરા હૃદયથી પાડ માન્યો. કારણ કે પેટીનો કોઈ માલિક ન મળે તો ઈશ્વર જ તેનો ખરો માલિક હતો.

ખલાસીને આમાં એક જ વસ્તુની ખામી જણાઈ, અને તે તમાકુ. તેનાથી બોલ્યા વિના રહેવાયું નહિ: ‘જો એક તમાકુનું નાનું પડીકું આમાં હોત તો બસ, દુનિયામાં મારે બીજા કશાની જરૂર ન હતી!’

બધો સામાન તેઓ ગ્રેનાઈટ મહેલમાં લઈ ગયા. નવાં વાસણોમાં આજે નૅબે રાંધ્યું અને બધાએ આજે અમેરિકન પદ્ધતિથી ટેબલ પર છરીકાંટાથી ખાણું ખાધું! આજે સંયોગવશાત્ ૨૯મી ઑક્ટોબર ને રવિવારનો દિવસ હતો – તેમની પ્રાર્થનાનો દિવસ હતો. રાત્રે તેઓ વચલા ઓરડામાં ભેગા થયા. હાર્ડિંગે બાઇબલ ખોલ્યું. તેની નજરે ઓચિંતું પહેલું વાક્ય આ પ્રમાણેનું પડ્યું: ‘જે માગે છે, તેને મળે છે; અને જે શોધે છે, તે પામે છે.’

આ વાક્ય હાર્ડિંગે ધીરગંભીર અવાજે ઉચ્ચાર્યું ત્યારે સહેજે બધાની આંખો ભાવભીની થઈ.

# ૩ : બેટને બીજે છેડે

પેટીના બનાવ પછી અધૂરો રાખેલો પ્રવાસ પૂરો કરવા માટે તેઓ તૈયારીઓ કરવા લાગ્યા. હાર્ડિંગે આ વખતે જુદો જ માર્ગ લેવાનું નક્કી કર્યું. મર્સી નદીમાં હોડી હાંકી શકાય ત્યાં સુધી તેમાં ઠેઠ હોડીથી જવું; ત્યાંથી ચાલીને બેટના પશ્ચિમ કિનારા સુધી જવું; અને ત્યાંથી ફરતાં ફરતાં બીજે રસ્તે થઈને મુકામે આવી પહોંચવું. મુસાફરી લાંબી હતી. કેટલા દિવસ થશે તેની તેમને ચોક્કસ ગણતરી ન હતી, અને પાછા સહીસલામત અવાશે કે નહિ તેની પણ ખાતરી ન હતી. તેમની પાસે હથિયારો આવી ગયાં હતાં, એટલે તેમને બીક ઓછી હતી. હથિયારો ઉપરાંત દૂરબીન, કુહાડી ને એવાં એક-બે સાધનો લઈને તેઓ ૩૦મી ઑક્ટોબરે સવારે એટલે કે બીજે જ દિવસે નીકળી પડ્યા.

હોડીને મર્સી નદી પાસે ઢસરડીને લઈ ગયા, અને બધા તેમાં કૂદી પડ્યા. નદીનો પ્રવાહ તદ્દન શાંત હતો એટલે હોડીને હાંકવામાં બહુ મહેનત પડે તેમ ન હતું. જંગલો વચ્ચે થઈને હોડી ચાલવા લાગી. હોડીમાં બેઠાં બેઠાં નિરાંતે શિકાર કરી શકાય એવી રીતે પક્ષીઓ નજરે પડતાં હતાં, પણ હાર્ડિંગનો હુકમ ન હોવાથી પક્ષીઓને મારી શકાય તેમ ન હતું. બંદૂકનો ઉપયોગ નછૂટકે જ કરવો એવો હાર્ડિંગનો અભિપ્રાય હતો, કારણ કે શિકાર કરતાં પણ વધારે અગત્યનો પ્રસંગ હથિયાર વાપરવા માટે ઊભો નહિ થાય તેની ખાતરી ન હતી.

બપોરે હોડી એક જગ્યાએ થોભાવી. ખાવાનો નાસ્તો સાથે લીધો હતો તે ખાધો. આસપાસથી થોડેક ફરીને સાંજ માટેનો શિકાર હર્બર્ટ અને સ્પિલેટ લઈ આવ્યા. હર્બર્ટને માટે આ જંગલ એક મોટા પુસ્તક જેવું હતું. જાતજાતનાં ઝાડો તેણે ઓળખવા માંડ્યા. યુકેલિપ્ટસનાં જંગી ઝાડો તેણે આડેધડ ઊગેલાં દીઠાં!

થોડી વાર આરામ કરી તેઓ વળી આગળ ચાલ્યા. બધા હોડીમાં જ બેસી નહોતા રહેતા, વારાફરતી ઊતરીને તેઓ કિનારા પર બધું જોતાં જોતાં જતા હતા. મનુષ્યની વસ્તીનું એક ચિહ્ન તેમને હજુ દેખાયું નહોતું. અહીંથી નદી હવે વાયવ્ય ખૂણા તરફ વાંક લેતી હતી, તેમ તે ધીમે ધીમે સાંકડી પણ થતી જતી હતી. કોઈ કોઈ જગ્યાએ તેની ઊંડાઈ સાવ ઓછી જણાતી હતી અને એવી જગ્યાએ હોડી ઘસડવી પણ પડતી હતી. વધારે આગળ જતાં હોડી હંકારવાનું ખૂબ મુશ્કેલ થઈ પડ્યું. સાંજ પણ પડવા આવી હતી. ઊંચાં ઊંચાં ઝાડોના પોતાનાથીય ઘણા લાંબા પડછાયા પડતા હતા. હજુ પશ્ચિમનો કિનારો લગભગ પાંચ-છ માઈલ દૂર હશે એમ લાગતું હતું. રાત વખતે એટલો ભાગ તદ્દન અજાણ્યા જંગલમાંથી કાપવો એ ગાંડું સાહસ હતું. હોડીને કાંઠા ઉપર ખેંચીને ત્યાં આગળ તેમણે પડાવ નાખ્યો.

અહીં પહેલી જ વાત તેમણે વાંદરાઓનું મોટું ટોળું જોયું. વાંદરાઓ જાણે આ નવાં પ્રાણીઓનો અભ્યાસ કરતા હોય તેમ તેમની સામે તાકી રહ્યા હતા – અને હાર્ડિંગે જો ખલાસીને રોક્યો ન હોત તો તેની બંદૂકે એકાદ વાંદરો નીચે જ પડ્યો હોત! આસપાસની જગ્યા સંધ્યાકાળને લીધે ખૂબ રમણીય લાગતી હતી.

મોટું તાપણું સળગાવીને તેઓએ વાળુ કર્યું. રાત્રે ઊંઘી શકાય તેમ હતું નહિ, કારણ કે આસપાસ ચારે બાજુથી હિંસક પ્રાણીઓના ભયંકર અવાજો આવતા હતા. તાપણું આખી રાત સળગતું જ રાખ્યું અને રાત નિર્વિઘ્ને પસાર કરી. ૩૧મી ઑક્ટોબરની વહેલી સવારે તેઓએ પગપાળા પોતાની મુસાફરી આગળ શરૂ કરી. કુહાડી વડે માર્ગ કરતા કરતા તેઓ ગાઢ જંગલમાં થઈને આગળ વધ્યા. નદીરસ્તે થઈને પોતાના ગ્રેનાઈટ મહેલથી લગભગ સાત માઈલ સુધી આવી પહોંચ્યા હતા. ઉત્તરમાં ફ્રેંકલીન પર્વત ત્યાંથી લગભગ ત્રણ માઈલ દૂર રહ્યો હતો. જેમ જેમ તેઓ આગળ જતા ગયા, તેમ તેમ જંગલમાં ઊંચાં ઊંચાં ઝાડોની જગ્યાએ હવે નાના નાના છોડ અને ઘાસ નજરે પડવા લાગ્યાં. ભૂંડ, કાંગારું ને એવાં પ્રાણીઓ સંખ્યાબંધ નજરે પડવા લાગ્યાં. આગળ ચાલતાં એક નાની એવી નદી આડી આવી. બધાં તેને તરીને પેલી બાજુ જવા માટે તૈયાર થયા હતા ત્યાં હાર્ડિંગે તેમને રોક્યા. તેણે કહ્યું: ‘જો આપણે દરિયાકાંઠે પહોંચવું છે તો આ નદીને ઓળંગવા કરતાં કાંઠે કાંઠે જઈશું તો ભૂલા પડ્યા વગર આપણે દરિયાકાંઠે પહોંચી શકીશું; કારણ કે આ નદી દરિયાને જ મળતી હોવી જોઈએ.’

નદીમાં રંગબેરંગી માછલીઓ તરતી જોઈ ખલાસીએ હાર્ડિંગની નામરજી છતાં તેની પાસેથી પરાણે રજા લઈને થેલી ભરીને માછલીઓ પાંચ મિનિટમાં ભેગી કરી લીધી. તેઓ આગળ ચાલ્યા ત્યાં લગભગ સાડાદસે એકાએક તેમની નજરે ઘુઘવાટ કરતો દરિયો દેખાયો. પૂર્વના કિનારામાં અને પશ્ચિમના કિનારામાં કેટલો જબરો ફરક હતો! પૂર્વના કિનારા ઉપર ખડકોની હારો હતી, ત્યારે પશ્ચિમના કિનારા ઉપર ઠેઠ કાંઠા સુધી વનસ્પતિ ઊગેલી હતી. જાણે બંધ બાંધ્યો હોય એમ કુદરતી રીતે પાણીની સપાટીથી સહેજ ઊંચો કિનારો ત્યાં આવેલો હતો. પાણીની છોળો તેની સાથે અથડાઈને ઠેઠ કાંઠા ઉપરનાં ઝાડોને ભીંજવતી હતી. પેલી નાનકડી નદી અહીં આગળ ધોધ થઈને દરિયાને મળતી હતી. દક્ષિણ બાજુ થોડેક સુધી આ પ્રમાણે વનસ્પતિ ઊગેલી હતી. ઉત્તર બાજુ પણ લગભગ બે માઈલ સુધી ઝાડોવાળો કિનારો હતો, ને તે પછી ખડકોની હારો દેખાતી હતી. અહીંથી દરિયો ઘણે લાંબે સુધી જોઈ શકાતો હતો. ક્યાંયે વહાણ કે એવું દેખાતું ન હતું. આટલું ફર્યા છતાં ક્યાંય પણ માણસનું ચિહ્ન મળ્યું ન હતું; છતાં હજુ દક્ષિણ બાજુનો બધો કિનારો ફરી વળાય ત્યાં સુધી હાર્ડિંગ કોઈ પણ અભિપ્રાય આપવા માગતો ન હતો. ત્યાં આગળ નાસ્તો કરીને

તેઓ કિનારે કિનારે દક્ષિણમાં ઊતરવા લાગ્યા. ત્યાંથી દક્ષિણનો પૂંછડી આકારનો છેડો લગભગ બાર માઈલનો હતો. હવા અને સૂર્યનો તાપ બંને અનુકૂળ હતાં, એટલે તેઓ ખૂબ ઝડપથી ચાલી શક્યા. ઝડપથી ચાલવા છતાં તેઓ જે શોધવા માટે નીકળ્યા હતા તે જોવામાં જરાયે ઉતાવળ કરતા ન હતા. પાંચ વાગે દક્ષિણના છેડાથી તેઓ બે માઈલ જેટલા દૂર રહ્યા હતા.

રાત ઠેઠ છેડા ઉપર ગાળવી એમ નક્કી હતું, એટલે અંધારું થતાં પહેલાં તેઓ દક્ષિણ છેડે આવી પહોંચ્યા. એક સરસ જગ્યા પસંદ કરીને ત્યાં પડાવ નાખ્યો. અહીં આગળ હર્બર્ટે લીલા વાંસનાં મોટાં ઝુંડ શોધી કાઢ્યાં. તેણે કહ્યું: ‘આ વાંસમાંથી ટોપલીઓ, ગુંદર, વાંસળી, વગેરે ઘણું બની શકે – એટલું જ નહિ પણ આ વાંસની લીલી કૂંપળો કેટલીક જગ્યાએ ખાવાના ઉપયોગમાં પણ લેવાય છે. વળી એમાંથી એક જાતનો પીવાનો દારૂ પણ બને છે.’

વાંસમાં આટલા બધા ગુણો હોવા છતાં એક તમાકુ ઉત્પન્ન કરવાનો ગુણ નથી એ જોઈ ખલાસીને દિલગીરી થઈ!

અહીં આગળ પડાવ નાખીને તેઓ ફરતા હતા. ફરતાં ફરતાં એક ગુફામાં હર્બર્ટની નજરે કાંઈક પડ્યું. કૂતૂહલથી શું છે તે જોવા માટે અંદર જતો હતો ત્યાં ખલાસીએ તેના હાથ પકડી તેને ખેંચી લીધો. તે ‘જેગુઆર’ નામનું વાઘની જાતનું ભયંકર પ્રાણી હતું; તેની આંખો અંગારા જેવી ચળકતી હતી. માણસ જોઈને તે પ્રાણી ઊભું થયું અંને ધીમે પગલે ગુફામાંથી બહાર નીકળવા લાગ્યું. ખલાસી અને હર્બર્ટ ગભરાયા. તેઓ ભાગવાની તૈયારી કરે તે પહેલાં તો જેગુઆર કૂદ્યું અને હર્બર્ટ ઉપર તરાપ મારે છે ત્યાં તો એક ધડાકો થયો. એક ગોળી જેગુઆરને વીંધીને આરપાસ નીકળી ગઈ! જેગુઆર ત્રાડ નાખીને પડ્યું. હર્બર્ટે પાછળ જોયું તો સ્પિલેટ ખભે બંદૂક લઈને હસતો હસતો ઊભો હતો.

હર્બર્ટ સ્પિલેટને ભેટી પડ્યો: ‘આટલી શાંતિથી તમે આવા પ્રાણીનો શિકાર કરી શકો છો એ તો મને આજે જ ખબર પડે છે! તમારો હાથ ધ્રૂજતોય નથી.’

‘એમાં કોઈ મુશ્કેલ નથી. આપણે મનમાં એમ ધારવું કે આ વાઘ નથી પણ સસલું છે, અને પછી ઠંડે પેટે તાકીને ગોળી લગાવવી.’ સ્પિલેટે હર્બર્ટને શિકારનો પહેલો પાઠ શીખવ્યો.

જેગુઆરનું ચામડું પોતાના મહેલમાં એક સંઘરવાલાયક નમૂનો થશે એમ માનીને તેમણે ઊતરડી લીધું. રાત્રે વાળુ કરીને તાપણું કરી બધા સૂતા. એકાએક બંદૂકના જેવા ધડાકાઓ જોરથી થવા લાગ્યા. બધા જાગી ઊઠ્યા ને બંદૂકો લઈ તૈયાર થઈ ગયા. તેમણે જોયું તો એ ધડાકા બંદૂકના ન હતા, પણ સળગાવેલા તાપણાની ઝાળ વાંસના ઝુંડને લાગવાથી વાંસ

ફૂટવા લાગ્યા હતા! અવાજ તોપના અવાજને પણ બાજુએ મૂકી દે તેવો હતો. કુદરતની આ ભયંકર લીલા જોઈને બધા ખૂબ આશ્ચર્ય પામ્યા.

# ૪ : અરધા માણસનો વધારો

સવારે ઊઠીને બધા નૈઋત્ય દિશાની દરિયામાં ઘૂસી જતી ખડકની અણીને છેડે જઈને ઊભા રહ્યા. દૂરબીન માંડીને હાર્ડિંગે જોયું છતાં કાંઈ દેખાયું નહિ. અહીથી હવે દક્ષિણ કિનારે ચાલતાં ચાલતાં ઠેઠ ગ્રેનાઈટ મહેલના સામેના દરિયાકિનારા સુધી પહોંચી જવું એટલે બેટનો પોણો ભાગ જોઈ વળાશે એવી એમની ગણતરી હતી. ઈશાન અને વાયવ્ય સુધીનો ભાગ જ હવે બાકી રહેવાનો હતો.

અહીંથી દરિયાકિનારાનો વાંક ગણતરીમાં લેતાં લગભગ ત્રીસ માઈલની મુસાફરી તેમને કરવાની હતી. છ વાગે તેઓએ કૂચ શરૂ કરી. કિનારો ખડકવાળો તથા રેતાળ હતો. લગભગ એક વાગે તેઓ એક જગ્યાએ નાસ્તો કરવા થોભ્યા. નાસ્તો કરીને આગળ ચાલ્યા અને લગભગ ત્રણ વાગે તેઓ એક નાની એવી નદીના મુખ પાસે આવ્યા. અહીં આગળ દરિયો અને નદીનાં પાણી ભેગાં થતાં હતાં, અને પાણીની છોળોને લીધે ખડકની અંદર એક નાના એવા તળાવ જેવું કોતરાઈ ગયું હતું. હોડી કે વહાણ રાખવા માટે આવી સુંદર જગ્યા તેમણે બીજે ક્યાંયે નહોતી દેખી. પોતાની હોડી ભવિષ્યમાં અહીં બાંધી રાખવી, અને આ બેટનું એને બંદર બનાવવું એમ બધાએ નક્કી કર્યું. હવે તેમને ઘેર પહોંચવાની પણ ઉતાવળ હતી. આગળ ચાલતા હતા તેવામાં ટૉપ મોઢામાં એક લૂગડાનો કટકો લઈને આવ્યો ને ભસવા લાગ્યો. નૅબે તે કટકો હાથમાં લીધો, એટલે ભસતો ભસતો ટૉપ બેટના અંદરના ભાગમાં જવા લાગ્યો. બધા બંદૂકો રાખીને તેની પાછળ મૂંગા મૂંગા ચાલ્યા. નક્કી હવે કંઈક ભેદ ખૂલવો જોઈએ એમ લાગવા માંડ્યું. તેમને થયું કે કાં તો કોઈ ઘાયલ માણસ હશે અથવા તો કોઈ મરી ગયેલો પડ્યો હશે. જંગલમાં કૂતરાની પાછળ ઘણે સુધી તેઓ ગયા, પણ માણસનું ચિહ્ન દેખાયું નહિ. છેવટે ટૉપ ઊભો રહ્યો અને પાઈનના એક ઊંચા ઝાડ ઉપર બે પગે થઈને ઊંચે જોઈને ભસવા લાગ્યો. બધાએ ઊંચું જોયું.

'અરે! આ તો આપણું ફાટી ગયેલું બલૂન ઝાડમાં ભરાઈ ગયું છે!' ખલાસી બોલી ઊઠ્યો અને તરત ઝાડ પર ચડવા લાગ્યો. નૅબ તેની પાછળ ચડ્યો. લગભગ અરધા કલાકની મહેનત પછી ઝાડમાં ગૂંચવાઈ ગયેલું બલૂન જાળી સહિત તેમણે નીચે પાડ્યું.

'અહા! આપણાં નસીબ કેવાં જોર કરે છે! ભવિષ્યમાં વહાણ બનાવશું ત્યારે સઢને માટેનું કપડું જોઈશે, તે અચાનક આમ મળી ગયું! વળી પહેરવાનાં કપડાં પણ આમાંથી થશે. દોરડાં તો આપણને વહાણમાં ખૂબ કામ લાગશે.' સ્પિલેટે કહ્યું.

ખરેખર પેલી પેટી પછી આ બીજી ભેટ કુદરતે જ તેમને આપી હતી. આ બધો ભાર ઉપાડીને કોઈ રીતે મહેલમાં લઈ જવાય તેમ નહોતું, તેમ અહીંથી તે કોઈ ચોરી જાય તેવો પણ સંભવ નહોતો; એટલે તેને ત્યાં રહેવા દઈ તેઓ આગળ ચાલ્યા. આ બલૂનની શોધ ઉપરથી આ નાનકડા બંદરનું નામ તેમણે ‘બલૂન બંદર’ રાખ્યું. ગ્રેનાઈટ મહેલથી દક્ષિણ કિનારા સુધીની એક મોટી સડકની યોજના પણ તેમણે ચાલતાં ચાલતાં ઘડી નાખી. વચ્ચે મર્સી નદી આવતી હતી, તેના પર મોટો પુલ પણ બાંધવાનો હતો. ચાલતાં ચાલતાં સાંજ પડી ગઈ; અંધારું થવા લાગ્યું. મર્સી નદી આડી આવી. અહીંથી હવે ગ્રેનાઈટ મહેલ ચાર માઈલ દૂર હતો. નદી લગભગ એંશી ફૂટ પહોળી હતી. રાત અહીં જ રહેવું એમ સૌએ ઠરાવ્યું અને વાળુ કરીને તેઓ નિરાંતે સૂતા. જો નદી પર પુલ હોત તો તેઓ રાત્રે ઘેર પહોંચી જાત. તાપણું કરીને તેઓ બેઠા હતા, ત્યાં એકાએક તાપણાના અજવાળામાં દૂરથી નદીમાં કંઈક તરતું દેખાયું. જરા પાસે આવતાં જોયું તો તે હોડી હતી. જરૂર અંદર કોઈ હોવું જોઈએ એવો વહેમ આવતાં બધા તૈયાર થઈ ગયા. હોડી વધારે પાસે આવી ત્યારે જણાયું કે તે ખાલી હતી! કાંઠા પર આવીને હોડી અથડાઈ; ખલાસીએ જઈને જોયું તો તે પોતાની જ હોડી હતી! ફરી વાર બધા બન્યા ને હસી પડ્યા! પણ તરત જ તેમને વિચાર આવ્યો કે આ આપણી હોડી આટલે દૂરથી દોરડાથી ગાઠં છોડાવીને કઈ રીતે આવી હશે? પણ અત્યારે હોડી મળવાના આનંદમાં તેઓ તેનો વિચાર કરી શકે તેમ નહોતું. એ જ વખતે હોડીમાં બેસીને મશાલ સળગતી રાખીને તેઓ ગ્રેનાઈટ મહેલ તરફ ચાલ્યા. હોડી મર્સીના મુખ આગળ ઊભી રહી અને બધા ઊતરીને ગ્રેનાઈટ મહેલની સીડી તરફ ચાલ્યા. પણ ત્યાં જઈને જુએ તો સીડી ગુમ!

બધા સ્તબ્ધ થઈ ગયા! અત્યાર સુધીમાં તેમને ખાતરી થવા લાગી હતી કે બેટ ઉપર કોઈ માણસ નથી. પણ હવે તો તેમને તેથી ઊલટી જ ખાતરી થઈ કે કોઈ માણસ જરૂર પોતાની પાછળ પડ્યો છે. એ વખતે અંધારું હતું એટલે બીજું થઈ પણ શું શકે? સવાર સુધી રાહ જોયા સિવાય બીજો ઉપાય જ નહોતો. દરિયાકાંઠે ખુલ્લામાં પોતાના મહેલને કબજે કરનારને ગાળો દેતા, અને તેને હાથ લાગ્યા પછી શું કરવું તેની યોજના ઘડતા તેઓ પડ્યા રહ્યા.

સવાર પડી. સીડી બે કટકે બનાવેલી હતી, અને તેથી વચ્ચેથી વાળી શકાય તેવી હતી. અત્યારે નીચેનો અર્ધો ભાગ ઉપર ચડી ગયેલો હતો ને ઉપરનો અર્ધો ભાગ હજુ લટકતો દેખાતો હતો! ઉપર ચડનાર ખરેખર ચાલાક હોવો જોઈએ, એટલું જ નહિ પણ આપણને બનાવતો હોવો જોઈએ. હવે શી યુક્તિ કરવી? ઉપર કોઈ રીતે ચડાય તેમ હતું નહિ.

ખલાસીએ નીચે ઊભાં ઊભાં જોરથી બૂમ પાડી. તેની સામે બારીમાંથી કંઈક વિચિત્ર અવાજ સંભળાયો, પણ તે ઓળખી શકાયો

નહિ. ગ્રેનાઈટ મહેલ એ તેમનું રહેવાનું જ ઠેકાણું નહોતું; તેમની લડાઈની સામગ્રીઓ પણ બધી તેમાં જ હતી. આ બધાનો કબજો કોઈ લઈ લે એ અસહ્ય હતું. મહેલમાં કંઈક અવાજ થતો હતો, એ તો સ્પષ્ટ સંભળાતું પણ હતું. જરૂર પોતાની મહેનત એ દુષ્ટો ધૂળધાણી કરી નાખશે એ વિચારે બધા ઊકળી ગયા! પણ શો ઉપાય? છેવટે હાર્ડિંગે બધાને સંતાઈ જવાનો હુકમ કર્યો. બધા ભાગી ગયા છે એમ ધારીને કોઈક બહાર ડોકિયું કરશે એવી હાર્ડિંગની કલ્પના હતી. અરધા કલાક સુધી તેઓ સંતાઈ રહ્યા, પણ તેમાં નિષ્ફળ ગયા.

હાર્ડિંગે એક નવો રસ્તો શોધ્યો. તેણે કહ્યું: ‘આપણે ચાલો ગ્રેનાઈટ મહેલમાં આપણા જૂના રસ્તે થઈને જઈએ.’ કોઈને આ સૂઝ્યું નહોતું. બધા તૈયાર થઈ ગયા. સરોવર બાજુનો રસ્તો હજુ સાવ પૂરી દીધો નહોતો. ત્યાં જઈને તેના પથરાઓ કાઢીને તેઓ અંદર પેઠા. ખૂબ સાવચેતીથી ચારે બાજુ જોતા જોતા તેઓ આગળ વધવા લાગ્યા. કઈ જાતની પરિસ્થિતિ ઊભી થશે તેની તેમને કલ્પના ન હતી. લડવાથી તેઓ બીએ તેવા ન હતા; ઊલટું તેમને લડવાનો પ્રસંગ મળશે એ વિચારથી આનંદ થયો હતો. તેઓ મહેલના પહેલા ઓરડા પાસે આવીને પહોંચ્યા. તેમાં પેસીને જોયું તો કોઈ દેખાયું નહિ. ત્યાંથી બારણામાં જતાં તેમણે જોયું તો બીજા ઓરડામાં બે-ત્રણ મોટા વાંદરાઓ બેઠા બેઠા એકબીજાની જૂઓ કાઢતા હતા. ‘હત્ તારીની!’ ખલાસીએ બૂમ પાડી, ‘મારા વા’લા આ તો વાંદરા છે!’

તેણે બંદૂક તાકી પણ હાર્ડિંગે તેને અટકાવ્યો. બધા અંદર પેસીને બૂમો પાડવા લાગ્યા એટલે વાંદરાઓ ગભરાયા; ધમાચકડી થવા માંડી અને તેમાં તેમની બધી ચીજોને વાંદરાઓ ભાંગીને તોડી નાખવા લાગ્યા. પાછા બધા શાંત થઈ ગયા. થોડી વારે વાંદરાઓ એક પછી એક બારીએથી કૂદીને ભાગવા લાગ્યા. એક વાંદરો રસોડામાં ભરાઈ ગયેલો હતો. હાર્ડિંગે પણ તેને સંમતિ આપી એટલે નૅબે તથા ખલાસીએ તેને પકડીને બાંધ્યો. વાંદરે છૂટવા માટે ખૂબ ધમપછાડા માર્યા પણ તેનું કાંઈ ચાલે તેમ ન હતું. હાર્ડિંગનો વિચાર તેને પાળવાનો હતો; પાંચ માણસની વસ્તીમાં એક અરધો માણસ ઉમેરવાની તેની ગણતરી હતી. આખો દિવસ તેને બાંધી રાખ્યો અને બે ટંક ખાવાનું નિયમિત પહોંચાડ્યું. બીજે દિવસે સવારે હાર્ડિંગ પોતે તેની પાસે ગયો ને તેને હાથમાં ખાવાનું આપ્યું તથા પંપાળ્યો. વાંદરો કંઈ બોલ્યો નહિ. તેને જાણે આનંદ થયો હોય તેમ લાંગ્યું. હાર્ડિંગે કહ્યું: ‘દેખ, અમારી સાથે રહેવું છે ને!’ હાર્ડિંગે તેનું નામ જ્યુપિટર પાડ્યું, અને તેને ‘માસ્ટર જપ’ અથવા ‘જપ’ એવા ટૂંકા નામથી બોલાવવાનું ઠરાવ્યું.

# ૫ : બે નવા મદદગારો

હવે તેમણે થોડાક વખત સુધી ફરવાનું મુલતવી રાખ્યું, અને પોતે ઘડી કાઢેલી બીજી યોજનાઓને અમલમાં મૂકવાનું કામ શરૂ કર્યું. તેમના રહેઠાણથી દક્ષિણ દિશાના ખૂણા પરના બંદર સુધી જવા માટે એક મોટી સડક બનાવવાની વહેલી તકે જરૂર હતી, અને સડકની વચ્ચે આવતી નદી પર બે પુલો પણ બનાવવા પડે તેમ હતા. ઉપરાંત હાર્ડિંગની એક બીજી યોજના પણ હતી: તેમનો ગ્રેનાઈટ મહેલ ત્રણ બાજુથી સહીસલામત હતો. વાયવ્યમાં ગ્રાન્ટ સરોવર હતું, ઉત્તરમાં પેલો નવો ધોધ પડતો હતો અને દક્ષિણમાં મૅરી નદી વહેતી હતી; ફક્ત પશ્ચિમનો લગભગ એક માઈલનો ભાગ ખુલ્લો હતો. સરોવર અને મૅરી નદી સુધીનો માર્ગ કોઈ પણ રીતે પૂરી દેવો જોઈએ, અને તેને માટે એક બીજો પ્રવાહ સરોવરમાંથી વહેવડાવી મેરી નદી સાથે મેળવી દેવો જોઈએ. એમ થાય તો આ મહેલ એક બેટ બની જાય તેમ હતું. આ યોજના પણ અમલમાં મૂકવાની હતી. પેલા ઘઉંના દાણામાંથી હવે ફણગો ફૂટ્યો હતો, તેની પણ સંભાળ લેવાની હતી; ઉપરાંત જંગલમાં રખડતાં ઘેટાંઓને પકડીને એક વાડામાં પૂરવા અને એ રીતે ઊનનો સંગ્રહ કરવો એ પણ તેમની ધારણા હતી. કબૂતરોને રહેવા માટે એક કબૂતરખાનું બને તો ઉત્તમ હતું. કબૂતરખાનામાંથી તેમને ઈંડાં પૂરાં પડે અને ખાવાની મજા વધે. ત્યાંનાં જંગલી મરઘાંને પકડીને તેમનો પણ એક વાડો બનાવવો હતો.

આવાં ઘણાં કામો તેમને ઉપાડીને પાર પાડવાનાં હતાં. બેસીને આરામ કરવાનું તો તેઓ શીખ્યા જ ન હતા. બીજે જ દિવસે તેઓ કામે લાગી ગયા. એન્જિનિયર બધી જાતના નકશાઓ તૈયાર કરી આપતો, અને સાથે કામ પણ કરવા લાગતો. જે બે પુલો બનાવવાના હતા, તે ઉપર ગાડું ચાલી શકે તેવા મજબૂત તો તે બનાવવા જ જોઈએ; ઉપરાંત ધારે ત્યારે ઊંચા લઈ શકાય તેવી યોજના હાર્ડિંગની હતી. સલામતી માટે તેણે બધા વિચારો આગળથી કરી રાખ્યા હતા. ડિસેમ્બરના પહેલા અઠવાડિયા પહેલાં તેમણે પશ્ચિમના ભાગમાં નવો પ્રવાહ તથા પુલોનું કામ પૂરું કરી નાખ્યું. દરમિયાન પેલા 'ઘઉંના ખેતર'ને તો બરાબર સાચવવામાં આવતું હતું. તે હવે જામવા લાગ્યું હતું. ફરતી મજબૂત વાડ બાંધેલી હતી. બધા સવારના ભાતું બાંધીને જતા ને આખો દિવસ કામ કરીને રાત્રે ફક્ત સૂવા માટે મુકામે પાછા આવતા. પુલનું કામ તેમણે પૂરું કરી નાખ્યું એમ કહીએ, પણ તેમ કરવામાં મોટાં મોટાં ઝાડો કાપવાનાં, તેમને વહેરવાનાં, થાંભલા કરવાના, એ બધા કામોનો વિચાર કરીએ તો આપણને નવાઈ લાગે કે આ પાંચ માણસોએ કેવું ભગીરથ કામ ઉપાડ્યું હતું! ઉપરાંત ડિસેમ્બર માસ એટલે ત્યાંનો ભર ઉનાળો. છતાં પણ ચોમાસા પહેલાં બધું કામ પતાવી જ દેવું જોઈએ; એટલે એ સખત તડકામાં પરસેવે રેબઝેબ થઈને પણ તેઓ

કામ કર્યે જતા હતા. માસ્ટર જપે અને ટૉપે હવે ભાઈબંધી બાંધી લીધી હતી; તેઓ બંને પેલા પાંચ જણની સાથે કામે જતા; ઉપરાંત જપ નૅબને રસોઈના કામમાં તથા પીરસવામાં ખૂબ મદદગાર થઈ પડ્યો હતો. જપ હવે ભાગે તેમ નહોતો, કારણ કે ગ્રેનાઈટ મહેલની ટેકરી ફરતી પાણીની ખાઈ જેવું થઈ ગયું હતું. બસો ચોરસવાર જેટલી જગામાં એક મરઘાંનો વાડો તૈયાર કર્યો હતો. આમાં શરૂઆતમાં બે ટીનેમસ તથા બે બતકો આવી હતી; થોડા દિવસ પછી ગેલીનેશિયાનું એક જોડું હર્બર્ટે ઉમેર્યું. ધીમે ધીમે આકર્ષાઈને બીજાં પક્ષીઓ પણ તેમાં આવ-જા કરવા લાગ્યાં અને કેટલાંકે તો પોતાનો કાયમી વાસ પણ ત્યાં જ કરી દીધો. એ વાડામાં એક ખૂણામાં હાર્ડિંગે કબૂતરખાનું પણ ઊભું કર્યું.

આમ બંધા કામો એક પછી એક સંકેલી લીધાં. મોટી સડકનું કામ બાકી હતું તે પણ પુલ બાંધ્યા પછી પૂરું કરવામાં આવ્યું. તેમણે પહેલાં એક ગાડું તો બનાવ્યું હતું, પરતું તે ગાડાનાં પૈડાં એટલાં બધાં જાડાં ને બેડોળ હતાં કે તેને ફેરવવું આકરું પડતું હતું. તેમની પાસે હવે તો સરસ સુતારી હથિયારો પણ આવી ગયાં હતાં, એટલે એક નવું જ ગાડું તેમણે બનાવ્યું. હજુ સુધી ગાડું ખેંચવા માટે બળદ તેમની પાસે નહોતા. આથી કોઈ વાર જરૂર પડતી તો પાંચેય જણ ગાડે જોડાતા અને ખેંચતા; કારણ કે અહીં બંળદ ક્યાંથી કાઢે?

૨૩મી ડિસેમ્બરની આગલી રાત્રે તેમનું બધું કામ પૂરું કરીને બારીમાં બેઠાં બેઠાં હવા ખાતા હતા. હાર્ડિંગે કહ્યું: ‘આવતી કાલે સવારમાં આપણે ગાડું લઈને બલૂન બંદરે જઈને પેલું બલૂનનું કપડું રાખી મૂક્યું છે તે લઈ આવવાનું છે. તે પછી આપણે ખાસ કામ નહિ રહે. પણ આપણે જેમ જેમ સાધનો વસાવતા જઈશું તેમ તેમ આપણું કામ વધતું જવાનું છે. તેને માટે હવે આપણે તૈયાર થવું પડશે.’

સવાર પડી, નૅબે ઊઠીને બારીમાં જોયું તો નીચે બે રોઝ જેવાં પ્રાણીઓ ચરતાં હતાં. ભૂલથી તે દિવસે મર્સી નદી ઉપરનો પુલ ઊંચકવો રહી ગયેલો. નૅબે ખલાસીને બૂમ પાડીને બોલાવ્યો. તુરત તે બોલી ઊઠ્યો: ‘કૅપ્ટન સાહેબ! જુઓ, જેણે આપણને પેટી મોકલી તેણે જ આપણને આ બે રોઝ ગાડે જોડવા માટે મોકલ્યાં છે. નૅબ! તું જલદી જા અને પેલો પુલ ઊંચકી આવ; નહિ તો પાછાં તે છટકી જશે! હાશ, આપણને જેની જેની જરૂર પડે છે તે આપણી પાસે આવીને કોણ જાણે ક્યાંથી ખડું થાય છે!’

બધાને ખરેખર આનંદ થયો. હાર્ડિંગને ભવિષ્યની કેટલીયે યોજનાઓ જાણે આ બે રોઝને જોઈને સફળ થઈ હોય એમ લાગ્યું. આજે બલૂનનું માળખું લેવા જવાનું માંડી વાળી ખલાસીએ પેલા રોઝને પકડીને કેળવવાનું કામ માથે લીધું. તેને માટે એક ધૂંસરી તૈયાર કરી. શરૂઆતમાં તો પેલાં રોઝ કોઈ રીતે તેની પાસે ન આવે; પણ પછી ઘાસની નાની નાની કૂણી પૂળીઓ વગેરેની લાલચ આપીને તેમને પોતાની પાસે

આવતાં કર્યાં. એક અઠવાડિયા સુધી આ માથાકૂટ કરી; આખરે છેલ્લે દિવસે તેને ધૂંસરે જોડવામાં તે સફળ થયો. એક બે દિવસ ગાડું જોડીને તેમને પલોટ્યા. પહેલે દિવસે ખલાસી પોતે હાંકવા બેઠો. તેના આનંદનો પાર નહોતો. હર્બર્ટ પણ ખલાસીના હાથમાંની રાશ ખેંચી લઈને હાંકવા બેસી જતો. રોઝ બરાબર તૈયાર થઈ ગયા પછી તેઓ એક દિવસ ગાડામાં બેસીને ઠેઠ બલૂન બંદર સુધી ગયા અને પેલું બલૂનનું માળખું તથા કપડું ગાડામાં નાખીને ઉપાડી લાવ્યા.

# ૬ : ખલાસીની ઇચ્છા

ડિસેમ્બર પૂરો થયો. જાન્યુઆરીનું પહેલું અઠવાડિયું તેમણે દરજીકામમાં કાઢ્યું, કારણ કે બલૂન તો તેમની પાસે હતું. હવે તો કપડું તથા સોય પણ હતી; દોરાનો તો તોટો હતો જ નહિ. ગમે તેવડું આડુંઅવળું સિવાય છતાં તેમના લોઢા જેવા હાથે મજબૂત સિવાયું હતું એમાં શંકા નહોતી. બાકી જોડા બનાવવાનું કામ પણ તેમણે આ અઠવાડિયામાં કરી લીધું. ૧૮૬૬ની શરૂઆતમાં ગરમી પણ અસહ્ય થવા લાગી. પણ તેમના મહેલમાં બારીએથી તો દરિયાનો સુંદર પવન વાતો હતો. ફક્ત બહાર જંગલમાં શિકાર માટે જતા ત્યારે જ મગજ તપી જતું. તોય તે કર્યા સિવાય છૂટકો નહોતો. શિકાર માટે હવે બંદૂક આવી હતી પણ બંદૂકમાં વાપરવાની સીસાની ગોળીઓ થોડી હતી; તે જો આ રીતે વાપરી નાખે તો કદાચ ભવિષ્યમાં અકસ્માત વખતે મુશ્કેલી આવી પડે. એટલે સાધારણ પક્ષી વગેરે મારવા માટે સીસાને બદલે હાર્ડિંગે લોઢામાંથી નવી જાતની ગોળીઓ બનાવી. આ ગોળીઓ સીસાની ગોળી જેવી વજનદાર નહોતી, પણ સ્પિલેટે તે ગોળીઓને પોતાને ઉપયોગ આપતી કરી દીધી. આને માટે બંદૂકમાં ભરવાનો દારૂ પણ બનાવવાનો જ હતો. હાર્ડિંગ તથા હર્બર્ટે આને માટે જંગલમાંથી વનસ્પતિ શોધી કાઢી હતી. આમાંથી એક જાતનો દારૂ બનાવ્યો. જોકે કોલસા, ગંધક અને સૂરોખારમાંથી બનતા દારૂ જેવો તો તે ન બની શક્યો; તોય તેમનું કામ ચાલે તેવો તો તે હતો જ. ખોરાકમાં તેમને શાકની ખોટ પણ ખૂબ સાલતી હતી. જંગલમાંથી જંગલી કૉબી ને એક જાતના બટેટા વગેરેને ભેગાં કરીને તેનો એક બગીચો નદીકાંઠે કર્યો. એ ફળદ્રુપ જમીનમાં શાક ઊગતાં વાર ન લાગી. રસોડામાં હવે શાકનો ધમધમાટ થવા લાગ્યો. માછલીને માટે હવે તો પૂરતી વ્યવસ્થા હતી. ખોરાકમાં ફક્ત ઘઉં સિવાય હવે કંઈ તેમને જોઈતું ન હતું. પણ ખલાસીને ભોજન પછી પીવા માટે તમાકુની મોટી ખોટ હતી અને તે તેને બહુ સાલતી હતી!

જાન્યુઆરીની આખરમાં તેમણે એક પશુશાળા બાંધવાની યોજના કરી. જંગલી ઘેટાં તથા બકરાં પુષ્કળ હતાં; તેમની પાસેથી દૂધ શા માટે ન મેળવવું? અને દૂધમાંથી દહીં, છાશ, માખણ, ઘી બધુંય તેમને મળે તેવું હતું. આથી જંગલની વચ્ચોવચ્ચ એક નાનું ઝરણું હતું. તેની આસપાસ એક મોટી વાડ બનાવી અને મજબૂત લાકડાના ખૂટાં નાખીને તેને પાકી કરી દીધી. પશુશાળાને એક મોટું ફાટક પણ બનાવ્યું. હવે તેમાં પશુઓને પૂરવાનું કામ બાકી હતું. આ ખૂબ મુશ્કેલ હતું. રોજ પાંચે જણા જ્યાં આગળ બકરાંનાં ટોળાં હોય તેને ઘેરી વળતા અને પશુશાળાની વાડ તરફ ભગાડતા તેમને લઈ જતા. આમાંથી કેટલાંક છટકી જતાં; છતાં સાંજ પડે ત્યારે થોડાંઘણાં તો જરૂર પુરાતાં. આ રીતે થોડાક રોઝ, ઘેટાં ને બકરાં પણ

પુરાયાં. એમની વસ્તી ધીરે ધીરે વધશે એમ માનીને એટલાથી તેમણે સંતોષ માન્યો. પુરાયેલાં પ્રાણીઓએ બેત્રણ દિવસ અંદર તોફાન કર્યું, પણ પછી નિરુપાય થઈને નિરાંતે રહેવા લાગ્યાં. ઝરણું તે પશુશાળાની વચ્ચે થઈને જ વહેતું હતું અને આસપાસ લીલું ઘાસ બારે માસ રહેતું; આથી તેમને ખવરાવવા-પિવરાવવાની પંચાત રહેતી જ નહિ.

ફેબ્રુઆરી મહિનામાં ખાસ જાણવા જેવું કંઈ બન્યું નહિ. જે કામ ઉપાડેલું તેને વધારે વ્યવસ્થિત કરવાનું તેમણે આ મહિનામાં કર્યું. પશુશાળા સુધીનો પણ એક સારો રસ્તો બનાવી લીધી.

આખા દિવસની ગરમી પછી સાંજના તેઓ બહાર ટેકરી ઉપરના એક સપાટ ભાગ ઉપર હવા ખાવા બેસતા. તે વખતે કોઈ કોઈ વાર તેમને વહાલો દેશ યાદ આવી જતો અને સહેજ હૃદય ભાવભીનાં થઈ જતાં. દેશમાં પોતાનાં સગાંવહાલાં, મિત્રો પોતાને શોધતાં હશે તેનો વિચાર ઘણી વાર તેમને ઉદાસ કરી મૂકતો; પણ હાર્ડિંગ તેમને જાતજાતની નવી યોજનાઓ બતાવીને ઉત્સાહમાં લાવી દેતો. કોણ જાણે કેમ, પણ તેને મનમાં એમ હતું કે આ બેટ ઉપર આપણા પાંચ ઉપરાંત છઠ્ઠો માણસ છે.

માર્ચની શરૂઆતથી જ હવા બદલાવા લાગી. જેઠ મહિનામાં જેમ વાદળાં અને તડકો બંને જોર કરે તેમ આ બેટ ઉપર આ દિવસોમાં થવા લાગ્યું. પૂર્વમાંથી કોઈ વાર પવન ફૂંકાતો અને આંધી ચડી આવતી. કોઈ વાર મોટા કરા પણ પડતા. ખલાસીને ખેતરની ચિંતા થવા લાગી. ત્યાં તે દોડ્યો અને લીલા ઘઉંની ઊંબીઓ ઉપર મોટું કપડું ઢાંકી દીધું; એકાદ અઠવાડિયું આવું તોફાન ચાલ્યું. આ તોફાનમાં બહાર નીકળાય તેમ નહોતું, એટલે મહેલની અંદર કરવા જેવું કામ તેમણે ઉપાડ્યું. બંદૂકો રાખવાનો ઘોડો, ખાવાનો સામાન રાખવાનાં મોટાં કબાટો, એવું પરચૂરણ કામ તેઓ આવી ખરાબ ઋતુનો લાભ લઈને કરી નાખતા. નવરા પડવાનું તો તેઓ જાણતા જ ન હતા.

માસ્ટર જપ પણ રસોડામાં મદદગાર તરીકે બરાબર કામ કરતો હતો. ટૉપ કરતાં તે વધારે ઉપયોગી થઈ પડ્યો. કોઈ પણ વસ્તુ તેની પાસે મંગાવતાં તે તરત હાજર કરી આપતો.

બધાની તંદુરસ્તી તો આશ્ચર્ય પમાડે તેવી હતી. માંદગીનો કે માથું દુખ્યું હોય એવો એક દિવસ ગયો નહોતો. હર્બર્ટ બે ઈંચ જેટલો વધ્યો ને મોટો આદમી હોય તેવો દેખાવા લાગ્યો. મૂછનો દોરો પણ હવે તેને ફૂટવા લાગ્યો હતો. ઉપરાંત તેણે પેલાં છ પુસ્તકોમાંથી ખૂબ જ્ઞાન મેળવ્યું હતું. વળી હાર્ડિંગ પણ તેની પાસે જ હતો. સ્પિલેટ પાસેથી તે કેટલાય દેશોની ભાષા પણ શીખ્યો હતો. તેની નિશાળ ચાલુ જ હતી.

એક દિવસ વાતમાંથી વાત નીકળતાં હાર્ડિંગને ખલાસીએ કહ્યું: ‘તમે કહેતા હતા કે આપણે આ નિસરણી પર ચડ-ઊતર કરવાને બદલે

એક એની મેળે નીચે ચડે-ઊતરે તેવી લિફ્ટ બનાવીશું, તે યાદ છે?'

'હા, ચાલો બનાવીએ; એમાં શું મુશ્કેલ છે?'

'પણ આપણી પાસે એવું યંત્ર ક્યાં છે? અને નવું યંત્ર બનાવવાનાં સાધનો પણ નથી.'

'અરે, આપણી પાસે પાણીનો આવડો મોટો આ ધોધ છે તે યંત્ર જ છે ને! આ ધોધ નકામો આપણને કંઈ પણ કામમાં આવ્યા સિવાય વેડફાઈ જાય તે કેમ ચાલે? જુઓ, આ ધોધની પાસે એક મોટું લાકડાનું ચક્કર મૂકી સાથે એક દોરડું બાંધીશું અને દોરડાને છેડે એક મોટી ટોપલી મૂકીશું. ધોધના પાણીના જોરે જેમ દોરડું વીંટાશે તેમ તેમ ટોપલી ઊંચે ચડશે. ઉપર ચડ્યા પછી અંદર વજન મૂકીશું, એટલે નીચે તો સહેલાઈથી જઈ શકાશે.

યોજના વિચારી લીધા પછી તે પાર પાડતાં તેમને વાર લાગતી જ નહિ. તે જ દિવસથી કામ શરૂ થઈ ગયું. ૧૭મી માર્ચે લિફ્ટ ખુલ્લી મૂકવામાં આવી. જાણે અમેરિકાના કોઈ પચાસ માળના મકાન પર ચડતા હોય એટલો આનંદ તેમને તે વખતે થયો. જ્યારે લિફ્ટનો ઉપયોગ ન હોય ત્યારે તે ચક્કરને ધોધ નીચેથી ખસેડી લેવામાં આવતું. પાછું જ્યારે તેની જરૂર પડે ત્યારે ધોધ નીચે મૂકવાથી તે તેમના કામમાં આવતું હતું. બધો મોટો સામાન હવે આ જ રીતે ઉપર ચડાવવામાં આવતો.

હાર્ડિંગે કાચનું કારખાનું કરવાનો પણ વિચાર કર્યો. આ માટેનાં રસાયણો બધાં આ બેટ ઉપર મળી શકે તેમ હતાં. ચાક અને કારબોનેટ અથવા સલ્ફેટ સોડા એટલી વસ્તુઓની તેમાં જરૂર હતી. એ બધાં સાધનો ભેગાં કરીને એક મોટી ભઠ્ઠી મહેલના એક ઓરડામાં નાખી. હર્બર્ટ તથા સ્પિલેટ તેની મદદમાં હતા. મોટી મુશ્કેલી તો ફૂંકવાની ભૂંગળીની હતી. ભૂંગળીમાંથી ફૂંક મારવાથી કાચના રસમાંથી આકારો થાય છે અને તેને ઠારવાથી તેનાં વાસણો વગેરે બની શકે છે. આ ભૂંગળી લોઢાનું એક પાતળું પતરું વાળીને બનાવવામાં આવી. આમાંથી પવન થોડોઘણો બહાર નીકળી જતો, પણ ખલાસીની મજબૂત છાતીમાંથી ફૂંકાતો પવન બીજાની છાતી કરતાં બે-ત્રણ ગણો થાય તેટલો હતો.

પહેલવહેલાં કાચની બારીઓ બનાવવામાં આવી. એમાં બરાબર સફળ થયા પછી પ્યાલા વગેરે બનાવવા માડ્યું. પેનક્રૉફ્ટ કોઈ વાર એટલા જોસથી ફૂંકતા કે રસમાંથી આકાર બનવાને બદલે રસ ઊડી જતો! આ રીતે કાચના કારખાનામાંથી તેમણે ઘણું ઉત્પન્ન કર્યું.

એક દિવસ જંગલમાં ફરતાં ફરતાં હર્બર્ટને એક ઝાડ મળી આવ્યું. આ ઝાડમાંથી એવી જાતનો ભૂકો નીકળતો હતો કે જેનો ઉપયોગ રોટી બનાવવામાં પણ થઈ શક. એનું નામ પણ 'રોટીનું ઝાડ' કહેવાતું હતું. તેનું શાસ્ત્રીય નામ 'સિકાસ રેવૉલ્યુટા' હતું. તે જ દિવસે તેમાંથી ભૂકો કાઢીને તે

ઘેર લઈ ગયો. બીજે દિવસે બધા ત્યાં સાથે જઈ પહોંચ્યા અને ખૂબ ભૂકો એકઠો કરી લાવ્યા. પછી તેની પૂરીઓ, બિસ્કિટ તથા રોટી બનાવી. તેનો સ્વાદ ઘઉંની રોટી કરતાં કોઈ રીતે ઊતરે તેવો ન હતો.

દૂધ પણ હવે તો તેમને મળવા લાગ્યું હતું. રોજ ગાડામાં બેસીને નૅબ પશુશાળામાંથી ઘેટાં ને બકરાં દોહી આવતો. જોઈએ તે કરતાં પણ વધારે દૂધ તેઓ પીતા અને તેમાંથી ઘી પણ બનાવતા. પશુશાળામાં ઢોરની સંખ્યા પણ ઠીક ઠીક વધવા લાગી હતી. બધી રીતે સુખ ને સુખ હતું; પણ આખરે તેઓ માણસ હતા. પોતાનો દેશ સાંભર્યા વગર કેમ રહે? રોજ તેઓ ઊંચે ચડીને ચારે બાજુ દૂરબીનથી નજર નાખતા કે ક્યાંયે વહાણ જેવું દેખાય છે?

એક દિવસ તેઓ બેઠા હતા તેવામાં સ્પિલેટે વાત કાઢી; કૅપ્ટન સાહેબ! આપણી પાસે ભૂમિતિનાં બરાબર માપવાનાં સાધનોની પેટી આવી છે, ત્યારે આપણે ફરી એક વાર આ બેટના અક્ષાંશ-રેખાંશ માપી જોઈએ તો? કારણ કે આપણી પાસે દુનિયાનો નકશો પણ હવે તો છે; તેના પરથી આપણે જોઈ શકીશું કે આટલામાં આસપાસ જાણીતો કોઈ બીજો દેશ છે કે નહિ.'

હાર્ડિંગે આ વાત કબૂલ કરી. બીજે જ દિવસે બપોરે પહેલાંની જગ્યાએ જઈને હાર્ડિંગે સૂર્યની ગતિ તથા પડછાયા ઉપરથી બેટના અક્ષાંશ-રેખાંશ નક્કી કર્યા. વગર સાધને જે તેણે પહેલાં માપ લીધું હતું તેમાં અને આ માપમાં પાંચ અંશનો જ ફેર નીકળ્યો.

હવે તેમણે ઍટલાસમાં તપાસ્યું તો લગભગ તે જ રેખાઓ ઉપર એક નાનો ટાપુ હતો. તેનું નામ ટેબર દ્વીપ હતું. તે લિંકન બેટથી લગભગ ૧૫૦ માઈલને અંતરે હતો.

ખલાસીએ તે જ વખતે પોતાનો નિર્ણય જાહેર કર્યો: 'જો આપણાથી આટલે નજીક જ એક બેટ છે, અને વળી ભૂગોળમાં તે જાણીતો છે તો આપણે વહાણ બનાવીને ત્યાં પહોંચી જવું જોઈએ. ત્યાં આગળ વસ્તી છે કે નહિ તે જાણવાનું મળશે, ને વળી સફર પણ થશે!'

બધાએ એ નિર્ણય કબૂલ રાખ્યો, અને ઑક્ટોબર સુધીમાં મોટું વહાણ બનાવીને અનુકૂળ દિવસે તે હંકારવાનું તેમણે નક્કી કર્યું.

## ૭ : વહેલ

ખલાસીનું એવું હતું કે એક વાર તેના મગજમાં ધૂન આવી પછી તે નીકળવી મુશ્કેલ થતી. ટેબર બેટ ઉપર કોઈ પણ રીતે પહોંચવું જ, એમ તેણે નક્કી કર્યું. ફર નામનું ઝાડ વહાણ બનાવવાના લાકડા તરીકે પસંદ કરવામાં આવ્યું. છ મહિના પછી દરિયાઈ સફરની અનુકૂળ ઋતુ આવવાની હતી, એટલે વહાણ બનાવવા માટે એટલો સમય પૂરતો હતો. અઠવાડિયામાં જંગલમાં ફરીને ઝાડની તપાસ કરવામાં આવી અને તેમના રહેઠાણનાં મૂળ કોતરો તથા ગ્રેનાઈટ મહેલ વચ્ચે એક જગ્યાએ વહાણ બનાવવાનું કારખાનું ખોલવામાં આવ્યું.

કામ શરૂ થયું. ખલાસીનું હવે ધડ પર માથું નહોતું. હાર્ડિંગ પણ તેની સાથે જ મદદમાં હતો. સ્પિલેટ અને હર્બર્ટ સાથે કામ કરવા લાગતા; પણ તેમનો થોડો વખત શિકારમાં, શાક વીણવામાં ને એવા કામમાં જતો. નૅબ રસોડામાંથી ફાજલ પડતો વખત આમાં આપતો હતો. જ્યારે ઘઉંના ખેતરની લાણીનો વખત આવ્યો ત્યારે થોડોક વખત ખલાસીનું વહાણ બાંધવાનું બંધ રહ્યું. કારણ કે એ કામ ખલાસીને જ કરવાનું હતું. પાક સારો ઊતર્યો હતો; પણ આમાંથી નીકળેલા બધા ઘઉંના દાણાને જો ફરી વખત વાવવામાં આવે તો તેમાંથી આવતી સાલે કોઠાર ભરાય તેટલો દોણી થાય તેમ હતું. એટલે ફરી પાછા આ બધા ઘઉંને વાવી દેવામાં આવ્યા. સાથે સાથે ઘઉંને દળવાની યોજના પણ હાર્ડિંગે ઘડી કાઢી.

આ દરમિયાન સ્પિલેટ તથા હર્બર્ટ બેટનો બાકી રહેલો પશ્ચિમનો તથા ઈશાનનો ભાગ ઢૂંઢી વળ્યા હતા. એક દિવસ ફરતાં ફરતાં તેઓ એક વિચિત્ર ગંધવાળા છોડ પાસે આવી પહોંચ્યા. સ્પિલેટે તેની એક ડાળખી તોડીને હર્બર્ટને બતાવી. હર્બર્ટે તે સૂંઘીને કહ્યું: ‘હવે વાંધો નહિ. ખલાસીને જે જોઈતું હતું તે મળી ગયું છે.’

‘શું મળી ગયું?’

‘બીજું શું હોય? તમાકુ!’ હર્બર્ટે તે છોડનાં પાંદડાં ખીસામાં ભરી લીધાં. ઘેર જઈને તેનો ભૂકો કરીને ચલમમાં ભરી રાખ્યો. રાત્રે બધા ખાવા બેઠા, તે દરમિયાન હર્બર્ટે નૅબને ચલમ સળગાવી રાખવાની સૂચના આપી દીધી હતી. બધા જમીને ઊઠ્યા કે તરત જ હર્બર્ટ રસોડામાંથી સળગેલી ચલમ લઈ આવ્યો ને ખલાસીના હાથમાં મૂકી.

ખલાસીના આનંદનો પાર ન રહ્યો: ‘બસ, હવે દુનિયામાં મારે માટે એકે ચીજની ખોટ નથી રહી!’

*       *       *

થોડાક દિવસથી ગ્રેનાઈટ મહેલની સામે દરિયામાં ત્રણેક માઈલને અંતરે કોઈ મોટું પ્રાણી તરતું હોય તેમ દેખાતું હતું. તે વહેલ માછલી હોય એમ લાગતું હતું!

‘જો આ માછલી આપણા કબજામાં આવે તો કવી મજા! જો મારી પાસે હથિયાર હોત તો તો તેને પૂરી જ કરી નાખત. મને વહેલનો શિકાર કરતાં પણ આવડે છે; ફક્ત હારપૂન જોઈએ!’

વહેલનો શિકાર કેમ થાય તે જોવાની હર્બર્ટની પણ ઇચ્છા હતી; પણ વહેલને મારવા માટે ખાસ હારપૂન નામનું હથિયાર આવે છે તે અહીં ક્યાંથી મળે?

કેટલાય દિવસ સુધી આ પ્રમાણે આ વહેલ તરતી દેખાયા કરી, તેના ઉપર તેના માથામાંથી નીકળતી પાણીની કે વરાળની ગમે તેની છોળો ઊઠ્યા જ કરતી હતી ને આસપાસ ધુમ્મસ જેવું કરી મૂકતી હતી. રોજ દૂરબીન લઈને બધા વારાફરતી તેને જોયા કરતા.

એક દિવસ સવારમાં નૅબે રસોડાની બારીમાં ડોકિયું કર્યું ને તે હર્ષથી કૂદી ઊઠ્યો. એકદમ તે બારીએથી નીચે ઊતર્યો; તેની પાછળ બધા ઊતર્યા. જોયું તો દરિયાકાંઠે પેલી વહેલ માછલી પડી હતી. બધાએ હાથમાં કુહાડા ને ફરશીઓ, ખંજર કે બંદૂક, જે આવ્યું તે લઈ લીધું અને દોડતા દોડતા બધા ત્યાં પહોંચ્યા.

વહેલ લગભગ ૮૦ ફૂટ લાંબી હતી. પૃથ્વીના દક્ષિણ કટિબંધોમાં થતી મોટામાં મોટી જાતની વહેલ હતી. તેનું વજન લગભગ ૧,૫૭,૦૦૦ રતલ હશે. તેની આસપાસ મોટાં મોટાં પક્ષીઓ ઊડ્યાં કરતાં હતાં. તેઓ બધા પાસે ગયા છતાં તે માછલી બિલકુલ હલી નહિ. તેમને નવાઈ લાગી. વધારે પાસે ગયા ને જોયું તો તે મરી ગયેલી હતી. તેને નીચે પેટની અંદર હારપૂન ખૂંચી ગયેલું હતું.

‘અરે! અહીં વળી વહેલનો શિકાર કરનારા કોઈ હશે?’ સ્પિલેટે પૂછ્યું.

‘ના રે ના, સ્પિલેટે! એમાં એમ છે કે વહેલને હારપૂન લાગ્યા પછી હજારો માઈલો સુધી તે તરી શકે છે. એટલે, અમેરિકામાં કોઈએ આ વહેલનો શિકાર કર્યો હશે, અને તે અહીં સુધી આવી પહોંચી હશે.’ એમ કહીને ખલાસીએ હારપૂન ખેંચી કાઢ્યું. તેના ઉપર ‘મેરિયા સ્ટેલા’નું નામ વાંચી શકાતું હતું.

‘અરે! આને તો હું ઓળખું છું. આ ભાઈ વહેલનો શિકાર કરવામાં અમેરિકામાં પ્રખ્યાત છે. અહા! જો આ વહેલની પાછળ પાછળ તેનું વહાણ પણ આવી પહોંચે તો કેવી મજા!’ ખલાસી બોલ્યો.

વહેલ માદા હતી, એટલે તેના આંચળમાંથી ખૂબ દૂધ પણ તેઓએ કાઢી લીધું. આ દૂધને વિજ્ઞાનશાસ્ત્રીઓ ગાયના દૂધ જેટલું જ ફાયદાકારક ગણે છે.

સતત ત્રણ દિવસ સુધી એ વહેલને ચીરવાનું કામ ચાલ્યું. તેની માત્ર એક જીભમાંથી છ હજાર રતલ તેલ નીકબે તેમ હતું. ચરબીનો તો આંક જ કઈ રીતે નીકબે? તેનાં હાડકાં સૌથી વધારે ઉપયોગી હતાં. તેના દાંતનાં હાડકાં હાર્ડિંગે ખાસ લઈ લીધાં; એક એક હાડકું લગભગ છ છ ફૂટ લાંબું હતું.

હાર્ડિંગે એક નવો જ કીમિયો કર્યો. આ દાંતને બંને બાજુ ધાર કાઢી તેણે બધાને સમજાવ્યું: ‘આ હાડકાં પ્રાણીઓના શિકારમાં ખૂબ ઉપયોગી થઈ શકે તેમ છે. કેટલાક જંગલી દેશોમાં આ પ્રમાણે થાય છે. જુઓ, આ હાડકાંને સાવ ગોળ વાળી શકાય છે; તેને ગોળ વાળીને તેના છેડાને બરફના લોંદાથી સાંધી લેવા અને ઉપર થોડુંક માંસ લગાડવું. હવે આ હાડકાંને માંસ ધારીને કોઈ પાણી ગળી જાય; પેટમાં ગયા પછી બરફ ઓગબે એટલે તરત જ પેલી હાડકાની કમાન છટકે અને તે પ્રાણીનું પેટ ચીરી નાખે!’

‘આ તો અદ્‌ભુત કીમિયો કહેવાય!’ ખલાસીએ કહ્યું, ‘અને આમાં વળી દારૂનો ખર્ચ પણ મટી જાય!’

આ વહેલમાંથી તેમને ખૂબ સામાન મળ્યો.

# ૮ : ભેદી કૂવો

શિયાળો શરૂ થઈ ગયો. ઘેટાંની ઊન તો જથ્થાબંધ એકઠી થઈ હતી. તેને કાંતવા ને વણવા માટે તેમની પાસે સાધનો નહોતાં; તેમ તે સાધનો ઊભાં કરવાં એ સહેલી વાત નહોતી, એટલે હાર્ડિંગે ઊનને દબાવીને તેના કામળા બનાવ્યા. કામળા બનાવવા એ પણ કંઈ સહેલી વાત નહોતી. ઊનને ઉતારવી, તેને ધોઈને સાફ કરવી, અને તેને દાબીદાબીને એકસરખી સપાટ કરી દેવી, એમાં બુદ્ધિ તથા શક્તિ ઓછી વાપરવી પડે તેમ નહોતું. ધોધની નીચે તેણે એક એવું યંત્ર ગોઠવ્યું કે જે ચલાવવાથી ઊન એની મેળે ખૂબ ટિપાઈ ટિપાઈને સરખી થઈ જાય. અલબત્ત, આ ઊનના કામળા લિંકન બેટમાં રહેનારા જ વાપરી શકે તેવા હતા; બીજાઓ વાપરે તો કદાચ તેમની ચામડી છોલાઈ જાય તેવા તે હતા! છતાં આ બેટનો શિયાળો ઝીલવા માટે અગત્યના હતા. સખત ઠંડીમાં વહાણ બનાવવાનું પણ થોડા વખત માટે બંધ રાખવું પડ્યું હતું. શિકાર માટે હવે ભટકવા જવું પડે તેમ નહોતું. હાર્ડિંગની યુક્તિ પ્રમાણે રાત્રે વહેલ માછલીનાં હાડકાંને વાળીને બરફ તથા માંસ ચોપડીને સરોવરને કાંઠે મૂકી દેવામાં આવતાં; સવાર પડતાં ભૂંડ, શિયાળ ને એવી જાતનાં કેટલાંય પ્રાણીઓનાં મડદાં ત્યાં દેખાતાં. ખલાસી વહાણ તૈયાર થાય કે તરત જ ટેબર બેટ પર જવા આતુર હતો, પણ હાર્ડિંગનું મન માનતું ન હતું. અજાણ્યા દરિયામાં દોઢસો માઈલ સુધી કોઈ ઉજ્જડ બેટ ઉપર ફક્ત ફરવાના શોખ ખાતર જ જીવનું જોખમ ખેડીને જવું, એમાં ગાંડપણ હતું. હાર્ડિંગે ખલાસીને ઘણો સમજાવ્યો; ‘તે બેટ એટલે સાવ ઉજ્જડ જગ્યા છે; ત્યાં વસ્તીનું નામ નથી. છતાં ત્યાં શા માટે જવું જોઈએ?’ ખલાસીને પોતાને પણ ત્યાં જવાનું કારણ નહોતું સૂઝતું; પણ કોણ જાણે કેમ, તેનું ત્યાં જવાનું ખૂબ મન હતું. તેની ઇચ્છા કોઈ રીતે રોકી શકાય તેમ ન હતી.

વળી ખલાસીનો વિચાર હર્બર્ટને સાથે લઈ જવાનો હતો. હાર્ડિંગને ગળે તે વાત તો કેમ ઊતરે? ખલાસી ભલે ગમે તેવો હોશિયાર હોય; પરંતુ કાંઈ અકસ્માત થયો તો પાંચની વસ્તીમાંથી બે ઓછા થાય એટલે અરધું અમેરિકા નાશ પામ્યા જેવી તેમની સ્થિતિ થાય! અલબત્ત, વસંતઋતુમાં વહાણ ચલાવવામાં કશું જોખમ જેવું હોય નહિ, છતાં અકસ્માત નહિ જ થાય તે ખાતરી કાંઈ દરિયા તરફથી મળે તેમ નહોતું.

એક નાનો બનાવ નોંધી લેવા જેવો છે. સ્પિલેટે બેત્રણ વાર આ બેટ ઉપરનો હેવાલ ટૂંકમાં એક કાગળ ઉપર લખીને અને તે કાગળ એક શીસામાં નાખીને તેને બરાબર બંધ કરીને દરિયામાં વહેતો મૂકેલો. કદાચ એ શીસો તરતો તરતો કોઈ વસ્તીવાળા ભાગ ઉપર જઈ ચડે અને કોઈ મદદે આવી જાય! તેમને આશા તો નહોતી, પણ આ પ્રયોગ કરવામાં તેમને કાંઈ

હાનિ પણ નહોતી. એકાદ વાર તો કબૂતરના પગ સાથે ચિઠ્ઠી બાંધીને તેને પણ ઉડાડેલું.

૩૦મી જુનને દિવસે એવું બન્યું કે સ્પિલેટે એક આલ્બેટ્રોસ નામના મોટા પક્ષીને ઘાયલ કરીને નીચે પાડ્યું. આ પક્ષી સૌથી વધારેમાં વધારે ઊડનારું ગણાય છે. લગભગ દસ ફૂટ તે લાંબું હોય છે. આ પક્ષીને પકડીને તેને ઘાયલ થયેલ જગ્યા ઉપર ઘા બરોબર રુઝાય તેમ મલમપટા બાંધ્યા; અને એક ચિઠ્ઠી તેને ગળે બાંધીને તેને ઉડાડ્યું. ચિઠ્ઠીમાં પોતાનો બધો અહેવાલ તેણે લખ્યો હતો; અને એમ પણ લખ્યું હતું કે: “જે કોઈ માણસ આ ચિઠ્ઠી વાંચે તો એને અમેરિકાના ‘ન્યુયૉર્ક હેરલ્ડ’ નામના છાપાના તંત્રી ઉપર મોકલી આપે.” એ ચિઠ્ઠી મજબૂત રીતે પલબે નહિ તેવા લૂગડામાં વીંટીને તેને ગળે બાંધી દીધી. પક્ષી છૂટું થતાંની સાથે જ ઊડ્યું અને પશ્ચિમ દિશામાં અદૃશ્ય થયું. ખલાસીએ તેને ‘શુભાસ્તે પંથાન:’નો આશીર્વાદ આપ્યો.

બેશક, આ બધી ચિઠ્ઠીઓ ઉપર આશા રાખીને બેસી રહે તેવા મૂરખ તેઓ નહોતા એટલે પાછા તેઓ તુરત પોતાને કામે લાગી જતા.

બહાર તો કામ થાય તેવું ન હતું; એટલે ગ્રેનાઈટ મહેલમાં રહ્યાં રહ્યાં તેઓ બલૂનના કાપડમાંથી સઢ બનાવવા લાગ્યા. જુલાઈ મહિનામાં કડકડતી ઠંડી શરૂ થઈ; પણ ગ્રેનાઈટ મહેલના વચલા ઓરડામાં બેઠાં બેઠાં તો કોઈ જાણે જ નહિ કે આ શિયાળો છે, એવી ગોઠવણ હતી. કોલસાની મોટી સગડી બળ્યા જ કરતી હોય; ગરમાગરમ ખાણું ખાધા પછી તરત ગરમ કૉફી આવે; કૉફી પછી તરત જ તમાકૂ ભરેલી હોકલી હોય જ! પછી ગરમી સિવાય બીજું શું દેખાય? પણ ત્યાં બેઠાં! બેઠાં! બહારનું તોફાન સંભળાયા કરતું હતું, અને અંદર રહ્યાં હાર્ડિંગની વાતો ચાલ્યા કરતી હતી. એક વાર સ્પિલેટે પ્રશ્ન કાઢ્યો: ‘જતે દહાડે જ્યારે દુનિયામાંથી કોલસો ખૂટી જશે ત્યારે બધાં યંત્રો કઈ રીતે ચાલશે?’

હાર્ડિંગે કહ્યું: ‘પછી લોકો યંત્રોમાં કોલસાને બદલે પાણીને બાળશે.’

‘પાણીને બાળશે? પાણી તે બાળે કે ઠારે?’ ખલાસીને નવાઈ લાગી.

‘પાણી એટલે ઑક્સિજન અને હાઈડ્રોજન. પાણીમાંથી આ બે તત્ત્વો જુદાં કર્યાં, એટલે બન્ને બળતણમાં કામ આવે.’

‘તો તો આપણે આ બધું જોવું જ પડશે.’ ખલાસીએ કહ્યું.

‘હા, પણ તમે જરા વહેલા જન્મ્યા! છો! જરા મોડા જન્મ્યા હોત તો બધું જોઈ શકત.’ નૅબે કહ્યું.

વાત આગળ ચાલત; પણ એટલામાં એકાએક ટૉપના ભસવાનો અવાજ આવ્યો; સાથે માસ્ટર જપ પણ ઝીણી બૂમ પાડતો હતો. બધા ટેબલ પરથી ઊભા થયા અને જોયું તો થેલા કૂવા ઉપર ઊભા ઊભા બંને

જણા બૂમો પાડતા હતા. બધા આવ્યા એટલે બંને જણા શાંત થઈ ગયા. હાર્ડિંગે જોયું તો ભસવાનું કાંઈ કારણ તેને જડ્યું નહિ.

શિયાળાના તોફાનથી તેમને નુકસાન ખૂબ થયું. કબૂતરખાનું એકબે વાર તૂટી ગયું. મોટાં મોટાં ઝાડો મૂળમાંથી ઊખડી પડતાં હતાં તે તો તેમના લાભની વાત હતી; પણ તેમના ખેતરને અને પશુશાળાને આથી ઓછું નુકસાન નહોતું થતું. ખેતરને તો ખૂબ જ સાચવવું પડતું; ગમે તેવાં તોફાનોમાં ખલાસી ત્યાં એકાદ આંટો તો જઈ આવતો જ.

જુલાઈ મહિનો આખો આ રીતે તોફાનમાં પસાર થયો.

૩જી ઑગસ્ટે વાતાવરણ જરા શાંત થયું એટલે બધાએ બેટના અગ્નિ ખૂણા તરફ જવાનું નક્કી કર્યું. એ બાજુ બતકો ને એવી જાતનાં પક્ષીઓ પુષ્કળ હતાં.

હાર્ડિંગે કહ્યું: ‘મારો ત્યાં આવવાનો વિચાર નથી. હું અહીં જ રહીશ.’ તેને આવવાનો કોઈએ બહુ આગ્રહ પણ ન કર્યો. બંદૂક અને બીજાં હથિયારો લઈને ચારેય જણા નીકળી પડ્યા.

બધા દેખાતા બંધ થયા એટલે હાર્ડિંગે નદી ઉપરના પુલો ઊંચકી લીધા અને પાછો આવ્યો. ઉપર આવીને પેલી લાંબી સીડી તેણે કૂવામાં ઉતારી, અને હાથમાં એક મશાલ લઈને અંદર ઊતરવા લાગ્યો. આ કૂવામાં શું છે તે જોવા માટે જ તે એકલો પાછળ રહ્યો હતો. પોતાના મિત્રોને તે આ કૂવો કંઈક ભેદી છે એમ જાણવા દેવા ઇચ્છતો નહોતો – જોકે તેને તો મનમાં ખાતરી થતી જતી હતી કે આ બેટ ઉપર બીજું કોઈ વસે છે ખરું!

ઠેઠ તળિયા સુધી નિસરણી પહોંચતી હતી. હાર્ડિંગના પગ પાણીને અડ્યા; તેણે મશાલ બરોબર ધરીને ઝીણી નજરે જોયું. પાણી તદ્દન શાંત હતું. તેને કંઈ દેખાયું નહિ. આખરે તે બહાર આવ્યો. આ કૂવાને દરિયા સાથે સીધો સંબંધ હતો, એ વાત ચોક્કસ લાગી. કોઈ દરિયાઈ પ્રાણીનું રહેઠાણ હોવાનો સંભવ હતો, પણ હાર્ડિંગ કાંઈ નક્કી કરી શક્યો નહિ. બહાર આવીને તે મનમાં એટલું જ બોલ્યો: ‘મને કંઈ દેખાયું નથી, છતાં ત્યાં કંઈક છે એ ચોક્કસ છે!’

# ૯ : તરતી ચિઠ્ઠી

સાંજે જ્યારે બધા પાછા ફર્યા ત્યારે તેઓ ખૂબ લહેરમાં હતા. હાર્ડિંગ પોતાના વિચારવમળમાંથી એકદમ બહાર આવ્યો અને તેને ભૂલી જવા પ્રયત્ન કરવા લાગ્યો. સૌ પોતપોતાના શિકાર તથા પરાક્રમોની વાતો હાર્ડિંગને કરવા લાગ્યા, અને હાર્ડિંગ બધાને શાબાશી પણ આપવા લાગ્યો. પાછળથી નિરાંત મળતાં ફક્ત એક સ્પિલેટને પોતે અહીં રહોને શું કર્યું હતું તે તેણે જણાવ્યું.

બીજા દિવસથી પાછું વહાણનું કામ શરૂ થઈ ગયું. સઢ તો તૈયાર કરી નાખ્યા હતા; એક મોટો વાવટો પણ વહાણ પર ચડાવવા માટે તૈયાર કરવામાં આવ્યો. મૂળ અમેરિકાના રાષ્ટ્રધ્વજમાં તેનાં ૩૭ સંસ્થાનોના તારાઓ મૂકવામાં આવે છે; પણ ખલાસીએ ૩૭ને બદલે લિંકન બેટનો એક નવો તારો ઉમેરીને ૩૮ તારાઓ તેમાં જોડ્યા. તેઓ માનતા હતા કે લિંકન બેટ એ અમેરિકાના તાબાનો તેમણે સર કરેલો બેટ છે.

શિયાળો પૂરો થવા આવ્યો હતો. તા. ૧૧મી ઑગસ્ટને દિવસે પાછું તેમને થોડુંક નુકસાન સહન કરવું પડ્યું. રાત્રે સ્પિલેટ પુલ ઊંચો લઈ લેવાનું ભૂલી ગયો હતો. સવારે ઊઠીને જોયું તો કેટલાંય વરુઓ અંદર આવી ગયાં હતાં, અને ખેતર તથા કબૂતરખાનામાં બધી જગ્યાએ તેમણે રંજાડ શરૂ કરી દીધી હતી. ટૉપ અને જપ તો વરુઓને જોતાં જ તેમના પર તૂટી પડ્યા, અને પાછળથી બંદૂકો લઈને પાંચે જણા ઊમટી પડ્યા. ઘણાંય વરુઓ ઘાયલ થયાં; કેટલાંક મરી ગયાં; થોડાંક નાસી પણ ગયાં. પણ આ ઝપાઝપીમાંથી એક વરુએ જપને ઘાયલ કર્યો. વરુઓએ કેટલાંય કબૂતરો અને મરઘાંઓને મારી નાખ્યાં હતાં અને વધારામાં જપને ઘાયલ કર્યો હતો, એટલે બધાના ક્રોધનો પાર નહોતો. પણ પોતાની જ ભૂલનું પરિણામ હતું એટલે શું કરે? જપને તેઓ ઉપર લઈ ગયા, તેને પાટાપિંડી કરી ને નૅબને તેની સારવારમાં મૂક્યો જપ ખૂબ ઘવાયો હતો, પણ નૅબની કાળજી એટલી બધી હતી કે ત્રણચાર દિવસમાં તે ફરતો થઈ ગયો. બધાના આનંદનો પાર ન રહ્યો. જપ તો નૅબને છોડતો જ નહિ; એક બાળકની જેમ તે નૅબને વળગી પડતો. બધા તેને છઠ્ઠો માણસ ગણતા હતા.

જપ સાવ સાજો થઈ ગયો. એક દિવસ બધા ઓરડામાં બેઠા હતા ત્યાં નૅબ છાનોમાનો આવ્યો ને બધાને કહે: 'ચાલો ઓરડામાં એક જોવા જેવું બતાવું. પણ જોજો, જરાયે અવાજ ન કરતા.'

બધા ત્યાં ગયા અને જુએ તો જપ બે ટાંગા પહોળા કરીને બેઠો બેઠો નિરાંતે હોકલી પીતો હતો, અને ધુમાડાના ગોટેગોટા કાઢતો હતો! હાર્ડિંગ સુધ્ધાં આ જોઈને હસી પડ્યો. જપ શરમાયો. તેણે હોકલી નીચે

મૂકી દીધી, પણ ખલાસીએ કહ્યું: ‘શાબાશ દોસ્ત! હવે તું મારો મિત્ર થયો. આ હોકલી તને ભેટ આપવામાં આવે છે!’

વહાણ ઉપર પાછું બધાએ મન લગાડ્યું. વસંતઋતુ વખતે વહાણ તો તૈયાર કરી જ નાખવું હતું. તેનું ખોખું તો તૈયાર થઈ ગયું હતું; સઢ પણ લગાવી દીધા હતા; દોરડાનો તો તોટો જ નહોતો. હવે તેને એક વાર ફરી તપાસીને જ્યાં જ્યાં કચાશ લાગે ત્યાં બરાબર મજબૂત કરવાનું જ બાકી હતું. હાર્ડિંગ અને ખલાસીએ વહાણને બધી બાજુથી મજબૂત બનાવી દીધું. સઢ ચડાવવાનો થાંભલો મજબૂત ફર ઝાડમાંથી કાઢવામાં આવ્યો હતો. વહાણની અંદર એક નાની એવી ઓરડી પણ બનાવી હતી; ઉપરાંત સુકાનની જગ્યાએ, વચ્ચે હલેસાની જગ્યાએ, તથા છેડે, એમ ત્રણ બેઠકો પણ બનાવી હતી. લગભગ ઑક્ટોબરની શરૂઆતમાં વહાણ તૈયાર થઈ ગયું. આ દરમિયાન તેમણે પશુશાળા, ખેતર વગેરેને પણ બરાબર સંભાળ્યાં હતાં; શાક પણ જથ્થાબંધ થતું હતું.

૧૦મી ઑક્ટોબરે વહાણ પહેલવહેલું હંકાર્યું. ખલાસીના આનંદનો પાર ન હતો. કોઈ મોટી સ્ટીમરના કૅપ્ટનને પણ પોતાની સ્ટીમર હાંકતાં આટલો ગર્વ નહિ થયો હોય. વહાણનું નામ ‘બહાદુર’ રાખવામાં આવ્યું. ચડતે જુવાબે તેને દરિયામાં ઉતારવામાં આવ્યું. હવા મજાની હતી. આજે જ તેમાં થોડી સફર કરીને તેની પરીક્ષા કરી લેવાનું મન બધાને થયું. તેમાં નાસ્તો વગેરે મૂકીને બધા ઉપર ચડી ગયા; માસ્ટર જપ તથા ટૉપ સાથે જ હતા. વહાણ ધાર્યા કરતાં પણ વધારે સારું નીકળ્યું. દરિયા ઉપર એક નાનકડાં હંસની જેમ તે શાંતિથી તરતું હતું.

ખલાસી કોઈ મોટા કૅપ્ટનની ગંભીરતાથી સુકાન ઉપર ઊભો હતો. સઢ પવનથી ફાટફાટ થતા હતા. વહાણ બેટથી માઈલ-બે માઈલ દૂર ગયું. અહીંથી બેટ પણ ખૂબ સુંદર લાગતો હતો. ખલાસીથી ન રહેવાયું, ‘આ બેટને અત્યારે જોઉં છું ત્યારે તેના પર મારી મા જેટલું હેત આવે છે! જેના પર આપણે એક લૂગડાભેર આવી પડ્યા હતા, તે જ બેટે અત્યારે આપણને સંપત્તિથી ભરી મૂક્યા છે!’

બધાએ લિંકન બેટની જય બોલાવી.

‘કેમ, કૅપ્ટન સાહેબ! કેમ બોલતા નથી? વહાણ કેવુંક લાગે છે?’ ખલાસીએ પૂછ્યું.

બધાએ વહાણનાં વખાણ કર્યાં હતાં પણ જ્યાં સુધી હાર્ડિંગ તેને ન વખાણે ત્યાં સુધી ખલાસીને મન બધું નકામું હતું.

‘આમ તો બહુ સારું લાગે છે.’ હાર્ડિંગે કહ્યું.

‘સફર કરવામાં વાંધો નહિ આવે ને?’

‘શાની સફર!’

'કેમ? ટેબર બેટની.' ખલાસીએ કહ્યું.

'ભાઈ! જો આપણા શોખની ખાતર ટેબર બેટ ઉપર જવું એ મારા મનને રુચતી વાત નથી – પછી તને પરાણે તો મારાથી નહિ જ રોકાય.'

'જુઓ સાહેબ! તમે જ વિચારો. ટેબર બેટ આપણો પાડોશી કહેવાય; આપણે એટલો પાડોશીધર્મ તો સાચવવો જોઈએ ને?'

'વાહ, પેનક્રૉફ્ટ! હવે તો તું ધર્મ શું કહેવાય તે પણ સમજવા માંડ્યો ને શું!' સ્પિલેટ હસી પડ્યો.

વાત ત્યાંથી અટકી પડી. હાર્ડિંગ તથા ખલાસી બંને પોતાના અભિપ્રાયમાં મક્કમ જ રહ્યા. ધીમે ધીમે તેઓ કાંઠા તરફ પાછા આવતા જતા હતા, ત્યાં હર્બર્ટની નજર કોઈ તરતી ચીજ ઉપર પડી. બધાએ નીચા વળીને જોયું તો એક શીશો પાણી ઉપર તરતો હતો.

'આ તો કાં તો સ્પિલેટે નાખેલો શીશો જ લાગે છે. સ્પિલેટે સાહેબ! આપનો કાગળ હજુ આ પોસ્ટ ઑફિસમાં જ પડ્યો રહ્યો લાગે છે!'

નૅબે નીચા નમીને શીશો ઉપાડી લીધો. તે બરાબર પૅક કરેલો હતો. હર્બર્ટે તેનું બૂચ ખોલ્યું. તેની અંદર એક જૂનો કાગળ ડૂચો વાળીને નાખેલો હતો. અંદર લખ્યું હતું:

કેદી: ટેબર બેટ, ૧૫૩°.૪૧°. ૧૧°.

# ૧૦ : ખાલી ઝૂંપડી

‘કૅપ્ટન સાહેબ! હવે તો તમારાથી મને ના નહિ પાડી શકાય. ટેબર બેટ ઉપર એક માણસ કેદી છે. આટલો નજીક માણસ હોય પછી આપણાથી ગયા સિવાય રહેવાય? વળી એ આપણી મદદ માગે છે.’

‘હા, હવે તો તારે જવું જોઈએ – અને તે પણ બને તેટલી ઉતાવળે.’ હાર્ડિંગે કહ્યું.

‘આવતી કાલે?’

‘હા.’

હાર્ડિંગના હાથમાં પેલો કાગળ હતો. તેણે ખૂબ બારીકાઈથી તેને તપાસ્યો અને કહ્યું: ‘મિત્રો! આ બેટ ઉપર જે માણસ છે તે ખૂબ ભણેલોગણેલો હોવો જોઈએ – નહિ તો બેટના અક્ષાંશ-રેખાંશની માહિતી તે ક્યાંથી આપી શકે? બીજી વાત એ કે તે આપણી ભાષા જાણનારો હોવો જોઈએ.’

‘બરાબર છે. આ વહાણ ખૂબ સારા શુકનમાં આપણે કાઢ્યું. પહેલી જ વાર તે બીજાની સેવાના કામમાં વાપરી શકાશે.’ સ્પિલેટે કહ્યું.

આ વાતચીત દરમિયાન વહાણ પાછું ફરી ગ્રેનાઈટ મહેલના સામેના કિનારે મર્સી નદીના મુખમાં આવી પહોંચ્યું હતું. નીચે ઊતરીને ખલાસીએ બધી તૈયારી કરવા માંડી. જો વહાણ બરાબર કાબૂમાં રહીને ચાલે તો ૪૮ કલાકનો રસ્તો હતો; પણ કદાચ અકસ્માત નડે એની ગણતરી કરીને આઠ દિવસનો સામાન તેમાં ભરી લીધો; સાથે હોકાયંત્ર પણ લઈ લીધું; બૅરોમીટર પણ રાખ્યું.

પહેલાં તો એમ નક્કી કર્યું કે ખલાસી તથા હર્બર્ટ એ બે જ જણ જાય; પણ સ્પિલેટે કહ્યું: ‘છાપાના પ્રતિનિધિ તરીકે મારે પણ સાથે જવું જ જોઈએ.’ એટલે એ પણ તૈયાર થઈ ગયો. સાથે સ્ટવ, કૉફી, વાસણો, બિસ્ત્રા, કપડાં, હથિયારો વગેરે બધુંય સંભારી સંભારીને લઈ લીધું. બીજે દિવસે સવારે પાંચ વાગે વહાણ મર્સી નદીના મુખમાં ઊપડવા માટે તૈયાર ઊભું હતું. સઢ ફડફડાટ કરી રહ્યા હતા. હર્બર્ટ ને હાર્ડિંગ ભેટી પડ્યા; કેપ્ટનની આંખ પહેલી જ વાર ભીની થઈ. તેણે કહ્યું: ‘આ પંદર મહિનામાં આપણે પહેલી જ વાર જુદા પડીએ છીએ. પ્રભુ તારું રક્ષણ કરો!’ ખલાસી પણ ગળગળો થઈ ગયો. જપ અને ટૉપ વારે વારે હર્બર્ટ તથા ખલાસીને વળગી પડતા હતા. આવું દિલ પિગળાવનારું દૃશ્ય આ બેટ ઉપર કદાચ પહેલી જ વાર દેખાયું હશે!

વહાણ ઊપડ્યું. નૅબ તથા હાર્ડિંગ ક્યાંય સુધી વહાણ સામે જોઈ રહ્યા; સામસામા રૂમાલો ફફડતા રહ્યા, ને છેવટે ઊંચા ખડકો પાછળ કાંઈ પણ દેખાતું બંધ થઈ ગયું.

વહાણ સડસડાટ ચાલ્યું, જાણે તેને પણ દરિયામાં તરવાનું ખૂબ મન હોય તેમ તેમાં તે રમતું જતું હતું. ખલાસીએ સ્પિલેટને સઢ કાબૂમાં રાખવાની બરાબર તાલીમ આપી. દિશા ફરે ત્યારે સુકાન કેમ ફેરવવું, સઢ કેમ ફેરવવા વગેરેમાં સ્પિલેટને ખૂબ રસ પડ્યો. ધીમે ધીમે બેટ દેખાતો બંધ થવા લાગ્યો: ચારે બાજુ પાણી પાણી થઈ ગયું. ઘડીભર ભયનું વાતાવરણ આવી ગયું; પણ ખલાસી જાણે પોતાના ઘરમાં બેઠો હોય તેમ કામ કર્યા કરતો હતો.

સાંજ પડી. દરિયા ઉપર સંધ્યાનાં કિરણો નાચવા માંડ્યાં. ચંદ્રે ઝીણી કોર કાઢી. રાત પડી. ચંદ્ર પાછો અસ્ત થઈ ગયો. આકાશમાંથી તારાઓનું તેજ નીતરતું હતું. વાદળાની ક્યાંયે નિશાની નહોતી. ખલાસીને આવતી કાલનો દિવસ પણ શાંત જ પસાર થશે એવી ખાતરી થઈ. રાત્રે બધા વારાફરતી ઊંઘ્યા, હર્બર્ટ પણ વહાણનું સુકાન સંભાળી શકે તેવો હતો, છતાં જરૂર પડે તો ખલાસીને તરત જગાડી શકાય તેમ હતું.

રાત્રિ શાંતિથી પસાર થઈ; સવાર પડી. કોઈ કોઈ મોટાં પક્ષીઓ અવારનવાર ઊડતાં દેખાતાં હતાં. આખો દિવસ તેમણે વહાણ હંકાર્યા કર્યું. જમીન ક્યાંયે દેખાતી ન હતી. તેમના મનમાં શંકા થવા લાગી કે સાચે રસ્તે છીએ કે ખોટે રસ્તે? પણ સાંજ પડીને અંધારું થયું, એટલે તે પ્રશ્નોનો જવાબ બાકી જ રહ્યો.

બીજે દિવસે સવારના છ વાગ્યા ત્યાં સામે કાળી કિનારી દેખાઈ. 'જમીન!' ખલાસીએ બૂમ પાડી.

તેઓ બરાબર સાચે રસ્તે હતા. દિલમાં ઉત્સાહનું પૂર આવ્યું અને લગભગ બે કલાકમાં 'બહાદુર' વહાણ ટેબર બેટને કિનારે ચડ્યું. મોટાં મોટાં ઝાડોથી કિનારો ખીચોખીચ ભર્યો હતો. તેમને હતું કે પેલો કેદી વહાણને જોઈને કિનારા પર સામો લેવા આવ્યો હશે; પણ પાસે પહોંચ્યા પછી મનુષ્યની વસ્તીનું ક્યાંયે ચિહ્ન દેખાયું નહિ. અગ્નિ કે ધુમાડો કાંઈ દેખાતું ન હતું. કોઈએ તેમણે બનાવ્યા તો નહિ હોય એવી શંકા આવી, ને પસાર થઈ ગઈ. તેઓ વહાણને કાંઠા પરના એક ઝાડ સાથે બાંધીને કાંઠે ઊતર્યા. સઢ સંકેલી લીધા હતા. પડખે જ એક નાની એવી ટેકરી હતી. તે ટેકરી ઉપર ત્રણેય જણા ચડ્યા. ત્યાંથી આખો બેટ બરાબર જોઈ શકાતો હતો. બેટનો ઘેરાવો માંડ એક માઈલ હશે. તેની વનસ્પતિ તથા પક્ષીઓ વગેરે લિંકન બેટને મળતાં જ હતાં. નાની નાની બે-ત્રણ નદીઓ પણ અંદર દેખાતી હતી. કોઈ વહાણ કાંઠા પર દેખાયું નહોતું. અંદરના ભાગમાં વસ્તીનું કાંઈ ચિહ્ન જણાતું નહોતું.

ત્રણેય જણા કાંઠે ઊતર્યા. કોઈ માણસ કેમ દેખાતું નથી તે વિષે તેમને નવાઈ લાગી. અહીં પહોંચ્યા પછી આખો બેટ બરાબર તપાસી લેવો એવો વિચાર કરી જંગલના અંદરના ભાગમાં પેઠા. થોડાંક જંગલી પ્રાણીઓ તેમને જોઈને નાસભાગ કરતાં માલૂમ પડ્યાં એટલે અહીં આ પહેલાં કોઈ માણસ આવ્યો તો હોવો જ જોઈએ એવી તેમની ખાતરી થઈ. આખો દિવસ તેઓ ભટક્યા પણ કાંઈ મળ્યું નહિ. સાંજ પડી ગઈ. તેમને ખાતરી થઈ કે કાં તો આ બેટ ઉપર કોઈ છે જ નહિ અને હતો પણ નહિ, અથવા તો કોઈ માણસ આવીને ચાલ્યો ગયો હોવો જોઈએ. હવે અંધારામાં વધારે તપાસ કરવામાં જોખમ હતું એટલે ક્યાંક રાતવાસો કરવાનો તેમણે વિચાર કર્યો. રાત વહાણમાં જ કાઢવી એવો ખલાસીનો મત હતો. એટલે બધા વહાણ તરફ ચાલવા માંડ્યા. એકાએક હર્બર્ટે બૂમ પાડી: 'ઝૂંપડી!'

ત્રણે જણા તરત તે બાજુ વળ્યા. ખરેખર એક નાની ઝૂંપડી ઝાડના ઝુંડની વચ્ચે હતી. ખજુરીનાં પાન તથા તાડપત્રીની તે બનાવેલી હતી. તેનું બારણું અરધું ઉઘાડું હતું. ખલાસીએ ધક્કો મારીને બારણું ઉઘાડ્યું.

ઝૂંપડી ખાલી હતી!

# ૧૧ : અણધાર્યો પ્રકાશ

અંધારી ઝૂંપડીમાં ત્રણેય જણા ઘડીભર સ્તબ્ધ થઈને ઊભા રહ્યા. થોડી વારે ખલાસીએ મોટેથી એક બૂમ પાડી, પણ જવાબ ન મળ્યો. ખલાસીએ દેવતા સળગાવ્યો ને જોયું તો એક ખૂણામાં સૂકાં લાકડાંનો ઢગલો પડ્યો હતો. લાકડાંમાં દેવતા પડ્યો એટલે ઝૂંપડીમાં બરાબર પ્રકાશ આવવા લાગ્યો.

તેમણે જોયું તો ઝૂંપડીમાં બધું અવ્યવસ્થિત હતું. એક ખાટલો હતો, પરંતુ તેના પર એટલી બધી ધૂળ જામી ગયેલી હતી કે ધૂળની નીચે કાંઈ પાથરેલું હશે કે નહિ તેની ખબર જ ન પડે. ચારેય બાજુ મોટાં મોટાં જાળાં બાઝેલાં હતાં. થોડાંક વાસણો પડ્યાં હતાં, પણ તે કટાઈ ગયેલાં હતાં. ખાટલાના પાયાને અરધા ઊધઈ ખાઈ ગઈ હતી. પાવડો, કોદાળી ને એવાં હથિયારો ખૂણામાં પડ્યાં હતાં. દારૂનું એક નાનું પીપ પણ પડ્યું હતું. બંદૂક પણ જાળાં વચ્ચે ડોકિયાં કરતી ટીંગાતી હતી.

'અહીં કોઈ નથી.'

'કોઈ નથી.'

'આ ઝૂંપડીમાં કેટલાંય વર્ષથી કોઈ રહેતું નહિ હોય એમ લાગે છે.' હર્બર્ટે કહ્યું.

'ત્યારે સ્પિલેટ! આપણે આજની રાત આ ઝૂંપડીમાં જ કાઢીએ. જો આ ઝૂંપડીનો માલિક અહીં આવે ને ભેટો થઈ જાય તો ઠીક છે; આપણે ઝૂંપડી તેને સોંપી દઈશું.'

'મને નથી લાગતું કે તે માણસ પાછો અહીં આવે. તે આ બેટ ઉપર છે કે નહિ એની જ મને શંકા છે.'

'ત્યારે શું ભાગી ગયો હશે?'

'ભાગી નહિ ગયો હોય તો મરી ગયો હશે.'

'જો મરી ગયો હોય તો તેનાં હાડકાં તો મળશે ને? સવારે તપાસ કરીશું.

બધું સાફ કરીને તેઓ ત્યાં સૂતા, પણ ઊંઘ શી રીતે આવે? અજાણી જગ્યા; કયે વખતે કોણ ઊતરી આવશે તેની શી ખબર? આખી રાત વાતોમાં તથા બગાસાં ખાવામાં કાઢી. કેદી એક હશે કે ઘણા? કેદીની સાથે તેને લૂંટનારાઓ કે કેદ કરનારાઓ હશે કે નહિ? તેને વિષે ખૂબ તર્કવિતર્ક થવા લાગ્યા. વળી રાત્રે હંમેશાં ભયંકર વિચારો વધારે આવે છે; એમાંય આ કોઈ ભૂતાવળના દેશ જેવી જગ્યામાં તો એમ થાય જ ને?

‘સવાર પડી. બધાએ ઊઠીને ઝૂંપડી બરાબર તપાસી. ઝૂંપડીની પાછળ એક નાની એવી ટેકરી હતી. આગળ મોટાં મોટાં ઝુંડો વચ્ચે કુહાડીથી સાધારણ રીતે ચોખ્ખી કરેલી થોડીક જગ્યા હતી. જે પાટિયાં ઝૂંપડીમાં વાપરવામાં આવ્યાં હતાં તે કોઈ વહાણનાં હતાં એ દેખાતું જ હતું. એટલે તેમણે એમ અનુમાન કર્યું કે કોઈ વહાણ આ બેટ સાથે અથડાયું હશે, બધા ડૂબી ગયા હશે, અને આ એક બચેલા માણસે એ વહાણનાં પાટિયાંમાંથી આ ઝૂંપડી બનાવી હશે. એક પાટિયા ઉપર તો તેમણે ‘બ્રિટ...’ એવા અરધા ભૂંસાઈ ગયેલા અક્ષરો વાંચ્યા. બ્રિટાનિયા નામનું વહાણ અહીં આવ્યું હોવું જોઈએ. બધી તપાસ કરી લીધી પછી તેઓ નાસ્તો કરવા માટે પોતાના વહાણ ઉપર ગયા. વહાણ જે સ્થિતિમાં આગલી રાત્રે બાંધ્યું હતું તે જ સ્થિતિમાં હતું. ખલાસીને પોતાના છોકરાને મળ્યા જેટલો આનંદ આ વહાણ જોઈને થયો. નાસ્તો કરીને પાછા તેઓ જંગલમાં નીકળી પડ્યા. આજનો આખો દિવસ ફરીને જો કાંઈ જાણવા જેવું ન મળે તો કાલે પાછા ચાલી નીકળવું એમ તેમણે નક્કી કર્યું. જતાં પહેલાં ઝૂંપડીમાંનાં બધાં સાધનો વિના સંકોચે વહાણ ભેગાં કરી દેવાં એવો ખલાસીનો વિચાર બેઉ જણાએ મંજુર કર્યો. સાથે સાથે અહીં નવી જાતનું શાક વગેરે થતું હતું તે પણ લઈ જવું, તથા બંદૂક ને દારૂ પણ ઘરભેગાં કરી દેવાં એવું તેમણે ઠરાવ્યું.

પણ આમ કરવામાં વખત ઘણો જાય તેમ હતું. અને કદાચ એકાદ દિવસ વધારે રોકાઈ જવું પડે તેવો સંભવ હતો. ખલાસીએ કહ્યું: ‘અહી’ વધારે રોકાઈ શકાશે નહિ, કારણ કે હવામાં થોડોક ફેરફાર થાય એવો સંભવ મને લાગે છે. આજે જ બધું પતાવી દેવું જોઈએ. હર્બર્ટ! તું શાકના છોડનાં બી એકઠાં કરવા લાગ; દરમિયાન અમે આટલામાં તપાસ કરીએ છીએ.’

હર્બર્ટ ત્યાંથી જુદો પડ્યો. સ્પિલેટ ને ખલાસી જંગલમાં ઘૂસ્યા. અરધોએક કલાક થયો હશે ત્યાં સ્પિલેટને કાને હર્બર્ટની ચીસ સંભળાઈ. બંને ચમક્યા. પેનક્રૉફ્ટ! હર્બર્ટ કાંઈક જોખમમાં લાગે છે.’

બંને જણા અવાજ આવતો હતો તે તરફ દોડ્યા. તેઓ દોડ્યા તે સારું કર્યું, કારણ કે જોયું તો હર્બર્ટ નીચે પડેલો હતો અને તેના પર એક મોટો વાંદરો ચડી બેઠેલો હતો. આવો વિચિત્ર વાંદરો તેમણે જિંદગીમાં જોયો ન હતો. વિચાર કરવાનો અવકાશ જ ન હતો. બંને જણા વાંદરા પર તૂટી પડ્યા ને તે જોર કરે તે પહેલાં તો ખલાસીએ ભૂંડોને પકડવા માટેનું દોરડું તેની ફરતું મજબૂત વીંટી દીધું. સ્પિલેટ હર્બર્ટ પાસે ગયો.

‘તને કંઈ ઈજા તો નથી થઈ ને?’

‘ના, ના.’ કહેતાં હર્બર્ટ કપડાં ખંખેરી ઊભો થયો.

‘ખરેખર, અમે જો જરાક મોડા પડ્યા હોત તો આ વાંદરો તને હેરાન કરી નાખત!’

‘અરે, આ વાંદરો જ નથી!’

‘ત્યારે?’ બંનેએ પૂછ્યું.

‘એના સામું જુઓ તો ખરા!’

પહેલી જ વાર તેમણે વાંદરાને ધારીને જોયો. બરાબર જોયું તો તે વાંદરો નહિ, પણ માણસ હોય એમ જ લાગ્યું. પણ કેવો માણસ? માણસનું એક લક્ષણ તેનામાં દેખાતું ન હતું! આખા શરીર પર વાળ હતા: મોઢું, દાઢી, મૂછ બધાં વાળથી ઢંકાઈ ગયાં હતાં; તેની રાતી આંખો હિંસક પશુની જેમ ચળકતી હતી; હાથ તથા પગના નખ મોટા અણીદાર વધ્યા હતા.

ખલાસીને તો હજુ પણ શંકા હતી કે એ માણસ છે કે વાંદરો! પણ સ્પિલેટે તેની ખાતરી કરાવી કે એ માણસ તો છે, પણ માણસાઈના બધાં લક્ષણ સાવ ભૂલી ગયેલો જણાય છે.

‘ત્યારે તો આ જ પેલો કેદી હશે?’

‘શી ખબર પડે? એવો સંભવ છે કે ઘણાં વરસોથી એકલો આ બેટ ઉપર રહેવાથી તે આવો પશુ જેવો બની ગયો હોય!’

તેમની આ વાતચીત પેલો પશુ જેવો માણસ સાંભળતો હોય એમ લાગતું ન હતું. તે તો કચકચાવીને ભયંકર ગર્જના કરી રહ્યો હતો.

સ્પિલેટ તેના તરફ ફર્યો ને પૂછ્યું: ‘તું કોણ છે?’

પેલો તાકી જ રહ્યો. ત્રણેય જણાને એની દયા આવી. એને કોઈ પણ રીતે પોતાના બેટ ઉપર લઈ જવો જ એમ તેમણે નક્કી કર્યું. એને છૂટો મૂકવાથી તે ભાગે કે નહિ તે અખતરો કરવામાં જોખમ હતું, એટલે અત્યારે તો તેને આમ ને આમ વહાણ ઉપર ચડાવી દેવાનું તેમણે નક્કી કર્યું. તેને દોરડાથી ખેંચ્યો. તે ઊભો થયો; છૂટવા માટે તેણે જરાયે તોફાન ન કર્યું. પાછળ પાછળ તે ચાલ્યો આવ્યો.

સ્પિલેટે કહ્યું: ‘પેનક્રૉફ્ટ! જતે દહાડે આપણા સહવાસથી તેનામાં તેનો સૂતેલો આત્મા જરૂર જાગ્રત થશે. અરેરે! મનુષ્યોને માથે પણ કાંઈ દુ:ખો પડે છે ને! માણસ પોતાની જાતને પણ ભૂલી જાય છે.’

પેલો માણસ જરાય ગરબડ કર્યા વગર જ પાછળ પાછળ ચાલ્યો આવ્યો. પહેલાં તેને તેની ઝૂંપડીમાં લઈ ગયા. કદાચ એ ઝૂંપડી પોતાની છે, એમ જોઈને તેને કાંઈ ભાન થાય અને પરિણામે તેનું મન જાગ્રત થાય તો! પણ ઝૂંપડીને જોઈને તેના પર કશી અસર ન થઈ. તે તો નીચું જોઈને

પોતાનું શરીર જ ખજવાળતો હતો. સ્પિલેટે દેવતા સળગાવ્યો. દેવતા સળગતો જોઈને પહેલાં તો તેની આંખો ચમકી; પણ પછી પાછો તે હતો તેવો શૂન્ય થઈ ગયો.

'અરે, બિચારો!' સ્પિલેટ બોલી ઊઠ્યો.

એને વહાણમાં લઈ જવા ઉપરાંત હવે બીજું કાંઈ કરવાનું નહોતું. ઝૂંપડી માંહેનો બધો સામાન તેમણે સાથે લઈ લીધો ને બધા વહાણ પર આવ્યા. પેલા માણસને તેઓ અંદરની ખોલીમાં લઈ ગયા. તે ખોલીમાં પણ તે કાંઈ પણ બોલ્યા-ચાલ્યા વગર બેસી રહ્યો.

વહાણ ઊપડ્યું.

ખલાસીએ પેલા માણસને ખાવાનું આપ્યું પણ તે તેણે ખાધું નહિ; સૂંઘીને તુરત ફેંકી દીધું.

સ્પિલેટે કહ્યું: 'આપણે ગઈ કાલના શિકારમાંથી વધેલું કાચું માંસ તેને આપો જોઈએ.'

કાચું માંસ તેની પાસે મૂક્યું કે તરત જ પેલો માણસ ઝડપથી ગળે ઉતારી ગયો. તેની ખાવાની રીત પણ જંગલી પશુના જેવી હતી.

'તમને લાગે છે કે આ માણસ પશુ મટીને માણસ થશે?' ખલાસીએ સ્થિલેટને પૂછ્યું.

'મને શંકા નથી.' સ્પિલેટે કહ્યું: 'આ માણસ લાંબા વખતના એકાંતવાસથી આવો થઈ ગયો છે. તે માણસોના સહવાસમાં રહેશે એટલે તેની સૂતેલી બધી માનવવૃત્તિઓ જાગ્રત થવાની જ.'

'કેટલાંય વર્ષોથી તે એકલો રહેલો હોવો જોઈએ.' હર્બર્ટે કહ્યું, 'માત્ર તેના આ બધા દેખાવ ઉપરથી તેની ઉંમર કળી શકાતી નથી.'

'આશરે ૫૦ વર્ષનો તો હશે જ.' સ્પિલેટે અનુમાન કર્યું. 'આપણે લિંકન બેટ ઉપર જઈને હાર્ડિંગને આ બાબતમાં પૂછી જોઈશું; પણ કેવી વિચિત્ર ઘટના છે કે આપણે ગયા હતા માણસને લેવા અને એક પશુ લઈને પાછા જઈએ છીએ!' ખલાસીએ કહ્યું.

રાત પસાર થઈ ગઈ. કેદી એમ ને એમ પડ્યો રહ્યો હતો. ૧૫મી ઑક્ટોબરે સવારે હવામાં ફેરફાર માલૂમ પડવા લાગ્યો. વાયવ્ય દિશામાં પવન વાતો તો હતો પણ તે જોરથી વાતો હતો; એટલે વહાણને કાબૂમાં રાખવું મુશ્કેલ થવા લાગ્યું, તોપણ ખાસ મુશ્કેલી ન આવી. બીજે દિવસે પવનનું જોર વધવા લાગ્યું અને સઢ સંકોરી લેવા પડ્યા. જો આ પ્રમાણે લાંબો વખત ચાલે તો લિંકન બેટ ઉપર પહોંચવું ભારે પડી જાય તેમ હતું. ૧૭મી ઑક્ટોબરે, એટલે ૪૮ કલાક ઉપરાંત થઈ ગયા છતાં લિંકન બેટનો

કિનારો દેખાતો નહોતો; દરિયો પણ તોફાને ચઢ્યો હતો, સ્થિતિ ભયંકર હતી. કયે વખતે શું થશે તે કહેવાય તેમ નહોતું.

રાત પડવા લાગી. કિનારો દેખાતો નહોતો; તાણી તાણીને આંખો ખેંચવા છતાં કાંઈ દેખાતું નહોતું. રાત અંધારી હતી. લિંકન બેટ હવે દૂર તો ન જ હોય; પણ વહાણ ક્યાંય ખાડીના પ્રવાહમાં કે કોઈ ખડક સાથે અંધારામાં અથડાઈ પડે એવો ભય લાગતો હતો. ખલાસી પણ જરા બાવરો બની ગયો. તે પોતાની બધી શક્તિ ખરચીને વહાણને કાબૂમાં રાખવા મથતો હતો. રાતના બે વાગ્યા હશે, તે વખતે સામે નજર કરી તો તેમને દૂર એક સળગતા તાપણા જેવું દેખાયું.

તેઓ હર્ષથી બૂમો પાડી ઊઠ્યા: ‘બેટ દેખાયો, બેટ દેખાયો!’ હાર્ડિંગની બુદ્ધિ પર તેઓ વારી ગયા. તાપણું સળગતું હતું તે દિશામાં તેમણે વહાણ ફેરવ્યું, અને ધ્રુવના તારાની જેમ તે બાજુ નજર રાખીને વહાણ હંકાર્યું.

# ૧૨ : હેવાન કે ઇન્સાન?

વીસમી ઑક્ટોબરે સાત વાગે વહાણ મર્સી નદીના મૂળમાં પેઠું. નૉબ તથા હાર્ડિંગને આ પાંચ દિવસો પાંચ જુગ જેવા લાગ્યા હતા. એમાં વળી મોડું થયું એટલે તેમનો જીવ ઊંચો રહેતો હતો. રોજ સવાર-સાંજ તેઓ ટેકરીની ટોચે આવીને વહાણની રાહ જોયા કરતા હતા. હાર્ડિંગ તથા નૉબ તેમને લેવા કિનારે સામે આવ્યા પણ વહાણમાં જોયું તો ચાર માણસોને બદલે ત્રણ જ હતા!

‘કેમ, કંઈ રસ્તામાં અકસ્માત તો નથી થયો ને?’ હાર્ડિંગે પૂછ્યું.

‘ના ના; ખૂબ લહેરથી આવ્યા છીએ.’

‘વારુ, પણ જે કામ માટે તમે ગયા હતા તે કામ તો સફળ ન જ થયું ને?’ હાર્ડિંગે પૂછ્યું, ‘તમે ગયા હતા ત્રણ, ને આવ્યા છો પણ ત્રણ જ જણ.’

‘ના જી, માફ કરો; અમે ચાર જણા છીએ.’

‘ત્યારે તમને પેલો કેદી મળ્યો?’

‘હા.’

‘જીવતો?’

‘હા.’

‘ક્યાં છે? કોણ છે?’

‘તે અહીં છે અને તે માણસ છે – કહો કે હતો.’

હાર્ડિંગને ખલાસીએ બધી વાત અથથી ઈતિ સુધી કહી સંભળાવી. છેવટે તેણે પૂછ્યું: ‘કૅપ્ટન સાહેબ! અમે તેને લાવ્યા તે ઠીક કર્યું કે નહિ?’

‘બહુ જ મજાનું કર્યું. તમે ન લાવ્યા હોત તો મને બહુ બોટું લાગત.’

‘તે બિચારાને પોતે માણસ છે તેનો પણ ખ્યાલ રહ્યો નથી!’

‘એ તો બધું હવે ધીમે ધીમે થઈ રહેશે. જો ભાઈ! એકલા રહેવું એ સહેલી વાત નથી. આગળ જતાં આપણી પણ શી દશા થશે તેની કોને ખબર છે? આપણામાંથી ભવિષ્યમાં કોઈ એકલો જીવતો રહ્યો તો તે પણ આના જેવી જ દશાને પામે તો નવાઈ નથી. બિચારો આ પણ થોડાક મહિના પહેલાં તો આપણા જેવો જ હશે!’

‘મહિના પહેલાં નહિ, વરસો પહેલાં. મહિના પહેલાં શા ઉપરથી કહો છો?’

'એમ કહેવાનું કારણ છે. પેલી શીશામાંની ચિઠ્ઠી તેણે તે માણસ હતો ત્યારે જ લખી હોવી જોઈએ; અને શીશાને તરતો મૂક્યાને બહુ તો થોડાક જ મહિના થયા હોય; વરસો સુધી તો કાંઈ શીશો તરી ન શકે ને?'

'પણ ધારો કે આ કાગળ એણે ન લખ્યો હોય અને તેના કોઈ મિત્રે લખ્યો હોય, અને પછી તે મિત્ર મરી ગયો હોય.' સ્પિલેટે બુદ્ધિ દોડાવી.

'હા. પણ જો એમ હોય તો તે કાગળમાં "કેદીઓ" એમ લખ્યું હોત. એકલું "કેદી" એમ ન હોત.'

પેલા કેદીને બહાર કાઢ્યો. નીચે ઊતર્યો કે તરત જ તે ભાગવાનો પ્રયત્ન કરવા લાગ્યો. હાર્ડિંગે તેની પાસે જઈને તેના ખભા પર હાથ મૂક્યો, ને તેની સામે જોઈ રહ્યો. પેલાએ પણ હાર્ડિંગ સામે નજર કરી. થોડી વાર તે એમ જ ઊભો રહ્યો, એ પછી શાંત થઈ ગયો.

'અરે! બિચારો!' હાર્ડિંગ બોલ્યો.

બધા તેને ગ્રેનાઈટ મહેલમાં લઈ ગયા. તેને એક જુદા જ ઓરડામાં રાખવો એમ નક્કી કર્યું. રોજ તેના ખાવાપીવા પર પૂરતું ધ્યાન આપવું, તેની સાથે હાર્ડિંગે રોજ થોડો થોડો વખત વાતચીત કરવી, ને એ રીતે તેને ઠેકાણે લાવવો એવી યોજના હતી.

બધા નાસ્તો કરવા બેઠા ત્યારે હર્બર્ટે પોતાની વીતકકથા કહી: 'હું તો વાંકો વળીને થોડાક છોડ ઉખડેતો હતો ત્યાં એકાએક ભયંકર અવાજ આવ્યો ને ઝાડ ઉપરથી આ માણસ મારા ઉપર કૂદી પડ્યો. તેનું બળ રાક્ષસ જેવું હતું. હું એક જ બૂમ પાડી શક્યો. જો આ બંનેએ એ બૂમ ન સાંભળી હોત તો મારા તો રામ જ રમી જાત!'

'હા; પણ આ કેદીને જાહેરમાં લાવવાનું માન તો તને જ મળવું જોઈએ!' હાર્ડિંગે તેને શાબાશી આપી.

વહાણમાં આણેલી બધી ચીજો ગ્રેનાઈટ મહેલમાં લાવવામાં આવી. બધી જ ચીજો ઉપયોગી થઈ પડી. શાકના છોડને બગીચામાં વાવી દીધા. ટીપીઓની એક પેટી પણ તેમને ત્યાંથી મળી હતી, તેય કામમાં આવી ગઈ. દારૂખાના માટે એક ખાસ જુદી ઓરડી બનાવવાનું તેમણે નક્કી કર્યું; ને જે જગ્યાએ અગ્નિનો તણખો સરખોય આવવાનો સંભવ નહોતો ત્યાં આગળ ટેબર બેટથી આણેલો અને તેમની પાસે હતો તે બધો દારૂ ભરી રાખ્યો. શિકાર માટે તો તેમણે પોતે બનાવેલો દારૂ વાપરવાનું જ પસંદ કર્યું.

ખલાસીને સૌથી વધારે કાળજી પોતાના વહાણની હતી. તેને આમ ખુલ્લમાં રાખવું એ ઠીક નહોતું. પેલું દક્ષિણ દિશામાં આવેલું બલૂન બંદર આને માટે બરોબર યોગ્ય હતું. એ અંતર જરા વધારે હતું ખરું; પરતું ત્યાં જવા માટે પાકી સડક હતી. પછી શો વાંધો? ખલાસી અને હર્બર્ટ મળીને વહાણ ત્યાં લઈ ગયા અને બલૂન બંદરના બારામાં તેને તરતું મૂકી દીધું.

પેલો કેદી ગ્રેનાઈટ મહેલના ઓરડામાં પુરાયો હતો. તેના મનમાં શું થાય છે, શા વિચારો આવે છે, અથવા તો વિચારો આવે છે કે નહિ, તેની કાંઈ ખબર હાર્ડિંગને પડતી નહોતી. તે રોજ તેની મુલાકાત લેતો; તેની પાસે બેસીને ખલાસી તથા સ્પિલેટ સાથે હાર્ડિંગ દરિયાની, જંગલની, અમેરિકાની ને એવી ઘણી ઘણી વાતો કરતો, અને તેની અસર પેલા માણસ ઉપર શી થાય છે તે જોવાનો પ્રયત્ન કરતો. પેલો કેદી આ બધું સમજતો હોય એમ લાગતું; તેના મોં ઉપર દુ:ખની નિશાની કોઈ કોઈ વાર દેખાતી; તે અકળાતો હોય એમ લાગતું. તે કોઈ વાર ભાગવાનો પ્રયત્ન પણ કરતો. આ બધાનું શું કારણ છે તે તેના મોઢેથી સાંભળ્યા વગર સમજાય તેમ ન હતું. પણ હજી સુધી તે કાંઈ જ બોલ્યો નહોતો. તેને બોલતાં આવડતું નહોતું એમ લાગતું હતું.

તેને ખાવાનું તથા પહેરવાનાં કપડાં આપવામાં આવતાં. તેને હજુ રાંધેલું અન્ન ખાતાં આવડતું નહોતું, છતાં ભૂખ લાગે ત્યારે ખાઈ જતો; કપડાં પહેરતાં પણ તેને આવડતું ન હતું, પણ પહેલા દિવસ કરતાં ધીમે ધીમે તેના ચહેરા પર ઘણો ફેર થવા લાગ્યો હતો. ચહેરા પરની હિંસક ક્રૂરતા ઓછી થતી દેખાતી હતી, છતાં પણ તેનો ચહેરો સાવ ગમગીન લાગતો હતો.

હાર્ડિંગે હવે એક બીજો વિચાર કર્યો: ‘આ માણસને હવે છૂટો કરવો.’ આ વિચાર જરા આકરો હતો પણ તેનું શું પરિણામ આવે છે તે જોવાની તેને ખૂબ ઇચ્છા હતી. આઠ-નવ દિવસ ગયા પછી એક દિવસ હાર્ડિંગે તેના ઓરડામાં જઈને તેને કહ્યું: ‘ચાલ, ભાઈ! મારી સાથે બહાર આવ.’

પેલો માણસ ઊભો થયો અને હાર્ડિંગની પાછળ પાછળ ચાલવા લાગ્યો. બારીએથી લિફ્ટમાં બેસાડી તેને નીચે ઉતાર્યો ને ત્યાંથી દરિયાકિનારા પાસે લઈ ગયા. દરિયા સામે જોઈને કેટલીક વાર સુધી તે ઊભો રહ્યો. પાંચેય જણ તેનાથી દૂર ઊભા હતા. તેણે નાસવાનો જરાયે પ્રયત્ન ન કર્યો; ઘણી વાર થઈ છતાં તેની નજર દરિયા પરથી ખસી નહિ. વળી ત્યાંથી તેને પશ્ચિમ બાજુના જંગલ તરફ લઈ જઈને નદીકાંઠે ઊભો રાખ્યો. જંગલ તરફ પણ તે તાકીને ઊભો રહ્યો. પુલ ઊંચો કરેલો હતો એટલે તે એકદમ નાસીને ભાગી શકે તેવો સંભવ ન હતો. ભાગવાનો પ્રયત્ન કરે છે કે નહિ તે જ જોવાનું હતું. થોડી વાર તે જંગલ તરફ જોતો ઊભો રહ્યો અને એકાએક તેણે નાસવા માટે કૂદકો માર્યો પણ તરત જ પાછો પડ્યો. પેલા પાંચેય જણ ઊભા હતા તે તરફ તેણે નજર નાખી. બધા તેની પાસે ગયા. જોયું તો તેની આંખમાંથી દડદડ આંસુ પડતાં હતાં.

‘બસ! હવે તું માણસ બન્યો, કારણ કે તને રોવાની ખબર પડી.’ હાર્ડિંગે કહ્યું.

# ૧૩ : અંતરની વેદના

આ માણસ શાથી રોયો હશે? તેના મનમાં કયા વિચારોની પરંપરા ચાલતી હશે? વગેરે તુરત નક્કી થઈ શક તેમ નહોતું. ત્યાંથી તેને પાછા ગ્રેનાઈટ મહેલમાં લાવ્યા. એટલી તો હવે ખાતરી થઈ હતી કે તે બધું સમજે છે છતાં બોલી શકતો નથી. બોલતાં ભૂલી ગયો હશે, અથવા તો કોઈ કારણથી ઇચ્છા છતાં બોલતો નહિ હોય. પણ એક દિવસ એવું થયું કે ખલાસી તેની ઓરડી પાસેથી પસાર થતો હતો ત્યાં તેને કાને અવાજ પડ્યો: 'નહિ; અહીં કોઈ દિવસ નહિ રહું!'

ખલાસીએ આ અહેવાલ તેના સાથીઓને કહ્યો.

'નક્કી તે બહુ જ દુ:ખી માણસ છે!' હાર્ડિંગે કહ્યું.

ધીમે ધીમે હાર્ડિંગે તેને કામ ઉપર ચડાવવા માંડ્યો. બગીચામાં તે આખો દિવસ કામ કર્યા કરતો હતો. બધાં ઓજારો તેને વાપરતાં આવડતાં હોય એમ લાગ્યું. વળી તેનું રાક્ષસ જેવું શરીર થાકે એમ નહોતું. તેને એકલા રહેવું જાણે કે ગમતું હોય એમ લાગતું હતું. કોઈ તેની પાસે જાય ત્યારે તે કામ પડતું મૂકી દેતો ને નીચું ઘાલી જતો. આ જોઈને હાર્ડિંગને ખૂબ લાગી આવતું. 'આ માણસ પાસે તેની કોઈ એવી વાત છે કે જે આપણને કહેતાં તે શરમાય છે. આપણે તેની શરમ તોડીને તેની પાસેથી વાત કઢાવવી જ જોઈએ.'

એક દિવસ તે બગીચામાં કામ કરતો હતો. હાર્ડિંગ તેની પાસે ગયો ને તેના ખભા પર ધીમેથી હાથ મૂક્યો: 'કેમ મિત્ર?' પેલાની નજર તો નીચી જ હતી. 'કેમ, મારી સામે તો જો? તું સામે જુએ તો મને આનંદ થાય!' હાર્ડિંગે નરમાશથી મીઠે અવાજે કહ્યું.

પેલાએ નજર ઊંચી કરી; ચારેય આંખો ભેગી મળી. સાથે જ તેના આખા અંગમાં જાણે ધ્રુજારી છૂટી. થોડી વારે તે શાંત થયો. તેણે હાથની અદબ વાળીને પહેલી જ વાર હાર્ડિંગને કઠોર અવાજે પૂછ્યું: 'તમે કોણ છો?'

'અમે તારા જેવા કેદીઓ છીએ. અમે તને અહીં અમારી પાસે લાવ્યા છીએ.'

'મારા જેવા?....મારે કોઈ નથી.'

'અમે બધા તારા મિત્રો છીએ.'

'મિત્રો? મારા? મારે મિત્ર છે જ નહિ. ના ના, કોઈ દિવસ નહિ, મને છોડી દો, છોડી દો!' એમ કહીને ત્યાંથી તે ભાગ્યો ને દરિયાકાંઠે કેટલીય વાર સુધી એકલો એકલો ઊભો રહ્યો.

હાર્ડિંગે તેના મિત્રોને બોલાવ્યા અને આ વાત કહી.

‘જરૂર આના જીવનમાં કાંઈક ભેદ છે.’ સ્પિલેટે કહ્યું.

‘આપણે તે આ કેવી જાતનો માણસ અહીં લાવ્યા છીએ!” ખલાસીએ કહ્યું.

લગભગ બે કલાક સુધી તે દરિયાકાંઠે ઊભો રહ્યો. બે કલાક પછી તે પાછો હાર્ડિંગ પાસે આવ્યો. બધા તેની પાસે બેઠા હતા.

તેણે આંખો તો નીચે જ ઢાબેલી હતી. તેણે હાર્ડિંગને પૂછ્યું: ‘તમે અને તમારા મિત્રો કેવા, અંગ્રેજ છો?’

‘ના, અમેરિકન છીએ.’

‘હાશ! એ ઠીક થયું.’ પેલો માણસ બોલ્યો.

‘ત્યારે તું કેવો છે?’ હાર્ડિંગે પૂછ્યું.

‘હું અંગ્રેજ છું.’ તેણે ઉતાવળે કહ્યું. પાછો ત્યાંથી તે ચાલ્યો ગયો ને ધોધ તથા મર્સી નદીના મુખ સુધીના ભાગમાં આંટા મારવા લાગ્યો. પાછો એકાએક હર્બર્ટ એકલો ફરતો હતો તેની પાસે આવી તેણે એકદમ પૂછ્યું: ‘આ કયો મહિનો છે?’

‘ડિસેમ્બર.’ હર્બર્ટે આશ્ચર્ય પામી જવાબ આપ્યો.

‘કઈ સાલ?’

‘૧૮૬૬.’

‘બાર વરસ! બાર વરસ!’ તેણે બૂમ પાડી; ને પાછો તે ત્યાંથી ભાગી ગયો.

‘આ માણસને બિચારાને મહિનાની ને વરસની પણ ખબર રહી નથી!’ સ્પિલેટે કહ્યું.

‘આ માણસ બાર વરસથી પેલા બેટ ઉપર એકલો જ રહ્યો હોય એમ લાગે છે.’ હર્બર્ટે કહ્યું.

‘બાર વરસમાં તો ગમે તેવો માણસ પણ જંગલી ન થાય તો જ નવાઈ કહેવાય!’ હાર્ડિંગે કહ્યું.

‘મને લાગે છે કે આ માણસે કોઈ મોટો ગુનો કર્યો હશે; ને તેની સજા તરીકે તેને આ બેટ ઉપર રાખ્યો હશે.’ ખલાસીએ કહ્યું.

‘હા, એમ હોવાનો સંભવ છે. અને તો તો કદાચ એમ પણ બને કે તેની સજા પૂરી થાય એટલે તેને લેવા માટે કોઈ વહાણ આવે પણ ખરું!’ સ્પિલેટે કલ્પના જરા આગળ દોડાવી.

પણ ત્યારે તો તેઓ તેને એ બેટ ઉપર તો નહિ જુએ!' હર્બર્ટે કહ્યું.

'હા. એટલે કાં તો તેઓ પાછા ફરશે; અથવા તો તેમને સૂઝે ને આ બાજુ આવે...' ખલાસી એથી પણ આગળ વધ્યો,

'હવે આપણે એ માણસને મોઢેથી વાત જાણ્યા વિના અનુમાનો કરવા ન માંડીએ. ધીમે ધીમે આપણને બધીય ખબર પડશે. ને આ માણસને જન્મટીપની સજા થઈ નહિ હોય તેની શી ખાતરી? જો તેને કોઈ લેવા આવવાનું હોય તો પછી આ પ્રમાણે તે ચિઠ્ઠી શું કામ નાખે?'

'પણ મને તો ચિઠ્ઠી એણે લખી હોય એમ ગળે જ નથી ઊતરતું. એમ માનો કે તે બે-ચાર વરસ સુધી માણસની સ્થિતિમાં રહ્યો હોય, અને તે દરમિયાન તેણે આ કાગળ લખ્યો હોય. હવે આઠ વરસ સુધી કાંઈ ઓછો જ એ શીસો તર્યા કરે?'

બધાને ગળે એ વાત ઊતરે એવી હતી.

'ત્યારે આ ચિઠ્ઠી ક્યાંથી આવી?'

થોડાક દિવસો સુધી પાછો પેલો માણસ એકલો જ ભટક્યા કર્યો. તે કામ કરતો ખરો, પણ ગ્રેનાઈટ મહેલમાં આવતો નહિ; બહાર ખુલ્લામાં જ તે પડ્યો રહેતો.

એક દિવસ બધા દરિયાકાંઠે ફરવા નીકળેલા ત્યાં એકાએક તે આવ્યો. તે દાંત કચકચાવતો હતો; તેની આંખોમાંથી જાણે અંગારા ઝરતા હતા; હિંસક પશુ જેવો તેનો દેખાવ હતો. તે બોલવા લાગ્યો: 'હું અહીં કેમ છું...! મને મારા બેટ ઉપરથી અહીં લાવવાનો તમને શો હક્ક છે? તમને એમ છે કે આપણે બધા મિત્રો છીએ....હું કોણ છું તે તમે જાણો છો...? મેં શું કર્યું હતું...? મારે ત્યાં જ મરવાનું હતું એ તમે જાણો છો? મારે જંગલી પશુની જેમ જ રહેવાનું છે...બોલો...તમે આ બધું જાણો છો?'

બધાએ આશ્ચર્યચકિત થઈને આ સાંભળ્યું. હાર્ડિંગ ધીમેથી તેની પાસે ગયો, પણ ઊલટો તે તો થોડુંક પાછો હઠ્યો ને બોલ્યો: 'ના ના, એક જ વાત...હું છૂટો છું?'

'હા હા, તું છૂટો છે!'

'ત્યારે સલામ!' – કહીને તે ત્યાંથી નાસી ગયો. નૅબ, ખલાસી અને હર્બર્ટ તેની પાછળ દોડ્યા પણ તેની સાથે દોડવું સહેલું ન હતું. હાર્ડિંગે તેમને અટકાવ્યા ને કહ્યું: 'આપણે તેને હમણાં એકલો જ રહેવા દેવો જોઈશે.'

'પણ તો તે પાછો નહિ આવે.'

'તે જરૂર પાછો આવશે.' હાર્ડિંગે કહ્યું.

ઘણા દિવસો પસાર થઈ ગયા. પેલો માણસ દેખાતો જ નહોતો. દરમિયાન તેમનું કામ તો ચાલતું જ હતું. ઘઉંનું ખેતર હવે લહેકા કરી રહ્યું હતું; તેની લાણી કરવામાં આવી. ઘઉંનો ખૂબ મોટો જથ્થો તેમની પાસે થયો. તે દળવા સારુ ઘંટીની જરૂર હતી. હાર્ડિંગ પાસે તેની યોજના પણ તૈયાર જ હતી. ટેકરી ઉપર ખુલ્લા મેદાનમાં એક બીજું મોટું ચક્કર ગોઠવી દીધું. તે ચક્કરની સાથે, ચક્કર ફરે એટલે ફરવા માંડે, એ રીતે બે મોટા પથ્થરની ગોઠવણ કરી. તે પથ્થરને લાકડાના એક મોટા થાળામાં ગોઠવવામાં આવ્યા. પવનના જોરથી ચક્કર ફરે, અને ચક્કર ફરે ત્યારે ઘંટીની ઉપરનો પથ્થર પણ ફરે. આ રીતે ઘંટી પણ ચાલુ થઈ ગઈ. બેટની ઉપર પવનચક્કી કોઈ મોટો પંખો હોય તેવી શોભતી હતી.

પહેલી વાર તે ઘંટી ચાલુ કરવામાં આવી ત્યારે ઘઉંનો લોટ થઈને નીચે પડતો જોઈને બધાના હરખનો પાર ન રહ્યો! તે જ દિવસે નૅબના હાથથી પકાવેલી રોટી ગ્રેનાઈટ મહેલના ખાણાના ટેબલ ઉપર દેખાઈ!

થોડા દિવસ પછી એક વાર હર્બર્ટ સરોવરની દક્ષિણ બાજુએ માછલીના શિકાર માટે નીકળેલો. લગભગ રોજ એ તે બાજુ જતો. સાથે કંઈ હથિયાર રાખતો નહોતો. ખલાસી અને નૅબ મરઘાંવાળી વાડીમાં કામ કરતા હતા. હાર્ડિંગ અને સ્પિલેટ ધોવાનો સાબુ બનાવતા હતા.

એકાએક ‘દોડો, દોડો!’ની બૂમ આવી. બૂમ ખૂબ દૂરથી આવી હતી એટલે હાર્ડિંગ અને સ્પિલેટ ત્યાં આવી પહોંચી શકે તેમ નહોતું, પણ નૅબ ને ખલાસી તો વાડીનું બારણું એમ ને એમ ખુલ્લું મૂકીને દોડ્યા. તેઓની સાથે જ બીજી દિશામાંથી પેલો જંગલી માણસ પણ દોડતો દેખાયો. બધા એકીસાથે બૂમ પડી તે જગ્યાએ જઈ પહોંચ્યા. જોયું તો હર્બર્ટની સામે જ એક ભયંકર જેગુઆર આવીને ઊભું હતું. કોઈની પાસે કશું હથિયાર નહોતું. પેલો જંગલી માણસ એમ ને એમ જેગુઆર પર કૂદ્યો. જેગુઆરને તેણે બાથમાં લીધું; કુસ્તી બહુ જ થોડો વખત ચાલી. પેલા માણસના શરીર પરથી કોઈ કોઈ જગ્યાએ માંસના લોચા પણ પ્રાણીના નહોર લાગવાથી નીકળી ગયા હતા, પણ તે જંગલી માણસે પેલા જેગુઆરનું ગળું એટલા તો જોરથી દબાવ્યું કે તેના રામ રમી ગયા! જેગુઆર મર્યું કે તરત જ પેલો માણસ નાસવા જતો, પણ હર્બર્ટ તેને વળગી પડ્યો: ‘ના, તને નહિ જવા દઉં!’

દરમિયાન હાર્ડિંગ અને સ્પિલેટ આવી પહોંચ્યા. હર્બર્ટે હાર્ડિંગને તરત વાત કરી ન હોત તો હાર્ડિંગ એમ જ માનત કે પેલા જંગલીએ જ હર્બર્ટ ઉપર હુમલો કર્યો હતો. પણ હાર્ડિંગને જ્યારે બધી વાતની ખબર પડી, ત્યારે તે પેલા જંગલી પાસે ગયો ને તેને કહ્યું: ‘ભાઈ! તેં જીવના જોખમે પણ અમારા છોકરાનું રક્ષણ કર્યું છે. ખરેખર, તેં અમને ઉપકાર તળે દાબી દીધા છે!’

'ઉપકાર? ઉપકાર શાનો? અને મારી જિંદગીને વળી જોખમ કેવું? મારે જિંદગી જ ક્યાં છે?' જંગલીએ કહ્યું.

'તું બહુ ઘવાયો છે!'

'કાંઈ વાંધો નહિ.' – કહીને તેણે હાથથી લોહી લૂછવા માંડ્યું.

હર્બર્ટ તેનો હાથ પોતાના હાથમાં લેવા પ્રયત્ન કરતો હતો, પણ તેણે પોતાના હાથની અદબ વાળી દીધી હતી. તેણે દૃઢતાથી પૂછ્યું: 'પહેલાં મને કહો કે તમે બધા અહીં કઈ રીતે આવ્યા?'

હાર્ડિંગે પહેલેથી છેલ્લે સુધી બધી વાત માંડીને કહી, એમ માનીને કે તેમની વાત સાંભળ્યા પછી તેને પોતાની વાત કહેવાનું મન થાય. હાર્ડિંગની વાત પેલાએ બહુ ધ્યાનપૂર્વક સાંભળી.

'કેમ, હવે તો અમારો મિત્ર થઈશ ને?' હાર્ડિંગે આખરે સવાલ કર્યો.

'ના, ના! તમે તો બધા આબરૂદાર માણસ છો, અને હું તો...'

# ૧૪ : પાપનો એકરાર

એ વાતની હવે તો પૂરતી ખાતરી થઈ ગઈ હતી કે આ માણસ કોઈ ભયંકર ગુનો કરીને ટેબર બેટ ઉપર આવ્યો હોવો જોઈએ.

જેગુઆરના બનાવ પછી ફરી પાછો પેલો જંગલી તેમની વચ્ચે રહેવા લાગ્યો, પણ કોઈની સાથે બોલ્યા વગર પોતે એકલો જ કામ કર્યા કરતો. જમવા વખતે કે સૂવા વખતે પણ તે આવતો નહોતો.

થોડાક દિવસો પછી એક વખત બધા બેઠા હતા ત્યાં એકાએક તે માણસ આવ્યો ને બોલ્યો: ‘સાહેબ! મારે એક વિનંતી કરવાની છે.’

‘ખુશીથી.’

‘મારી એક માગણી કબૂલ રાખો.’

‘શી?’

‘અહીંથી થોડે દૂર જંગલમાં તમારી જે પશુશાળા છે તેની વ્યવસ્થા કરવાનું કામ મને સોંપો, અને મને ત્યાં જ રહેવા દ્યો.’

‘અરે, પણ ત્યાં તો માણસને રહેવાની કશી સગવડ જ ક્યાં છે?’ હાર્ડિંગે કહ્યું.

‘એ સગવડ હું જાતે કરી લઈશ.’

‘તારે જવું હોય તો મારી ના નથી. ત્યાં તને અમે એક ઓરડી જેવું કરી આપીશું, ને ખુશીથી તું રહેજે.’

‘આપનો મોટો ઉપકાર, સાહેબ!’

હાર્ડિંગના કહેવાથી તે જ દિવસે ત્યાં આગળ એક નાની ઓરડી અને અંદર સૂવા-બેસવાની સગવડ વગેરે કરી આપવાની યોજના તૈયાર થઈ, ને સાતેક દિવસમાં બધું તૈયાર થઈ ગયું. જે દિવસે પેલાને પશુશાળામાં મોકલવાનો હતો, તે જ દિવસે જમવાના ઓરડામાં બધા બેઠા હતા ત્યાં તે માણસ આવ્યો ને બોલ્યો: ‘સાહેબ! હું જાઉં તે પહેલાં મારો ઇતિહાસ તમને કહેવો જોઈએ; એમ ન કરું તો મેં તમને છેતર્યા ગણાય.’

‘તારો ઇતિહાસ ગમે તેવો હોય, અને તે તું અમને જણાવ કે ન જણાવ, પણ તું અમારો મિત્ર નથી મટવાનો એ ચોક્કસ છે!’ હાર્ડિંગે કહ્યું.

‘ના, પણ મારી ફરજ છે કે મારે તે કહેવો જોઈએ.’

‘તો ભલે; બેસ અને કહે.’

'ના, હું ઊભો ઊભો જ કહીશ.' એમ કહી અદબ વાળીને તે બાજુએ ઊભો રહ્યો ને પોતાની વાત શરૂ કરી. બધા એકધ્યાન થઈ તે સાંભળવા લાગ્યા.

"૧૮૫૪ની સાલની વાત છે. કૅપ્ટન ગ્રાંટ તેના 'બ્રિટાનિયા નામના વહાણ સાથે ગુમ થઈ ગયો હતો; તેનો ક્યાંયે પત્તો નહોતો. લૉર્ડ ગ્લિસાર્વન નામના તેના એક મિત્રે તેને શોધી કાઢવા માટે બીડું ઝડપ્યું, અને પોતાનું 'ડંકન" નામનું વરાળથી ચાલતું એક નાનું વહાણ ઉપાડ્યું. તેના કપ્તાન તરીકે જૉન મેંગલ્સ નામનો માણસ હતો. કૅપ્ટન ગ્રાંટ સંબંધી એક જ માહિતી મળી હતી: એક શીશો તરતો તરતો આઈરિશ સમુદ્રમાં મળી આવ્યો હતો, ને તેમાં એમ હતું કે કૅપ્ટનનો પત્તો દક્ષિણમાં ૩૭°૧ અક્ષાંશ ઉપર મળી આવશે. આને આધારે લૉર્ડ ગ્લિસાર્વને પોતાની બોટ હંકારી. દક્ષિણ અમેરિકામાં તેણે તપાસ કરી અને ત્યાંથી ઠેઠ ઑસ્ટ્રેલિયા સુધી જવું એમ તેણે નક્કી કર્યું. તે ઑસ્ટ્રેલિયાના પશ્ચિમ કિનારે પહોંચ્યો. કિનારેથી એક માઈલને અંતરે એક આઈરિશ ગૃહસ્થ રહેતો હતો, તેને કૅપ્ટન ગ્રાંટ સંબંધી પૂછતાં તેણે કહ્યું: 'મને આ બાબતની કશી ખબર નથી.' પણ તેની સાથે તેનો એક નોકર ઊભો હતો તેણે કહ્યું: 'સાહેબ! હું કૅપ્ટન ગ્રાંટ સાહેબના વહાણનો જ એક ખલાસી છું. તેમનું વહાણ અહીં ખરાબે અથડાયું હતું અને તેમાંથી હું એકલો જુદો પડી ગયો હતો. મને એમ છે કે કૅપ્ટન ગ્રાંટનો પત્તો ઑસ્ટ્રેલિયાના જંગલમાંથી જરૂર મળી આવશે. આપને જરૂર હોય તો તપાસમાં હું મદદ કરીશ.'

આ માણસનું બોલવું લૉર્ડ ગ્લિસાર્વનને પ્રામાણિક હોય એમ લાગ્યું, એટલે તેને સાથે લીધો. ખરી વાત એમ હતી કે આ માણસ કૅપ્ટન ગ્રાંટ સાથે નિમકહરામ નીવડ્યો હોવાથી કૅપ્ટને તેને પોતાના વહાણમાંથી બરતરફ કર્યો હતો, ને આ કાંઠે ઉતારી નાખ્યો હતો. તે પછી કૅપ્ટન ગ્રાંટ ક્યાં ગયા, તેનું વહાણ તૂટ્યું છે કે નહિ તે વિષે આ માણસને કશી ખબર નહોતી. આ માણસનું નામ આયર્ટન હતું. આયર્ટનની સરદારી નીચે બધા ત્યાંથી ઑસ્ટ્રેલિયાનાં જંગલોમાં પેઠા. ડંકનને કિનારા ઉપર જૉન ઑસ્ટિન નામના માણસને ભળાવ્યું. આયર્ટન એ દગાથી ભરેલો માણસ હતો."

અહીં પેલો જંગલી માણસ થોડી વાર અટક્યો; તેણે જરા ગળું ખંખોર્યું ને પછી ચલાવ્યું:

"દરમિયાનમાં ડંકન વહાણને જરા રિપૅર કરવાની જરૂર હોવાથી તેને 'મેલબોર્ન' શહેરમાં મોકલ્યું. બધા ઑસ્ટ્રેલિયા વીંધીને સામે કિનારે પહોંચે તે પહેલાં "ડંકન" રિપૅર થઈને તેમને તે કિનારે મળે એવી જાતની ગોઠવણ કરવા માટે એક ચિઠ્ઠી લખીને આયર્ટનને જ મેલબોર્ન તરફ જૉન ઑસ્ટિન પાસે મોકલ્યો. આયર્ટન મનમાં રાજી થયો. તેણે મનમાં ઠરાવ્યું કે ડંકનને ઑસ્ટ્રેલિયાને સામે કિનારે લઈ જવાને બદલે જૉન ઑસ્ટિનને સમજાવીને બીજી જ બાજુ ઊપડી જવું ને પોતાના કબજામાં રાખી લેવું. તેના જે

બીજા મળતિયા સાથીઓ હતા તેમને પણ અંદર ભેળવી લેવાની યોજના તેણે કરી. પણ મેલબોર્ન ગયા પછી તેના ધાર્યા કરતાં ઊંધું થયું. પેલી ચિઠ્ઠી જૉન ઑસ્ટિનને મળી કે તરત જ તેણે વહાણ હાંક્યું. પણ ઑસ્ટ્રેલિયાના બીજા કિનારા તરફ હાંકવાને બદલે તેને ન્યુઝીલેંડના કિનારા તરફ તેણે હાંક્યું. પેલી ચિઠ્ઠી લખનાર ફ્રાન્સનો એક ભૂગોળશાસ્ત્રી હતો; તેણે ભૂલથી ઑસ્ટ્રેલિયાને બદલે ન્યુઝીલૅંડ લખી નાખેલું.

વહાણ ન્યુઝીલૅંડ પહોંચ્યું. આયર્ટને તેના સાથીઓને ઘણા ફોસલાવ્યા ને સમજાવ્યા, પણ કોઈએ તેને દાદ ન આપી, ઊલટું તેને દગાખોર ગણીને પકડ્યો ને બાંધ્યો.

પેલી બાજુ બધા ફરતા ફરતા ઑસ્ટ્રેલિયાને સામે કિનારે આવી પહોંચ્યા, પણ ડંકન ત્યાં નહોતું એટલે બધા ગભરાયા. લૉર્ડ ગ્લિસાર્વને મેલબોર્ન તાર કર્યા. તારનો જવાબ આવ્યો કે ‘ડંકન ઊપડી ગયું છે. તેની બીજી માહિતી નથી.’ લૉર્ડ ગ્લિસાર્વને બીજું એક વેપારીનું વહાણ ભાડે કર્યું ને ડંકનની તપાસમાં ઊપડ્યો. ન્યુઝીલૅંડ જઈને તપાસ કરી તો ડંકન ત્યાં પાંચ અઠવાડિયાંથી રાહ જોતું ઊભું હતું. પેલા ફ્રાન્સના ભૂગોળશાસ્ત્રીની ભૂલને લીધે આમ થયું હતું, એ વાતની તેને ખબર પડી; સાથેસાથે આયર્ટને કરેલો બળવો પણ તેની જાણમાં આવ્યો. આયર્ટનને ઘણું મનાવ્યો, પણ કૅપ્ટન ગ્રાંટ વિષે તે કાંઈ બોલ્યો નહિ. છેવટે તેને ધમકી આપી, કે તેને અહીં પોલીસને સ્વાધીન કરવામાં આવશે. સાથે સાથે લૉર્ડ ગ્લિસાર્વનની સ્ત્રીએ તેને ખૂબ સમજાવ્યો. આખરે તેણે કહ્યું: ‘મને પોલીસને સોંપવા કરતાં પૅસિફિકના કોઈ બેટ ઉપર મૂકી દો. એ શિક્ષા મને પૂરતી છે. ખરી વાત એ છે કે કૅપ્ટન ગ્રાંટ વિષે મને કાંઈ ખબર નથી.

લૉર્ડ ગ્લિસાર્વને આયર્ટનને છેવટે ટેબર બેટ ઉપર ઉતારી મૂક્યો. સંયોગો પણ એવા થયા કે કૅપ્ટન ગ્રાંટ ને તેના માણસો આ બેટ ઉપર આવી પડ્યા હતા. તેમનું બ્રિટાનિયા વહાણ અહીં અથડાઈને તૂટી ગયું હતું. કૅપ્ટન ગ્રાંટે પોતાના ખલાસીને ઓળખ્યો. કૅપ્ટને તેને માટે એક ઓરડી પણ બંધાવી આપી; સાથે ખાવાપીવાનો સામાન, હથિયારો, ઓજારો વગેરે બધું આપ્યું અને છેવટે કહ્યું, ‘તારા ગુનાની સજા પૂરી થાય ત્યાં સુધી તારે આ બેટ ઉપર જ રહેવાનું છે. અમે તને ભૂલશું નહિ; કોઈ વાર તને લેવા માટે આવીશું. ત્યાં સુધી તું અહીં જ રહેજે.’

આયર્ટનના દુ:ખનો પાર ન હતો. એક, બે, ત્રણ વરસ સુધી રોજ તે વહાણની રાહ જોયા કરતો હતો, પણ તેનાં પાપ વધારે હશે એટલે હજુ તેને વધારે સહન કરવાનું હતું. તેણે ઈશ્વરની રોજ પ્રાર્થના કરી. રોજ જુદું જુદું કામ કરીને તે દિવસો કાઢવા લાગ્યો, પણ એકાંતમાં રહેવાથી, તથા માણસનું મોઢું પણ કોઈ દિવસ ન જોવાથી તે પોતાનું મનુષ્યપણું ભૂલવા લાગ્યો. આખરે તે જંગલી પશુ જેવો થઈ ગયો.

તે આ આયર્ટન હું પોતે!

આ વાત સાંભળીને દરેકના હૃદયો પીગળી ગયાં હતાં. બધા ઊભા થઈ ગયા.

'આયર્ટન! તું એ વાત ભૂલી જા. તને તારા ગુનાની જોઈએ તે કરતાં પણ વધારે સજા થઈ ગઈ છે. આજથી તું અમારો મિત્ર છે. કેમ, અમારો મિત્ર થઈશ ને?' હાર્ડિંગે પૂછ્યું.

આયર્ટન કાંઈ બોલ્યો નહિ.

'મને તારો હાથ આપ.' હાર્ડિંગે કહ્યું.

આયર્ટને પોતાનો હાથ લાંબો કર્યો; તેની આંખમાંથી આંસુની ધારા ચાલી.

'તું અમારી સાથે રહીશ ને?' હાર્ડિંગે ફરી પૂછ્યું.

'હા; પણ હમણાં મારામાં શક્તિ નથી. હું હમણાં પશુશાળા સાચવીને પડ્યો રહીશ.'

'જેવી તારી મરજી, પણ એક વાત પૂછું: જો તારી મરજી એકલા જ રહેવાની હતી, તો પછી શીશામાં પેલી ચિઠ્ઠી તેં શું કામ નાખી હતી?'

'કઈ ચિઠ્ઠી?'

'કેમ? ચિઠ્ઠી વાંચ્યા પછી તો અમે તને ટેબર બેટ ઉપર લેવા આવ્યા હતા!'

'મેં કોઈ દિવસ એવી ચિઠ્ઠી લખી જ નથી.'

'તેં નથી લખી?'

'ના; કદી નહિ.' આયર્ટને સ્પષ્ટતા કરી.

બીજી જ ક્ષણે આયર્ટન ત્યાંથી નીચે ઊતરીને પશુશાળા તરફ ચાલ્યો ગયો.

# ૧૫ : ત્યારે તાપણું કોણે કર્યું હશે?

‘આ તો નવાઈ જ ગણાય! ત્યારે આ ચિઠ્ઠી કોણે લખી હશે?’ ખલાસીએ કહ્યું.

‘મને તો લાગે છે કે આપણે આ પ્રશ્નનો ઉકેલ નહિ લાવી શકીએ. જુઓ ને, અત્યાર સુધીમાં કૂવાનો, પેટીનો, વગેરે કેટલાક બનાવો એવા બન્યા છે જેના ખુલાસા આપણી પાસે નથી; એ બધા ખુલાસા તો નસીબ હશે તો જડશે.’

‘નસીબ! નસીબમાં હું માનતો જ નથી. દુનિયામાં કંઈ અકસ્માત જેવું છે જ નહિ. એક દિવસ આપણે તેની પાછળ પડીશું જ.’ હાર્ડિંગે કહ્યું.

‘આ આયર્ટને બધું સાચું જ કહ્યું હશે?’

‘હા; ખોટું બોલવાનું કંઈ કારણ નથી. તેને ખરેખર પોતાની સ્થિતિનું ભાન થયું છે. એના અવાજમાં કેટલી સચ્ચાઈ હતી! વળી અમેરિકામાં હતો ત્યારે કૅપ્ટન ગ્રાંટ વિષેની આવી જ માહિતી મેં પણ વાંચી હતી.’

હવે આયર્ટન એકલો જુદો રહે તે બરાબર નહોતું. તેની સાથે કોઈ પણ રીતે રોજ સંબંધ રાખવો જ જોઈએ; ત્યાં શું બને છે તેની માહિતી મળે તે માટે, એટલું જ નહિ પણ આયર્ટનને લાગવું જોઈએ કે પોતે એકલો નથી. તે માટે હાર્ડિંગે એક નવી જ યોજના તૈયાર કરી. તેણે વીજળીથી તાર મારફત સંદેશો જાય તેવાં યંત્રો તૈયાર કરવા માંડ્યાં. ત્રાંબું તો ત્યાં પુષ્કળ હતું: તેમાંથી તાર બનાવ્યા. વીજળી માટે મોરથૂથૂ ને બીજાં સાધનો પૂરતા પ્રમાણમાં હતાં. તે બધાને ગોઠવવાં એ જ કામ હતું. હાર્ડિંગે ચાર-પાંચ દિવસ સતત પરિશ્રમ લઈને તાર કરી નાખ્યા. ઠેઠ પશુશાળા સુધી સો સો ફૂટને અંતરે એકએક થાંભલો નાખીને તેના પર કાચના પ્યાલા ગોઠવ્યા ને તેની સાથે તાર બાંધીને વીજળીની બૅટરી સાથે તેનો સંબંધ જોડી દીધો.

૧૨મી ફેબ્રુઆરીએ બધું તૈયાર થઈ ગયું. હાર્ડિંગે તારથી સંદેશો મોકલવાનો પ્રયોગ કરી જોયો તો તે બરાબર સફળ થઈ ગયો.

આયર્ટન અઠવાડિયામાં એક વાર ગ્રેનાઇટ મહેલમાં આવી જતો; પેલા બધા પણ એકાદ આંટો વારાફરતી ત્યાં જઈ આવતા.

બીજી બાજુ ખેતરની સમૃદ્ધિ ખૂબ વધવા લાગી; ભંડાર ભરાવા લાગ્યો. પેલાં રોઝ પણ હવે તો મનધાર્યું કામ આપતાં હતાં, તેમ જ સવારી કરવામાં પણ કામમાં આવતાં હતાં. હર્બર્ટ તેના પર બેસીને સ્પિલેટ સાથે બેટના ગાઢ જંગલમાં શિકાર કરવા જતો.

સાથે સાથે ફોટોગ્રાફ પાડવાનાં સાધનોનો પણ ઉપયોગ થવા લાગ્યો. સ્પિલેટ આમાં કુશળ હતો. હર્બર્ટને તેણે બધું શીખવું દીધું. બેટના જુદા જુદા ભાગોના તેમણે સુંદર ફોટાઓ લીધા. ત્યાંનાં જંગલી પ્રાણીઓના ફોટાઓ પણ સ્પિલેટ ચાલાકીથી લઈ લેતો. જપ તથા ટૉપનો સાથે પાડેલો એક ફોટો તેમણે મઢીને ગ્રેનાઈટ મહેલમાં બીજા બધા ફોટાઓ સાથે રાખ્યો હતો. ફિલ્મ લેવા માટેનાં સાધનો પણ તેમની પાસે જ હતાં, એટલે કેટલાયે ફોટાઓથી ગ્રેનાઈટ મહેલના ઓરડાઓ શોભવા લાગ્યા.

દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. ૨૬મી માર્ચનો દિવસ આવ્યો. આ દિવસે તેમને આ બેટ ઉપર બે વરસ પૂરાં થતાં હતાં.

બે વરસ તો વીતી પણ ગયાં! બે વરસથી તેમણે આયર્ટન સિવાય બીજા કોઈ માણસનું મોઢું જોયું નહોતું. બહારની દુનિયા છે કે નહિ તે જાણવાનું પણ તેમને કંઈ સાધન મળ્યું નહોતું. અત્યાર સુધી તેમને કામ ઉપર કામ આવી પડ્યું હોવાને લીધે આ એકાંતવાસ બહુ આકરો નહોતો લાગ્યો. વળી હાર્ડિંગ જેવો નેતા હોય ને ખલાસી જેવો ગમ્મતી માણસ હોય પછી શો વાંધો આવે? છતાં પણ પોતાનું મૂળ વતન કેમ ભુલાય? અહીં ગમે તેટલું સુખ હોવા છતાં અત્યારે જો કોઈ વહાણ તેમને ત્યાં આવે તો બધી સંપત્તિ છોડીને તેઓ પોતાને વતન ચાલી જવા માટે તૈયાર જ હતા!

એક દિવસ તેઓ આની જ ચર્ચામાં ઊતરી પડ્યા. છેવટે સ્પિલેટે સૂચના કરી: ‘જો આપણે ૧૫૦ માઈલ જઈ શકે તેવું મોટું વહાણ બનાવી શકીએ; તો અમેરિકા પહોંચી શકે તેવું મોટું વહાણ શા માટે ન બનાવી શકાય?’

‘મારી ના નથી.’ ખલાસીએ કહ્યું, ‘પણ એમાં એમ છે, કે ટૂંકી સફર અને લાંબી સફરમાં ઘણો તફાવત પડે છે. આપણે ૧૨૦૦ માઈલ જવાનું છે એ ભૂલવું ન જોઈએ.’

‘હા, પણ એ સાહસ આપણે ન કરી શકીએ?’

‘શું કામ ન કરી શકીએ?’ દુનિયામાં એવી કઈ ચીજ છે, જે આપણે ન કરી શકીએ?’ ખલાસીએ કહ્યું.

‘વળી હવે આપણને એક બીજો ખલાસી પણ મળ્યો છે.’ હર્બર્ટે કહ્યું.

‘હા, એ તો આપણે ભૂલી જઈએ છીએ. આયર્ટન પણ વહાણનો કારીગર છે.’

‘આ બધા કરતાં આપણે એમ કર્યું હોય તો કેવું? આયર્ટનને લેવા માટે ગમે ત્યારે પણ ડંકન તો ત્યાં આવવાનું જ છે. આપણે ટેબર બેટ ઉપર આયર્ટનની ઝૂંપડીમાં એક ચિઠ્ઠી મૂકી આવીએ; એમાં આપણી બધી

હકીકત વિગતથી લખીએ, એ ચિઠ્ઠી વાંચીને ડંકન વહાણવાળા આપણને લેવા જરૂર અહીં આવશે.' ખલાસીએ પોતાની બુદ્ધિ દોડાવી.

'વાહ! આ નવી જ યુક્તિ છે.' બધા બોલી ઊઠ્યા.

હાર્ડિંગે કહ્યું: 'જુઓ; હવે ઋતુ બદલાઈ છે. વહાણ કોઈ પણ રીતે દરિયામાં ચાલી શકે તેમ નથી. હવે બીજા સાત મહિના સુધી વાટ જોવી પડે; અને તે દરમિયાન તો ત્યાં વહાણ આવીને પાછું ગયું હોય તોપણ તેની આપણને શી ખબર પડે?'

'હા, એ વાત સાચી. આપણે ગયા ત્યારે જ ચિઠ્ઠી મૂકતા આવ્યા હોત તો કેવું સારું હતું!' હર્બર્ટે કહ્યું.

'એ ખરું; પણ તમને કંઈ ખબર હતી કે આયર્ટનની આવી હકીકત છે?'

'ત્યારે હવે બીજો શો ઉપાય? ડંકન આ બાજુ આવી ચડે તો ઠીક છે; નહિ તો વાટ જુઓ. વહાણ બનાવવાની મહેનત મારા મત પ્રમાણે નકામી છે.' હાર્ડિંગે કહ્યું.

વાત ત્યાંથી અટકી પડી.

પછી તેમણે નક્કી કર્યું કે 'બહાદુર' ને ફરી એક વાર લિંકન બેટની પ્રદક્ષિણા કરાવવી. આખો બેટ ફરવાની હવે જરૂર નહોતી; ફક્ત ઉત્તરનો ભાગ જ બાકી હતો; અને તે જ જોવાની જરૂર હતી.

૧૬મી એપ્રિલે ઊપડવાનું નક્કી કર્યું. આયર્ટનને ગ્રેનાઈટ મહેલમાં બોલાવી લીધો. તેને મહેલ સોંપીને તથા જપને તેની સાથે રાખીને પાંચે જણા ટૉપને લઈને ૧૬મીની સવારે 'બહાદુર'માં બેસીને ઊપડ્યા. નૈઋત્યનો સુંદર પવન વાતો હતો. આખો દિવસ વહાણ હંકાર્યા પછી તેઓ વચ્ચે જ એક જગ્યાએ વહાણમાં રાત રહ્યા. કાંઠા પર વહાણને રાખીને તેઓએ નાસ્તો કરીને વહાણમાં જ સૂવાની ગોઠવણ કરી. ખલાસી સિવાય બીજાઓને ઊંઘ ભાગ્યે જ આવી. સવારે પાછું વહાણ ઊપડ્યું અને કિનારેથી અરધો માઈલ દૂર ચાલતું ચાલતું તે ઉત્તરના કાંઠા પર પહોંચ્યું. ઉત્તરના કિનારામાં અને દક્ષિણ તરફના કિનારામાં કેટલો ફેર હતો! દક્ષિણમાં જ્યારે જંગલ હતું, ત્યારે ઉત્તરમાં ઊંચા ઊંચા ખડકોની હારો ઉપર હારો જામી પડેલી હતી. બસોત્રણસો ફૂટ લાંબા મોટા ખડકો આડા પડેલા હતા. કેટલાક ખડકો તો બે મોટા ખડકો ઉપર પુલની પેઠે ગોઠવ્યા હતા. સાગર એ ખડકોની સાથે અથડાઈને ભયંકર ગર્જના કરતો હતો. આ બધો દેખાવ તેમને સાવ નવીન હતો – કારણ કે ફ્રાંકલીન પર્વત ઉપરથી પણ આ ભાગ સ્પષ્ટ જોઈ શકાતો નહોતો. જાણે કોઈ રાક્ષસોએ મોટી મોટી મહેલાતો ઊભી કરી હોય એવો દેખાવ લાગતો હતો! આ ખડકોની અંદર વહાણમાં બેસીને ઘૂસવું એ સાહસ હતું. પણ ખલાસી ખૂબ ચપળ

હતો. બરાબર સાચવી સાચવીને તે વહાણ હાંકતો હતો. બધું જોતાં જોતાં સાંજ પડી ગઈ. અહીંથી તેમનો મૂળ મુકામ લગભગ દસ-પંદર માઈલના ફેરમાં થતો હતો. હવે શું કરવું? આ ખડકવાળા દરિયામાંથી વહાણ હાંકવું કે અહીં લંગર નાખવું? લંગર નાખવાનું ખલાસીનું મન ન હતું, કારણ કે આવા ખડકોની વચ્ચે આખી રાત વહાણ પડ્યું રહે તો મોજાંના સપાટાથી ખડકો સાથે અથડાયા કરે અને વહાણને ઈજા જ થાય. ખલાસીને મન પોતાને છાતીમાં કોઈ ઠોંસો મારે તો સહન થાય, પણ વહાણને જરા હરકત આવે તો તે તેનાથી સહી શકાય તેમ નહોતું. આથી રાતોરાત પણ વહાણ હાંકીને પહોંચાડી દેવું એવો તેનો મત હતો. તેની હિંમત જોઈને હાર્ડિંગે લંગર નાખવાનો આગ્રહ ન કર્યો.

રાત પડવા આવી; અંધારું થવા લાગ્યું હતું. પવન જોકે અનુકૂળ હતો, પણ નીચે ખડકો હોય તો વહાણના ભુક્કા બોલી જાય તેમ હતું. રાતના દસ વાગી ગયા હતા. ખલાસીએ કહ્યું: ‘જો અત્યારે આ બેટ ઉપર આપણે દીવાદાંડી બનાવી હોય તો કેવી મજા પડે!’

‘બરાબર છે, કારણ અત્યારે કોઈ હાર્ડિંગ સાહેબની જેમ ઊંચે ચડીને તાપણું કરીને નિશાની બતાવે એમ નથી.’ હર્બર્ટે કહ્યું.

‘અરે હા, કૅપ્ટન સાહેબ!’ ખલાસીને કંઈક સાંભરી આવ્યું. ‘એ વાત તો ભૂલી જ ગયા; અમારે તમારો આભાર માનવાનો છે.’

‘શી બાબતમાં?’

‘તે દિવસે અમે ટેબર બેટ ઉપરથી આવતા હતા ત્યારે રાત્રે તમે ટેકરી ઉપર જે તાપણું કર્યું હતું, તે ન હોત તો અમે પહોંચત જ નહિ.’

‘શાનું તાપણું?’

‘કેમ, ભૂલી જાઓ છો? અમે આવ્યા તે દિવસે રાત્રે. જુઓ ને, ટેકરી ઉપર તમે તાપણું નહોતું કર્યું?’

‘હા હા. મેં બરાબર વખતસર જ તમને નિશાની કરી હતી, ખરું?’ હાર્ડિંગે જાણે સંભારીને કહ્યું, ‘એ મને ઠીક સૂઝી ગયેલું.’

‘પણ અત્યારે કંઈ આયર્ટનને એ સૂઝે નહિ.’

‘ના, એવું કોઈને ન સૂઝે.’

થોડી વાર પછી હાર્ડિંગે સ્પિલેટના કાનમાં કહ્યું: ‘એ વાત ચોક્કસ માનજો કે તાપણું કર્યાની જે વાત ખલાસી કરે છે તેવું તાપણું મેં ક્યારેય પણ આ બેટ ઉપર ઊંચી જગ્યાએ ચડીને કર્યું જ નથી.’

‘ત્યારે એ તાપણું કોણે કર્યું હશે?’ સ્પિલેટ બબડ્યો.

# ૧૬ : ક્ષિતિજમાં વહાણ

રાત આખી દરિયામાં પસાર કરવાની હતી. સદ્‌ભાગ્યે તેઓ ઉત્તર મેન્ડિબલ ભૂશિરો અને દક્ષિણ મેન્ડિબલ ભૂશિરની વચ્ચેના અખાતમાં આવી ગયા હતા. બંને ભૂશિરો અણીદાર થઈને ઘણે સુધી દરિયામાં ઘૂસી ગયેલ હતી; આને લીધે વચ્ચેનો અખાત સરોવર જેવો શાંત હતો. ગમે તેટલું તોફાન હોવા છતાં આમાં જરા પણ ફેરફાર થતો ન હતો. ખલાસીએ કહ્યું: ‘આ અખાત તો અમેરિકાનાં વહાણોનો મોટો કાફલો સાચવી શકાય તેવો છે. આપણે જરૂર અમેરિકા ગયા પછી આ અખાતનો ઉપયોગ કરવાની ભલામણ કરીશું.’

બધાને ગમી જાય તેવી આ જગ્યા હતી. અહીં જ આ ‘બહાદુર’ વહાણને રાખવાની સૂચના પણ થઈ, પણ ખલાસીને થયું કે આ નાના વહાણને માટે આવડો મોટો અખાત શોભે નહિ. રાતના બીજું કાંઈ કામ નહોતું એટલે આ અખાત સંબંધે ખૂબ ચર્ચા થઈ. સ્પિલેટે કહ્યું: ‘આ અખાત બધી રીતે સારો છે; પણ ખલાસીસાહેબ! આપ મોટા કાફલાને આ અખાતમાં લાવો તો ખરા; પણ તેમાંથી કાંઠા ઉપર ઊતરવા માટે કિનારો તો જોઈએ ને? એ ક્યાંથી કાઢશો?’ એ વાત કોઈના ખ્યાલમાં નહિ આવેલી, અખાતની ત્રણે બાજુ ફરતા ઊંચા ખડકો જ હતા; ઊતરવા માટે જગ્યા જ નહોતી.

વાતોથી થાક્યા એટલે તેઓ સૂઈ ગયા. હાર્ડિંગે કાનમાં કહેલા શબ્દો સાંભળી સ્પિલેટને ખૂબ જ નવાઈ થયેલી. તેને શંકા થયા કરતી હતી: ‘ત્યારે એ તાપણું કોણે કર્યું હશે?’ ગ્રેનાઈટ મહેલમાં પહોંચીને આ બાબતની પાકી તપાસ થવી જ જોઈએ, એમ તેણે નક્કી કર્યું.

સવાર પડી. વહાણ અખાતમાંથી નીકળીને મર્સી નદીના મુખ તરફ ચાલ્યું. ઓટ હોવાથી વહાણને ઘણી વાર સુધી દરિયામાં રોકાઈ રહેવું પડ્યું. ભરતી શરૂ થઈ એટલે વહાણ મર્સી નદીના મુખમાં પેઠું.

પાંચેય જણા બે દિવસ ગેરહાજર હતા એટલે આયર્ટન પણ તેમની ચિંતા કરતો હતો. વહાણ જોઈને તે તથા જપ બંને કાંઠા ઉપર આવી પહોંચ્યા. જપ ખુશાલીની બૂમો પાડવા લાગ્યો. હવે આખા બેટની પ્રદક્ષિણા થઈ ગઈ હતી; જંગલોમાં પણ હવે ભાગ્યે જ કંઈ બાકી રહ્યું હશે. હાર્ડિંગને શંકા લાવવા જેવું એક પણ ચિહન મળ્યું ન હતું. ત્યારે આ બધી સમસ્યાઓનો શો ઉકેલ? રોજ દિવસોના દિવસો સુધી સ્પિલેટની સાથે હાર્ડિંગ આની ચર્ચા કરતો. હજુ તેમના સાથીઓથી તેઓ આ વાત ગુપ્ત રાખતા હતા, પણ હવે તેમને થતું કે આપણે આ મિત્રોને આ વાતથી વાકેફ કરવા જ જોઈએ કે લિંકન બેટ ઉપર પોતાના ઉપરાંત કોઈ એક ભેદી વ્યક્તિ કામ કરી રહી છે.

એક દિવસ એટલે કે ૨૫મી એપ્રિલે હાર્ડિંગે બધાને ભેગા કર્યા અને કહ્યું: ‘જુઓ મિત્રો! જે વાત તમારાથી ઘણા વખતથી હું છાની રાખું છું તે આજે તમને કહેવી એ મને યોગ્ય લાગ્યું છે. આપણે એવા ઘણા બનાવો બનતા જોયા છે કે જેને આપણે દૈવી કહી શકીએ.’

‘દૈવી? પણ આ બેટમાં કંઈ દૈવી જેવું હશે ખરું?’ ખલાસીએ વચ્ચે જ પૂછ્યું.

‘ના; દૈવી નહિ તો ભેદી તો ખરા જ. તમને હું જે પૂછું તેનો તમે ખુલાસો આપો તો આ બેટ ભેદી છે એમ ન કહું.’

‘બોલો, શી બાબત છે?’

‘જુઓ; અત્યાર સુધીના બનાવો તપાસો. હું દરિયામાં પડ્યો ત્યાંથી કિનારેથી પા માઈલ દૂર કઈ રીતે આવ્યો હોઈશ? વળી કૂતરાએ કઈ રીતે તમને શોધી કાઢ્યા હશે? પેલી સામાનની ભરેલી પેટી કઈ રીતે આવી? પેલી બંદૂકની ગોળી ભૂંડના પેટમાં ક્યાંથી આવી? પેલા શીશામાં બંધ કરેલો કાગળ તરતો ક્યાંથી આવ્યો? એક વાર આપણે હોડીને મર્સી નદીને કાંઠે ખૂબ ઉપરવાસ બાંધીને ગયા હતા. ત્યાંથી છૂટીને કઈ રીતે ઠેઠ નદીના મુખ સુધી તે આવી પહોંચી હતી?’

‘આ બધું કાંઈ સમજાય તેવું નથી.’ ખલાસીએ કહ્યું, ‘તમારી આવી વાતો તો અત્યાર સુધી ધ્યાનમાં જ નહિ આવેલી!’

‘ઉપરાંત છેલ્લી વાત. તમે તે રાત્રે ટેકરી ઉપર તાપણું જોયું હતું; એ વાત તો ચોક્કસ છે ના?’

‘ચોક્કસ, ચોક્કસ! આ હું તમને જોઉં છું એ જેટલું ચોક્કસ છે તેટલું જ એ પણ ચોક્કસ હતું.’ ખલાસીએ છાતી ઠોકીને કહ્યું.

‘તાપણું કંઈ ઓળખાયા વગર રહે?’ સ્પિલેટે કહ્યું.

‘ત્યારે જુઓ; એ તાપણું મેં સળગાવ્યું જ નહોતું. તે રાત્રે હું કે નૅબ કોઈ બહાર નીકળ્યા નહોતા.’

‘શું કહો છો!’ ખલાસી ઊભો થઈ ગયો. ‘તમે આ સાચું કહો છો?’

‘હા, હા; એમાં જરાય અસત્ય નથી.’ હાર્ડિંગે કહ્યું.

તેમને માન્યા વિના છૂટકો જ નહોતો કે અહીં કોઈ અજાણી વ્યક્તિ વસે છે. એટલું સારું કે હજી સુધી તેમને તેના તરફથી મદદ જ મળ્યા કરતી હતી, પણ તેના તરફથી ભવિષ્યમાં કશું નુકસાન નહિ થાય તેની શી ખાતરી? તેની તપાસ કર્યા સિવાય કેમ જંપ વળે?

ખલાસી, નૅબ અને હર્બર્ટ એ ત્રણે જણાના મનમાં હવે આતુરતાએ પ્રવેશ કર્યો. જ્યારે નવરા પડે ત્યારે તેઓ આ જ વાતો કર્યા કરતા હતા.

ખલાસી તો ભૂતની ને એવી એવી ઘણી વાતો કરીને હર્બર્ટ તથા નૅબને વિશેષ ઉત્સુક કરી મૂકતો હતો.

દરમિયાન શિયાળો શરૂ થયો. તેમની પાસે ગરમ કાપડ જથ્થાબંધ હતું; ઉપરાંત બીજાં કપડાંની પણ બોટ નહોતી. આયર્ટનને પણ તેમણે આ કપડાંઓમાં ભાગીદાર બનાવ્યો હતો. હાર્ડિંગે તેને ખૂબ મહેનતે કપડાં પહેરતો કર્યો હતો. કપડાં તેને ફાવતાં ન હતાં, છતાં હાર્ડિંગના આગ્રહથી તે પહેરતો. પશુશાળામાં કામ કરતી વખતે પાછો તે કાઢી નાખતો. શિયાળો તેને કંઈ કરી શકે તેમ નહોતું.

એનો એ જ ભયંકર શિયાળો! ખેતરની, બગીચાના કબૂતરખાનાની, પવનચક્કીની, બધાની પાયમાલી થવા લાગી. તૂટે ને પાછું તેને સાજું કરવું, આવું કામ ચાલ્યા કરતું. આયર્ટન ગમે તેવી ઠંડીમાં પણ જ્યાં ભાંગ્યુંતૂટ્યું હોય ત્યાં કામ કરવા પહોંચી જતો.

ત્રણ ત્રણ શિયાળા પસાર થઈ ગયા હતા. હવે તો તેઓ ટેવાઈ પણ ગયા હતા, એટલે શિયાળો સહેલાઈથી પસાર થયો. દરમિયાન કંઈ જાણવા જેવું બન્યું નહિ.

ઑક્ટોબર મહિનો બેઠો, ઋતુ શાંત થવા લાગી ને આકાશ ખુલ્લું થઈ દેખાવા લાગ્યું. આછાં આછાં વાદળાંઓમાંથી સૂર્યનાં કિરણો પસાર થતાં હતાં, અને તેમાંથી જાતજાતના રંગો ફૂટતા હતા. હર્બર્ટ આવાં દૃશ્યો ફોટામાં લેવાં કદી ભૂલતો નહિ.

એક દિવસ ૧૭મી ઑક્ટોબરે હર્બર્ટે કૅમેરાને બારીમાં આવું જ એક સુંદર દૃશ્ય લેવા માટે ગોઠવ્યો. ફોટો લઈને તેની નેગેટિવ મહેલના નેગેટિવ ધોવાના ઓરડામાં લઈ જઈને જોયું તો વચ્ચોવચ્ચ એક કાળું નાનું ધાબું તેને દેખાયું. તેને નવાઈ લાગી. તે એકદમ હાર્ડિંગ પાસે ગયો. ‘કૅપ્ટન સાહેબ! આ કાળું ધાબું શાથી પડ્યું હશે?’

હાર્ડિંગે નેગેટિવ બારીકાઈથી તપાસી. ઘણી વાર સુધી જોયા પછી તે ઊભો થયો. કબાટમાંથી દૂરબીન કાઢીને તે એકદમ બારી પાસે ગયો. બરાબર ફોક્સ મેળવીને દૂરબીનથી તેણે ક્ષિતિજમાં જોયું. કેટલીય વાર સુધી જોયા પછી તેણે દૂરબીન નીચે મૂક્યું ને ધીમેથી બોલ્યો: ‘વહાણ છે.’

અને ખરેખર, દૂર દૂર ક્ષિતિજમાં એક વહાણ દેખાતું હતું.

# ખંડ ત્રીજો

## ૧ : વહાણ નાંગર્યું

ત્રીસ મહિનાથી આ પાંચે જણ દુનિયાથી વિખૂટા પડી ગયા હતા. આયર્ટને તેમની વસ્તીમાં એક જણનો વધારો કર્યો હતો, પણ તે તો એક નવા બાળકની જેમ અવતર્યો હતો એમ જ કહેવું જોઈએ. એ સિવાય દુનિયાના કોઈ પણ માણસ સાથે તેમને સંબંધ રહ્યો ન હતો.

એકાએક ૧૭મી ઑક્ટોબર દુનિયાના માણસો તેમની નજરે દૂર દરિયામાં દેખાયા. વહાણ દેખાતું હતું એમાં જરાયે શંકા નહોતી. વહાણમાં કોણ છે એ કહેવું મુશ્કેલ હતું; એ તો પાસે આવે ત્યારે જ ખબર પડે. પાંચેય જણા તરત ભેગા થઈ ગયા. બધાએ વારાફરતી દૂરબીનમાંથી જોયું; ફરી ફરી વાર જોયું; એક વાર ખાતરી થઈ તોપણ વળી ફરી વાર જોયું. તે વહાણ આ તરફ આવે છે કે નહિ તે તુરત નક્કી કરવું પણ મુશ્કેલ હતું, કારણ કે હજુ તો તેનો સઢનો ઠેઠ ઉપરનો દાંડો જ દેખાતો હતો. હવે શું કરવું તે પ્રશ્ન આમ આવીને ખડો થયો ત્યારે સહેજે બધા ગભરાઈ ગયા. હાર્ડિંગે કહ્યું: ‘હમણાં રાહ જુઓ.’ બધા ઘણી વાર સુધી મૂંગા મૂંગા વિચારમાં ને વિચારમાં ઊભા રહ્યા. ઘડીક ચિંતા, ઘડીક આનંદ, ઘડીક આતુરતા, આમ બધા ભાવો એક પછી એક તેમના મનમાંથી આવીને પસાર થઈ ગયા. જો વહાણ અમેરિકા કે કોઈ દેશથી વેપાર અર્થે કે સફર માટે નીકળ્યું હોય તો? કદાચ સ્પિલેટે લખેલી ચિઠ્ઠી અમેરિકા પહોંચી હોય તો? કદાચ કોઈ ચાંચિયાઓનું વહાણ હોય તો? આમ અટકળોની પરંપરા ચાલી. પણ વહાણ જ્યાં સુધી આખું સ્પષ્ટ દેખાય નહિ ત્યાં સુધી કશો નિર્ણય થઈ શકે તેમ નહોતું. વહાણમાં બેઠેલાઓની નજરે આ બેટ પડ્યા વગર રહે જ નહિ કારણ કે એના ફ્રાંકલીન પર્વત ઘણે દૂરથી જોઈ શકાય તેટલો ઊંચો હતો. વહાણ લગભગ ૨૦ માઈલ દૂર હશે.

સ્પિલેટને નવો જ તર્ક થયો: ‘આ વહાણ ડંકન તો નહિ હોય ને?’ સંભવ હતો; પણ આયર્ટન સિવાય કોઈ ડંકન વહાણને ઓળખી શકે તેમ નહોતું. એટલે આયર્ટનનો આમાં અભિપ્રાય લેવો જરૂરનો હતો. તરત જ તારના સંદેશાથી પશુશાળામાં આયર્ટનને આવી પહોંચવાનું કહેવામાં આવ્યું. ત્યાંથી જવાબ આવ્યો: ‘હમણાં જ આવું છું.’

‘અહા! જો આયર્ટન આ વહાણ ડંકન જ છે એમ કહે, તો કેવી મજા પડે!’

‘હા; તો તો ઘણી મજા! પણ મને એમ લાગે છે કે આ વહાણ ડંકન હોય એના કરતાં ચાંચિયાઓનું હોય એવો વધારે સંભવ છે. મલાયાના ચાંચિયાઓ આ બાજુ ઘણી વાર ભટકવા નીકળે છે.’

‘તો તો આપણે પણ બેટના રક્ષણ માટે તૈયાર થવું પડશે!’ હર્બર્ટે કહ્યું.

‘આ તો આપણી અટકળો છે. પણ ધારો કે ખરેખર વહાણ આપણી સામે જ આવ્યું ને રોકાયું, તો આપણે શું કરવું?’ ખલાસીએ કહ્યું.

તેની વાત સાચી હતી. આનો વિચાર આગળથી જ કરી લેવો જરૂરનો હતો. ગમે તે મામલો ઊભો થાય તેને માટે તૈયારી તો જોઈએ જ. હાર્ડિંગે થોડી વાર વિચાર કર્યો. તેણે કહ્યું: ‘આયર્ટન આવ્યા પછી આપણે નક્કી કરીએ. પહેલાં આ ડંકન છે કે નહિ તેની ખાતરી કરી લઈએ. જો ડંકન હોય તો તો સવાલ જ નથી. આપણે પણ વહાણ પર ચડી જવું, અને અમેરિકા જઈને ત્યાંથી કેટલાય માણસોને અહીં લઈ આવવા, અને લિંકન બેટને અમેરિકાનું એક સંસ્થાન બનાવી દેવું!’

‘પણ આપણે અમેરિકા જઈએ એ દરમિયાન કોઈક આ બેટ પચાવી પાડે તો?’ નૅબે કહ્યું.

‘અરે, હું એકલો બેટને સાચવવા રહીશ. આ બેટ કબજે કરવો એ કંઈ છોકરાનો ખેલ નથી! પરસેવો આપણે ઉતાર્યો છે, ખબર છે?’ ખલાસીએ કહ્યું.

આયર્ટન આવ્યો, ‘શો હુકમ છે?’

‘જો, આયર્ટન! તારી ખાસ જરૂર છે. સામે આ દૂરબીનમાંથી જે વહાણ દેખાય છે એ વહાણ ડંકન છે કે નહિ?’

‘ડંકન’નું નામ સાંભળતાં આયર્ટનને અંગે ધ્રુજારી છૂટી; તે સ્તબ્ધ થઈ ગયો.

‘જો, તારે ગભરાવાની કશી જરૂર નથી. તે વહાણ જો ડંકન હશે તો તેમાં તું એક સદ્‌ગૃહસ્થના હક્કથી બેસી શકીશ.’ હાર્ડિંગે કહ્યું.

આયર્ટને હાથમાં દૂરબીન લીધું. ઘણી વાર સુધી જોયું અને કહ્યું: ‘એ ડંકન હોય એવો સંભવ નથી.’

‘કારણ?’

‘કારણ કે ડંકન વરાળથી ચાલતું વહાણ છે. એટલે તેમાંથી ધુમાડા નીકળતા જ હોય. આમાં ક્યાંયે ધુમાડા નીકળતા દેખાતા નથી.’

‘પણ શું વહાણ આખો દિવસ અને રાત ધુમાડા કાઢ્યા જ કરે?’

‘હા, એમ જ. પણ હજુ વહાણ વધારે નજીક આવે ત્યારે ખરી ખબર પડે.’ – એમ કહીને આયર્ટન ખૂણામાં જઈને બેસી ગયો.

ફરી ચર્ચા શરૂ થઈ. સ્પિલેટ અને ખલાસી જરાક ગભરાયા હોય એમ આમથી તેમ ફર્યા કરતા હતા; તેઓ એક જગ્યાએ સ્થિર બેસી શકતા ન હતા. હર્બર્ટના મનમાં કુતૂહલ હતું; નૅબ તો પોતાના શેઠને જ ચિંતા કરવાનું સોંપી કામે લાગી ગયો હતો. વહાણ જરા વધારે સ્પષ્ટ દેખાવા લાગ્યું; મોટા મોટા સઢ હવે સ્પષ્ટ દેખાતા હતા.

એક બીજો સવાલ ઊભો થયો: ‘રાત પડી ગયા પછી ધારો કે વહાણ નજીક આવ્યું અને રોકાયા વગર પસાર થઈ જવાનું હોય તો આપણે અહીં રહીએ છીએ તેની નિશાની માટે તાપણું કરવું કે નહિ?’

સ્પિલેટને આ પ્રશ્ન થયો હતો. સવાલ પણ ગંભીર હતો.

તાપણું કરવામાંયે દુ:ખ હતું અને ન કરવામાંયે દુ:ખ હતું. એ પ્રશ્ન હજુ ચર્ચાતો હતો ત્યાં જ આયર્ટન બારીમાં ફરી વાર દૂરબીન માંડીને ઊભો હતો તે બોલી ઊઠ્યો: ‘આ વહાણ ડંકન નથી. ડંકન આવું હોય જ નહિ.’

વહાણ હવે સ્પષ્ટ દેખાતું હતું; જોકે સાંજ થવા આવી હતી, એટલે અંદર કોણ છે તે જોઈ શકાય તેમ ન હતું. વહાણ મોટું હતું; ઉપર વાવટો ફરકતો દેખાતો હતો; પણ તેનો રંગ ઓળખી શકાતો નહોતો. વહાણનું મોઢું બરાબર ગ્રેનાઈટ મહેલની સામે જ હતું, એટલે વહાણનો ઇરાદો બેટ પાસે આવીને વહાણ લાંગરવાનો હતો એમાં તો શંકા જ ન હતી. ખલાસીએ દૂરબીન આંખ આગળ ધરી રાખ્યું હતું.

‘વાવટાનો રંગ દેખાય છે?’ હાર્ડિંગે પૂછ્યું.

ખલાસીએ ઘણીવાર સુધી જોયા પછી કહ્યું: ‘વાવટાનો રંગ કાળો છે.’

‘બસ! નક્કી થઈ ગયું કે આ વહાણ ચાંચિયાઓનું જ છે. હવે આપણે બરાબર તૈયાર થઈ જવાનું છે. પહેલાં તો આપણે અહીં રહીએ છીએ તેની કાંઈ પણ નિશાની ન દેખાય તેવું કરી નાખો; ટેકરી ઉપર પવનચક્કી છે તેને ત્યાંથી નીચે ઉતારી નાખો; આ બારીઓ આડાં ઝાંખરાં ને પાંદડાં રાખી દો; પુલ ઊંચો કરી લો.’

‘એ બધું ખરું; પણ આપણું બહાદુર વહાણ ત્યાં છે તેનું શું?’ હર્બર્ટે કહ્યું.

‘અરે, એ વહાણને અડવાની તાકાત કોની છે? અને ત્યાં ખૂણામાં કોઈને ખબર પણ નહિ પડે,’

હાર્ડિંગના હુકમનો અમલ તરત જ થવા લાગ્યો. બંદૂકો પણ ભરીને તૈયાર કરી લીધી.

બધું કામ પતી ગયું. અંધારું થયું. જમવાનું આજે કોઈને મન ન હતું. બધા ઓરડામાં સગડી સળગાવીને બેઠા હતા. હાર્ડિંગે કહ્યું: ‘જુઓ,

સંભવ છે કે આપણે તેમની સાથે લડવાનો પ્રસંગ આવે.'

'અમે પણ તેની વાટ જ જોઈએ છીએ. શું એમને રાજીખુશીથી અહીં ઊતરવા દઈશું એમ?' ખલાસીએ કહ્યું.

'અને આયર્ટન! તું શું કરીશ?'

'હું પણ મારી ફરજ બજાવીશ.' તેણે ધીમેથી કહ્યું.

વહાણ હવે માંડ બે માઈલ દૂર રહ્યું હશે. સાવ અંધારું થઈ ગયું હતું. વહાણ જેમ જેમ નજીક આવતું જતું હતું, તેમ તેમ હાર્ડિંગનું મગજ નવી નવી યોજનાઓ ઘડયે જતું હતું. વહાણના માણસો કાંઠે ઊતરશે કે નહિ તે જાણવા ઉપર ભવિષ્યની યોજનાનો ઘણો આધાર હતો.

ઝાંખો ચંદ્ર આકાશમાં દેખાયો ને અસ્ત થઈ ગયો. પવન બિલકુલ નહોતો. ગાઢ શાંતિ હતી. ગ્રેનાઈટ મહેલમાં તેમણે પણ અત્યારે દેવતા સળગાવ્યો નહોતો. વહાણ અંધારામાં દેખાતું બંધ થઈ ગયું હતું. ખલાસીને એક ચિંતા એ થઈ કે કદાચ વહાણ અહીં રોકાયા વગર સીધું રવાના થઈ જાય તો? પણ શંકાનો ખુલાસો તરત જ થઈ ગયો. વીજળી જેવો એક મોટો ચમકારો દરિયામાં થયો અને પછી લગભગ છ સેકંડે એક મોટો ધડાકો થયો! વહાણ આવી પહોંચ્યું હતું; ગ્રેનાઇટ મહેલથી દોઢ માઈલ માંડ દૂર હશે. વધારે ખાતરી કરાવવા માટે જ જાણે તે વખતે સાંકળનો ખણખણાટ સંભળાયો. વહાણે ગ્રેનાઈટ મહેલની સામે જ લંગર નાખ્યું હતું.

# ૨ : આયર્ટનનું સાહસ

વહાણ અહીં રોકાશે એમાં તો શંકા જ ન રહી. સવારે તેમાંથી માણસો બેટ ઉપર હોડીમાં બેસીને આવશે એમાંય હવે તો શંકા લાવવાની જરૂર નહોતી. હવે એક રાત તેમની પાસે હતી. એ રાતમાં જ તેમણે યુદ્ધની તૈયારી કરવાની હતી. વહાણના માણસોનો ઇરાદો કદાચ મીઠું પાણી લેવા માટે જ બેટ ઉપર આવવાનો હોય એવો સંભવ હતો. એટલે કદાચ તેમને અહીં માણસો રહે છે તેની શંકા પણ ન પડે. પણ જો કદાચ તેઓ બેટ ઉપર રોકાય ને આસપાસ ફરે તો ખબર પડ્યા વગર રહે જ નહિ. એટલે તેમણે તૈયાર તો રહેવું જ જોઈએ. વહાણમાં તોપ હતી; પોતાની પાસે નાનકડી બંદૂકો હતી. શી શી તૈયારીઓ કરવામાં પહોંચી શકાય તેનો વિચાર પણ કરવાનો હતો.

'આ વહાણમાં કેટલા માણસો છે તેની કેમ ખબર પડે? તેના ઉપર આપણી તૈયારી કરવાની સૂઝ પડે ના?'

એ વાત તદ્દન સાચી હતી. આયર્ટને હાર્ડિંગને કહ્યું: 'સાહેબ! જો મને રજા આપો તો...'

'શાની?'

'આ વહાણમાં કેટલા માણસો છે તેની તપાસ કરવાની.'

'તે તારે ત્યાં જઈને તપાસ કરવી છે?'

'હા.'

'પણ તેમાં તો તારા જાનનું જોખમ છે.'

'એમાં શું?'

'પણ ત્યાં તું કઈ રીતે પહોંચીશ?'

'તરીને.'

'તને ફરી કહું છું કે તું જીવના જોખમે જાય છે.'

'એમાં કાંઈ વાંધો નથી. તમે મને જવા દેશો તો મારા ઉપર ઉપકાર થશે. મને પણ લાગશે કે હું દુનિયામાં સાવ નકામો નથી.'

'જા, ખુશીથી જા!' હાર્ડિંગે તેનો વાંસો થાબડ્યો.

'હું પણ સાથે આવીશ.' ખલાસીએ કહ્યું.

'કેમ? મારા પર વિશ્વાસ નથી આવતો?' આયર્ટન બોલી ઊઠ્યો.

'અરે, એ તું શું બોલ્યો? એમ તે હોય ખરું? હું તો તારી સાથે પેલા નાનકડા બેટ સુધી આવીશ; પછીથી તું તારે એકલો જજે. હું ત્યાં તારી વાટ જોઈશ. કદાચ કાંઈ અકસ્માત બન્યો તો એકથી બે ભલા.'

બંને તૈયાર થઈ ગયા. ખલાસી ને નૅબ પેલા બંદરે જઈને બહાદુર વહાણ લઈ આવ્યા. દરમિયાન આયર્ટને પોતાના શરીરે તેલની માલિશ કરી, જેથી દરિયામાં તેને પાણીની શરદી ન લાગે. કારણ કે કેટલો વખત પાણીમાં રહેવું પડશે તેની ખબર નહોતી.

આયર્ટન બધાની સાથે હાથ મિલાવીને મહાન સાહસ માટે નીકળી પડ્યો. બધા ચકિત થઈ ગયા.

આયર્ટન ને ખલાસી હોડીમાં બેસીને પેલા ઉજ્જડ બેટ પર આવી પહોંચ્યા. વહાણ અહીંથી લગભગ એક માઈલના અંતરે હતું. કાંઠે ઊતરીને હોડીને એક ખડક સાથે બાંધીને ખલાસી ત્યાં બેઠો, અને આયર્ટને દરિયામાં ઝંપલાવ્યું. અવાજ કર્યા વગર તે તરવા લાગ્યો. વહાણના કૂવાથંભ ઉપરની બત્તીની નિશાનીએ તે આગળ વધવા લાગ્યો.

અરધા કલાક સુધી તેણે તર્યા કર્યું ને વહાણ પાસે આવી પહોંચ્યો. અવાજ કર્યા સિવાય તેણે વહાણ ફરતો એક આંટો માર્યો અને પછી લંગરની સાંકળ પકડીને ઉપર ચડ્યો. ત્યાં આગળ થોડાએક ખલાસીઓનાં કપડાં સુકાતાં હતાં તેમાંથી બે તેણે પહેરી લીધાં અને ત્યાં જ ખૂણામાં બેસીને બધું જોવા લાગ્યો. ખલાસીઓનું મોટું ટોળું બહાર બેઠું બેઠું ગપાટા મારી રહ્યું હતું. કોઈ ગાતો હતો, કોઈ નાચતો હતો અને કોઈ બૂમો પાડતો હતો.

જે વાતો થતી હતી તે ઉપરથી તે એટલી હકીકત તારવી શક્યો કે આ વહાણનું નામ 'ઉતાવળી' છે. તેમાં બૉબ હાર્વે નામનો નામચીન ચાંચિયો આગેવાન છે. આ વહાણ આખું તેમણે ચોરી લીધું હતું. આ બેટ ઉપર તેઓ કોઈ દિવસ આવ્યા નહોતા, પણ તેમનો ઇરાદો આ બેટ જોવાનો હતો. તેમણે તોપ ફાડેલી તે ખાલી શોખની ખાતર જ હતી; તેમને અહીં કોઈ માણસ છે તેવી શંકા હતી જ નહિ.

આ લોકો સવાર પડ્યે જરૂર બેટ પર આવવાના જ. જો આ લોકોએ આ બેટ સર કર્યો તો પોતાની બધી કમાણી ધૂળધાણી થઈ જશે. બચવાનો ઉપાય નહોતો. શરણે જવું એ તેમના જેવાને માટે અશક્ય હતું; એટલું જ નહિ પણ તેવો વિચાર તેઓ કરે તેવા નહોતા. સવારમાં ગંભીર મામલો ઊભો થવાની પૂરી વકી હતી.

આયર્ટનને ઉપરાઉપરી વિચારો આવવા લાગ્યા. ધીમે ધીમે એક પછી એક બધા સૂવા લાગ્યા. દારૂના ઘેનમાં જ્યાં ત્યાં બધા પડતા હતા. આયર્ટને બધા ઊંઘી ગયા પછી માણસોની કુલ સંખ્યા કેટલી છે તે ફરીથી

ગણવા માંડ્યું. થોડાક ડેક ઉપર જ સૂતા હતા; તેમને તેણે સહેલાઈથી ગણી કાઢ્યા. પછી અંદરની ઓરડીમાં તે પેઠો; ત્યાં પણ બધા ઊંઘતા જ હતા. બધા થઈને લગભગ પચાસની સંખ્યા હતી. આયર્ટને પોતાનું કામ તો પૂરું કર્યું; પણ જતાં જતાં તેને એક વિચાર આવ્યો ને તે થંભ્યો. જે કામ માટે તે આવ્યો હતો તેના કરતાં કાંઈ વધારે કરી બતાવાય તો કેવું સારું!

તે પાછો ફર્યો. નીચેની ઓરડીઓ જોવા લાગ્યો. સાધારણ રીતે વહાણોમાં દારૂગોળો રાખવાનું સ્થાન એક ચોક્કસ સ્થળે જ હોય છે. તેણે તરત જ તે ઓરડી શોધી કાઢી. છુપાતો છુપાતો તે ત્યાં ગયો. એક ફાનસ ધીરું ધીરું બળતું હતું તે ઉપાડ્યું. બહાર જ એક નાની રિવૉલ્વર સદ્‌ભાગ્યે લટકતી હતી તે બીજા હાથમાં લઈ લીધી. પેલી ઓરડી બંધ હતી. જરાક ધક્કો માર્યો પણ બારણું સજ્જડ હોવાથી ન ઊઘડ્યું. જોરથી ધક્કો માર્યો એટલે ઓરડી ઊઘડી ને તે અંદર પેઠો. બરોબર એ જ વખતે પાછળથી કોઈએ તેનો હાથ પકડ્યો. તે ચમક્યો. ફાનસ હેઠું પડી ગયું ને ઓલવાઈ ગયું. પણ તે દરમિયાન ફાનસના તેજથી બંનેએ એકબીજાને જોઈ લીધા! આયર્ટન બૉબ હાર્વેને પહેલાંથી જ ઓળખતો હતો એટલે તેણે તેને તુરત ઓળખી કાઢ્યો. પણ બૉબ હાર્વેએ તેને ઓળખ્યો નહિ, કારણ કે તેણે તો આયર્ટનને મરી ગયેલો જ ધાર્યો હતો.

'શું કરે છે અહીં?'

આયર્ટને જવાબ ન આપ્યો, પણ તે ઓરડીમાં ઘૂસ્યો. એ દારૂગોળાની ઓરડીને સળગાવી દેવાનો તેનો વિચાર હતો.

'દોડો, દોડો!' બૉબ હાર્વેએ બૂમ પાડી. બે-ત્રણ ચાંચિયાઓ જાગી ગયા ને આયર્ટન પર ધસી આવ્યા. આયર્ટને રિવૉલ્વરનો ધડાકો કર્યો, પણ પાછળથી એક છરીના ઘાએ તેને ખભા પર ઘાયલ કર્યો. આયર્ટને જોયું કે આમાં સામે થવું એ ખોટું સાહસ છે. હજુ પેલા પાંચ જણાની મદદ માટે જીવતા રહેવાનું છે, તેનો તેને વિચાર આવ્યો ને અંધારાનો લાભ લઈને તે છટક્યો. રિવૉલ્વરમાં બીજા બેત્રણ ઘા કરવા માટેની ગોળીઓ હતી, તેનો ઉપયોગ કરીને તે નાઠો. બૉબ હાર્વેને મારવાનો તેનો ઇરાદો હતો પણ તેમાં તે ઉતાવળને લીધે સફળ ન થયો. તે નાઠો ને ડેક ઉપરથી સીધો દરિયામાં તેણે ભૂસકો માર્યો. તેની પાછળ બેત્રણ જણ કૂદી પડ્યા; પણ આયર્ટનને કોઈ પહોંચી શકે તેમ ન હતું.

અહીં ખલાસીએ રિવૉલ્વરના ધડાકા તથા બૂમો સાંભળી, તેના મનમાં ચટપટી થતી હતી. હાર્ડિંગ તથા સાથીઓએ ગ્રેનાઈટ મહેલમાં પણ અવાજો સાંભળ્યા. નક્કી આયર્ટન ભરાઈ પડ્યો હોવો જોઈએ, એમ તેમને લાગ્યું. લડવાનો પ્રસંગ કદાચ અત્યારે જ આવે તો ના નહિ, બધા તૈયાર જ હતા.

ઘણો વખત થવા છતાં ખલાસી કે આયર્ટન કોઈ દેખાયું નહિ એટલે તેમની ચિંતાનો પાર ન રહ્યો. આખરે રાત્રે સાડાબાર વાગે હોડી દેખાઈને ઘાયલ થયેલો આયર્ટન તથા ખલાસી કાંઠે ઊતર્યા. બધાના આનંદનો પાર નહોતો. આયર્ટને બધી વાત કહી સંભળાવી. હવે લડવા માટે તૈયાર થયા સિવાય બીજો ઉપાય નહોતો.

‘આપણે હવે કેમ મરી ફિટાય છે તે બતાવવું પડશે.’ સ્પિલેટે કહ્યું.

‘બરાબર છે; છની સામે પચાસ જણા છે!’

‘પણ આપણે માત્ર છ નથી.’ હાર્ડિંગે કહ્યું.

‘ત્યારે સાતમું કોણ છે?’ ખલાસીએ પૂછ્યું.

હાર્ડિંગે મોઢેથી જવાબ આપવાને બદલે ધીરેથી આકાશ તરફ હાથ લંબાવ્યો.

# ૩ : વહાણ ડૂબી ગયું

રાત પૂરી થવા આવી હતી. મળસકાનો ઠંડો ગુલાબી પવન અત્યારે તેમનામાંથી કોઈને આનંદ આપે તેમ નહોતો; તેમને અત્યારે તેની મજા માણવાનો વખત નહોતો, સવાર પડે તે પહેલાં વ્યૂહ ગોઠવી દેવાનો હતો. આખી રાત દરમિયાન ‘ઉતાવળી’માંથી લડાઈ માટેની તૈયારીનાં કશાં ચિહ્નો જણાયાં ન હતાં. રાતોરાત તે ઊપડી તો નહિ ગઈ હોય, એવો પણ એક વિચાર બધાને આવ્યો હતો. મળસકામાં ધુમ્મસમાંથી પણ ઝાંખી ‘ઉતાવળી’ દેખાતી હતી.

હાર્ડિંગે બધાને પોતાનો વ્યૂહ જણાવી દીધો. ‘જુઓ, સવારનું અજવાળું થાય તે પહેલાં આપણે બધાએ ગોઠવાઈ જવાનું છે. ગોઠવાવું એવી રીતે કે એ લોકોને આ લિંકન બેટ ઉપર કેટલા માણસોની સંખ્યા છે તેની ખબર ન પડે. ઊલટું તેમને એમ જ લાગવું જોઈએ કે આ બેટ ઉપર બધી જગ્યાએ માણસો જ ભર્યા છે. આને માટે એમ કરવાનું કે આપણામાંથી બે બે જણની ટુકડીએ જુદા જુદા ભાગમાં સંતાઈ જવું અને લાગ આવે ત્યારે સંતાઈને જુદે જુદે સ્થળેથી ગોળીઓ છોડવી. એક ટુકડી આપણાં અસલનાં કોતરોમાં સંતાઈ જાય; બીજી ટુકડી મર્સી નદીના મુખ આગળ ઝાડીમાં સંતાઈ રહે અને ત્રીજી ટુકડી સામેના નાનકડા બેટ ઉપર ખડકો પાછળ સંતાઈ રહે. ગ્રેનાઈટ મહેલને તો કાંઈ આંચ આવશે નહિ, કારણ કે બહારથી તે એક રહેવાનું સ્થળ છે એમ કોઈને શંકા ન પડે એવું કરી મૂકીશું. બસ, હવે હોશિયાર! પણ લાગ જોયા વગર બંદૂકના બાર ન કરવા.’

હાર્ડિંગ અને હર્બર્ટ પેલાં કોતરોમાં સંતાયા, ખલાસી અને આયર્ટન પેલા બેટ ઉપર સંતાયા અને સ્પિલેટ તથા નૅબ મર્સી નદીના મૂળ આગળ સંતાયા, જુદા પડતાં પહેલાં બધા એકબીજાને ભેટી પડ્યા. ખલાસીને હર્બર્ટથી જુદા પડતી વખતે દિલમાં ખૂબ વેદના થતી હતી; પણ હાર્ડિંગ જેવાના હાથ નીચે તેને રાખવામાં તે નિશ્ચિંત હતો. ઘડીભર બધાનાં દિલ હલી ગયાં. અજવાળું થવા આવ્યું હતું એટલે તુરત બધા વિખેરાઈ ગયા.

પૂર્વમાંથી પ્રકાશ આવવા લાગ્યો. વહાણ હવે સ્પષ્ટ દેખાતું હતું. આયર્ટન અને ખલાસી બહુ જ બારીકાઈથી વહાણ ઉપરની હિલચાલ જોઈ રહ્યા હતા. થોડી વારે વહાણ ઉપરથી એક નાની હોડી નીચે ઊતરી અને અંદરથી સાત માણસો તેમાં કૂદી પડ્યા. દરેક પાસે એક એક બંદૂક હતી. અંદર બેઠા પછી સાતેય જણા કામે લાગી ગયા હતા. ચાર જણ હલેસા પર હતા, એક જણ સુકાન પર હતો અને બે જણા બંદૂક તૈયાર રાખીને ગમે ત્યારે પણ હુમલા માટે તૈયાર હતા. તેમનો વિચાર બેટની પ્રદક્ષિણા કરવાનો હોય એમ લાગતું હતું; કારણ કે નહિ તો તેઓ ટોળાબંધ

ઊતરી આવ્યા હોત. હોડી પેલા નાનકડા બેટ પાસે લગભગ આવી પહોંચી; ખલાસી અને આયર્ટન તેમની મહેમાનગીરી કરવા તૈયાર જ હતા. પેલી બાજુ 'ઉતાવળી'માં બેઠેલા માણસો પણ આતુરતાથી એ હોડી તરફ જોઈ રહ્યા હતા. હોડીમાં બેઠેલાઓનો ઇરાદો એવો પણ લાગ્યો કે આ ખાડી કેટલી ઊંડી છે તે માપી લેવું અને મોટું વહાણ એની અંદર આવી શકશે કે નહિ તે જોઈ લેવું. ત્યાં તો ખડક પાછળથી સણસણાટ કરતી બે ગોળીઓ એકીસાથે છૂટી અને બે હલેસાવાળા બૂમ મારીને ઊછળી પડ્યા! હોડીમાં ધમાલ થઈ રહી. ગોળી છૂટવાનો અવાજ વહાણમાં પણ સંભળાયો હતો. તે દિશા તરફ વહાણમાંથી તોપ છૂટી અને ખડકના ઉપરના ભાગના ભુક્કા બોલી ગયા! પણ આયર્ટન અને ખલાસી સહીસલામત જ હતા. તેમની ગોળીએ બહું સારું કામ કર્યું. હોડી જાણે ગભરાઈ ગઈ હોય એમ ખાડીમાં નિરંકુશપણે વહેવા લાગી. મર્સી નદીના મુખ આગળ આવતાં જ બીજી બે ગોળીઓ નૅબ તથા સ્પિલેટની છૂટી; બીજા બે જણ ઓછા થયા. બાકી રહેલા ત્રણ જણા જીવ લઈને હોડી હાંકવા લાગ્યા અને હોડી 'ઉતાવળી' પાસે પાછી પહોંચી ગઈ.

વહાણના માણસોના ક્રોધનો પાર રહ્યો નહિ. એ જ હોડીમાં પાછા વળી બીજા દસબાર માણસો હથિયાર સાથે કૂદી પડ્યા. બીજી પણ એક હોડી ખાડીમાં થઈને મર્સી નદીના મુખ તરફ ઊપડી. વહાણમાંથી તે બંને દિશામાં તોપો છૂટી રહી હતી. પેલા બાર જણાના ટોળાને આવતું જોઈને ખલાસી તથા આયર્ટન વિચારમાં પડી ગયા. તેમની સામે થવું એ સલાહભર્યું નહોતું. પેલા લોકો બેટ ઉપર ઊતરે તે પહેલાં તેમણે બે ગોળીઓ છોડીને બારમાંથી દસ માણસો કરી નાખ્યા એટલે હોડીમાં વળી બધા ગભરાયા; નીચે ઊતરવું કે નહિ તેની વિમાસણમાં તેઓ પડ્યા. તે દરમિયાનમાં પેલા બંને જણા પોતાના 'બહાદુર'માં બેસીને હાર્ડિંગ તથા હર્બર્ટની પાસે આવી પહોંચ્યા. આ બાજુ પેલા દસેય ચાંચિયાઓ નાનકડા બેટ ઉપર તપાસ ચલાવવા લાગ્યા.

આઠ માણસોને લઈને નીકળેલી બીજી હોડી મર્સી નદીના મુખ પાસે આવી ત્યાં તરત જ સ્પિલેટ ને નૅબની ગોળીઓ તેમને વધાવી લીધા. ભરતી હોવાને લીધે હોડી મર્સી નદીના મુખમાં ઘૂસી ગઈ અને બધા ગભરાઈ ગયા. ગોળીથી મરી ગયેલા બે જણને એમ ને એમ પડતા મૂકીને બાકીના છ જણા કાંઠે ઊતરી પડ્યા અને બેટની અંદરના જંગલમાં સંતાઈ ગયા.

હાર્ડિંગે આયર્ટન તથા ખલાસીને સહીસલામત જોયા એટલે એના જીવને ટાઢક વળી. પણ હવે મામલો વધુ ને વધુ મુશ્કેલ થતો જતો હતો. 'ઉતાવળી' ઉપર હવે મોટી તૈયારીઓ થવા લાગી હતી; સઢ છોડી મૂક્યા હતા અને વહાણે લંગર પણ ઉપાડ્યું હતું. નાનકડા બેટ ઉપર જે દસ જણા શોધ કરતા હતા, તેઓ પણ આ બેટમાં કંઈ ન મળવાથી પાછા વહાણ ઉપર પહોંચી ગયા હતા. વહાણ હવે ખાડીમાં પેસીને મર્સી નદીના

મુખમાં આગળ પ્રવેશ કરવાની તૈયારી કરતું હતું. હાથોહાથ જીવલેણ યુદ્ધનો પ્રસંગ હવે જ આવી પહોંચ્યો હતો. હાર્ડિંગે કહ્યું: 'સ્પિલેટ અને નૅબ જો અક્કલવાળા હશે તો એ હમણાં અહીં આવી પહોંચશે. આપણે હવે ગ્રેનાઈટ મહેલનો આધાર લઈ લેવો જરૂરનો છે. ત્યાં આપણે રહીએ છીએ એની હજુ આ લોકોને ખબર પડી નથી અને પડવાનો સંભવ પણ નથી; એટલે વહાણ ખાડીમાં આવે તે પહેલાં આપણે ગ્રેનાઈટ મહેલમાં પહોંચી જવું.'

હાર્ડિંગે કહ્યું એમ જ થયું. સ્પિલેટ અને નૅબ આવી પહોંચ્યા. બધાએ એકબીજાને ખૂબ શાબાશી આપી. વહાણ ધીમે ધીમે પાસે આવતું હતું. છયે જણ છુપાતા છુપાતા ગ્રેનાઈટ મહેલમાં સીડી ઉપર થઈને ચડી ગયા. દરમિયાન વહાણમાંથી તોપના ગોળા પેલાં કોતરો તરફ છૂટ્યા કરતા હતા; કોતરોના ખડકના ચૂરેચૂરા થઈ ગયા!

પેલા સહીસલામત ગ્રેનાઈટ મહેલમાં પહોંચી તો ગયા, પણ એ ઠેકાણે કોઈ રહે છે તેની ખબર વહાણવાળાને પડી ગઈ હોય એમ લાગ્યું; કારણ કે થોડી વારે એક મોટો ગોળો ગ્રેનાઈટ મહેલના પથ્થર સાથે અફળાયો ને તેના ચૂરેચૂરા કરી દીધા!

હવે શું કરવું? થોડી વારે બીજો ગોળો છૂટ્યો. બૉબ હાર્વેને તેમનું સ્થાન જડી ગયું હોવું જોઈએ. બચવાનો કોઈ ઉપાય નહોતો; વહાણ મર્સી નદીને કાંઠે જ આવી પહોંચ્યું હતું. હાર્ડિંગની મતિ પણ મૂંઝાઈ ગઈ. વચલા ઓરડામાં જઈને જે થાય તે સહન કરવા માટે તેઓ તૈયાર થઈને બેઠા, ત્યાં એકાએક એક મોટો ધડાકો થયો. બધાને લાગ્યું કે ગ્રેનાઈટ મહેલ આખો ઊડ્યો! પણ ત્યાં તો તેમને કાને મોટી ચીસ સંભળાઈ – અને બારી પાસે આવી જુએ તો આખું વહાણ ઊંચે ઊછળીને માણસો સાથે તળિયે બેસી જતું દેખાયું!

# ૪ : છ શત્રુઓ

‘આ તો આખું વહાણ જ ઊડી ગયું!’

‘બહુ નવાઈ કહેવાય! કાં તો દારૂગોળાની ઓરડીમાં આયર્ટને તે વખતે ચાંપેલી બત્તીની અત્યારે અસર થઈ હશે!’ ખલાસી હસી પડ્યો.

‘પણ આ થયું શું?’ સ્પિલેટે કહ્યું.

‘તે આપણે હમણાં જોઈશું.’ હાર્ડિંગે કહ્યું, ‘હવે તો પેલા છ જણા જેઓ જંગલમાં સંતાઈ ગયા છે. તેમની જ સંભાળ રાખવાની છે.’

બધા નીચે ઊતર્યા ને દરિયાકાંઠે ગયા. તૂટેલા વહાણનું કાંઈ ચિહ્ન જણાતું ન હતું; ફક્ત થોડાંક પીપો ને સૂંડલાઓ તરતા હતા. ઓટ થાય એટલે વહાણ તળિયે બેઠેલું જોઈ શકાશે, એમ ધારીને તેઓ ઓટ થાય ત્યાં સુધી રોકાયા. કેટલાંક મડદાં પણ તરતાં દેખાયાં. બૉબ હાર્વેનું મડદું આયર્ટને તેના સાથીઓને બતાવ્યું ને કહ્યું: ‘કદાચ એક વાર મારી પણ આ દશા હોત.’

પીપ, સૂંડલા વગેરે જે કાંઈ તરતું હતું તે બધું ઉપાડી લીધું. ઓટ થાય ત્યાં સુધી રાહ જોવી જરૂરની હતી કારણ કે તે પછી વહાણ કઈ રીતે પડ્યું છે, તેમાં શો શો સામાન છે, એ બધું જોઈ શકાય એમ હતું. વહાણની સાથે અથડાય એવા ખડકો આ ખાડીમાં હતા જ નહિ. વળી વધારામાં આ વહાણ ડૂબતી વખતે પહેલાં પાણીથી અધ્ધર ઊછળ્યું હતું, ને પછી ડૂબ્યું હતું. જો દારૂની ઓરડીમાં દીવાસળી લાગી હોય તો જ આમ બનવું શક્ય હતું.

ઓટ થવા લાગી. વહાણનું એક પડખું થોડું થોડું દેખાવા લાગ્યું. વહાણ આડે પડખે સૂઈ ગયું હતું. પાણી સાવ ઓસરી ગયા પછી તેમણે જોયું તો વહાણને તળિયે એક જ મોટું ગાબડું પડ્યું હતું; વહાણને બીજી કાંઈ ઈજા થઈ નહોતી. આવી વિચિત્ર રીતે વહાણને શાથી ગાબડું પડ્યું હશે તે કોઈની અક્કલમાં ઊતરે તેમ નહોતું. દારૂની ઓરડી પણ સહીસલામત હતી. વળી ખાડીની અંદર ખડકો હતા જ નહિ. આ ચમત્કારનું કારણ હાથ લાગવું મુશ્કેલ હતું. ખલાસી, નૅબ અને હર્બર્ટ તો વહાણમાંથી જેટલી વસ્તુઓ મળી શકે તેમ હતી તે બધી ભેગી કરવા મંડી પડ્યા હતા. લૂગડાં, વાસણો, પેટીઓ, દારૂના શીશા, બંદૂકો, ઓજારો ને એવું ઘણું હાથ લાગ્યું. દારૂની ઓરડીમાં મજબૂત રીતે બંધ કરેલાં પીપો પણ મળી આવ્યાં. બધું હોડીમાં નાખીને કિનારે ઉતાર્યું અને ત્યાંથી ગ્રેનાઈટ મહેલમાં મૂકી દીધું. વહાણમાં ત્રણ મોટી તોપો હતી. એ તોપો પણ અહીં શા માટે કાટ ખાવા દેવી? તેને પણ મહામહેનતે એક પછી એક હોડીમાં નાખીને મહેલ ભેગી કરી દીધી. ખલાસી તો આખું વહાણ લઈ જઈ શકાય

એમ હોય તો તેમ પણ કરવા તૈયાર હતા! પણ વહાણ એવી ખરાબ રીતે ભાંગ્યું હતું કે તેને સમારીને ઉપયોગમાં લેવું અશક્ય હતું – નહિ તો એ જ વહાણ તેમને અમેરિકા પહોંચાડી દેત!

ખલાસીએ કહ્યું: ‘આવડું મોટું વહાણ છતાં હવે નકામું થઈ પડ્યું છે, એ આપણું પણ નસીબ જ છે ને?’

કૅપ્ટને કહ્યું: ‘ભલા માણસ! એમ શું કામ વિચાર કરે છે? આ વહાણ તૂટી ગયું એટલે આપણે બચ્યા; નહિ તો અમેરિકા તો દૂર રહ્યું, પણ ગ્રેનાઈટ મહેલ પણ ફરી વાર દેખાત કે નહિ તે જ સવાલ છે!’

ભરતી આવે તે પહેલાં તો વહાણમાંથી ઘણુંખરું કિનારે પહોંચી ગયું હતું. વહાણનાં પાટિયાં તોડવાનું બીજા દિવસ ઉપર મુલતવી રાખીને બધા ગ્રેનાઈટ મહેલમાં પહોંચી ગયા.

‘આપણી સંપત્તિ હવે વધવા લાગી. જ્યારે અહીં ઊતર્યા ત્યારે પહેરવાનાં કપડાં સિવાય કંઈ ન હતું; અત્યારે આટલો બધો સામાન કઈ રીતે વાપરવો એ જ સવાલ થઈ પડે છે!’ સ્પિલેટે કહ્યું.

‘એ બધું આ કૅપ્ટન સાહેબને આભારી છે. એમણે જો આ માટીમાંથી સોનું કર્યું ન હોત તો આપણે તો આયર્ટનની જેમ જ પડ્યા રહેત!’ ખલાસીએ કહ્યું.

‘આ બધામાં હજુ કોણ કર્તાહર્તા છે એ તો જ્યારે જણાય ત્યારે ખરું; બાકી મારો આભાર માનશો તો ભૂલ ખાશો. જેનો આભાર માનવાનો છે તેની તો આપણે હજુ શોધ કરવાની છે!’ હાર્ડિંગે કહ્યું.

અઠવાડિયું પસાર થઈ ગયું. વહાણની સાંકળો, સઢનાં કપડાં, પાટિયાં, ઇસ્તંબુલ, લંગર, ખીલા, એ બધું તેમણે ભેગું કરી લીધું. એક દિવસ બધા સાંજે ફરીને ઘેર આવ્યા ત્યારે નૅબે બધાની પાસે ટેબલ ઉપર એક ધાતુનો કટકો મૂક્યો. હાર્ડિંગે તેને ધ્યાનથી તપાસ્યો. તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. હાર્ડિંગ આશ્ચર્ય પામ્યો તેથી બીજા નવાઈ પામ્યા, કારણ કે તેમને હાર્ડિંગના આશ્ચર્યનું કારણ સમજાયું નહિ.

થોડી વારે હાર્ડિંગ બોલ્યો: ‘આ કટકો શાનો છે એ તમને ખબર છે?’

‘ના.’

‘ત્યારે જુઓ. આપણા શત્રુઓનું વહાણ શાથી તૂટી ગયું તેનો ભેદ આજે બહાર આવે છે. આ ધાતુનો કટકો છે, તે ટૉરપીડોનો કટકો છે. કોઈએ દરિયા નીચે સબમરીનમાંથી આ ટૉરપીડો છોડીને વહાણને ઉડાડી મૂક્યું છે. વહાણ ડૂબતાં પહેલાં ઊંચે ઊછળ્યું હતું તેનું કારણ પણ એ જ છે.’

પણ વહાણને ડૂબવાનો ભેદ ઊકલ્યો તેની સાથે જ આ ટૉરપીડો ક્યાંથી આવ્યું એનો નવો ભેદ ઊભો થયો.

‘કૅપ્ટન સાહેબ! મને તો આ બધું ભૂતોની માયા જેવું લાગે છે. મારી અક્કલ કામ નથી કરતી.’ ખલાસીએ કહ્યું.

‘હા; એ જે હોય તે ખરું; પણ તે ભૂત આપણા જ પક્ષમાં છે એ વાત ચોક્કસ!’

‘બસ ત્યારે, મૂકો પંચાત! આપણું કામ પાર પાડે છે ના? આપણે અહીં બેઠા બેઠા તેનો આભાર માનીશું.’ ખલાસીએ કહ્યું.

‘ના ના, કેમ ચાલે? આપણે ગમે તેમ કરીને એને શોધી જ કાઢીશું. મને તો એને જોવાનું બહુ મન છે. એ માણસ ઊંચો હશે, મોટી મોટી દાઢી હશે, મોટી આંખો હશે અને દરિયામાં મોટા મહેલમાં રહેતો હશે. મેં વાર્તાઓમાં એવું બહુ વાંચ્યું છે.’

એ માણસને આપણે તે ક્યાંથી શોધવાના હતા? જેનામાં આવાં આવાં કામો કરવાની શક્તિ છે તેનામાં સંતાઈ રહેવાની શક્તિ નહિ હોય? એ તો એની ઇચ્છા હશે ત્યારે જ દેખા દેશે. વળી અત્યારે તો હજુ એક ચિંતા માથે ઊભી જ છે: પેલા છ જણા જેઓ અહીં જંગલમાં સંતાઈ ગયા છે તેમનો નિકાલ આપણે પહેલાં કરવાનો છે.’

‘હા; એ ઠીક સંભાર્યું.’ નૅબે કહ્યું.

‘ના, મને તો તે સાંભરતું જ હતું, પણ મને તે વાત બહુ મોટી નથી લાગતી. મારો વિચાર તો તેમને આપણા મિત્રો બનાવી દેવાનો છે. પાંચ જણમાં બીજા છ જણની વસ્તી વધશે એટલે પછી અગિયાર જણ થઈશું ને આપણે વધારે કામ કરી શકીશું.’

‘કૅપ્ટન સાહેબ! તમારી વાત બધી સાચી. પણ એ મિત્રો બનાવવાનું આપણને જરાયે પસંદ નથી. બધી જગ્યાએ કાંઈ મિત્રો જ જોઈએ એવું નથી; કોઈક શત્રુ હોય તો જ વધારે મજા આવે. વળી એ લોકો કંઈ આપણા મિત્રો થવા નથી આવ્યા. એ છ જણા છૂપા છૂપા ફરતા હશે. લાગ જોઈને આપણા ઉપર એમણે ગોળી છોડી તો આ બધી મિલકત ને સંપત્તિ એમને કબજે થઈ જશે!’ ખલાસીએ ઉશ્કેરાઈને કહ્યું.

‘પેનક્રૉફ્ટ! શાંતિ રાખ, એ લોકો પણ જો મિત્રતા ઇચ્છતા હોય તો આપણે શા માટે શત્રુવટ કરવી જોઈએ?’ હાર્ડિંગે કહ્યું, ‘બેશક, આપણે સાવધાન રહેવાની જરૂર છે, એ તારી વાત તદ્દન સાચી છે. એટલું કરવું કે આપણે એમને શોધવા જવા કરતાં એ લોકો આપણને શોધતા આવે ને હલ્લો કરે, તો તેમને બરાબર સપાટામાં લેવા.’

પેલી ત્રણ તોપો ઉતાવળીમાંથી આણી હતી તેને બારીઓમાં બરાબર ગોઠવી દીધી. તેની તાકાત અજમાવવા તથા કુતૂહલની ખાતર તેમાં ખલાસી તથા હર્બર્ટે દારૂ ભર્યો અને એક પછી એક તોપને વારાફરતી ફોડી. આખો બેટ ધણધણી ઊઠ્યો.

‘હવે પેલા છ જણા સંતાયા છે તેમનાં તો કાળજાં જ ફાટી જશે!’ ખલાસીએ કહ્યું.

‘અને કદાચ તેઓ આપણે શરણે પણ આવી જાય!’ નૅબે ઉમેર્યું.

‘એ કેમ કહેવાય? જે થાય તેને માટે આપણે તો તૈયાર રહેવાનું છે.’ સ્પિલેટે કહ્યું.

# ૫ : હર્બર્ટ ઘાયલ

આ પાંચ જણ પાસે હવે બે કામ આવીને ઊભાં હતાં. એક તો પેલી છુપાતી ફરતી વ્યક્તિની શોધ, અને બીજું પેલા છ ચાંચિયાઓનો નિકાલ. આને માટે તેમણે એક વાર બેટમાં જુદા જુદા ભાગોમાં આંટો મારી આવવાનું નક્કી કર્યું અને તે સારુ તૈયારી કરવા માંડી. એક રોઝનો પગ જરા લંગડાતો હતો તેને ઠીક થતાં અઠવાડિયું થાય તેમ હતું, એટલે એ અઠવાડિયા દરમિયાન ગ્રેનાઈટ મહેલમાં જેટલી તૈયારી કરવાની હતી તેટલી તેમણે કરી લીધી.

દરમિયાન આયર્ટન પણ પશુશાળામાં જવા માટે તૈયાર થઈ ગયો. પશુશાળામાં એકલા જવામાં હવે સાહસ હતું. હાર્ડિંગ તેના મદદગાર તરીકે કોઈને મોકલવા તૈયાર હતો; પણ આયર્ટને કહ્યું: ‘મારી પાસે શું જોખમ છે? વળી કાંઈ આપત્તિ આવી પડે તો તેમાં તમારામાંથી કોઈ સપડાય તે કરતાં હું સપડાઉં એ શું ખોટું છે?’

હાર્ડિંગનું મન આયર્ટનને એકલો મોકલવા નહોતું માનતું; પણ જો વધારે આગ્રહ કરે તો આયર્ટનને એમ થાય કે આ લોકોને પોતાના ઉપર વિશ્વાસ નહિ હોય. આથી હાર્ડિંગે બહુ આગ્રહ ન કર્યો; પણ એટલું કહ્યું કે રોજ સાંજે આખા દિવસના અવનવા સમાચાર જણાવવા, અને જ્યારે જરૂર પડે ત્યારે તાર કરવો.

વળી બીજું એક અગત્યનું કામ રહી ગયું હતું: ખલાસીની ‘બહાદુર’ હોડીના શા હાલહવાલ છે તે જાણવું જરૂરનું હતું. ‘બહાદુર’ ખલાસીને મન પ્રાણ સમાન હતી, અને બધાને ઉપયોગી પણ હતી જ. હાર્ડિંગની રજા લઈને ખલાસી, સ્પિલેટ તથા હર્બર્ટ ઊપડ્યા. સાથે ભાતું તથા ભરેલી બંદૂકો લઈ લીધી.

આખો રસ્તો ખલાસીએ ચિંતામાં ને ચિંતામાં ગાળ્યો. જો હોડી ગુમ થઈ હોય તો શું કરવું? જાણે હોડી સાચેસાચ પેલા ચાંચિયાઓ ઉપાડી ગયા હોય તેમ તે તેમને ગાળો દેવા લાગ્યો. છેવટે બલૂન બંદરે જઈને જોયું તો તેમની ‘બહાદુર’ શાંત પાણી ઉપર રમત કરતી હતી. ખલાસીના આનંદનો પાર ન રહ્યો. ‘જો બદમાશો એને લઈ ગયા હોત તો આખી ને આખી હોડી પાછી ઓકાવું એવો છું!’

એટલું તો સિદ્ધ થયું કે બદમાશો એ બાજુ આવ્યા નહોતા. આ હોડીને અહીં વધારે વખત રહેવા દેવી એ સલામતી નથી એવો સ્પિલેટનો મત હતો; પણ હોડી બીજે ક્યાંયે આટલી સલામત રહી શકે તેમ ન હતું. હાર્ડિંગને મળ્યા પછી એ બાબતનો નિર્ણય કરવો એમ આખરે ઠર્યું.

ખલાસી હોડીને બરાબર તપાસવા લાગ્યો. લંગરના દોરડાની ગાંઠ જોઈને તે બૂમ પાડી ઊઠ્યો: 'જોયું? અહીં કાંઈ કરામત લાગે છે!'

'શું છે?'

'આ ગાઠં મેં વાળેલી નથી.'

'હોય નહિ! પણ ગાંઠ કેવી વાળી હતી એ તે કંઈ યાદ રહેતું હશે?' સ્પિલેટે કહ્યું.

'ત્યારે હું ખોટું કહું છું એમ? આ હાથે હજારો ગાંઠો વાળી નાખી છે; હું ઊંઘતો હોઉં તોપણ મારી ગાંઠ એક જ જાતની વળાય. મને એટલી ખબર ન પડે કે આ ગાંઠ મેં વાળી છે કે નહિ? સ્પિલેટ સાહેબ! આ ગાંઠ મેં નથી વાળી એ ચોક્કસ છે.'

'ત્યારે પેલા ચાંચિયાઓએ તો નહિ જ વાળી હોય ને? કારણ કે એમણે આ હોડી જોઈ હોય તો પાછી અહીં આવે ખરી?'

'ત્યારે મારી હોડી કોણ વાપરે છે!' ખલાસીએ પગ પછાડ્યો.

'હશે, હવે જવા દો. આપણી પાસે ઘણીયે સમસ્યાઓ પડી છે એમાં આ એકનો વધારો થયો.' હર્બર્ટે કહ્યું, 'પણ આપણી હોડી સહીસલામત છે અને રહેવાની છે એમાં મને શંકા નથી.'

બધા પાછા ફર્યા. આવીને હાર્ડિંગને બધી વાત તેમણે કરી. હાર્ડિંગે કહ્યું: 'હું તપાસ કરીને કહીશ કે આ ખાડીમાં બીજે ક્યાંયે હોડી સહીસલામત રાખી શકાય એમ છે કે નહિ. જો એમ બની શકે તો હોડીની કાંઈ ચિંતા નહિ રહે.'

સાંજે આયર્ટન તરફથી નિયત પ્રમાણે તાર ન આવ્યો એટલે હાર્ડિંગે સામો તાર કર્યો પણ જવાબ ન મળ્યો. ફરી વાર તાર કર્યો; જવાબ ન મળ્યો. આયર્ટન કદાચ અહીં આવવા નીકળ્યો હોય એમ માનીને તેઓ ટેકરી ઉપર ચડીને જોવા લાગ્યા, પણ કાંઈ જણાયું નહિ. 'જરૂર આયર્ટનને માથે આફત આવી પડી હશે. હવે શું કરવું?' ખલાસી ને નૉબ તે જ વખતે જવા તૈયાર થઈ ગયા, પણ હાર્ડિંગે કહ્યું: 'રાત પડવા આવી છે. અત્યારે જવામાં ખોટું સાહસ છે. અત્યારે આપણાં હથિયારો તૈયાર કરી રાખો; સવારમાં બધા પશુશાળાએ જઈએ.'

પણ રાત કેમ જાય? એક યુગ જેવી રાત થઈ પડી. સવારમાં બધા તૈયાર થઈ ગયા. હાર્ડિંગે નૉબને કહ્યું: 'તું અહીં જ રહે. જપ પણ તારી સાથે રહેશે. ગ્રેનાઈટ મહેલ સાચવવાની પણ જરૂર છે. કાંઈ જાણવા જેવું હશે તો તારથી જણાવીશું.'

સાથે આવવાની નૉબની ઘણી ઇચ્છા હતી, પણ શેઠના હુકમ પછી તેને કંઈ બોલવાનું હતું જ નહિ. ગાડું તથા ચાર જણા અને ટૉપ પુલો

વટાવીને પશુશાળાના રસ્તા ઉપર ચડ્યા. તેઓ દેખાતા બંધ થઈ ગયા એટલે નૅબે પુલ ઊંચો કરી લીધો, જપે બે-ત્રણ હુંકારા કર્યા.

ટુકડી ધીરે ધીરે આગળ વધી. ખલાસી ગાડું હાંકવા બેઠો હતો. રોઝ એવાં પાળેલાં હતાં કે હાથમાં રાશ પકડી રાખવાની જરૂર નહોતી, એટલે ખલાસી હાથમાં બંદૂક રાખીને જ બેઠો હતો. હાર્ડિંગ તથા સ્પિલેટ બંને બાજુએ ભરી બંદૂકે ચાલતા હતા. હર્બર્ટ ગાડાની પાછળ હતો. ટૉપ સૌથી આગળ ચાલતો હતો. કયે વખતે ક્યાંથી બદમાશો નીકળશે તેની ખબર નહોતી, એટલે બધા તૈયાર હતા. ટૉપ આગળ બધું સૂંઘતો સૂંઘતો જતો હતો, એટલે તે ભસે નહિ ત્યાં સુધી ભયનું કશું કારણ નહોતું. આગળ ચાલતાં તેમણે જોયું તો સડક ઉપર જ તારનો એક થાંભલો ઉખેડેલો પડ્યો હતો. જમીન ખોદી નાખીને કોઈએ તે ઉખેડી પડ્યો હતો એ ચોખ્ખું દેખાઈ આવતું હતું. તાર પણ તોડી નાખેલો હતો.

‘હં! બદમાશો જરૂર પહોંચી ગયા છે.’ ખલાસીએ કહ્યું: ‘હવે આપણે પશુશાળાએ જ મારી મૂકો.’

તેણે રોઝને એક લાકડી મારી ગાડું જોરથી ઉપાડ્યું. સૌના મનમાં આતુરતા હતી. ભવિષ્યને માટે ભય નહોતો; પણ એક મહાન સાહસ કરવાનો ઉત્સાહ હતો. ખલાસી તથા હર્બર્ટના મનમાં તો લડાઈ શરૂ થઈ ગઈ હતી.

આખરે પશુશાળા આવી. તેના દરવાજા બંધ હતા. આસપાસ નીરવ શાંતિ હતી. આયર્ટન કે કોઈનો અવાજ સંભળાતો નહોતો. હાર્ડિંગે શાંતિથી દરવાજો ઉઘાડ્યો, પહેલવહેલો પોતે અંદર પેઠો. બંદૂકો તાકીને તૈયાર હતા. એવામાં એકાએક ટૉપ જોરથી ભસ્યો; તે સાથે જ બંદૂકનો એક ધડાકો થયો. એક કારમી ચીસ સંભળાઈ ને હર્બર્ટ ગોળીથી વીંધાઈને નીચે પડ્યો!

# ૬ : ખેપિયો ટૉપ

ખલાસીના હાથમાંથી બંદૂક પડી ગઈ, ‘અરર! મારી નાખ્યો; મારા છોકરાને મારી નાખ્યો!’ ખલાસી ઢગલો થઈ પડ્યો.

હાર્ડિંગ તથા સ્પિલેટ દોડી ગયા. સ્પિલેટે હર્બર્ટની છાતી ઉપર કાન માંડી જોયા. હૃદય ધીમે ધીમે ચાલતું હતું. ‘હજુ જીવતો છે!’ સ્પિલેટને જરા ધીરજ આવી.

‘ચાલો, તેને પશુશાળામાં લઈ જઈએ. ચાલો પેનક્રૉફ્ટ! ઉપાડો.’ હાર્ડિંગે કહ્યું, ‘હું આવું છું.’ એમ કહી હાર્ડિંગ ચપળતાથી દોડ્યો. જે ખૂણામાંથી બંદૂકનો અવાજ થયો હતો તે ખૂણે તેણે જોયું તો એક માણસ ઝાડની પાછળ લપાઈ રહ્યો હતો. હાર્ડિંગને આવતો જોઈને તેણે ગોળી છોડી; કૅપ્ટન ચપળતાથી તે ચુકાવી તેની સામે ધસ્યો, ને જોતજોતામાં હાર્ડિંગનું ખંજર તેની છાતીમાં ભોંકાઈ ગયું! ‘ચાલો, એક ઓછો થયો!’ તે બોલ્યો.

હાર્ડિંગ પાછો આવ્યો ત્યારે હર્બર્ટને આયર્ટનની ઓરડીમાં બિછાના પર સૂતેલો જોયો. હર્બર્ટ બેભાન હતો. ખલાસી પડખે બેસીને જોરથી રોતો હતો તથા માથું કૂટતો હતો. તેને શાંત પાડવો એ સહેલું નહોતું. કારણ હાર્ડિંગ તથા સ્પિલેટ પણ પોતાની ધીરજ ખોઈ બેઠા હતા. તેઓ કાંઈ બોલી શક્યા નહિ, પણ હર્બર્ટની સ્થિતિ વધારે ને વધારે ભયંકર થતી જતી હતી. હર્બર્ટ જોકે બેભાન હતો, પણ ઘાની વેદના તેના મોઢા પર સ્પષ્ટ દેખાતી હતી. ઘામાંથી લોહી ચાલ્યું જતું હતું. હર્બર્ટ ફિક્કો પડી ગયો હતો.

સ્પિલેટ દવાદારૂ સંબંધે થોડું જાણતો હતો; લડાઈ દરમિયાન ઘાયલોની તેણે ચાકરી પણ કરી હતી. તેણે હર્બર્ટની નાડી તપાસી. નાડી એટલી ધીમી ચાલતી હતી કે તે ક્યારે બંધ પડી જશે તે કહી શકાય તેમ નહોતું. આ ચિહ્ન સૌથી વધારે ભય ઉત્પન્ન કરે તેવું હતું. અત્યારે વિચાર કરવાનો વખત નહોતો. પસાર થતી એક એક સેકંડ હર્બર્ટના મોતની નજીક જવા માટેની જ હતી. તેણે હર્બર્ટનું પહેરણ કાઢીને છાતી ખુલ્લી કરી. ગોળી પાંસળી આરપાર વાંસામાં થઈને નીકળી ગઈ હતી; પાછળ વાંસામાં પણ કાણું પડેલું હતું. બંને બાજુથી લોહી વહી રહ્યું હતું. પણ એટલું સારું હતું કે ગોળી શરીરની બહાર નીકળી ગઈ હતી; જો તે અંદર જ રહી ગઈ હોત તો અત્યારે હર્બર્ટ જીવતો પણ ન હોત. વળી હૃદયના ભાગને ઈજા નહોતી થઈ. સ્પિલેટે ઘા બરાબર તપાસ્યો. ગોળીએ છાતીની અંદર કયા કયા ભાગને ઈજા કરી છે એ તો કોઈ મોટો સર્જન હોય અને તેની પાસે સાધનો હોય તો જ જાણી શકાય તેમ હતું. બિચારો સ્પિલેટ એ કઈ રીતે જાણી શકે? પરંતુ એક વાત તો દેખીતી જ હતી કે ઘામાંથી વહી જતું લોહી કોઈ રીતે અટકાવવું જ જોઈએ. હૃદયની નીચેની ત્રીજી અને ચોથી

પાંસળી વચ્ચેથી આ ગોળી પસાર થઈ ગઈ હતી. હાર્ડિંગે તથા સ્પિલેટે હર્બર્ટને ઊંધો સુવાડ્યો. તે વખતે હર્બર્ટ બેભાન અવસ્થામાં પણ વેદનાભરી ધીમી ચીસ પાડી ઊઠ્યો. હર્બર્ટનો વાંસો લોહી લોહી થઈ ગયો હતો અને હજુ લોહી તો નીકળ્યે જ જતું હતું. સ્પિલેટ પાસે અત્યારે એક જ ઉપાય હતો અને તે ઠંડા પાણીનો. તેણે ઘા ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂકવા માંડ્યાં.

'સ્પિલેટ! આપણે આને ગ્રેનાઈટ મહેલમાં જ લઈ જઈએ.' મેનક્રૉફ્ટે કહ્યું: 'અહીં આગળ મારી તો ધીરજ નથી રહેતી. અહા! જો અત્યારે પેલા હરામખોરો દેખાય તો તેમને ઊભા ને ઊભા ચીરી નાખું!' ખલાસી હવામાં મૂઠીઓ ઉગામીને બોલ્યો.

સ્પિલેટે ઘણી વાર સુધી પાણી રેડ્યા કર્યું. તેના મનમાં ગભરાટ વધવા લાગ્યો. 'કૅપ્ટન! મારી મતિ મૂંઝાઈ ગઈ છે. જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ મને હર્બર્ટની જિંદગીનો છેડો આવતો હોય એમ લાગ્યા કરે છે. જુઓ ને, તે કેવો ફિક્કો પડી ગયો છે!'

'જો સ્પિલેટ, આવે વખતે જ માણસની ધીરજની કસોટી થાય છે. અત્યારે એમ કાળજું થરથરે તો કામ જ ન આવે. હર્બર્ટને કોઈ પણ રીતે બચાવવો જ જોઈએ.'

સ્પિલેટ પાછો સાવધાન થઈ ગયો. ખલાસીએ તો પાટા માટે પોતાનું આખું પહેરણ ચીરેચીરા કરી નાખ્યું હતું. હાર્ડિંગે તથા સ્પિલેટે તે ઘા ઉપર પાટો બાંધ્યો અને વળી પાછું ઠંડું પાણી રેડવાનું શરૂ કર્યું. ખલાસીએ વનસ્પતિઓમાંથી એક જાતનો ઉકાળો તૈયાર કર્યો ને ધીમે ધીમે હર્બર્ટના મોઢામાં તે રેડવા લાગ્યો. હર્બર્ટનું શરીર તાવથી ધમધમી રહ્યું હતું. આખો દિવસ ને રાત તેણે આ જ રીતે બેભાન અવસ્થામાં કાઢી. બધા તેની પથારીની આસપાસ વીંટળાઈને આખી રાત બેસી રહ્યા.

હર્બર્ટની જિંદગીનો તાર તૂટું તૂટું થઈ રહ્યો હતો. બીજે દિવસે ૧૨મી નવેમ્બરે સવારમાં ત્રણેય જણને કાંઈક આશા બંધાઈ. હર્બર્ટે સહેજ આંખ ઉઘાડી ને હાર્ડિંગને, સ્પિલેટને, તથા પેનક્રૉફ્ટને તેણે ઓળખ્યા. તેના હોઠ પણ ફફડ્યા, પણ હાર્ડિંગે તેને તદ્દન મૂંગા રહેવાની ઇશારત કરી. ખલાસી તેની સાથે વાત કરવા જતો હતો તેને હાર્ડિંગે અટકાવ્યો. ઠંડા પાણીની અસર ઘણે વખતે પણ થઈ ને આબાદ થઈ! હર્બર્ટને ઘાની વેદના હવે ઓછી થઈ ગઈ હતી. તાવ જોકે હજી હતો, પણ ધીમે ધીમે તે ઊતરતો જતો હતો. ખલાસીના આનંદનું તો પૂછવું જ શું!

પાછો હર્બર્ટ આંખ મીંચી ગયો, પણ હવે તે બેભાન અવસ્થામાં નહોતો. તેને જાણે ઊંઘ આવી ગઈ હોય તેમ તે ઊંઘતો હતો.

'સ્પિલેટ, તમે હવે કહો કે હર્બર્ટને કંઈ નહિ થાય!' ખલાસીએ સ્પિલેટના બંને હાથ પકડીને કહ્યું.

'હા હા; હવે હર્બર્ટને કંઈ જ થશે નહિ.' સ્પિલેટે કહ્યું. 'જોકે ઘા ઘણો ભયંકર છે; પણ તેને અત્યારે જે ઊંઘ આવી ગઈ છે એ બહુ સારીનિશાની છે; ફક્ત હવે તેને આપણે જગાડવો નહિ.'

અત્યાર સુધી ત્રણેય જણના મનમાં હર્બર્ટની સારવાર કરવા ઉપરાંત બીજો એક વિચાર નહોતો આવ્યો. તેમનું ખાવુંપીવું ભુલાઈ ગયું હતું; તેમને એનો વિચાર પણ નહોતો ને આપણી આસપાસ ચાંચિયાઓ ફરે છે.

પણ હવે હર્બર્ટ ઉપર ખલાસી એકલો ધ્યાન રાખે તોપણ પૂરતું હતું એમ સ્પિલેટને લાગ્યું, એટલે તે અને હાર્ડિંગ ભવિષ્યની યોજના વિચારવા લાગ્યા. આયર્ટન ક્યાં ગુમ થઈ ગયો હશે? ચાંચિયાઓ ક્યાં ફરતા હશે? તેમને પહોંચી વળવા માટે કયો માર્ગ લેવો? એ બધા પ્રશ્નો પર તેમણે વિચાર કરવા માંડ્યા; સાથે સાથે હર્બર્ટને કઈ રીતે ગ્રેનાઈટ મહેલમાં લઈ જવો એ પણ વિચારવાનું હતું. નૅબનો તો વિચાર જ હજુ તેમને આવ્યો નહોતો. ગ્રેનાઈટ મહેલમાં નૅબ એકલો હતો; તેને ત્યાં ખબર આપવા માટે તારનું જે સાધન હતું તે તો ચાંચિયાઓએ ટાળી નાખ્યું હતું. નૅબને જો ખબર આપવામાં ન આવે, ને કદાચ જો તે ગ્રેનાઈટ મહેલ છોડીને આ તરફ આવવા નીકળે અને પોતાનો જાન જોખમમાં નાખે તો! નૅબને વહેલામાં વહેલી તકે હર્બર્ટ ઘવાયાના ખબર પહોંચાડવા જ જોઈએ. પણ તે કઈ રીતે પહોંચાડવા? અહીંથી કોઈ ખબર આપવા જાય એટલે તે ત્યાં સુધી પહોંચે કે નહિ, તેની પણ શંકા હતી.

હાર્ડિંગ વિચાર કરવા લાગ્યો ત્યાં તેની નજર ટૉપ ઉપર પડી. 'ટૉપ, ટૉપ!' તેણે બૂમ પાડી. ટૉપ છલંગો મારતો તેના શેઠ પાસે જઈ પહોંચ્યો.

હાર્ડિંગે કહ્યું: 'સ્પિલેટ! એક ચિઠ્ઠીમાં ખબર લખો. આ ટૉપ તે ખબર નૅબને પહોંચાડી આવશે.'

સ્પિલેટે તરત પોતાની ડાયરીમાંથી એક પાનું ફાડ્યું ને લખ્યું: 'હર્બર્ટ ઘવાયો છે. અમે પશુશાળામાં છીએ. ચેતતો રહેજે. ગ્રેનાઈટ મહેલ છોડતો નહિ, ત્યાં આગળ ચાંચિયાઓ દેખા દે છે. વળતો જવાબ ટૉપ સાથે મોકલજે.'

ચિઠ્ઠી ટૉપના ગળાના પટ્ટામાં ભરાવી. હાર્ડિંગ ટૉપને પશુશાળાના ફાટક પાસે લઈ ગયો. 'જો ટૉપ!' એમ કહીને ગ્રેનાઈટ મહેલની દિશામાં હાર્ડિંગે આંગળી કરી. ટૉપ કૂદ્યો ને થોડી વારમાં ગ્રેનાઈટ મહેલને રસ્તે અદૃશ્ય થઈ ગયો.

દરવાજો બંધ કરી હાર્ડિંગ પાછો આયર્ટનની ઓરડીમાં આવ્યો. હર્બર્ટ હજુ ઊંઘતો હતો. ખલાસી પણ ઘા પરનો પાટો પાણીથી ભીનો જ

રાખ્યા કરતો હતો. સ્પિલેટે કંઈક ખાવાનું બનાવ્યું.

ટૉપની બધા આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ઘણી વારે બંદૂકની ગોળી છૂટવાનો અવાજ સંભળાયો અને સાથે જ ટૉપ ફાટક કૂદીને પશુશાળાના ચોગાનમાં આવ્યો.

ટૉપના ગળામાં ચિઠ્ઠી હતી. તેમાં લખ્યું હતું: ‘આ બાજુ ચાંચિયા નથી, હું અહીંથી ખસીશ નહિ. બિચારો હર્બર્ટ!’

# ૭ : ગ્રેનાઈટ મહેલમાં

છૂટેલી ગોળી ઉપરથી ખાતરી થઈ ગઈ કે ચાંચિયાઓ હજુ આસપાસ ઝાડીમાં જ ભરાયેલા છે. હવે કોઈ પણ ઉપાયે એ પાંચે ચાંચિયાઓને પૂરા કરવાનો તેમણે નિશ્ચય કર્યો. હર્બર્ટ સાજો થાય પછી તેને ગ્રેનાઈટ મહેલમાં ફેરવીને આખો બેટ શોધી વળવું અને ગમે ત્યાંથી તેમને શોધી કાઢવા, એ એક જ કામ તેમની પાસે હતું. જોકે હાર્ડિંગ પાસે એક બીજું કામ પણ ઊભું હતું: જે માણસે અત્યાર સુધી છૂપી રીતે તેમને આટલી મદદ કરી હતી તેનો પત્તો મેળવવો. પણ હર્બર્ટનો વિચાર સૌથી પહેલો કરવાનો હતો. રોજ તેને પાટા બાંધવાનું કામ તથા તેની સારવારનું કામ નિયમિત રીતે થતું, કારણ કે દવા કરતાં પાટો બાંધવામાં જોઈતી કુશળતા અને સારવાર એ જ વધારે ફળદાયી છે એમ સ્પિલેટ જાણતો હતો.

દસ દિવસ પછી હર્બર્ટનાં વળતાં પાણી થયાં. તે થોડો થોડો ખોરાક પણ લેવા લાગ્યો. તેના મોઢા ઉપર જે નિર્જીવતા હતી તેની જગ્યાએ લાલી આવવા લાગી. હર્બર્ટને બોલવાનું ઓછું હતું, પણ ખલાસી પોતે જ એવો વાતો કરનારો હતો કે હર્બર્ટને બોલવાનો વખત જ થોડો રહેતો. ધીમે ધીમે હર્બર્ટને બધી વાતની ખબર પડી. ખલાસીએ કહ્યું: 'આ આપણા ચાંચિયામિત્રો! હાર્ડિંગ તેમને મિત્રો બનાવવાના હતા! મારે હવે તો તેમની સાથે મૈત્રી બાંધવી છે, પણ એવી બાંધવી છે કે તેઓ ફરી બોલી ન શકે. હવે તું સાજો થા એટલી જ વાર છે. આપણે તુરત જ તેમની તપાસમાં નીકળી પડ્યું છે.'

સ્પિલેટને અત્યાર સુધી મનમાં એમ હતું કે જ્યારે જ્યારે કાંઈ આપત્તિ આવી છે ત્યારે ત્યારે પેલા ભેદી માણસે મદદ કરી જ છે; પણ આ હર્બર્ટના બનાવ પછી તેની તે ખાતરી મોળી પડી ગઈ. તેને થયું કે કાં તો તે માણસ આ બેટમાંથી ચાલ્યો ગયો હોય, અથવા તો પોતાનાથી વીફરીને બેઠો હોય. હાર્ડિંગ પાસે આનો ખુલાસો નહોતો પણ તેને એટલી શ્રદ્ધા હતી કે જે થાય તે ભલાને માટે હશે. વળી હાર્ડિંગ અને મિત્રો કંઈ કોઈની શક્તિ ઉપર આધાર રાખીને બેસી રહે તેટલા મૂર્ખ ન હતા. અત્યાર સુધી તો મુશ્કેલીને વખતે તેમને મદદ મળ્યા કરતી હતી; પણ તે ન મળે તોપણ તેમનામાં મુશ્કેલીઓને પહોંચી વળવાની હિંમત પૂરતી હતી.

હર્બર્ટની તબિયત હવે સુધરતી જતી હતી, પણ હજુ તેને ગ્રેનાઇટ મહેલમાં ફેરવી શકાય તેટલી શક્તિ તેનામાં નહોતી આવી. ત્યાં સુધીના દિવસો કાઢવા એ ખરેખર ધીરજની કસોટી કરાવે તેવું હતું. તેમનામાંનો એક માણસ ગુમ થયો હતો, બીજો એક સાથી બધાથી જુદો પડી ગયો હતો અને ત્રીજો એક ઘાયલ થયો હતો; એ વાતનો તેમના મનમાં આઘાત

હતો. તેમાં વળી હજુ તેઓ પશુશાળામાં ચાંચિયાઓ વચ્ચે ઘેરાયેલા પડ્યા હતા. શત્રુઓ જો સામા યુદ્ધમાં આવે તો સ્પિલેટ એકલો બધાને પૂરો પડે તેમ હતું; પણ તેઓ આસપાસની ગાઢ ઝાડીમાં છુપાઈને ગોળીબાર કરે તો તેમની સામે લડવું તે મરવા બરાબર હતું. પાંજરામાં પુરાયેલાં સિંહની જેમ બધા છંછેડાઈ ઊઠ્યા હતા, અને હાર્ડિંગ જેવો શાંત મગજનો સરદાર તેમની પાસે ન હોત તો સ્પિલેટ ને ખલાસી જંગલમાં પેલા ચાંચિયાઓની શોધમાં નીકળી જ પડ્યા હોત, અને કદાચ જાન પણ ખોઈ બેઠા હોત!

હાર્ડિંગે તે બંનેને કહ્યું: 'આપણે એવી જગ્યાએ છીએ કે જ્યાં આપણે માટે જુદા પડવું તે ચોખ્ખું સાહસ છે. ગ્રેનાઈટ મહેલમાં જો આપણે હોત તો તો મને ચિંતા હતી જ નહિ. આપણે હર્બર્ટને એક વાર ગ્રેનાઈટ મહેલમાં પહોંચાડી દઈએ, પછી એ ચાંચિયાઓની ઝડતી લઈ નાખીશું, અને આયર્ટન જો જીવતો હશે તો એ બદમાસોના પંજામાંથી તેને પણ છોડાવીશું.'

ખલાસીને મનમાં શંકા થઈ હતી કે આયર્ટન કદાચ તેના સ્વભાવ અનુસાર પાછો ચાંચિયાઓ ભેગો મળી ગયો હોય, પણ હાર્ડિંગ પાસે એ અભિપ્રાય ઉચ્ચારતાં તે જરા અચકાયો. હજી બીજા આઠ દિવસ તો ઓછામાં ઓછા કાઢવા પડે એવી સ્થિતિ હતી. સ્પિલેટ કોઈ કોઈ વાર બંદૂક લઈને ટૉપની સાથે પશુશાળાની આસપાસ આંટા મારવા નીકળતો. તે પૂરેપૂરો સાવધાન તો રહેતો જ, ઉપરાંત ટૉપ સાથે હોવાથી જરા ભય જેવું દેખાય તો તેને સૂચના પણ તરત મળી જાય એમ હતું. એક વાર આ પ્રમાણે સ્પિલેટ ફરવા નીકળ્યો હતો; ફરતાં ફરતાં તે જરા આગળ નીકળી ગયો. ભય જેવું ખાસ જણાયું નહિ, પણ ટૉપ એકાએક તેની પાસે દોડ્યો ને થોડી વારમાં મોઢામાં એક લૂગડાનો કટકો લઈ પાછો આવ્યો. સ્પિલેટે એ કટકો ઓળખી કાઢ્યો: તે આયર્ટનના જાકીટનો એક ટુકડો હતો. તે તરત પશુશાળામાં આવ્યો ને હાર્ડિંગ પાસે પેલો ટુકડો રજૂ કર્યો. આયર્ટનને એ લોકો ઢસડીને લઈ ગયા હોવા જોઈએ. ખલાસીના મનમાંથી આયર્ટન વિષેની અન્યથા શંકા દૂર થઈ ગઈ; ઊલટું તેને મનમાં થયું કે જો આયર્ટન જીવતો હોય તો તેને દુશ્મનોના પંજામાંથી જરૂર છોડાવવો જ જોઈએ. હવે તો જલદી ગ્રેનાઈટ મહેલમાં પહોંચી જવા માટે તે હાર્ડિંગને વારંવાર કહેવા લાગ્યો. પણ હાર્ડિંગ એમ ખોટી ઉતાવળ કરે તેવો ન હતો. એક બનાવ એવો બન્યો કે હાર્ડિંગને પણ ઉતાવળ કરવી પડી.

૨૯મી નવેમ્બરે સાંજના અંધારું થવા આવ્યું હતું. બધા ઓરડીમાં ભોજન કરતા હતા. ત્યાં બહાર ટૉપના ભસવાનો અવાજ સંભળાયો. ખાવાનું એક બાજુ રહી ગયું ને ત્રણેય જણા બંદૂક લઈને તૈયાર થઈ ગયા, ને ઓરડી બહાર આવ્યા. ટૉપ ફાટક પાસે કૂદતો હતો ને ભસતો હતો; પણ તે પૂંછડી હલાવતો હતો. તે ઉપરથી હાર્ડિંગને થયું કે આમાં કાંઈ ભય જેવું લાગતું નથી. થોડી વારે એક માણસ જેવું કોઈક ફાટક કૂદીને અંદર આવ્યું,

પણ તે ઓરડીની પાસે આવતાંની સાથે જ ખલાસી હસી પડ્યો: 'અરે, આ તો આપણો જપ છે! શાબાશ! તેં પણ ભારે કરી હોં!

કાંઈ અગત્યનો સંદેશો તેની પાસે હોવો જ જોઈએ એવી હાર્ડિંગને શંકા થઈ. જપે એક ચિઠ્ઠી કાઢીને હાર્ડિંગના હાથમાં મૂકી. જપ અને ટૉપ ઘણા વખતે મળ્યા એટલે તેમની ગમ્મત શરૂ થઈ ગઈ. ચિઠ્ઠીમાં લખ્યું હતું: 'શુક્રવાર, સવારના છ. ગ્રેનાઈટ બાજુએ ચાંચિયાઓએ હલ્લો કર્યો છે. – નૅબ.'

બધાએ એકબીજા સામે જોયું. ચાંચિયાઓ તેમના કિલ્લા સુધી પહોંચી ગયા હતા. હવે શું કરવું? નૅબ એકલો હતો. થોડા વખતમાં બધું પાયમાલ થઈ જશે. હર્બર્ટ જાગતો હતો. તેને થોડી વારમાં જ બધી ખબર પડી ગઈ. તે ઊભો થયો ને હાર્ડિંગ પાસે જઈ બોલ્યો: 'હવે હું ખુશીથી ચાલી શકીશ. આપણે ગ્રેનાઈટ મહેલમાં પહોંચી જઈએ.'

હાર્ડિંગ પાસે બીજો ઉપાય જ નહોતો. ઊપડવાની તૈયારી થવા લાગી. હર્બર્ટને ચલાવવો એ મૂર્ખાઈ હતી; ખરું જોતાં તો હજુ તેને ઝોળીમાં નાખવો પડે એવી સ્થિતિ હતી; પણ ઝોળીમાં નાખીને તે ઉપાડવા માટે બે માણસોને રોકાવું પડે. તેમાં ઘડીમાં ગમે ત્યાંથી હલ્લો થાય એવી જ્યાં સ્થિતિ હોય ત્યાં બે માણસોને આ કામમાં રોકવા એ પણ બરાબર ન હતું. એટલે, ગાડામાં ઘાસની ખૂબ ઊંચી પથારી કરી તેમાં હર્બર્ટને સુવરાવવાનું નક્કી કર્યું.

ગાડું જોડાયું. ૩૦મીની સવારનાં સૂર્યનાં કિરણો ફૂટતાંની સાથે જ બધા નીકળી પડ્યા. પશુશાળાનું ફાટક બરાબર બંધ કરી દીધું. તૈયાર બંદૂકો સાથે હાર્ડિંગ અને સ્પિલેટ આગળ થયા; ખલાસીએ ગાડું હાંકવાનું કામ લીધું હતું; જપ અને ટૉપ સૌથી આગળ હતા; હર્બર્ટ ગાડામાં બેઠો હતો.

'કેમ હર્બર્ટ! ગાડામાં ફાવશે ને?' હાર્ડિંગે પૂછ્યું.

'અરે કૅપ્ટન સાહેબ! મારી તમે ચિંતા જ ન કરો; હું કાંઈ એમ રસ્તામાં નહિ મરી જાઉં.'

આટલું બોલતાં પણ હર્બર્ટને કેટલું જોર પડતું હતું તે તેના મોઢા પરથી સ્પષ્ટ દેખાતું હતું.

ગાડું ધીરે ધીરે ચાલવા લાગ્યું. એક બાજુ સ્પિલેટ, એક બાજુ હાર્ડિંગ અને વચ્ચે ગાડું, એમ તેઓ જંગલમાંથી પસાર થતા હતા. જરાક ઝાડીમાં ખડખડાટ થાય કે તરત જ તેઓ તે બાજુ બંદૂક તાકતા હતા.

આખે રસ્તે કાંઈ પણ મુશ્કેલી ન આવી. તેઓ સરોવર પાસેના ઉચ્ચ પ્રદેશ નજીક આવી પહોંચ્યા. થોડી વારમાં તેઓ સરોવરમાંથી પશ્ચિમ બાજુ વહેતી કરેલી નાની નદી પાસે આવી પહોંચ્યા; પણ ત્યાંથી ગ્રેનાઈટ

મહેલની ઉપરની બાજુની ટેકરીઓ ઉપર નજર પડતાં જ ખલાસી બોલી ઊઠ્યો: ‘અરે, બદમાશો!’

બધાએ એ બાજુ જોયું. ટેકરી ઉપરના વાડાઓ વગેરેમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા. વચ્ચે એક માણસ ફરતો દેખાયો પણ તે નૅબ હતો. બધાએ એકીસાથે બૂમ પાડી. નૅબ તે બૂમ સાંભળીને તે બાજુ દોડતો આવ્યો. પેલા ચાંચિયાઓ અરધા કલાક પહેલાં જ એ જગ્યા છોડીને ચાલ્યા ગયા હતા. તેમણે ટેકરી ઉપરની બધી માલમિલકત ખેદાનમેદાન કરી નાખી હતી!

‘હર્બર્ટને ક્યાં મૂક્યો?’ નૅબે પહેલો સવાલ કર્યો.

‘કેમ? સાથે લાવ્યા છીએ; આ ગાડામાં જ છે.’

‘પણ ગાડામાં જોયું તો હર્બર્ટ બેભાન થઈ ગયો હતો!

# ૮ : દૈવી દવા

હર્બર્ટને બેભાન અવસ્થામાં જોતાવેંત જ બધા ગભરાઈ ગયા. ચાંચિયાઓએ કરેલા સર્વનાશની બાબત ભૂલી ગયા. હર્બર્ટને ગ્રેનાઈટ મહેલમાં પહોંચાડવા માટે બધા તૈયારી કરવા લાગ્યા. તરત જ એક ઝોળી તૈયારી કરી, અને તેમાં હર્બર્ટને જાળવીને સુવાડીને નૅબ સિવાય બધા ગ્રેનાઈટ મહેલની સીડી પાસે આવી પહોંચ્યા. નૅબ ત્યાં આગળ ગાડું તથા પેલાં રોઝ હતાં તેની વ્યવસ્થામાં રોકાયો. લિફ્ટ ચાલુ કરવામાં આવી અને થોડી વારે હર્બર્ટ ગ્રેનાઈટ મહેલના વિશાળ ઓરડામાં પોતાની પથારીમાં પડ્યો.

થોડી વારે હર્બર્ટે આંખ સહેજ ઉઘાડી; આસપાસ નજર ફેરવી. પોતાનો પરિચિત ઓરડો જોઈને તેના મુખ ઉપર જરા આનંદ જણાયો. તે કાંઈક બબડ્યો, ને પાછો આંખ મીંચી ગયો. સ્પિલેટે તેનો ઘા ફરી વાર તપાસ્યો. તેને બીક હતી કે કદાચ ઘા ફરી વાર ખૂલ્યો હોય, પણ એવું કાંઈ નહોતું. ફક્ત તેને તાવ ચડતો જતો હોય એમ લાગતું હતું.

દરમિયાન હાર્ડિંગે નૅબને પશુશાળામાં બનેલી બધી વાત કહી. નૅબે પણ પોતાની વાત કરી. એમ બન્યું હતું કે નૅબે આગલી રાત્રે જ પેલી સરોવરમાંથી વહેતી નદીને કાંઠે ઝાડીમાં માણસોને ફરતા જોયા હતા. નૅબ રાત્રે તે બાજુ ચોકી તો કરતો જ હતો. નદી ઓળંગવા માટે એક માણસ પ્રયત્ન કરતો દેખાયો; તેણે તરત જ બંદૂક છોડી. ઘા બરાબર લાગ્યો કે નહિ તે અંધારામાં જણાયું નહિ, પણ પેલા માણસોને બિવરાવવા માટે એ પૂરતું હતું. પણ આમ ક્યાં સુધી ગોળીઓ છોડ્યા કરે? નૅબને પોતાને તો કાંઈ વાંધો ન હતો; એ તો ગ્રેનાઈટ મહેલમાં જઈને બેસે એટલે તેને કોઈ કંઈ કરી શકે તેમ નહોતું; પણ આ વાડી, મરઘાંઓનો વાડો, ઘંટી, ખેતર વગેરેની પાયમાલી આ લોકો કરી નાખશે એવી તેને બીક હતી. પોતે એકલો હતો. પશુશાળામાં હર્બર્ટ ઘાયલ થઈને પડ્યો હતો. આજે અઢાર દિવસ થયા, એ લોકો અહીં આવી શક્યા નહોતા. આ બાજુ ચાંચિયા આવ્યા છે એવા ખબર તો હાર્ડિંગને પહોંચાડવા જ જોઈએ. નૅબે જપ વાંદરાનો ઉપયોગ કરવાનો વિચાર કર્યો ને તેને એક ચિઠ્ઠી આપીને તેણે હાર્ડિંગ પાસે મોકલ્યો. જપ પશુશાળાએ ઘણી વાર જઈ આવ્યો હતો, અને નામથી પરિચિત હતો. પશુશાળાએ નૅબે જવાનું કહ્યું એટલે તે સમજી ગયો ને થોડી વારમાં કૂદતો કૂદતો તે પશુશાળાએ પહોંચી પણ ગયો.

'નૅબ! તેં એક રીતે ઠીક કર્યું, પણ અમને ખબર ન આપ્યા હોત તો એક રીતે સારું હતું.' એમ કહીને હાર્ડિંગે પથારીમાં સૂતેલા હર્બર્ટ સામે જોયું.

હર્બર્ટને આટલી ઉતાવળથી ફેરવવામાં ભૂલ કરી હતી એમ હાર્ડિંગને લાગ્યું હતું. તાવ વધતો જતો હતો. સરોવરને કાંઠે તૈયાર કરેલી જે સમૃદ્ધિ પેલા ચાંચિયાઓએ બાળી નાખી હતી તે બધું ફરી વાર ઊભું કરી શકાય તેમ હતું, પણ હર્બર્ટ એક વાર ગયા પછી પાછો આવે તેમ નહોતું! હર્બર્ટ પાંચેય જણાનો લાડીલો હતો; ખલાસી તો હજુ તેને બાળક જ સમજતો હતો; હર્બર્ટે બધાનાં મન સરખી રીતે હરી લીધાં હતાં, તેમ જ બધાનો પ્રેમ તેના ઉપર ઢળેલો હતો. હર્બર્ટને હવે ઘડીભર પણ એકલો રહેવા દેવામાં જોખમ હતું. તેનો ઘા જોકે રુઝાવાની અણી પર હતો; પણ હવે તો તાવે જોર પકડ્યુંહતું. ધીમે ધીમે તાવનું પ્રમાણ વધતું ચાલ્યું, અને દિવસના આખા ભાગમાં તાવ જરા પણ ઊતરતો ન હતો. જેટલી વનસ્પતિઓ સ્પિલેટ જાણતો હતો તે બધી તેણે એક પછી એક અજમાવી જોઈ. વિલ્લો નામના એક ઝાડની છાલ આવા તાવ ઉપર અકસીર ગણાય છે; તે છાલ ઉકાળીને તેનો રસ હર્બર્ટને પાવા માંડ્યો. થોડાક દિવસ તેનાથી ઠીક થયું, પણ વળી તાવે ઊથલો માર્યો.

બીજી વારના તાવમાં એક નવું ચિહ્ન જણાયું, ને તે સનેપાતનું. સનેપાત એ બહુ ભયંકર ચિહ્ન છે. હર્બર્ટ પથારીમાં બૂમો પાડવા લાગ્યો. ઘડીક પેલા ખલાસીની સાથે લડતો, ઘડીક તે આયર્ટનને બૂમો પાડતો, તો ઘડીક પેલા ખલાસીની સાથે વાત કરતો જણાતો.

સ્પિલેટ ગભરાયો. તેણે હાર્ડિંગને બાજુ ઉપર લઈ જઈને કહ્યું: ‘હવે તો હર્બર્ટને બચાવવાનું કામ ઈશ્વરના હાથમાં છે; મારાથી કાંઈ થઈ શકે તેમ નથી. આ જીવલેણ તાવ છે. સલ્ફેટ ઑફ ક્વિનાઈન એ એક જ દવા એવી છે કે જે આમાં ખપ આવે. પણ એ દવા અહીં ક્યાંથી કાઢવી? આ તાવના સાધારણ રીતે ત્રણ ઊથલા આવે છે; બે ઊથલા આવ્યા પછી ત્રીજો ઊથલો એ તેનો છેલ્લો ઊથલો બનશે.’

‘પણ આવો જીવલેણ તાવ કાંઈ એમ ને એમ તો ન આવવો જોઈએ; તેના જંતુઓ શરીરમાં હોય તો જ એવો તાવ આવે.’

‘હા, એ જંતુઓ આ બેટમાં દક્ષિણ બાજુના કિનારા ઉપર ખૂબ છે. આપણે એક વખત થોડા દિવસો પહેલાં ત્યાં ફરવા ગયા હતા તે વખતે કદાચ આ જંતુઓએ હર્બર્ટના શરીરમાં પ્રવેશ કર્યો હશે.’

બીજે દિવસે એટલે કે ૭મી ડિસેમ્બરે તાવનો બીજો ઊથલો આવ્યો. ખલાસીને હજુ આ તાવની ભયંકરતાનો ખ્યાલ આવેલો નહિ. સ્પિલેટ તથા હાર્ડિંગ તો ‘હર્બર્ટને ઠીક છે’ એમ જ કહ્યા કરતા હતા, નહિ તો ખલાસી કદાચ ગાંડો બની જાય એવો સંભવ હતો.

આ ઊથલો જોયો જાય તેમ નહોતું. કિશોર વયનો હર્બર્ટ આ ઉંમરમાં મોત સાથે સખત ટક્કર ઝીલી રહ્યો હતો. ખલાસીને તો અગાઉથી જ બીજા કામે મોકલી દીધો હતો. હર્બર્ટ પથારીમાં માછલીની જેમ

તરફડિયાં મારી રહ્યો હતો. પાંચ કલાક સુધી આ ઊથલો રહ્યો; પાછો શાંત પડ્યો; પણ તેનો સનેપાત તો ચાલુ જ હતો. આખી રાત આ સનેપાતમાં હર્બર્ટે કાઢી. વચ્ચે તે સાવ શાંત થઈ જતો. વચ્ચે વચ્ચે સ્પિલેટને એમ થઈ જતું કે હર્બર્ટનો જીવ ચાલ્યો ગયો છે!

૮મી ડિસેમ્બરની સવાર થઈ; આ તેનો છેલ્લો દિવસ હતો. આજે જો તેના સનેપાતે ત્રીજો ઊથલો લીધો હોત તો આ રાત હર્બર્ટ નહિ કાઢે એ દીવા જેવો ચોખ્ખી વાત સ્પિલેટને લાગી. સ્પિલેટે હાર્ડિંગને કહ્યું: ‘આજે જો આ તાવને રોકે એવી દવા ન મળી તો પછી થઈ રહ્યું.’

હાર્ડિંગ પથ્થર જેવા હૃદયનો થઈને હર્બર્ટ પાસે બેઠો. આખો દિવસ હર્બર્ટે તરફડિયાં માર્યાં. તેનું આખું શરીર ધોળી પૂણી જેવું થઈ ગયું હતું. મોઢા પર મૃત્યુની છાયા પથરાઈ ગઈ હતી. તે જોરજોરથી મૂઠીઓમાં પથારીની ચાદર પકડી રાખતો હતો. કોઈનો હાથ તેના હાથમાં આપ્યો તો તે પણ જોરથી પકડી રાખતો હતો. મોઢામાંથી ભાંગ્યાતૂટ્યા શબ્દો નીકળ્યા જ કરતા હતા. તેનો જીવનદીપ ઝાંખો થતો જતો હતો.

રાત પડી તેની સાથે જ હાર્ડિંગ અને સ્પિલેટના પેટમાં ફાળ પડી. ભયંકર રાત! હર્બર્ટનો સનેપાત વધતો ગયો. વચ્ચે જાગતો ત્યારે તે મડદાની જેમ પડી રહેતો. રાતના જાગવાના વારા રાખ્યા હતા. બાર વાગ્યા સુધી બધા જાગ્યા હતા; પણ પછી કોઈને ઊંઘ આવે તેમ ન હતું. છતાં નૅબને હર્બર્ટની પથારી પાસે બેસાડી બધા પડખેના ઓરડામાં આડે પડખે થયા હતા. રાતના ત્રણેક વાગ્યા. એકાએક હર્બર્ટે કાળી ચીસ નાખી; તેની સાથે ટૉપ પણ જોરથી ભસ્યો. નૅબ ગભરાયો ને દોડતો દોડતો જે ઓરડામાં બધા સૂવા ગયા હતા ત્યાં પહોંચ્યો. બધા હર્બર્ટવાળા ઓરડામાં દોડી આવ્યા. હર્બર્ટ પથારીમાં જોરથી ઊછળવા લાગ્યો હતો; તેને માંડ માંડ પકડી રાખ્યો; હર્બર્ટની નાડી જાણે તૂટતી હોય એમ ચાલતી હતી.

આમ ને આમ પાંચ વાગી ગયા. બારીમાંથી ઉષાનો પ્રકાશ અને ધીમો ધીમો પવન વાવા લાગ્યો. પ્રકાશનું એક નાનું કિરણ હર્બર્ટની પથારી પાસેના ટેબલ પર પડ્યું. ખલાસીની નજર તે જ વખતે ટેબલ પર પડી ને તે બૂમ પાડી ઊઠ્યો: ‘આ શું?’

ટેબલ પર એક નાની ડબ્બી પડી હતી. સ્પિલેટે તે હાથમાં લીધી. તેના પર ‘સલ્ફેટ ઑફ ક્વિનાઈન’ એમ લખ્યું હતું!

# ૯ : શત્રુ અને મિત્રની શોધમાં

સ્પિલેટે તે ડબ્બી ઉઘાડી. અંદર ખરેખર ‘સલ્ફેટ ઑફ ક્વિનાઈન’ની ધોળી ભૂકી હતી. વધારે ખાતરી કરવા તેણે તે ચાખી જોઈ; તમરાં બોલાવી દે એવી કડવાશથી સ્પિલેટને તેની ખાતરી થઈ ગઈ. અત્યારે તે ક્યાંથી આવી તેનો વિચાર કરવાનો અવસર જ ન હતો. તરત તેણે નૅબને કહ્યું: ‘કૉફી બનાવ.’ નૅબ રસોડામાં દોડ્યો ને થોડી જ વારમાં ગરમ ગરમ કૉફી પ્યાલામાં લઈ હાજર થયો. કૉફીમાં અઢાર ગ્રેઈન ક્વિનાઈન નાખીને મહામહેનતે હર્બર્ટને તે પાઈ દીધું.

હાર્ડિંગ તથા સ્પિલેટના મનમાં આ અણધારી મદદથી આશા ઉત્પન્ન થઈ; હર્બર્ટ હવે જીવવો જ જોઈએ; કારણ કે જો તે જીવી ન શકે એવી સ્થિતિમાં હોત તો આ મદદ આવી જ ન પહોંચત.

થોડા કલાક પછી હર્બર્ટ શાંત થયો.

ખલાસી તો સ્પિલેટને ભેટી પડ્યો. ‘તમે ખરેખરા ડૉક્ટર છો. હવેથી હું તમને તો ડૉક્ટર સ્પિલેટ જ કહેવાનો.’ અને ખરો ડૉક્ટર કોણ છે તે જ્યાં સુધી હાથ ન આવે ત્યાં સુધી સ્પિલેટને ડૉક્ટર થવામાં વાંધો ન હતો.

દસ દિવસ પછી હર્બર્ટનાં વળતાં પાણી થયાં. બધાના જીવ ઊડી ગયા હતા તે પાછા આવ્યા. હવે તેમને આ દવા ક્યાંથી આવી તેનો વિચાર કરવાનો વખત મળ્યો. ખલાસી તો જો તે મદદ કરનાર માણસ મળે તો તેને જે માગે તે આપી દેવા તૈયાર હતો.

ડિસેમ્બર પૂરો થયો. તે સાથે ૧૮૬૭નું વરસ પણ પૂરું થયું. ગરમી બરાબર પડવા લાગી, પણ પૂર્વના દરિયાનો ઠંડો પવન ગ્રેનાઈટ મહેલમાં ગરમીને પેસવા દે તેમ ન હતું. હર્બર્ટની તબિયતમાં અજબ સુધારો થવા લાગ્યો; નવું લોહી તેની નસોમાં ફરતું દેખાવા લાગ્યું. તેને માટે રાંધવામાં નૅબ માતા જેટલી કાળજી રાખતો. હર્બર્ટની ભૂખ ઊઘડતી હતી; પણ તેને વધારે ખાવાનું ન અપાય છતાં સંતોષ થાય એ રીતે નવી નવી જાતની વાનગીઓ બનાવીને ખવરાવવામાં તે કુશળ થઈ ગયો હતો. હર્બર્ટની રોજની તબિયત અને તેનું શરીર સ્પિલેટ બરાબર તપાસતો હતો.

‘આટલી કાળજી જો મારી લેવાય તો મને કાલે જ તાવ આવે તો સારું!’ ખલાસી બોલ્યો.

સદ્ભાગ્યે આ વખત દરમિયાન પેલા ચાંચિયાઓ એ બાજુ દેખાયા જ ન હતા. આયર્ટનના હજુ સુધી કશા ખબર ન હતા. આયર્ટન એમ સહેલાઈથી મરે એવો નહોતો; પણ આટલા દિવસ સુધી તેના કાંઈ ખબર ન મળ્યા તેથી તે જીવતો હશે કે નહિ તે વિષેની શંકા વધવા લાગી.

જાન્યુઆરી મહિનામાં ખલાસી, નૅબ તથા સ્પિલેટ પાછા કામે લાગી ગયા. મરઘાંઓનો વાડો, ખેતર, બગીચો, બધું તેમણે ફરી વાર વસાવ્યું. વાડા માટેની દીવાલ વગેરે ચણવાનું કામ હાર્ડિંગે હમણાં મોકૂફ રાખ્યું; કારણ કે જ્યાં સુધી પેલા દુશ્મનો જીવતા છે ત્યાં સુધી એવું ચણતરકામ કરવાની મહેતન નકામી નીવડે.

હર્બર્ટ હવે હરતોફરતો થઈ ગયો હતો. નીચેના દરિયાકિનારા પર તે રોજ ફરવા જતો; કોઈ કોઈ વાર તે ખલાસીની સાથે દરિયામાં નહાતો પણ ખરો. હાર્ડિંગે ૧૫મી ફેબ્રુઆરીને દિવસે અહીંથી શોધ માટે નીકળવું એમ નક્કી કર્યું હતું. ઋતુ પણ ઘણી રીતે અનુકૂળ હતી.

તડામાર તૈયારીઓ થવા લાગી. હાર્ડિંગે નક્કી કર્યું હતું કે જ્યાં સુધી પેલા ચાંચિયાઓ મરે નહિ તથા પેલા ભેદી માણસનો પત્તો લાગે નહિ ત્યાં સુધી પાછા ગ્રેનાઈટ મહેલમાં આવવું નથી. આમ તો તેઓ બેટનો બધો ભાગ ખૂંદી વળ્યા હતા; કિનારાનો તો કોઈ પણ ભાગ બાકી નહોતો, પણ દક્ષિણ બાજુ દ્વીપકલ્પનું ગાઢ જંગલ આખું ભેદવું બાકી હતું. એ જંગલમાંથી પસાર થઈને પશ્ચિમ કિનારેથી પેલી ધોધવાળી નદીમાં થઈને પાછા પશુશાળાએ આવવું એ હાર્ડિંગની યોજના હતી. સાથે સાથે ફ્રાંકલીન પર્વતની પાછળનો ભાગ તપાસી લેવાનો બાકી હતો તે પણ જોઈ વાળવાનું ઠરાવ્યું હતું. ગાડું તથા રોઝ તૈયાર હતાં, ખાવાપીવાનો સામાન, દારૂગોળો; ઓઢવા-પાથરવાનાં સાધનો વગેરે બધું ગાડામાં ભરી દીધું. ઉપર હર્બર્ટ સૂઈ શકે એવી રીતની ગોઠવણ કરી હતી. ગ્રેનાઈટ મહેલમાં આ વખતે કોઈને રહેવાની જરૂર નથી એમ હાર્ડિંગે કહ્યું હતું. ટૉપ અને જપને સુધ્ધાં આ વખતે સાથે લેવાના હતા; કારણ, જુદા પડવામાં હવે કદાચ કાયમને માટે જુદા પડી જવાનો સંભવ હતો. એક આયર્ટનને ગુમાવ્યા પછી એક જણ પણ વધારે ઓછો થાય તે અસહ્ય હતું.

૧૪મી ફેબ્રુઆરીને રવિવાર હતો. બધાએ તે દિવસ આરામમાં અને પ્રાર્થનામાં ગાળ્યો. નૅબે આજે હોંશથી ભોજન બનાવ્યું હતું. હર્બર્ટને પણ આજને માટે સ્પિલેટે દરેક વસ્તુ ખાવાની છૂટ આપી હતી.

૧૫મીની સવારે ટુકડી ઊપડી. નૅબ ધૂંસરી ઉપર બેઠો. ખલાસીએ બધા બહાર નીકળી ગયા પછી પેલી નિસરણી ખેંચી લીધી અને તેને કોતરો પાસે ઊંડા ખાડામાં દાટી દીધી. થોડી વારમાં તેઓ મર્સી નદી વટાવીને તેને જમણે કાંઠે આવી પહોંચ્યા. બલૂન-બંદરની સડકને ડાબી બાજુએ છોડીને તેઓ ગાઢ જંગલમાં પેઠા. જંગલમાંથી ગાડા માટે રસ્તો કરવો એ સહેલી વાત નહોતી. એક-બે માઈલ સુધી તો બહુ મુશ્કેલી ન આવી, પણ પછી તો ઘડીએ ઘડીએ તેમને આડાં આવતાં નાનાં નાનાં ઝાડો કાપવા માટે અટકવું પડ્યું. જ્યાં ખૂબ મોટાં ઝાડો આડાં આવે ત્યાં રસ્તો ફેરમાં લેવો પડતો. વળી દુશ્મનોથી તો ચેતતા રહેવાનું કેમ ભુલાય? ઉનાળો હતો પણ દેવદાર, ડગલાસ, ફર વગેરે ઝાડો આ ગાઢ જંગલમાં તડકાને પેસવા દે એમ નહોતું.

પોપટ, કાકાકૌવા વગેરે પક્ષીઓ તથા કાંગારું, કેપીબેરા વગેરે નાનાં નાનાં પ્રાણીઓ આમથી તેમ દોડાદોડી કરતાં નજરે પડતાં હતાં. તેઓ માણસને જોઈ ડરતાં હતાં એ ઉપરથી હાર્ડિંગે એમ અનુમાન કર્યું કે આ બાજુ પેલા ચાંચિયાઓ આવી ગયા હોવા જોઈએ. વળી ઠેકઠેકાણે ઝાડનાં પડેલાં ડાળખાં, ક્યાંક ક્યાંક રાખના ઢગલા, ક્યાંક ક્યાંક કચરાવાળી જમીનમાં પડેલાં માણસનાં પગલાં, વગેરે ઉપરથી આ વાત વધારે સિદ્ધ થતી હતી. કૅપ્ટને તેના સાથીઓને શિકાર કરવાની સખત મનાઈ કરી દીધી હતી, કારણ કે કદાચ આસપાસના ચાંચિયાઓ ત્રણચાર માઈલમાં હોય તો બંદૂકના અવાજ સંભળાયા વગર ન રહે. સાંજ પડવા આવી ત્યારે તેઓએ માંડ છ કે સાત માઈલ જ આ જંગલમાં કાપ્યા હતા. જપ અને ટૉપ આગળ જઈને કંઈ ભય જેવું હોય તો તરત જ નિશાની આપે એવા હતા એટલે તેમને બહુ મુશ્કેલી ન હતી. અંધારું થવા આવ્યું. ગ્રેનાઈટ મહેલથી લગભગ દસ માઈલ દૂર તેઓ આવ્યા હતા. અહીં તેમણે પડાવ નાખ્યો. સાથે સાધનો તો જોઈએ તેટલાં હતાં. અહીં ગરમાગરમ ખાણું નૅબે પકાવ્યું. બધાએ આજે નૅબનું ખાણું ખુટાડી દીધું એટલી સખત ભૂખ તેમને લાગી હતી. નૅબે ખાણું ખૂટવાથી વધારે ઉત્સાહમાં આવીને બીજી વાર પકાવ્યું. નૅબને એકલા ખાવું નહિ ભાવે એમ કહીને ખલાસી તાજો ખાઈને ઊઠ્યા છતાં ફરી વાર નૅબની સાથે ખાવા બેઠો, ને ફરી વાર નૅબની જેટલું જ ઉડાવી ગયો!

રાત્રે તાપણું કરવામાં જોખમ હતું. જંગલી પ્રાણીઓથી બચવા માટે જોકે તે જરૂરનું તો હતું; પરંતુ પેલા ચાંચિયાઓને તો તે જાહેરાત કરનારું જ થઈ પડે - એટલે તાપણું સળગાવવાનું બંધ રહ્યું. હાર્ડિંગે ચોકી ગોઠવી દીધી હતી; બે બે જણાના બે બે કલાકના વારા હતા; હર્બર્ટને ચોકીમાંથી મુક્ત રાખવામાં આવ્યો હતો.

રાત કાંઈ પણ અકસ્માત વગર પસાર થઈ ગઈ. રાત્રે કોઈ કોઈ વાર જેગુઆર ને વાંદરાઓના અવાજ સંભળાતા હતા; બાકી ગાઢ શાંતિ આખા જંગલમાં પથરાયેલી હતી.

સવારમાં મુસાફરી પાછી શરૂ થઈ. હવેની મુસાફરી કંટાળા ભરેલી હતી. ધીમે ધીમે ચાલવાનું, ઝાડો કાપતાં જવાનાં, રસ્તો ફેરમાં લેવાનો, અને એમ ને એમ ચાલ્યા જ કરવાનું. વચ્ચે વચ્ચે હર્બર્ટને માટે રસ પડે એવું ઘણું આવતું. જાતજાતની વનસ્પતિઓ તથા પક્ષીઓ જોઈ જોઈને હર્બર્ટ રાજી રાજી થઈ ગયો. એક પાંચ ફૂટ ઊંચું પક્ષી તેણે આ બેટમાં પહેલી જ વાર જોયું.

ક્યાંક ક્યાંક પેલા રખડતા ચાંચિયાઓનાં પગલાં પણ દેખાતાં હતાં. આ પગલાં જોઈને ખલાસી ત્યાં ને ત્યાં ક્રોધમાં આવી જતો, ને તે પગલાં સામે જોઈને ગાળો દેવા લાગતો! તેણે હાર્ડિંગને કહ્યું: ‘એક વાત તમને અત્યાર સુધી મેં નહોતી જણાવી તે કહું. આ મારી બંદૂકમાં જે ગોળી

ભરેલી છે તે ગોળી ક્યાંની છે તે ખબર છે? આયર્ટનની ઓરડી પાસેથી આ ગોળી મને મળી આવી હતી. આ જ ગોળી હર્બર્ટની છાતી સોંસરી નીકળી ગઈ હતી. જ્યારે આ જ ગોળી આ આપણા મિત્રોમાંથી એકની છાતી વીંધશે, ત્યારે જ મને ટાઢક વળશે!'

તે દિવસે સાંજે ગ્રેનાઈટ મહેલથી લગભગ પંદર માઈલ દૂર તેમણે પડાવ નાખ્યો. હવે બેટના દક્ષિણ તરફની પૂંછડીનો છેડો લગભગ ચારપાંચ માઈલ દૂર રહ્યો હતો.

બીજે દિવસે સવારે તેઓ તે બેટના ઠેઠ દક્ષિણના છેડા ઉપર આવી પહોંચ્યા. બેટનો બાકી રહેલો બધો ભાગ વીંધી વળ્યા પણ તેમણે કરવા ધારેલી બે શોધોમાંની એક પણ તેઓ કરી ન શક્યા!

# ૧૦ : રાત્રે ચાંદનીમાં

બીજે દિવસે ૧૮મી ફેબ્રુઆરીના રોજ તેઓ દક્ષિણની પૂંછડીના છેડાથી તે પશ્ચિમની પેલી ધોધવાળી નદી સુધીનો ભાગ આખો ફરી વળ્યા. જોકે દક્ષિણ ભાગના દ્વીપકલ્પની પહોળાઈ વધારેમાં વધારે ચાર-પાંચ માઈલની હતી; પણ એક તો જંગલ ગાઢ હતું અને તેમાં વળી બારીકાઈથી તપાસ કરવાની, એટલે પેલી ધોધવાળી નદી પાસે આવતાં સાંજ પડી ગઈ. નદીના મુખ આગળ તેમણે પડાવ નાખ્યો. અહીં આગળ રસ્તામાં તેમને મનુષ્યની કાંઈ નિશાની મળી નહિ એ ઉપરથી એમ જણાયું કે આ બાજુ પેલા ચાંચિયા લોકો આવ્યા જ નથી. કદાચ દક્ષિણના જંગલમાંથી સીધા તેઓ જંગલ વીંધીને પશુશાળા અથવા ફ્રાંકલીન પર્વતની ખીણોના જંગલમાં ચાલ્યા ગયા હશે. એટલે હવે ફરી પશુશાળા તથા ફ્રાંકલીન પર્વતની નજીકમાં તપાસ કરવી જરૂરી હતી. રાત તેમણે તે નદીના મુખ આગળ જ ગાળી. આગલી રાત પ્રમાણે જ આ રાત્રે પણ તેમણે ચોકીના વારા રાખ્યા હતા.

બીજે દિવસે સવારે પાછા ત્યાંથી તેઓ ઊપડ્યા. અહીંથી નદીને કાંઠે કાંઠે થઈને પછી પશુશાળાની નજીકમાં પહોંચી જવું અને ત્યાંથી પશુશાળામાં છૂપી રીતે તપાસ કરવી કે પેલા ચાંચિયાઓ ત્યાં છે કે નહિ. જો હોય તો તેમના પર એકાએક તૂટી પડવું, અને જો ન હોય તો પશુશાળાનો કબજો લઈને ફ્રાંકલીન પર્વતની તળેટીમાં પાછી તપાસ ચાલુ રાખવી, એવી હાર્ડિંગની યોજના હતી. ખલાસી તો પશુશાળાએ પહોંચવા ખૂબ આતુર હતો. હર્બર્ટ હવે ઘડીકેય ગાડામાં બેસતો નહોતો. તેનામાં તેનો જૂનો જુસ્સો આવી ગયો હતો. આખી ટુકડીને મોખરે તે ચાલતો હતો. રસ્તો ખૂબ પથ્થરવાળો અને ખાડાટેકરાવાળો હતો. એટલે ગાડું બહુ મુશ્કેલીથી ચાલી શકતું હતું. સાંજના લગભગ છ વાગે ગાડું પશુશાળાથી છસો ફૂટના અંતર ઉપર આવીને અટક્યું.

ખલાસી તો પશુશાળામાં તપાસ કરવા જવા તરત ચાલવા માંડ્યો, પણ હાર્ડિંગે તેને અટકાવ્યો ને કહ્યું: ‘આપણે અંધારું થતાં સુધી વાટ જોવાની છે. હમણાં તમારામાંથી કોઈને હું નીકળવા નહિ દઉં.’

‘કૅપ્ટન સાહેબ...!’

ખલાસી આગળ બોલવા જતો હતો, ત્યાં હાર્ડિંગે તેને કહ્યું: ‘બસ, કોઈએ અત્યારે નથી જવું.’

હાર્ડિંગનો હુકમ થયા પછી ખલાસીથી શું બોલાય એમ હતું? ફક્ત મનમાં પેલા ચાંચિયાઓને પોતાની ખલાસીની ભાષામાં થોડીક ગાળો દઈ નાખી.

અંધારું થવા લાગ્યું. જંગલ ઉપર જાણે કાળી પછેડી પથરાવા માંડી. ફ્રાંકલીન પર્વત ઝાંખો થવા લાગ્યો. જંગલમાં નીરવ શાંતિ ફેલાવા લાગી. પશુશાળામાં જવા માટેનો આ યોગ્ય વખત હતો.

સ્પિલેટ અને ખલાસી તૈયાર થઈ ગયા. હાર્ડિંગે તેમને જતાં પહેલાં કહ્યું: ‘જુઓ, જરાયે ઉશ્કેરાઈ ન જતા. ત્યાંની હકીકત જોઈને તમારે મને કહેવા માટે આવવું. તમારા ઉપર હુમલો ન થાય ત્યાં સુધી તમારે હુમલો ન કરવો.’

સ્પિલેટ અને ખલાસી ગયા. તેઓ પશુશાળાના મોટા ફાટકે પહોંચ્યા. ખલાસીએ ફાટકને જરા ધક્કો માર્યો પણ ફાટક અંદરથી બંધ હતું. ખલાસીને ખાતરી થઈ કે પશુશાળામાં દુશ્મન જરૂર હોવા જોઈએ. સ્પિલેટ તથા ખલાસીએ ફાટક ઉપર બરાબર કાન માંડ્યા. અંદરથી કાંઈ સંભળાયું નહિ. ઘેટાં-બકરાં શાંતિથી પોતાની જગ્યાએ સૂતાં હતાં; ઝરણું પણ શાંત રીતે વહ્યું જતું હતું. સ્પિલેટે ખલાસીને પાછા ફરી હાર્ડિંગ પાસે જવાનો ઇશારો કર્યો. ખલાસીને પાછા જવાનું મન નહોતું; ફાટક કૂદીને પેલાઓ ઉપર તૂટી પડવા તે આતુર હતો – અને સ્પિલેટે જો તેને ખૂબ આગ્રહ કરીને રોક્યો ન હોત તો તે કૂદી પણ પડત.

થોડી મિનિટોમાં બંને જણા હાર્ડિંગ પાસે પહોંચ્યા. સ્પિલેટે બધી હકીકત વિગતથી કહી.

‘ચાલો, બધા તૈયાર! પશુશાળા તરફ.’ હાર્ડિંગે ધીમેથી પણ બધા સાંભળે તેમ હુકમ કર્યો.

‘ગાડાનું શું કરીશું?’ નૅબે પૂછ્યું.

‘ગાડું પણ સાથે જ. એ એકલું ગાડું જ નથી; પણ આપણાં લડાઈનાં સાધનોનો ભંડાર છે.’ હાર્ડિંગે કહ્યું.

થોડી વારમાં બધા પશુશાળાના ફાટક પાસે આવી પહોંચ્યા. નૅબને ગાડું સાચવવા રાખી બધા ફાટક પાસે ગયા; પણ ત્યાં જઈને જોયું તો ફાટક સાવ ખુલ્લું હતું.

‘આમ કેમ? તમે બરાબર તપાસ નહોતી કરી કે શું?’ હાર્ડિંગે પૂછ્યું.

બંને ઘડીભર તો ગભરાઈ ગયા. ખલાસી બોલ્યો: ‘હું તમે કહો તેના સોગન ખાઈને કહું છું કે આ ફાટક અમે આવ્યા ત્યારે અંદરથી બંધ હતું.’

સ્પિલેટે પણ હા પાડી.

હવે મામલો ગંભીર બની ગયો. પેલા ચાંચિયાઓ અંદરથી બહાર ગયા હોય તો જ આમ બને! અનેક તર્કવિતર્ક ચાલવા લાગ્યા. દરમિયાન હર્બર્ટ જરાક અંદર ગયો. એકાએક તે દોડતો બહાર આવ્યો ને હાર્ડિંગનો હાથ પકડ્યો.

‘કેમ શું છે?’ હાર્ડિંગે પૂછ્યું.

‘અંદર બંત્તી બળે છે.’

‘ક્યાં?’

‘આયર્ટનની ઓરડીમાં.’

પાંચેય જણા હવે તો અંદર ઘૂસ્યા. ટૉપ અને જપને ગાડા સાથે રાખ્યા; કારણ કે નહિ તો અંદર કવખતે ગડબડ કરી મૂકે. બધાએ ભરેલી બંદૂકો તૈયાર રાખી હતી. ધીરે ધીરે પગલાં ભરતાં તેઓ આયર્ટનની ઓરડી પાસે આવી પહોંચ્યા. એકીસાથે અંદરના ચાંચિયાઓ ઉપર તૂટી પડવાનું તેમણે નક્કી કર્યું હતું. બધા ઓરડી પાસે આવ્યા. ઓરડી અંદરથી બંધ હતી. હાર્ડિંગ એકલો બારી પાસે લપાતો લપાતો ગયો. એણે અંદર જોયું તો એક મીણબત્તી ઝાંખી ઝાંખી બળતી હતી. આયર્ટનની પથારી પાથરેલી હતી અને તેના પર એક માણસ સૂતેલો હતો.

હાર્ડિંગ પાછો ફર્યો ને બોલ્યો: ‘અંદર આયર્ટન છે.’

ઓરડીને ખલાસીએ જોરથી પાટુ મારીને ખોલી નાખી. બધા અંદર ઘૂસ્યા. આયર્ટન જાગી ગયો: ‘કોણ તમે?’

‘આયર્ટન, આયર્ટન!’ હાર્ડિંગ બોલ્યો.

‘હું ક્યાં છું!’ આયર્ટને પૂછ્યું.

‘તારી ઓરડીમાં.’

‘એકલો જ છું?’

‘ના; અમે છીએ ને?’

‘હા; પણ પેલા હમણાં આવશે. ખબરદાર રહેજો. જુઓ, આવ્યા!’ કહેતો પાછો તે જાણે થાકી ગયો હોય એમ પથારીમાં પડ્યો. જોકે આયર્ટનના આખા શરીર પર સોજા ચડી ગયા હતા ને કોઈ કોઈ જગ્યાએ ચાંદાં પડી ગયાં હતાં, પણ અત્યારે આયર્ટનનો વિચાર કરવાનો વખત ન હતો. ચાંચિયાઓની તપાસ કરવાની જરૂર હતી, તેથી આયર્ટનને હમણાં એમ ને એમ રાખીને બધા ઓરડીની બહાર નીકળ્યા. સ્પિલેટ અને પેનક્રૉફ્ટ ફાટક પાસે આવ્યા. હાર્ડિંગ અને હર્બર્ટ ધીમે ધીમે પશુશાળામાં ફરવા લાગ્યા. એ જ વખતે ચંદ્ર પૂર્વ દિશાના ગર્ભમાંથી આકાશમાં આવ્યો. પશુશાળામાં ઘડી વારમાં તો આછી ધોળી ચાદર પથરાઈ ગઈ! હાર્ડિંગ અને હર્બર્ટ પેલા ઝરણાને કાંઠે ફરતા હતા, તેવામાં ચંદ્રના પ્રકાશમાં તેમને પોતાના પગ પાસે કશુંક દેખાયું! એ પેલા પાંચ ચાંચિયાઓ હતા. લાંબા થઈને એકીસાથે તેઓ પડેલા હતા, પણ તેમના પ્રાણ ચાલ્યા ગયા હતા!

# ૧૧ : મદદગારની શોધમાં

આખી રાત આયર્ટન બેશુદ્ધ અવસ્થામાં રહ્યો. બધા તે ઓરડીમાં જ અનેક વિચારોની ગડમથલમાં જાગતા પડી રહ્યા. આવી અણધારેલી રીતે આ પાંચ જણા અહીં કયા કારણથી મડદાં થઈને પડ્યા હશે? કદાચ આયર્ટન પાસે પણ આનો ખુલાસો નહિ હોય!

બીજે દિવસે સવારે આયર્ટન જાગ્યો. દસ દિવસ પછી જ્યારે આયર્ટને માણસો જોયા ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો. આયર્ટને પોતાની વીતકકથા ટૂંકમાં કહી: '૧૦મી નવેમ્બરે રાત્રે ચાંચિયાઓએ ઓચિંતા ઓરડીમાં આવીને મારા પર હલ્લો કર્યો. તેઓ મને બાંધીને ઠેઠ ફ્રાંકલીન પર્વતની તળેટીમાં એક મોટી ગુફામાં લઈ ગયા. તેઓ મને મારી નાખવાનો જ વિચાર કરતા હતા. ત્યાં એક જણે મને જૂની ઓળખાણને લીધે ઓળખ્યો એટલે મારવાનું માંડી વાળી મને ફોડવાનો પ્રયત્ન કરવા લાગ્યા.'

'જોયું! હું નહોતો કહેતો?' ખલાસીએ વચ્ચે જ કહ્યું.

'મને પોતાની મદદમાં લઈને બધું કબજે કરવાની તેમની યુક્તિ હતી; પણ મેં તેમને જરાય દાદ આપી નહિ. પછી તો મારે માથે મરવા કરતાંયે વધારે સંસ્કાર થાય તેટલા તેઓ કરવા માંડ્યા. જુઓ આ કાપા અને ઉઝરડા! ૧૧મી નવેમ્બરે બે ચાંચિયાઓ પશુશાળાએ ગયા હતા; પણ તેમાંથી એક જણ પાછો આવ્યો હતો. પણ જ્યારે એક છોકરાને ગોળી મારવાની બડાશ મારવા માંડી ત્યારે મને ફાળ પડી કે નક્કી હર્બર્ટનો પ્રાણ આ લોકોએ લીધો! મારી મૂંઝવણનો પાર ન રહ્યો. શરીર પર પડતું આટલું કષ્ટ સહન કરતો હતો; પણ આ ઘા બહુ કારી લાગ્યો, પણ મારાથી શું થાય? ઊલટું એમનામાંથી એક માણસ મરી ગયો તેથી આ લોકો વધારે ચિડાયા અને બધી દાઝ મારા પર ઉતારવા લાગ્યા. ઠેઠ ફેબ્રુઆરીની આખર તારીખો સુધી મારી આ જ દશા રહી. મારું શરીર સાવ દુર્બળ ને અશક્ત થઈ ગયું. પછી તો હું શુદ્ધિ પણ ખોઈ બેઠો. હું અહીં શી રીતે આવ્યો છું તેની પણ મને ખબર નથી.'

'કશીય ખબર નથી? ત્યારે પેલા પાંચ ચાંચિયાઓને મારીને અહીં ઝરણાને કાંઠે કોણે સુવારી દીધા છે?' હાર્ડિંગે પૂછ્યું.

'પેલા ચાંચિયાઓ મરી ગયા? કોણે, તમે માર્યા?'

'ના, અમને પણ તારા જેટલી જ ખબર છે.'

બધા આયર્ટનને ધીમે ધીમે ચલાવીને ત્યાં લઈ ગયા. સાથેના દીવાના પ્રકાશમાં હવે તેઓને બરાબર જોવાની તક મળી. તેમનાં શરીર પર ક્યાંયે ઘાનું નિશાન ન હતું. તેમનાં શરીર ઠરીને ઠીકરાં જેવાં થઈ ગયાં હતાં. આખું શરીર બરાબર તપાસતાં દરેકના શરીર ઉપર ઝીણી સોયની અણી લાગી

હોય, ને લોહનો ટશિયો આવ્યો હોય એવો એક એક ઘા દેખાયો. કોઈને ખભા ઉપર, કોઈને ગાલ ઉપર, કોઈને હાથ ઉપર, એમ જુદી જુદી જગ્યાએ નિશાનીઓ હતી. આ ઘા કોણે કર્યા હોય? જેની શોધ માટે તેઓ ફરતા હતા, અને જેણે ખરે વખતે તેમને મદદ કરી હતી તેણે જ એ કર્યા હશે, એમ માન્યા સિવાય ચાલે તેમ નહોતું.

હવે તેમને એક જ કામ કરવાનું હતું: ચાંચિયાઓનો નિકાલ આટલી સહેલાઈથી થશે એમ તેમને લાગ્યું નહોતું. હવે બધો વખત તથા શક્તિ પેલા માણસને શોધી કાઢવા પાછળ જ ખર્ચવાનાં હતાં. જોકે હાર્ડિંગને ખાતરી હતી કે જ્યાં સુધી તે માણસની પોતાની ઇચ્છા નહિ હોય ત્યાં સુધી તે જડવાનો નથી.

હાર્ડિંગે કહ્યું: 'મિત્રો! હવે આપણે આપણું છેલ્લું કામ હાથ ધરવું છે. ફ્રાંકલીન પર્વતની આસપાસ મોટી ખીણોની ગુફાઓના પથ્થરેપથ્થર આપણે વીંધી વળીશું. આપણાથી થાય તે કરવામાં આપણે બાકી નહિ રાખીએ. જ્યાં સુધી તે માણસનો પત્તો ન લાગે ત્યાં સુધી ગ્રેનાઈટ મહેલમાં જવાનો વિચાર પણ આપણે ન કરવો. આપણો મુકામ આપણે પશુશાળામાં જ હમણાં રાખવો, જેથી ફ્રાંકલીન પર્વતની તપાસમાં આપણને અનુકૂળતા પડે. અહીં આપણને ખાવાપીવાનો સામાન તો જોઈએ તેટલો મળી રહેશે.

'એ બધું ખરું, પણ આપણું હજી એક કામ બાકી રહી જાય છે.' ખલાસીએ કહ્યું.

'શું?'

'ટેબર બેટ પર જઈને આપણે એક ચિઠ્ઠી મૂકી આવવાની છે. આયર્ટનને લેવા માટે કદાચ પેલું વહાણ આવવાનો વખત થયો હોય તો એ વહાણ આપણી ચિઠ્ઠી વાંચીને આ તરફ આવે.'

'હા, એ વાત સાચી છે.' સ્પિલેટે કહ્યું.

'પણ ટેબર બેટ પર શી રીતે જઈ શકીશું?' આયર્ટને કહ્યું.

'કેમ, મારી બહાદુર તૈયાર છે ને?'

'અરે ભાઈ! એ બહાદુરને તો પેલા ચાંચિયાઓએ ખલાસ કરી નાખી છે.'

'હેં!' ખલાસી એટલું જ બોલી શક્યો.

બધાને આ વાત સાંભળી આઘાત લાગ્યો; પણ ખલાસીને તો પોતાનો એકનો એક દીકરો મરી ગયા જેટલું દુ:ખ થયું. આયર્ટને તેને સાંત્વન આપ્યું: 'હવે આપણે બીજું વહાણ તૈયાર કરીશું. હું પણ હવે તો મદદમાં આવીશ.'

'હા, અને હવે બાંધીશું તે ખૂબ મોટું બાંધીશું. આપણી પાસે હવે તો સાધનો પણ પુષ્કળ છે. કદાચ ટેબર બેટની પણ આગળ જવું પડે તોપણ વાંધો ન આવે.'

૧૯મી ફેબ્રુઆરીએ બધા નીકળી પડ્યા. આઠ દિવસ સુધી તેઓએ ફ્રાંકલીન પર્વતની તળેટીઓમાં તપાસ કરી. રસ્તામાં આયર્ટને પેલી ગુફા પણ બધાને બતાવી. તેમાં પડેલો દારૂગોળો વગેરે સામાન તેમણે એક-બે દિવસ સુધી રાખ્યો. પર્વતની અંદર પણ કુદરતે શું વિચિત્ર વિચિત્ર આકૃતિઓ બનાવી હતી! તેઓ એક પણ ગુફા કે ખાડો જોવાનું ચૂકતા નહોતા. ફરતાં ફરતાં તેઓ એક ઊંડા ખાડામાં પહોંચી ગયા. બહુ જ ભયંકર દેખાતી આ ગુફા હતી. આસપાસ કાળમીંઢ કાળા પથ્થરો ખડકાયેલા હતા. તેને ઠેઠ તળિયે તેઓ બધા પહોંચ્યા. હાર્ડિંગે જમીનની અંદરથી ત્યાં આગળ ધમધમ એવો અવાજ આવતો સાંભળ્યો, અને જાણે ગુફાનું તળિયું ધ્રૂજતું હોય એમ તેને લાગ્યું. હાર્ડિંગે થોડી વાર સુધી એમ ને એમ સાંભળ્યા કર્યું. ખલાસીને થયું કે નીચે પેલા ભેદી માણસનું કાંઈક કારખાનું ચાલે છે. સ્પિલેટે હાર્ડિંગને પૂછ્યું: 'આ જમીનમાં નીચે કાંઈક ફેરફાર થતા હોય એમ જણાય છે?'

'હા, આ પર્વત જ્વાળામુખી છે. જોકે ઘણા વખતથી ઠરી ગયો છે; પણ તે સાવ ઠરી ગયો નથી. પાછો જાગતો હોય એમ લાગે છે.'

'તો તો વળી પાછી બીજી આફત!' હર્બર્ટે કહ્યું.

'ના, હું માનું છું કે એમાં બહુ હરકત નહિ આવે; કારણ કે કદાચ જ્વાળામુખી પર્વત ફાટશે તોપણ લાવારસનો પ્રવાહ ઈશાન બાજુ પડેલી મોટી ખીણમાં થઈને ઉત્તર બાજુના પેલા માછલીના આકારના અખાતમાં થઈને દરિયામાં ઢળી જશે. આપણા ગ્રેનાઈટ મહેલ તરફ લાવારસનો પ્રવાહ આવે એવો સંભવ નથી. વળી બીજી વાત; આપણો પેલો મદદગાર પણ આ બાબતની કાંઈક પેરવી નહિ કરે?'

૨૫મી ફેબ્રુઆરી સુધીમાં તેઓએ ઉત્તર બાજુનો બધો ભાગ વીંધી નાખ્યો. તપાસ કરતાં કરતાં ઠેઠ અગ્નિકોણ સુધી તેઓ આવી પહોંચ્યા છતાં કાંઈ પત્તો ન લાગ્યો. આખરે થાકીને પાછા ગ્રેનાઈટ મહેલમાં તેઓ આવ્યા. કેટલાય વખતથી જેને ઝંખતા હતા તે પોતાનું ઘર પાછું જોઈને બધાના મનમાં આનંદ થયો. વળી હર્બર્ટ તથા આયર્ટન પણ તેમને મૃત્યુલોકમાંથી પાછા આવી મળ્યા હતા.

# ૧૨ : અણધાર્યો સંદેશો

રપમી માર્ચનો સૂર્ય ઊગ્યો.

રીચમંડથી બલૂનમાં ભાગી નીકળ્યાને આજે ત્રણ વર્ષ થઈ ગયાં હતાં. ત્રણ વર્ષ સુધીનો પોતાના વહાલા દેશનો વિયોગ સહન કરવો એ સહેલી વાત નથી; તેમાંય વળી ધરતીને એકાંત છેડે નિર્જન બેટમાં અનેક પ્રકારનાં સંકટોની વચ્ચે તેઓ આટલા દિવસો કાઢી શક્યા એની જ તેમને નવાઈ લાગી. પણ પાંચેય જણા વીર હતા. એમાંય હાર્ડિંગની સરદારી તેમને અજબ જોર આપે તેવી હતી. ખલાસી જેવો ગમ્મતી માણસ, સ્પિલેટ જેવો શિકારી, હર્બર્ટ જેવો ભોળો કુમાર, બધા એકબીજાને પ્રફુલ્લ રાખવામાં મદદ કરતા હતા. આયર્ટન હજુ તેમનામાં જોઈએ તેવો એક થઈને રહ્યો નહોતો - રહેતાં બીતો હતો; પણ ખલાસી તેને પોતાનો મિત્ર બનાવવામાં હવે જરાયે સંકોચ રાખતો ન હતો.

આજે આખો દિવસ દેશની જ વાતો થઈ. કંઈક કંઈક જૂનાં સ્મરણો તાજાં થયાં; કોણ શું કરતું હશે તેની કલ્પનાઓ થઈ. આપણા સંબંધે ત્યાં બધા શો ખ્યાલ કરતા હશે? આપણે ત્યાં જઈશું એટલે લોકોને કેવું આશ્ચર્ય થશે? આવું આવું પુરાણ ઊખળ્યું. આ બધી વાતો ચાલતી હતી તેમાં બધાયના મનમાં પોતાના વતનમાં પહોંચવાની આતુરતા તો સ્પષ્ટ દેખાતી હતી. વાતોને અંતે તેમણે એટલું નક્કી કર્યું કે ‘બહાદુર’નો નાશ થયો છે; માટે એક નવું વહાણ તો બનાવવું જ - અને તે ખૂબ મોટું બનાવવું. ત્રણસો ટનનું વહાણ બનાવતાં ખલાસીની ગણતરી પ્રમાણે સાતથી આઠ મહિના લાગે તેમ હતું. વળી માથે શિયાળો આવતો હતો એટલે તેમાં કામ બરાબર ન થઈ શકે, તેથી તે દિવસો બાદ કરતાં લગભગ નવેંબર માસમાં તેઓ વહાણ તૈયાર કરી શકે. હાર્ડિંગે પોતાની મંજૂરી આપી. પછી શું પૂછવાનું હોય? કુહાડીઓ લઈને બધા નીકળી પડ્યા. દૂરનાં પશ્ચિમનાં જંગલોમાંથી મોટાં મોટાં થડ ગાડામાં નાખીને કોતરો પાસે ભેગાં કરવા લાગ્યા. કામ કરવામાં જપ પણ ઠીક મદદગાર થઈ પડ્યો હતો. તે પણ મોટાં થડો ખભા પર નાખીને ઢસડતો ઢસડતો ગાડા સુધી લઈ આવતો હતો. આયર્ટનના બળની તો અત્યારે જ ખબર પડી. તેની કુહાડી પડે એટલે ઝાડ આખું થરથરી ઊઠે; અરે થોડાક ઘા પડે ત્યાં તો ઝાડ જમીનદોસ્ત થયું જ હોય!

દરમિયાન બીજું પરચૂરણ કામ તો ચાલ્યા જ કરતું હતું. તૂટી ગયેલા તાર પાછા થાંભલા નાખીને ચાલુ કરી દીધા હતા. તેમની પાસે રોઝની સંખ્યા હવે પાંચની થઈ હતી, એટલે સાથોસાથ હળનું કામ પણ ચાલુ જ હતું. પેલા ચાંચિયાઓએ જે જે બાળી નાખ્યું હતું તે બધું પાછું તેમણે મહામહેનતે ઊભું કરી દીધું હતું. પશુશાળામાંથી દૂધ વગેરે લાવવાનું કામ

આયર્ટન રોજના કામ ઉપરાંત નિયમિત કરતો જ હતો. પેલું ચાંચિયાઓનું વહાણ આખું નાશ પામ્યું તેની શોધમાં કદાચ બીજું કોઈ વહાણ આવી પહોંચે તે માટે પણ તેઓ સાવધાન રહેતા હતા.

૧૫મી મેએ તો કોતરો પાસેના વહાણના કારખાનામાં વહાણનું નીચેનું ખોખું તૈયાર થઈનેય પડ્યું! એકસો દસ ફૂટ લાંબું અને લગભગ પચીસ ફૂટ પહોળું તે ખોખું હતું. પણ આ મહિનાની આખરમાં પવન ખૂબ વીફર્યો. ઠંડી અને તોફાન પણ ખૂબ હતું. કદાચ આ તોફાનમાં તૈયાર થયેલું વહાણનું ખોખું ભાંગી પડે એવી બીક હતી; પણ પવન અગ્નિકોણનો હોવાથી બહુ હરકત ન આવી. જૂન માસમાં અસહ્ય ઠંડી પડવા લાગી. પાછું તેમને ગ્રેનાઈટ મહેલમાં ભરાઈ રહેવાનું થયું. ઘડીકેય નવરા ન બેસી શકે એવાને આમ બેસી રહેવું એ જેલ જેવું લાગતું. ગ્રેનાઈટ મહેલમાં બેઠા બેઠા કાંઈક ભાંગતોડ તેઓ કર્યા કરતા હતા. હાર્ડિંગે કપડાં ધોવા માટે સાબુ તૈયાર કર્યો, સોડિયમ ક્લોરાઈડમાંથી સોડા અને ક્લોરાઈડ જુદાં પાડ્યાં. સોડામાંથી કારબોનેટ બનાવવામાં કાંઈ મુશ્કેલી ન હતી. તેમાંથી હાર્ડિંગે ક્લોરાઈડ ઑફ લાઈમ બનાવ્યું. આનાથી શણનાં કપડાં ધોવામાં ખૂબ અનુકૂળતા પડતી. તેઓ વરસમાં ચાર કે પાંચ વાર પહેલાં તો કપડાં ધોતા, પણ હવે તેમને કપડાંની થોડીક છૂટ થઈ હોવાથી તેઓ દર મહિને નવાં ધોયેલાં કપડાં પહેરી શકતા.

આ રીતે જૂન, જુલાઈ અને ઑગસ્ટ માસ પસાર થઈ ગયા. આ મહિનાઓ દરમિયાન પેલા ભેદી મદદગારનું કાંઈ સંભળાયું નહિ. આ બેટ ઉપર હવે તે હશે કે નહિ તેનીયે સૌને શંકા થવા લાગી.

શિયાળો પૂરો થયો. વસંતઋતુની તૈયારીઓ થઈ ગઈ; પણ તેવામાં એક દિવસ ૭મી સપ્ટેમ્બરે હાર્ડિંગે ફ્રાંકલીન પર્વતની ટોચમાંથી ધુમાડા નીકળતા દીઠા!

બધાના પેટમાં ફાળ પડી. જ્વાળામુખી પર્વત પાછો ઊખળ્યો હતો! આમાંથી તે ભયંકર સ્વરૂપ નહિ પકડે તેની શી ખાતરી? જ્વાળામુખી ગાંડો હોય છે; ઘણી વાર તો તે પોતાનું જૂનું મુખ બદલીને નવું મુખ કરે છે, અને તેમાંથી ભયંકર લાવારસ ઓકવા માંડે છે. તે ક્યારે ફાટશે તે ન કહી શકાય. હમણાં તો જાણે અંદર કોઈએ ભઠ્ઠી સળગાવી હોય તેમ બહાર થોડા થોડા ધુમાડા નીકળતા હતા. જો ધરતીકંપ ન થાય, તો ગ્રેનાઈટ મહેલમાં જ્વાળામુખીનો લાવા પહોંચી શકે તેમ હતું જ નહિ; પણ ધરતીકંપ નહિ થાય તેની ખાતરી ક્યાં હતી?

વહાણ બનાવવાનું કામ ખૂબ જોરથી શરૂ થઈ ગયું. રાતદિવસ તેઓ આ કામ ઉપર લાગી ગયા હતા. સપ્ટેમ્બર માસના અંતમાં તો લગભગ આખું માળખું તૈયાર થઈ ગયું. અંદરનું કામ જ હવે બાકી હતું. આમાં તેમને પેલા ચાંચિયાઓની 'ઉતાવળી'નો સામાન ખૂબ ઉપયોગમાં આવી

ગયો. કેટલાક ભાગ તો એમ ને એમ આખા ને આખા નવા વહાણમાં તેમણે જડી દીધા.

૧૫મી ઑક્ટોબરે સાંજના બધા વાતોએ ચડ્યા હતા. પેનક્રૉફ્ટ અમેરિકાથી વહાણોનાં વહાણો ભરીને અહીં માણસો ઉતારવાનાં સ્વપ્નાં ઘડતો હતો; સ્પિલેટ તો આવતી કાલથી જ ‘ન્યુ લિંકન હેરલ્ડ’ નામનું છાપું કાઢવાનો હતો. હાર્ડિંગને બધાએ આ નવી વસાહતના પ્રમુખ તરીકે ક્યારનોયે ચૂંટી લીધો હતો. વાતોમાં ને વાતોમાં નવ વાગી ગયા. બધા ઊઠીને સૂવાની તૈયારીમાં હતા ત્યાં તારની ઘંટડી વાગી. બધા ચમક્યા!

‘કદાચ પવનને લીધે વાગી હશે!’ ખલાસીએ કહ્યું.

ત્યાં તો ઘંટડી ફરી વાર વાગી. હાર્ડિંગ યંત્ર ઉપર બેઠો. બધા ફાટી આંખે યંત્ર જોઈ રહ્યા હતા.

‘કોણ હશે?’

‘પેલો તો નહિ હોય?’

‘તમારે શું કામ છે?’ હાર્ડિંગે ઘંટડીનો જવાબ આપતાં પૂછ્યું.

‘જલદી પશુશાળામાં આવો.’ સામો જવાબ આવ્યો.

‘આખરે પત્તો લાગ્યો!’ હાર્ડિંગે ઊભા થઈને કહ્યું.

‘મિત્રો! ચાલો, તૈયાર.’

બધા મૂંગા મૂંગા તૈયાર થઈ ગયા. જપ અને ટૉપ પણ તૈયાર જ હતા. બધાનાં હૃદયો થડક થડક થતાં હતાં.

રાત્રિ ખૂબ અંધારી હતી, વાદળાં પણ હતાં એટલે તારાનો પ્રકાશ મળે તેમ ન હતું. ક્યારેક ક્યારેક વીજળીના ચમકારા થતા હતા. મર્સી નદી ઓળંગીને બધા જંગલમાં પેઠા. અત્યારે બધાની ઝડપ રોજ કરતા દોઢી હતી. બધાય પોતાના મનમાં પેલા માણસની કલ્પનાઓ ઘડ્યા કરતા હતા. જેટલા વેગથી તેમના પગ ચાલતા હતા તેટલા વેગથી તેમનાં મગજ પણ કામ કરી રહ્યાં હતાં. કેટલાય વખત સુધી કોઈ બોલ્યું નહિ. આખરે નિયમ મુજબ ખલાસીએ શાંતિ તોડી: ‘આપણે એક મશાલ લાવ્યા હોત તો ઠીક થાત.’

‘પશુશાળામાં મળી રહેશે.’ હાર્ડિંગે જવાબ આપ્યો.

પોણાદસ વાગે તેઓએ ત્રણ માઈલ તો કાપી નાખ્યા હતા. તોફાનના ચાળા વધતા જતા હતા. કદાચ થોડા વખતમાં તે ભયંકર રૂપ પકડે એવો સંભવ હતો.

લગભગ સવાદસે તેઓએ વીજળીના ઝબકારામાં પશુશાળાની લાકડાની વાડ જોઈ. એક મિનિટમાં હાર્ડિંગ ઓરડી પાસે આવીને ઊભો. હાર્ડિંગે બારણા પર ટકોરો માર્યો; જવાબ ન મળ્યો. તેણે બારણું ઉઘાડ્યું; અંદર અંધારું હતું. નૅબે દીવાસળી સળગાવી અને દીવો કર્યો. ઓરડી સાવ ખાલી હતી. બધું જેમનું તેમ જ પડ્યું હતું.

'આ તો આપણે છેતરાયા!' ખલાસીએ કહ્યું.

'ના ના; આપણને અહીં બોલાવ્યા છે એ વાત તો નક્કી.' હાર્ડિંગે કહ્યું.

એવામાં હર્બર્ટની નજર એક ટેબલ પર પડી. એક ચોપડી નીચે એક ચિઠ્ઠી દાબેલી હતી. તરત જ તેણે તે હાર્ડિંગને બતાવી. તેના પર અંગ્રેજીમાં લખ્યું હતું: 'નવા સાંધેલા તારની પાછળ પાછળ ચાલ્યા આવો.'

# ૧૩ : આખરે મળ્યા

‘ચાલો આગળ.’

તારનું યંત્ર જ્યાં હતું તેની સાથે એક નવો તાર જોડેલો હાર્ડિંગે જોયો. તે તાર ઓરડામાં થઈને વાડાની બહાર ચાલ્યો જતો હતો. નૅબે બત્તી પોતાના હાથમાં લીધી. તેના તેજથી અને વીજળીના ઝબકારાની મદદથી બધા તારની સાથે સાથે ચાલવા લાગ્યા. ફ્રાંકલીન પર્વતની દક્ષિણ તળેટી બાજુ થઈને તે તાર જતો હતો. ભયંકર તોફાનની વચ્ચે તારની નિશાનીએ નિશાનીએ અને નવું જોવાની કુતૂહલવૃત્તિને જોરે જોરે આ છ જણા ચાલ્યા જતા હતા. બધાને એમ થતું હતું કે આ પર્વતની ખીણમાં જ કોઈક જગ્યાએ આ તાર અટકશે. જ્યાં જ્યાં શંકા પડતી ત્યાં ત્યાં તે લોકો તાર છે કે નહિ તેની પાકી ખાતરી કરી લેતા હતા. આકાશમાં તો જાણે આગ લાગી હોય એમ ચમકારા ઉપર ચમકારા થયા કરતા હતા. લગભગ અગિયાર વાગે તેઓએ પશુશાળાથી લગભગ દોઢ માઈલનો રસ્તો કાપ્યો હશે. અહીંથી તેઓ પાછા ખડકોમાં થઈને આગળ ને આગળ પશ્ચિમ તરફ ચાલવા લાગ્યા. ધીમે ધીમે તેઓ નીચે ઊતરતા જતા હતા. મુશ્કેલીભર્યા રસ્તામાં પણ તેઓ જાણે પરાણે ખેંચાતા હોય એમ જોરથી ચાલ્યા જતા હતા.

આખરે દરિયાકિનારો દેખાયો. કિનાર પર એક લાંબી ઊંચી ખડકની ધાર હતી. તે ધાર ઉપર થઈને તાર જતો હતો. આખરે તે ધાર નીચી થતી થતી દરિયાની સપાટી સાથે મળી ગઈ. અહીં આગળ તાર દરિયાનાં મોજાં નીચે અદૃશ્ય થઈ ગયો હતો.

બધા બાઘા બનીને ઊભા રહ્યા. સૌ નિરાશ થઈ ગયાં. ‘પેલાએ કાં તો આપણી મશ્કરી જ કરી! શું દરિયાની અંદર આપણને નાખી દેવાનો વિચાર હશે?’

અટકળ ઉપર અટકળો થવા લાગી.

‘આપણે ધીરજ રાખો.’ હાર્ડિંગે કહ્યું, ‘આ ભરતી ઊતરવા દ્યો; પછી આપણે તપાસ કરીએ.’

‘પણ તમે હજુ એમ ધારો છો કે –’

‘આપણને તેણે બોલાવ્યા છે તેની પાછળ કાંઈક અર્થ તો હશે જ. અને આપણે તેની પાસે પહોંચીએ તે માટે કાંઈક સાધન પણ તૈયાર હશે.’

ખલાસી મૂંગો થઈ ગયો. બધા ઓટ થવાની રાહ જોતા જોતા એક બખોલમાં બેસી રહ્યા. મધરાત થઈ; હાર્ડિંગ બત્તી લઈને દરિયામાં થોડે

સુધી ગયો. તેણે કિનારાની નીચે બખોલ જેવું જોયું. તેને ખાતરી થઈ કે હજુ એક કલાક રાહ જોવી પડે એમ હતું.

‘ત્યારે અહીં તે માણસ રહે છે એ વાત ચોક્કસ.’

‘હજુ તને શંકા છે?’ હાર્ડિંગે ખલાસીને કહ્યું.

‘તો તો પછી એ બખોલ આખી ખાલી થઈ જતી હોવી જોઈએ.’ હર્બર્ટે કહ્યું.

‘કાં તો સાવ ખાલી થઈ જશે અથવા અંદર પાણી હશે તો આપણે માટે તે કાંઈક સાધન જરૂર મોકલશે.’

કલાક પૂરો થયો. બધા કિનારા પરથી અંદર ગયા. નીચે મોટી આઠ ફૂટ ઊંચી બખોલ હતી. બખોલનો આગલો ભાગ કમાન આકારનો હતો. જરાક વાંકા વળીને હાર્ડિંગે તે પકડી લીધું. તે નાની એવી હોડી હતી. બધા અંદર કૂદી પડ્યા. અંદર બે હલેસાં પણ તૈયાર હતાં. ખલાસીએ અને આયર્ટને તે ચાલુ કરી દીધાં. હાર્ડિંગ બત્તી ધરીને આગળ બેઠો હતો. આ આઠ ફૂટ ઊંચી દેખાતી બખોલ એકાએક મહાન ગુફા જેવી લાંબી દેખાઈ, પણ અંદર ગુફામાં એટલું અંધારું હતું કે એ બત્તીનો પ્રકાશ એનું માપ કાઢવા માટે સાવ નકામો હતો. કાળમીંઢ પથ્થરની આ ભયંકર શાંત ગુફામાં આ હોડી ચાલી જતી હતી તે વખતે બધાના મનમાં કોઈ ભૂતાવળની દુનિયાના ખ્યાલો આવવા માંડ્યા. આવી ગુફા તેમણે જિંદગીમાં જોઈ નહોતી. હાર્ડિંગે આવી ગુફાઓ વિષે વાંચ્યું હતું. સ્ટાફના બેટમાં આવી ગુફા છે; બ્રિટનમાં, કૉર્સિકામાં, નૉર્વેમાં એમ ઘણી જગ્યાએ આવેલી આવી દરિયાની ગુફાઓનાં વર્ણનો તેણે વાંચ્યાં હતાં; નજરે જોવાનો આ પહેલો જ પ્રસંગ હતો. કદાચ આ ગુફા બેટના ઠેઠ મધ્યભાગ સુધી પથરાઈને પડી હોવાનો સંભવ હતો. પેલો તાર હજુ એમ ને એમ ખડક સાથે જોડાયેલો ચાલ્યો જતો હતો. અરધો એક માઈલ ચાલ્યા પછી હાર્ડિંગે કહ્યું: ‘ઊભા રહો.’ હોડી અટકી પડી. બધાએ જોયું તો ગુફામાં એકાએક પ્રકાશ પ્રકાશ થઈ ગયો. ઉપરનું સો ફૂટ ઊંચું છાપરું ઝળાંહળાં થઈ ગયું! પાણી ઉપર પણ તેજ છવાઈ ગયું હતું. હવે ગુફાની વિશાળતાનો તેમને ખ્યાલ આવ્યો. મહાન સરોવર જેટલી તે વિશાળ હતી. ઠેરઠેર પાણીમાંથી મોટા મોટા થાંભલાઓ ઠેઠ છત સાથે અડકેલા દેખાતા હતા. પેલો પ્રકાશ પાણીની અંદરથી નીકળતો હતો અને ચારે બાજુ ફેંકાતો હતો. વીજળીની બત્તીમાંથી જેવું તેજ નીકળે તેવું જ એ તેજ હતું.

આ મહાન સરોવરની વચ્ચે દરિયા ઉપર શાળના કાંઠલાના આકારનું મોટું લગભગ અઢીસો ફૂટ લાંબું કાંઈક તરતું હતું. પાણીથી લગભગ દસબાર ફૂટ તે ઊંચું હતું. તેનાં બંને પડખાંઓમાંથી આ પ્રકાશ નીકળતો હતો.

હોડી ધીમે ધીમે તે બાજુ ચાલી. હાર્ડિંગે સ્પિલેટનો હાથ પકડી કહ્યું: ‘આ તે જ માણસ! તે જ માણસ!’ હાર્ડિંગે પછી ધીમેથી તેના કાનમાં કંઈક કહ્યું.

સ્પિલેટે તો નામ સાંભળ્યું હતું. ‘આ તે માણસ છે?’ તેણે આશ્ચર્યથી પૂછ્યું.

‘હા, હા, તે જ.’ હાર્ડિંગે કહ્યું.

હોડી તે ચીજની પાસે પહોંચી ગઈ. હાર્ડિંગ અને બીજા બધા તેની પર કૂદી પડ્યા. એક બાજુ મોટું ઉઘાડું કાણું હતું; તેની નીચે એક સીડી હતી. એક પછી એક બધા અંદર ઊતર્યા. સીડીને તળિયે મોટી ઓશરી જેવું હતું. તે વટાવી તેઓ એક ઓરડીમાં પેઠા. ઓરડી આખી વીજળીની બત્તીથી ચળકાટ મારી રહી હતી. તે વટાવીને હાર્ડિંગે એક બીજી ઓરડીનું બંધ બારણું ઉઘાડ્યું.

એ ઓરડી નહોતી પણ મોટો વિશાળ ઓરડો હતો. જાણે દુનિયાનું મોટું સંગ્રહસ્થાન હોય તેમ જાતજાતની વસ્તુઓ ગોઠવેલી હતી. જમીનના ગર્ભમાં જ રહેલાં કિંમતી રત્નો તેમાં હતાં; દરિયાને તળિયે રહેલી મહાન સમૃદ્ધિના નમૂનાઓ આ ઓરડીમાં ગોઠવેલા હતા. બધાને જાણે કોઈ અગમ્ય અને જાદુઈ પ્રદેશમાં આવી પડ્યા હોય એમ લાગ્યું.

એ ઓરડાની વચ્ચે એક મોટા પલંગ પર એક લાંબો માણસ પડેલો હતો. તેનું ધ્યાન હજુ આ બધા તરફ ખેંચાયું હોય એમ લાગ્યું નહિ.

હાર્ડિંગે આગળ વધીને જરા મોટો અવાજ કાઢીને કહ્યું: ‘કૅપ્ટન નેમો સાહેબ! આપે અમને બોલાવ્યા હતા? એમ આવ્યા છીએ.’

# ૧૪ : કૅપ્ટન નેમો

હાર્ડિંગના બધા સાથીઓ પણ અજાયબ થઈ ગયા. હાર્ડિંગ બોલ્યો તેની સાથે જ એક ભવ્ય મૂર્તિ સામેથી બેઠી થતી દેખાઈ. વિશાળ કપાળ, ધોળી દાઢી અને વિશાળ આંખોને લીધે તેનું મુખ પ્રતાપી લાગતું હતું. તેના મોઢા પર વૃદ્ધાવસ્થાની કરચલીઓ દેખાતી હતી અને માંદગીની અસર પણ જણાઈ આવતી હતી. છતાં તેનો અવાજ હજુ ગંભીર ને પ્રતાપી લાગતો હતો. તે અંગ્રેજીમાં બોલ્યો: ‘સાહેબ! મારું કાંઈ નામ જ નથી.’

‘ભલે. પણ હું તો આપને ઓળખું છે.’ હાર્ડિંગે જણાવ્યું.

કૅપ્ટન નેમોએ પોતાની વેધક દૃષ્ટિ હાર્ડિંગ ઉપર ફેંકી અને પાછો પથારીમાં થાકી ગયેલાની જેમ સૂતો. ‘હવે મારે શો વાંધો છે? હું તો મરવા પડેલો માણસ છું.’

હાર્ડિંગ વધારે નજીક આવ્યો. સ્પિલેટે તેની નાડ તપાસી. શરીરમાં તાવનું ખૂબ જોર હતું. આયર્ટન, ખલાસી વગેરે તો એક બાજુ મૂંગા મૂંગા ઊભા જ રહ્યા હતા. તેમની નજરમાં તેઓ કોઈ મહાન દૈવી શક્તિની સન્મુખ ઊભા હતા. પોતાને મહાન સંકટોમાંથી ઉગારનાર માણસ આવી વિચિત્ર રીતે અહીં રહે એ મહાન ભેદ તેમની આંખો સમક્ષ સ્વપ્નની જેમ ખડો થયો હતો.

‘તમે મને કઈ રીતે ઓળખ્યો?’ કૅપ્ટન નેમોએ પૂછ્યું.

‘અરે, આપને કદાચ નહિ ખબર હોય, પણ આપની આ સબમરીનમાંથી નાસી છૂટેલા પેલા ફ્રેન્ચે “સાગરસમ્રાટ” નામનું પુસ્તક લખીને આખી દુનિયામાં મહાન ચકચાર ફેલાવી દીધી છે.’

‘એમ? પણ એ પુસ્તક તો મારા જીવનના થોડાએક મહિના જ હશે. મને તો એ પુસ્તક વાંચીને બધાએ મોટો બહારવટિયો જ માન્યો હશે, ખરું?’ એમ કહીને કૅપ્ટન જરાક હસ્યો, ‘તમે બધા પાસે આવો. હું મારો ઇતિહાસ તમને કહું. હિંદુસ્તાનના એક નાના રાજ્યનો હું રાજા હતો. દસ વરસની ઉંમરે મારા પિતાએ મને ઇંગ્લાંડ ભણવા મોકલ્યો હતો. હું ત્યાં તેમજ યુરોપના બીજા ભાગોમાં રહ્યો અને દરેક જાતનું જેટલું જ્ઞાન મેળવી શકાય તેટલું મેળવ્યું.

‘૧૮૪૯માં પાછો મારા વતનમાં આવ્યો; મારાં લગ્ન પણ થયાં. પણ મને દુનિયાનાં વ્યાવહારિક કામોમાં જરાયે રસ ન હતો. એવામાં ૧૮૫૭માં હિંદુસ્તાનમાં વિદ્રોહ જાગ્યો. એ વિદ્રોહમાં મારા રાજ્યની, મારા કુટુંબની અને મારી પ્રજાની ખુવારી થતી મેં મારી નજર સમક્ષ જોઈ. દુનિયામાંથી મારો રસ સાવ ઊડી ગયો. વિજયી પ્રજા બીજી પ્રજાને કચડી નાખે એ જોઈને મને રાજસત્તા ઉપર તિરસ્કાર આવ્યો; મને સુધરેલી ગણાતી

દુનિયાના સુધરેલા લોકો પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ અને દુનિયામાં ગુલામ ગણાતી પ્રજાઓ તરફ મારો પ્રેમ વધતો ચાલ્યો. આથી રાજ્ય-ખટપટ છોડીને મારા થોડાએક પ્રિય સાથીઓને લઈ પૅસિફિક સમુદ્રના એક એકાંત બેટ પર જઈને મેં મારા મનમાં મનોરથો સિદ્ધ કરવા માંડ્યા. વિજ્ઞાન એ મારો પહેલેથી જ પ્રિય વિષય હતો. સાગરની અંદરની સમૃદ્ધિ જોવાની મારી અભિલાષા પહેલેથી જ હતી. સાગરને તળિયે ઘૂમ્યા જ કરવું અને દુનિયાના કોઈ માણસ સાથે સંબંધ ન રાખવો એમાં મને જીવનમાં મજા લાગતી હતી. એ બેટ ઉપર મેં મારી કલ્પનાથી સબમરીન બાંધી; તેનું નામ મેં “નૉટિલસ” પાડ્યું ને મારું નામ કૅપ્ટન નેમો રાખ્યું. ઉત્તરથી દક્ષિણ ધ્રુવ સુધીના દરિયાનો એકએક ભાગ હું ખૂંદી વળ્યો છું. કેટલીયે સ્ટીમરો ને વહાણોને મેં ઉડાડી મૂક્યાં હતાં.

‘આખરે મારા સાથીઓ એક પછી એક મરવા માંડ્યા. હું પણ સાઠ વરસનો થઈ ગયો. કોઈ એકાંત સ્થળે જઈને જીવન પૂરું કરવાના ઇરાદાથી હું તમારા લિંકન બેટ નીચે ઘણા વખતથી રહું છું. એક વાર જ્યારે હું મારો દરિયાને તળિયે ચાલવાનો પોશાક પહેરીને ફરતો હતો ત્યારે મેં આ તમારા કૅપ્ટનને ડૂબતા જોયા ને તેમને ઉગાર્યા.

‘મનુષ્ય જાતની વસ્તી આ બેટ ઉપર થતી જોઈને પહેલાં તો મને નાસી જવાનું મન થયું; પણ બેટની નીચે આ ભાગમાં મારી સબમરીન આણ્યા પછી તેને બહાર કાઢવી મુશ્કેલ હતી; કારણ કે બહાર નીકળવાના રસ્તાની આડા ધરતીકંપને લીધે મોટા મોટા ખડકો આવી પડ્યા છે, એટલે હું લગભગ કેદી જેવો થઈ ગયો છું. પરંતુ અહીં રહ્યાં રહ્યાં મારાથી થાય તેટલી મદદ વારેવારે તમને હું કર્યા કરતો હતો. તમારા ગ્રેનાઈટ મહેલના કૂવામાં અહીંથી સહેલાઈથી આવી શકાતું. ત્યાંથી હું ઘણી વાર તમારી વાતો સાંભળતો હતો. એથી મને તમારા પ્રત્યે માન ઉત્પન્ન થયું ને મેં યથાશક્તિ તમને મદદ કર્યા કરી. મારા જીવનનો દીપ ઝાંખો થતો જાય છે, તે વખતે તમને છેલ્લે મળી લઉં એ મારી ઇચ્છાથી મેં તમને બોલાવ્યા છે. મારા જીવનના ઘણા પ્રસંગોએ હું ક્રૂર બન્યો છું; ઘણાના જાન મેં જાણ્યે-અજાણ્યે લીધા છે. આજે મારા જ જેવા માનવવીર નરોની સાક્ષીએ મારાં પાપો માટે હું ઈશ્વરની ક્ષમા માગું છું. મને ક્ષમા મળશે?’

‘ઈશ્વર એટલો મહાન છે કે તેની પાસેથી ક્ષમા જ મળે છે.’ હાર્ડિંગે ગળગળા થઈને કહ્યું, ‘પણ કૅપ્ટન! તમે અમારા પર જે જે ઉપકારો કર્યા છે તેને માટે અમે કઈ રીતે તમારો બદલો વાળીશું?’

કૅપ્ટન નેમોએ પાસે ઊભેલા હર્બર્ટને હાથથી પોતા તરફ ખેંચ્યો ને તેને માથે હાથ મૂકીને કહ્યું: ‘બચ્ચા! ઈશ્વર તમારું કલ્યાણ કરે!’

કૅપ્ટન જાણે આટલું બોલતાં થાકી ગયો; જોરથી તે પથારીમાં પાછો પડ્યો. સ્પિલેટે જોયું કે તેના મોઢા પરનું તેજ ધીમે ધીમે ઓછું થતું જતું

હતું.

‘આપને શું થાય છે? અને શો રોગ છે?’ ખલાસીએ પૂછ્યું.

‘રોગ કાંઈ નથી. તેનું જીવન હવે પૂરું થાય છે પણ આપણે તેને આ ગુફાના અંધારાની બહાર લઈ જઈએ. જુઓ, અત્યારે દિવસ થઈ ગયો છતાં વીજળી ન હોય તો અંધારું જ રહે ને? આવામાં તો માણસ મરી જ જાય!’

‘અરે! આમ ને આમ તેણે આ જ ગુફામાં બાર વરસ તો કાઢ્યાં! આપણે તેને બહાર કાઢીએ તોપણ પોતાની પ્રિય સબમરીન છોડીને તે ક્યાંય જાય તેમ નથી.’ હાર્ડિંગે પોતાના સાથીઓને કહ્યું.

નેમોએ જાણે આ વાક્ય સાંભળ્યું હોય તેમ તે ધીમેથી બોલ્યો: ‘બરાબર છે. હું અહીં જ મરીશ. અને એટલા જ માટે મારી એક છેલ્લી વિનંતી સાંભળી લ્યો. જો તમે એમ માનતા હો કે મેં તમને કંઈક મદદ કરી છે તો મારી આ છેલ્લી લાગણી સ્વીકારજો.’

‘અમે તમે કહેશો તેમ કરવાનું આપને ખરા અંત:કરણથી વચન આપીએ છીએ.’ હાર્ડિંગે કહ્યું.

‘જુઓ, આવતી કાલે હું મરી જઈશ. મારી કબર એ મારી નૉટિલસ જ થશે. મને તથા મારી સબમરીનને સાથે જ દરિયાને તળિયે ઉતારી દેજો.’

બધા ચિત્રની જેમ સ્થિર થઈ ગયા!

કૅપ્ટન નેમોએ આગળ ચલાવ્યું: ‘સાથે સાથે નૉટિલસમાં આ તમારી નજર સમક્ષ દેખાય છે તે બધો ભંડાર પણ મારી સાથે જ રહે એમ કરજો. ફક્ત એક જ ભેટ હું તમને જતાં જતાં આપું છું, અને તે આ દાબડો.’

કૅપ્ટન નેમોએ પોતાના ઓશીકા તળેથી એક દાબડો કાઢ્યો, ને તે ઉઘાડ્યો.

‘આ દાબડામાં મારા અને મારા મરી ગયેલા સાથીઓનાં પ્રિયમાં પ્રિય મોતીઓ અને હીરાઓનો સંગ્રહ છે. જીવનભર શું, પણ કેટલીયે પેઢીઓ સુધી તમને પૈસાની ચિંતામાંથી મુક્ત રાખે એટલી સંપત્તિ આમાં છે. આવતી કાલે તમે આ દાબડો લઈને બહાર નીકળી જજો. અને બહાર નીકળીને હોડીમાં બેઠા પછી આ મારી સબમરીનમાં આગળના ભાગમાં જે નળની ચકલી છે તે ખોલી નાખજો. એ વડે બધું પાણી અંદર ભરાશે એટલે મારું પ્રિય જહાજ અને હું દરિયાને તળિયે મારા મૃત્યુ પામેલા મિત્રોની સાથે સમાધિ લઈશું!’

‘પણ, પણ…’ કૅપ્ટન હાર્ડિંગ બોલવા જતો હતો.

‘ના, જરાયે ગભરાવું નહિ. આ પલંગમાં આવતી કાલે મડદું જ પડ્યું હશે. કહો તમારું વચન છે?’

‘હા, અમારું વચન છે.’

‘બસ, તમારો ઘણો ઘણો ઉપકાર!’

બધા તે ઓરડી બહાર આવ્યા. હાર્ડિંગ તથા તેના સાથીઓ આ અદ્‌ભુત યંત્રોથી ભરેલી સબમરીન અંદર ફરીફરીને જોવા લાગ્યા. હાર્ડિંગની અક્કલ પણ કામ ન કરે તેવી તેની રચના હતી.

‘કેવો વિચિત્ર માણસ! હીરામોતીના દાબડાને બદલે આવું મહાન જહાજ આપણને ભેટ આપ્યું હોત તો આપણું કામ પાકી જાત ને?’ ખલાસીએ લગભગ બધાના મનની વાત કહી નાખી.

‘હવે એ વિચાર જ નકામો છે. વહાણ અહીં છે જ નહિ એમ માની લ્યો. એક મરતા મિત્રની છેલ્લી ઇચ્છાઓ આપણે પૂરી પાડવી એ આપણો ધર્મ છે.’

પાછા તેઓ નેમોની ઓરડીમાં આવ્યા.

‘આવો.’ કૅપ્ટને કહ્યું, ‘હવે તમારી ભવિષ્યની શી યોજના છે?’

‘બીજી શી હોય? અહીંથી કોઈ પણ રીતે અમેરિકા પહોંચવું છે.’ હાર્ડિંગે કહ્યું.

‘હા; અને ત્યાંથી પાછા આવીને અહીં મોટું સંસ્થાન જમાવવું છે.’ ખલાસીએ કહ્યું.

કૅપ્ટન નેમો જરાક હસ્યો, ‘ખરેખર, પેનક્રૉફ્ટ! આ બેટ ઉપર તમને તમારા સ્વદેશ જેટલો જ પ્રેમ બંધાય તેમાં નવાઈ નથી. મારે તો સ્વદેશ ગણો કે પરદેશ, બધું આ મારું જહાજ જ છે.’

‘આપને આપનાં સગાંવહાલાં કે મિત્રોને કંઈ સંદેશો મોકલાવવાનો છે?’

‘મારે? દુનિયામાં મારે આ વહાણ સિવાય કોઈ નથી. હતા તે બધા સમુદ્રને તળિયે છે.’

થોડી વાર બધા શાંત રહ્યા. અંતે કૅપ્ટન નેમોએ કહ્યું: ‘હાર્ડિંગ! મારે તમને કહેવું છે - તમને એકલાને.’

બધા ઓરડીની બહાર નીકળી ગયા; પાંચેક મિનિટ પછી હાર્ડિંગે બધાને અંદર આવવા કહ્યું.

રાત પડી ગઈ હતી. રાતદિવસનો ભેદ જાણવાનું સાધન ઘડિયાળ સિવાય કાંઈ હતું જ નહિ.

લગભગ એક વાગે કૅપ્ટન નેમોએ હાથ જોડીને પ્રભુનું અને પોતાના દેશનું સ્મરણ કર્યું; ત્રણ ડચકાં આવ્યાં ને જોતજોતામાં પલંગ પર કૅપ્ટન નેમોનું માત્ર મડદું જ રહ્યું.

બધાની આંખોમાં એકીસાથે આંસુ ઊભરાયાં.

હાર્ડિંગ તેના પર હાથ ફેરવતો બોલ્યો: 'ઈશ્વર એના આત્માનું કલ્યાણ કરો!'

બધા સબમરીનની બહાર નીકળ્યા.તેમની સાથે કૅપ્ટનના સ્મરણચિહ્નો દાબડો જ હતો. ઓરડો બંધ કર્યો અને ઓશરીમાં થઈને બધા દાદરો ચડીને બહાર આવ્યા. બહાર તરતી હોડીમાં બધા બેસી ગયા એટલે હાર્ડિંગે પેલો નળ ખોલી નાખ્યો. નૉટિલસ ધીરે ધીરે દરિયામાં નીચે ઊતરવા લાગ્યું. બધા ભારે હૈયે આ દૃશ્ય જોઈ રહ્યા. થોડી વારમાં આખી વિશાળ ગુફા અંધારાથીભરાઈ ગઈ. અદ્ભુત પુરુષ કૅપ્ટન નેમો અને તેની સબમરીન સમાધિસ્થ થઈ ગયાં!

# ૧૫ : વિનાશના ભણકારા

સવારે નવ વાગે ગ્રેનાઈટ મહેલમાં બધા પાછા આવ્યા. તેમને ઘડીભર એમ લાગ્યું કે જાણે તેઓ નિરાધાર થઈ ગયા છે. બે રાત અને એક દિવસ સુધી જોયેલાં વિચિત્ર દૃશ્યો અને બનેલા બનાવોએ તેમનાં મન એટલાં બધાં ઘેરી લીધાં હતાં કે તેઓ તે દિવસે બીજું કાંઈ જ કામ ન કરી શક્યા.

પણ હાર્ડિંગની સહુમાં ઉત્સાહ પૂરવાની શક્તિ એવી જબ્બર હતી કે બીજા જ દિવસથી વહાણ બનાવવાનું કામ ચાલતું હતું તેથી બમણા જોરથી ચાલવા લાગ્યું. નવા વર્ષના માર્ચમાં તો વહાણ હંકારી મૂકવાની તેમની મુરાદ હતી. હજુ પાંચ મહિના બાકી હતા. એક મિનિટ પણ તેઓ હવે નકામી ગુમાવ્યા વિના કામે લાગી ગયા. ખલાસી પોતે તો આખો દિવસ અને રાત ત્યાં જ રહેતો. બીજા કોઈ કામ કરવા ન આવે ત્યારે તે ખૂબ બિજાતો; અને ખીજમાં ને ખીજમાં છ માણસનું કામ કરવા મંડી પડતો!

પહેલી જાન્યુઆરીએ તોફાને દેખાવ દીધો, અને ત્રીજી જાન્યુઆરીએ હર્બર્ટે સવારમાં જ્વાળામુખીમાંથી ધુમાડાના ગોટેગોટા જોસબંધ નીકળતા દીઠા.

બધા ભેગા થઈ ગયા. કોઈ મોટા રાક્ષસની ભઠ્ઠીમાંથી જાણે ધુમાડા નીકળતા હોય એમ લાગતું હતું. હાર્ડિંગે કહ્યું: 'મિત્રો! મારે તમને કહેવું જોઈએ કે હવે આ બેટ ઉપર બહુ ઝડપથી ફેરફારો થતા જાય છે. ફ્રાંકલીન પર્વત પોતાના મૂળ સ્વભાવ ઉપર જતો લાગે છે. અલબત્ત, લાવારસને માટે બીજા માર્ગો ઘણા છે એટલે ગ્રેનાઈટ મહેલને હરકત નહિ આવે; પણ જ્વાળામુખી પોતાનું મોઢું બદલી નાખશે તો તે અણધારી આફત માટે આપણે તૈયાર રહેવું પડશે.'

તે દિવસથી રોજ ને રોજ નવાનવા ફેરફારો થતા દેખાવા લાગ્યા. જમીનની અંદરના ભાગમાં કોઈ ભયંકર ઘંટી જાણે ચાલતી હોય તેવો અવાજ આવ્યા કરતો હતો. આ ધરતીકંપનું ચિહ્ન ન હતું; તેનાથી ચેતતા રહેવાની ખાસ જરૂર હતી. વહાણ બનાવવાનું કામ તો જોસભેર ચાલ્યા જ કરતું હતું.

એક દિવસ સાંજે વાળુ કરીને તેઓ સરોવરના ઉચ્ચ પ્રદેશ પર ફરવા નીકળ્યા, ત્યાં તેમની નજર ફ્રાંકલીન પર્વત ઉપર પડી. ફ્રાંકલીન પર્વતના મુખમાંથી હવે જ્વાળાઓ નીકળતી હતી. અગ્નિના આકાશમાં અડતા ભડકા નીચેના જંગલના ભાગ ઉપર પ્રકાશ નાખતા હતા. કુદરત જાણે દરિયો જોવા માટે કોઈ મોટી મશાલ સળગાવી રહી હતી!

'ધાર્યા કરતાં વહેલો જ્વાળામુખી ફાટ્યો, નહિ?' હાર્ડિંગે સ્પિલેટને કહ્યું.

'એમાં કાંઈ નવાઈ નથી. અઢી મહિના પહેલાં આપણે પર્વતની ખીણોમાં કંઈક ધરતીની નીચેથી આવતો અવાજ સાંભળ્યો હતો. અંદરનો ચૂલો તો તે જ વખતે ચાલુ થઈ ગયો હતો.'

'આહા! શી સુંદર ઝાળ નીકળે છે!' હર્બર્ટ બોલ્યો.

'હા; એ અહીં રહ્યાં રહ્યાં સુંદર લાગે છે, એ ઠીક છે; પણ પાસે ન આવે તો જ એ વધારે સુંદર લાગશે!' ખલાસી બોલ્યો.

એક કલાક સુધી આ દૃશ્ય જોઈ રહ્યા પછી બધા ગ્રેનાઈટ મહેલમાં પાછા આવ્યા.

'આટલું ચાલે ત્યાં સુધી તો ઠીક છે, પણ જો આમાંથી ધરતીકંપ થયો તો ભોગ મળશે!'

'બનતાં સુધી તો નહિ થાય, કારણ કે લાવારસને નીકળી જવા માટે પૂરતો માર્ગ છે. પણ કુદરતનું કાંઈ કહેવાય નહિ.' હાર્ડિંગે કહ્યું.

દિવસે દિવસે તેનું જોર વધવા લાગ્યું. અગ્નિની જ્વાળાઓ સાથે હવે તો પથ્થર જેવા મોટા પદાર્થો પણ ધડાકા સાથે અંદરથી બહાર ઊડીને પાછા અંદર પડતા દેખાવા લાગ્યા. દડાઉછાળની આ ભયંકર રમત જોવામાં હર્બર્ટને તો ખૂબ મજા આવી, પણ બધાના મનમાં ભય પેસી ગયો હતો.

૭મી જાન્યુઆરીએ આયર્ટન પશુશાળાની સંભાળ લેવા જવા માટે નીકળ્યો, ત્યારે હાર્ડિંગે કહ્યું: 'ચાલ, હું પણ તારી સાથે આવું છું. મારે થોડીક તપાસ કરવાની છે.'

'પણ અહીં આપણે તો કામના ઢગલા પડ્યા છે!'

'હા, પણ એથી પણ વધારે અગત્યનું કામ મારે ત્યાં કરવાનું છે. કાલે તો હું પાછો આવતો રહીશ.'

બંને જણા રોઝના ગાડામાં બેસીને ઊપડ્યા. પશુશાળાએ પહોંચવાની તૈયારીમાં હતા ત્યાં તેમણે પર્વતમાંથી એક મોટો કાળો ધુમાડાનો ગોળો નીકળતો દીઠો અને ઊડીને દરિયામાં પડીને પાણી સાથે મળી ગયો હોય એમ ચોખ્ખો દેખાયો.

'આ નવાઈ કહેવાય!' હાર્ડિંગે કહ્યું, 'જમીનના પેટાળમાં ભયંકર ગડમથલ ચાલી રહી હોય એમ લાગે છે.'

'હવે શું થાય?' આયર્ટને પૂછ્યું.

'થાય શું? તું અહીં કામ કર તે દરમિયાન હું પર્વતની ઉત્તર બાજુના ભાગમાં જરા તપાસ કરી આવું. પછી આપણે બંને જણા કૅપ્ટન નેમોવાળી પેલી દરિયાની ગુફામાં તપાસ કરવા જઈશું.'

આયર્ટને પશુશાળામાં જઈને જોયું તો પશુઓ ગભરાટમાં ને ગભરાટમાં આમતેમ દોડાદોડી કરતાં હતાં.

હાર્ડિંગ રાતી નદી ઓળંગીને પહેલી વખત તેણે અને તેના સાથીઓએ જે ગંધકના પાણીનો ઝરો જોયો હતો ત્યાં આવી પહોંચ્યો. અત્યારે ત્યાં બધું ઊંધુંચત્તું થઈ ગયું હતું; એકને બદલે તેર ઝરાઓ ત્યાં ફૂટી નીકળ્યા હતા! ત્યાં આગળ જમીનમાં મોટી ચિરાડ પડી ગયેલી લાગી. તેણે પર્વત પર જોયું તો હવે તેમાંથી લાવારસ નીકળતો નહોતો, ફક્ત ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા. એટલે હજુ લાવારસ પર્વતના તળિયાની સપાટી સુધી જમીનમાંથી ઉપર આવ્યો નહોતો એ વાત ચોખ્ખી હતી. ત્યાંથી પર્વતની તળેટી જોઈને પશુશાળામાં તે પાછો આવ્યો. આયર્ટન ત્યાં તેની રાહ જોઈને જ ઊભો હતો.

'કેમ પશુઓ બધાં બરાબર છે ને?'

'હા, પણ બધાં જરા ગભરાઈ ગયાં લાગે છે.'

'બરાબર છે. આપણા કરતાં પશુઓને આવા બનાવની વહેલી ખબર પડે છે. તેમને તો આ ભયની ગંધ જ આવે છે. ચાલ, તું તૈયાર છે ને?'

'હા હા, તૈયાર!'

બંને જણા હાથમાં એક બત્તી લઈને ઊપડ્યા. પશુશાળાનું ફાટક તેમણે બંધ કરી દીધું. ટૂંકે રસ્તે થઈને તેઓ પશ્ચિમ કિનારા તરફ ચાલવા લાગ્યા. લગભગ દસ વાગે તેઓ પેલા કિનારા પરના મોટા ખડકો પાસે આવી પહોંચ્યા. નીચે પેલી કૅપ્ટન નેમોવાળી હોડી બાંધેલી તૈયાર હતી. બંને જણા તેમાં ચડી બેઠા. હાર્ડિંગ હાથમાં બત્તી રાખીને બેઠો હતો અને આયર્ટન હલેસાં ચલાવતો હતો.

ગુફા આખી અંધારાથી ઘેરાઈ ગઈ હતી. બત્તીનો પ્રકાશ ભીના ખડકો ઉપર પડતો ત્યારે ચળકતો હતો. આખી ગુફામાં સ્મશાન જેવી શાંતિ હતી. હાર્ડિંગને તે શાંતિની વચ્ચે ધીમે ધીમે સિંહના હુંકાર જેવો અવાજ સંભળાયો.

'આ અવાજ જ્વાળામુખીમાંથી આવે છે.' તેણે કહ્યું.

સાથે ગુફાની અંદરના ભાગમાંથી ઉગ્ર વાસ આવવા લાગી. ગંધકની વાસ તો ગૂંગળાવી મારે તેવી હતી. 'બસ, અહીં જ કૅપ્ટન નેમોએ કહ્યું હતું તે છે. હજુ આપણે ઠેઠ છેડા સુધી આગળ ચાલો.'

પચીસ મિનિટ પછી ગુફાનો છેડો આવ્યો. હાર્ડિંગે ઊભા થઈને સામેના ખડકની દીવાલ ઉપર પ્રકાશ નાખ્યો. દીવાલમાં મોટી મોટી ચિરાડો પડી ગયેલી તેણે દીઠી. શી ખબર દીવાલ કેટલી જાડી હશે, પણ તેની પેલી પારથી અવાજ આવ્યા જ કરતો હતો.

‘બસ! કૅપ્ટન નેમોની ગણતરી પ્રમાણે અહીં જ બધું જોખમ રહેલું છે.’

ત્યાંથી બંને જણા પાછા ફર્યા અને થોડી વારમાં પશુશાળામાં આવી પહોંચ્યા.

## ૧૬ : જળજળાકાર

૮મી જાન્યુઆરીને દિવસે એટલે બીજે જ દિવસે તેઓ બંને પાછા ગ્રેનાઈટ મહેલમાં આવી પહોંચ્યા. ચારેય જણા કાગને ડોળે તેમની રાહ જોઈ રહ્યા હતા.

હાર્ડિંગના અવાજમાં લાગણીનું જોર દેખાતું હતું. તેણે કહ્યું: ‘ભાઈઓ! આપણો આ બેટ દુનિયાના બીજા બેટો જેવો નથી. તેનો નાશ બહુ નજીકમાં છે એમ ચોખ્ખું દેખાય છે. એ નાશની તૈયારી આ બેટને તળિયે જ ચાલી રહી છે. એમાંથી કોઈ બચાવી શકે તેમ નથી.’

બધા આ ટૂંકાં ને થોડાં વાક્યો સાંભળી સ્તબ્ધ બન્યા!

‘મિત્રો! કૅપ્ટન નેમોએ મરતાં પહેલાં ખાનગીમાં જે વાત મને કહી હતી તે આ જ હતી. જતાં જતાં પણ તે આપણા ઉપર ઉપકાર કરતા ગયા છે. જે ગુફામાં કૅપ્ટન રહેતા હતા તે ગુફા ઠેઠ ફ્રાંકલીન પર્વત સુધી વિસ્તરેલી છે. ફ્રાંકલીન પર્વત અને તેની વચ્ચે ફક્ત મોટી ભેખડનું અંતર છે. આ ભેખડ જો ધરતીકંપને લીધે તૂટી ગઈ તો એ ગુફામાં ભરાયેલું પાણી પર્વતમાં ઊતરશે ને તેના મુખમાં થઈને બહાર ફેલાશે.’

‘એ તો સારું! તો તો જ્વાળામુખી પર્વતનો અગ્નિ હોલવાઈ જશે.’ ખલાસીએ કહ્યું.

‘ના, ના; એમ નથી. પછી તો સમુદ્રનું પાણી પણ એ જ માર્ગે થઈને બેટ ઉપર ફરી વળશે અને લાવા તથા પાણી બન્ને થઈને આ બેટને ક્યાંનો ક્યાં ઉડાડી મૂકશે.’

હવે તેમને પોતાને માથે ઝઝૂમતા ભયનો સાચો ખ્યાલ આવ્યો. અગ્નિથી ધખધખ થતા જ્વાળામુખમાં પાણી પેસે એટલે એ પાણી તો જોતજોતામાં વરાળ થઈ જાય, અને એ વરાળના જોરે તે જ્વાળામુખી શું નું શું કરી નાખે! આમાંથી બચવાનો માર્ગ જ નહોતો. કારણ, આ ભય કંઈ મહિનાઓ પછી નહોતો આવવાનો; આવે તો કદાચ થોડાક કલાકમાં જ આવીને ઊભો રહે તેમ હતું. પોતાના બેટની આવી દશાની કલ્પનાએ બધા કમકમી ઊઠ્યા! ખલાસીની આંખમાંથી એક મોટું આંસુ પડતું દેખાયું, પણ પાછા બધા હાર્ડિંગના શબ્દોથી ઉત્સાહમાં આવીને વહાણ ઉપર કામ કરવા મંડી પડ્યા. પરંતુ તેમનો એ ઉત્સાહ હવે આશાનો ઉત્સાહ નહોતો, પણ મરણિયાઓનો જુસ્સો હતો. ૨૩મી જાન્યુઆરીએ વહાણનો તૂતક ઉપરનો ભાગ લગભગ અરધો થઈ ગયો. ત્યાં સુધી ખાસ જાણવા જેવું કાંઈ નહોતું બન્યું. તેઓ વહાણમાં ખાવાપીવાનો સામાન પણ ભરવા મંડી પડ્યા હતા. ૨૩મીએ રાત્રે ફ્રાંકલીન પર્વતનું ટોપાના આકારનું નાનું શિખર હતું તે ભયંકર ધડાકા સાથે ઊડી ગયું. બધા ઊંઘમાંથી ઝબકીને જાગી ગયા. બહાર

આવીને જોયું તો જાણે આખું આકાશ આગથી સળગી ઊઠ્યું હતું! ઊંચું શિખર આખું ઊડીને કટકા કટકા થઈને જંગલ પર પથરાઈ ગયું હતું. સદ્ભાગ્યે તે ઉત્તર તરફ જ ઊડ્યું. એ જ વખતે પર્વતમાંથી લાવારસનો પહેલો પ્રવાહ બહાર પડ્યો.

લાવારસ જોતાંવેંત જ બધા ગભરાયા. ત્યારથી સીધા તેઓ ગાડું જોડીને પશુશાળા તરફ દોડ્યા. તેઓ ખરેખર દોડ્યા જ. રોઝને પણ આયર્ટને બરાબર તગડવા જ માંડ્યાં. ત્રણેક વાગે રાત્રે તેઓ પશુશાળામાં આવી પહોંચ્યા. ઘેટાં ને બકરાંની ભયંકર ચીસો સંભળાતી હતી. પર્વતમાંથી ફેંકાતા ગરમાગરમ પથ્થરના કટકા ઠેઠ ત્યાં સુધી ઊડીને પડતા હતા. આયર્ટને તરત જ ફાટક ખુલ્લું મૂકી દીધું એટલે ઘેટાં ને બકરાં ફાવે તેમ નાસવા માંડ્યાં. એક કલાકમાં તો ધગધગતો લાવારસ પશુશાળામાં ફરી વળ્યો ને થોડી વારમાં પશુશાળા હતી - ન હતી થઈ ગઈ! ત્યાંથી બધા ગ્રેનાઈટ મહેલમાં પહોંચી ગયા.

૨૪મી જાન્યુઆરીની સવાર પડી. ધીમે ધીમે જ્વાળામુખીનું સ્વરૂપ વધારે ને વધારે ઉગ્ર થતું જતું હતું. શિખર વગરનો ફ્રાંકલીન પર્વત માથા વિનાના રાક્ષસની જેમ લાવારસ વામી રહ્યો હતો. હવે તો તે બે મોઢે લાવા કાઢતો હતો; તેનો એક પ્રવાહ પૂર્વમાં વહેતો હતો અને બીજો પ્રવાહ દક્ષિણ બાજુ વહેતો હતો. લાવારસ જ્યાં જ્યાં જતો ત્યાં બધું બાળીને ભસ્મ કરી નાખતો અને થોડી વારમાં ઠરીને મોટું ઢીમ થઈ જતો. અને એ જ ઢીમ ઉપર થઈને પાછો નવો લાવારસનો પ્રવાહ વહેવા લાગતો! એક પ્રવાહ જે પૂર્વ તરફ જતો હતો, તે રાતી નદીવાળી ખીણમાં થઈને સરોવર તરફ ધસ્યો જતો હતો. ગ્રેનાઈટ મહેલમાં રહેવું એ હવે ચોખ્ખું જોખમ જ હતું. પણ સરોવરમાં જો લાવારસનો પ્રવાહ પડે તો ત્યાં આગળ કદાચ સરોવરના પાણીને લીધે તે શમી પણ જાય. દરમિયાન આ છયે જણા કુહાડી, કોદાળી, પાવડા અને તીકમ વગેરે લઈને સરોવરની ઊંચી પાળ ઉપર ચડી ગયા હતા. ગ્રેનાઈટ મહેલ તરફ ઢોળાવ બાજુ માટી, પથ્થર વગેરે નાખી તેમણે એક પાળ બાંધી દીધી; પાળને લીધે લાવારસ એ બાજુ આવે તોપણ સીધો તે સરોવરમાં જ પડે એવી હાર્ડિંગની યોજના હતી.

આ યોજનાનું મહત્ત્વ થોડી વાર પછી તેના સાથીઓને સમજાયું. લાવારસ મારમાર કરતો સરોવર બાજુ ધસી આવતો હતો; થોડી વારમાં તો તે સરોવરની ઊંચી પાળ પાસે થઈને તેમણે બાંધેલી નાની પાળ સાથે અથડાયો ને સીધો સરોવરમાં ધોધ થઈને વહેવા લાગ્યો.

દૃશ્ય ખરેખર જોવા જેવું હતું. કુદરતનાં બે મહાન બળો અત્યારે લડી રહ્યાં હતાં.

લાવારસનો અગ્નિ પાણીને વરાળ બનાવી દેવા મથતો હતો, જ્યારે પાણી લાવારસને ઠારીને પથ્થર બનાવી દેવા મથતું હતું. ઘડીક તો

સરોવરના પાણીએ જોર કર્યું; લાવારસનાં મોટાં ઢીમ સરોવરમાં દેખાવા લાગ્યાં; પણ લાવા ધોધમાર વહેતો હતો! આખરે ગ્રાન્ટ સરોવર પાણીના સરોવરને બદલે વરાળ અને લાવારસથી ઊકળતી એક મોટી કઢાઈ જેવું લાગવા માંડ્યું.

પણ આ યુદ્ધમાં આ ગ્રેનાઈટ મહેલના રહેનારાઓ ફાવી ગયા. ગ્રેનાઈટ મહેલ તથા કોતરો બાજુ આ ધોધનો પ્રવાહ ન આવ્યો. દરમિયાન તેઓએ વહાણ બનાવવાનું કામ ધમધોકાર ચાલુ કરી દીધું. જાન્યુઆરીના અંત સુધી તેઓએ તે વહાણના કારખાનામાં જ રાત-દિવસ કામ કર્યા કર્યું. ગ્રેનાઈટ મહેલમાં રહેવું એ પણ હવે તો જોખમ હતું, એટલે તેઓ કોતરોમાં જ રહેતા અને જોઈતો સામાન ગ્રેનાઈટ મહેલમાંથી લઈ આવતા.

પૂર્વ બાજુના આ ભાગમાં હજી કાંઈકે સલામતી હતી. બાકી પશ્ચિમનાં જંગલો અને દરિયાકિનારા સુધી તો લાવારસે ઘાણ વાળી નાખ્યો હતો. લાવારસથી બળતાં ઝાડ એક પછી એક નીચે પડતાં હતાં. જંગલમાં પ્રાણીઓને પક્ષીઓ બધાં પૂર્વ બાજુના મર્સી નદી પાસેના જંગલમાં ભરાતાં હતાં. અત્યારે તેમનાથી બીવાનો તેમને વખત જ નહોતો; એ બધા તો વહાણ ઉપર જ લાગી પડ્યા હતા.

દિવસે દિવસે જ્વાળામુખીનો કાળોકેર ઘટવાને બદલે વધતો જ જતો હતો. બેટ આખો ઉજ્જડ થતો જતો હતો; ફક્ત દક્ષિણ બાજુનો થોડોક ભાગ લીલો દેખાતો હતો. લીલાંછમ દેખાતાં જંગલો રાખ થયેલાં નજરોનજર જોતાં છાતી ચિરાઈ જતી હતી, પણ કુદરતના કોપ પાસે માણસ નિર્બળ હતો!

ફેબ્રુઆરી માસ બેઠો. જ્વાળામુખીમાંથી લાવારસ જુદા જુદા પ્રવાહોમાં વહ્યો જતો હતો. હજુ જે ભાગમાં કોતરો અને ગ્રેનાઈટ મહેલ હતાં, તે બાજુનો ભાગ સાબૂત હતો. વહાણ જેમ બને તેમ જલદી તૈયાર કરવાનું હતું, અંદરની ઓરડીઓ વગેરેનું કામ ચાલતે વહાણે પૂરું કરવાનું રાખી વહાણના સઢનો થાંભલો અને સઢ નાખવાનું કામ તેમણે પહેલું ઉપાડ્યું. જોકે તેઓ રાતદિવસ અખંડ મહેનત કરતા હતા, તોપણ માર્ચના પહેલાં અઠવાડિયા પહેલાં તેઓ વહાણ ઉપાડી શકે તેમ નહોતું.

ફેબ્રુઆરીમાં ખાસ જાણવા જેવો બનાવ ન બન્યો; જે પ્રમાણે ચાલ્યા કરતું હતું તેમ જ ચાલ્યા કર્યું. સ્પિલેટે માન્યું કે હવે જ્વાળામુખી પર્વત થાક્યો છે. પણ હાર્ડિંગને હજુ બીક હતી. તે તો વહેલાંમા વહેલી તકે વહાણ ઉપાડી મૂકવાની જ ગણતરી કર્યા કરતો હતો. ૨૦મી ફેબ્રુઆરીએ એક વાર તેમના વહાણના કારખાનાવાળી જગ્યાએ લાવારસનો એક નાનો ફાંટો આવી ગયેલો ત્યારે બધા ગભરાઈ ગયા હતા; પણ તેમાંથી તેઓ બચી ગયા, કારણ કે પ્રવાહ તે વખતે સીધો દરિયા તરફ વળી ગયો.

ફેબ્રુઆરી પૂરો થયો ને માર્ચ શરૂ થયો. હવે બધાના મનમાં આશા બંધાવા માંડી હતી. જ્વાળામુખી પર્વત હવે જો વધારે જોર કરશે તોપણ પોતાનું વહાણ સલામત નીકળી જશે એવી તેમને આશા બંધાઈ. આશાને જોરે તેઓ વીશ માણસ જેટલું કામ કરતા હતા.

'આહા! આ વખતે કૅપ્ટન નેમો આપણી સાથે હોત તો!' નૅબે કહ્યું. નૅબને એમ હતું કે કૅપ્ટન નેમો હોત તો આવી આફત આવત જ નહિ, અથવા આવત તો કોઈને કાંઈ ઈજા ન થાત.

માર્ચની શરૂઆતમાં વળી પાછા ધડાકાઓ વધવા માંડ્યા. મોટા મોટા ખડકો ઊછળી ઊછળીને ભુક્કો થઈને નીચે પડવા માંડ્યા. સરોવર બાજુનો ઉચ્ચ પ્રદેશ આખો લાવારસથી ઢંકાઈ ગયો હતો. તેમના વાડા, ખેતર, પવનચક્કી, બધુંય ડૂબી ગયું હતું. ગ્રેનાઈટ મહેલ પાસે થઈને મોટા નાયગરાના ધોધ જેવો લાવારસનો ધોધ નીચે પડવા લાગ્યો.

હવે વહાણને એક દિવસ પણ વધારે રહેવા દેવામાં જોખમ હતું. બીજે દિવસે એટલે કે ૯મી માર્ચે સવારમાં જ વહાણ જેટલું તૈયાર થયું હોય તેટલું ઉપાડી મૂકવું એમ બધાએ નક્કી કર્યું.

૮મીની રાત પડી. અરધી રાતે એક ભયંકર ધડાકો થયો; જ્વાળામુખીમાંથી વરાળનું એક મોટું વાદળું આકાશને ઢાંકી દેતું ઊપડ્યું. લગભગ ત્રણ હજાર ફૂટ જેટલે તે ઊંચે ગયું. કૅપ્ટન નેમોવાળી ગુફામાં પડખેના ખડકની દીવાલ તૂટી ગઈ ને તે વાટે સમુદ્રનું પાણી જ્વાળામુખી પર્વતમાં પેઠું. પર્વત આ મારો સહન ન કરી શક્યો, એટલે ચારેય તરફથી ફાટ્યો ને પરિણામે પર્વતની જગ્યાએ સપાટ જમીન થઈ ગઈ! સમુદ્રનું પાણી જોતજોતામાં આખા બેટ ઉપર ફરી વળ્યું!

# ૧૭ : પાછા સ્વદેશે

જ્યાં થોડા વખત પહેલાં ફળદ્રુપ લિંકન બેટ દેખાતો હતો ત્યાં અત્યારે પૅસિફિક મહાસાગરનાં મોજાંઓનો ચારે તરફથી માર ખાતો એક ત્રીસ ફૂટ લાંબો ને વીસ ફૂટ પહોળો એવો નાનકડો ખડકનો ટુકડો માત્ર પાણીની બહાર દેખાતો હતો!

આ ભાગ તે ગ્રેનાઈટ મહેલના મથાળાનો ભાગ હતો. સમુદ્રનાં પાણીએ જોતજોતામાં બધું પોતાનામાં સમાવી દીધું. જ્વાળામુખી પર્વતના ફાટવા પછી ઊંચામાં ઊંચો ભાગ કોઈ રહ્યો હોય તો ગ્રેનાઈટ મહેલ ઉપરના ખડકો જ હતા. સમુદ્રનું પાણી એટલા ઘસારાથી આગળ વધવા લાગ્યું હતું કે પેલા છ સાથીઓ સાવધાન થાય ન થાય ત્યાં તો વહાણ ઉપર ફરી વળ્યું. છયે જણામાં એ વખતે અજબ ચેતન આવી ગયું. તેઓ પાણી ઉપર તરવા લાગ્યા. તેમણે થોડેક દૂર આ પાણી પરનો ખડક જોયો, અને તરતા તરતા તેઓ ત્યાં પહોંચી ગયા.

જે બેટ ઉપર તેમણે આટલી સંપત્તિ જમાવી હતી, તે બેટના એક ઉજ્જડ ખડક ઉપર તેઓ આવી પડ્યા! ખારા પાણીને લીધે ખારા થઈ ગયેલા થોડાક રોટીના ટુકડાઓ અને તે જ ખડક ઉપર કેટલાય વખતથી વરસાદના ભરાઈ રહેલા થોડાક પાણી ઉપર એક પછી એક દિવસો તેમણે કાઢવા માંડ્યા. નહિ બીજાં કપડાં, નહિ માથે છાપરું, નહિ તાપવા માટે અગ્નિ! તેમની છેલ્લી આશા જે તેમનું વહાણ તે પણ સમુદ્રને તળિયે બેઠું હતું. ઉપર આભ ને નીચે પાણી, ત્યાં રોટલીના ટુકડા પર ક્યાં સુધી ચાલે? એક પછી એક દિવસો ભૂખ્યા ભૂખ્યા તેમણે કાઢવા માંડ્યા. મૃત્યુની વાટ જોતાં બધા બેઠા હતા. દૃઢનિશ્ચયી હાર્ડિંગનો ચહેરો એવો ને એવો શાંત હતો; સ્પિલેટ ગભરાઈ ગયો હતો. ખલાસી તો ક્રોધમાં ને ક્રોધમાં આમતેમ આંટા મારતો બૂમ પાડતો હતો. હર્બર્ટ હાર્ડિંગની ગોદમાં લપાઈને જ આખો દિવસ બેસી રહેતો. નૅબ ને આયર્ટન મોત માટે તૈયાર થઈને બેઠા હતા. ચારેય તરફ પૅસિફિક સાગર - કહો કે નિરાશાનો જ સાગર ઊછળતો હતો!

નવ દિવસના કડાકા થયા. લગભગ બધા આખો વખત બેભાન અવસ્થામાં જ રહેતા. આયર્ટન પોતાની અંદરના જોરે કોઈ કોઈ વાર માથું ઊંચું કરીને ચારેય તરફ નજર નાખતો હતો.

૧૭મી માર્ચે સવારમાં આયર્ટનની ઝાંખી થઈ ગયેલી નજરે દૂર કંઈક કાળું જણાયું. તેણે મહામહેનતે હાથ ઊંચા કર્યા ને આંગળી ચીંધી એક જ શબ્દ બોલ્યો:

‘ડંકન!’

આટલું કહીને તે મૂર્છા ખાઈ પડ્યો.

*  *  *

જ્યારે હાર્ડિંગે આંખ ઉઘાડી ત્યારે પોતે એક નાની ઓરડીમાં હોય એમ તેને લાગ્યું. આયર્ટન તેની પડખે જ ઊભો હતો. તે બોલ્યો: ‘ડંકન!’

હાર્ડિંગ બધું સમજી ગયો. તે પોતાના અશક્ત હાથ ઊંચા કરીને બોલ્યો: ‘પ્રભુ! તારી દયા અપાર છે!’

આ છ ભડવીરોની ટોળી બચી ગઈ હતી, એટલું જ નહિ પણ પાછા સ્વદેશ તરફના રસ્તે ડંકન વહાણમાં એક મોટી કૅબિનમાં બેસીને ઊપડી રહી હતી.

‘કૅપ્ટન ગ્રાંટ!’ હાર્ડિંગે પૂછ્યું, ‘તમને ટેબર બેટ છોડ્યા પછી આ બાજુ આવવાનું કઈ રીતે સૂઝ્યું?’

‘કેમ કૅપ્ટન હાર્ડિંગ! હું કાંઈ એકલા આયર્ટનને જ લેવા નહોતો આવ્યો. હું તો તમને ને તમારા સાથીઓને લિંકન બેટમાંથી લઈ જવા આવ્યો હતો!’

‘શું કહો છો?’ બધા આશ્ચર્યચકિત થઈ ગયા.

‘કેમ? એમાં તમે આટલી નવાઈ કેમ પામો છો?’ કૅપ્ટન ગ્રાંટે કહ્યું. ‘તમારી ચિઠ્ઠીમાં તમારા બેટ વિષેની બધીય માહિતી લખેલી હતી.’

‘ચિઠ્ઠી? અમને આવી ચિઠ્ઠીની કાંઈ ખબર જ નથી!’ હાર્ડિંગે કહ્યું.

‘ત્યારે ચિઠ્ઠી કોણે મોકલી?’ કૅપ્ટન ગ્રાંટે પ્રશ્ન કર્યો.

‘એ તો એ જ!’ ખલાસી પોકારી ઊઠ્યો. ‘બીજું કોણ હોય? કૅપ્ટન નેમો જ. આહા! મરતાં મરતાંયે એ આપણે માટે કેટલું કરતો ગયો!’

કૅપ્ટન નેમોની યાદ થતાં થોડી વાર બધા શાંત થઈ ગયા.

‘હવે આ કૅપ્ટન નેમોના દાબડાનું શું કરવું છે?’ આયર્ટને પેલો દાબડો બતાવીને કહ્યું.

‘અરે! એ દાબડો તેં સાચવી રાખ્યો છે?’

‘હા જ તો! તમે બધા જ્યારે ખાવાનું સંભાળતા હતા ત્યારે મેં આ દાબડો લઈ લીધેલો.’

‘આયર્ટન, આયર્ટન! હવે તું તારી જૂની સ્થિતિ સાવ ભૂલી જા. તું નવો અવતાર જ પામ્યો છે. તું અમારો સાથી જ છે.’ ‘કૅપ્ટન ગ્રાંટ!’ સાયરસ હાર્ડિંગ કૅપ્ટન ગ્રાંટ તરફ ફરીને બોલ્યો, ‘તમે ટેબર બેટ ઉપર છોડેલો ગુનેગાર આજે અમેરિકાનો એક પ્રામાણિક નાગરિક થઈને તમારી સમક્ષ ઊભો છે, ને હું તેનો મિત્ર થવાનું અભિમાન ધરાવું છું!’

*  *  *

બધા અમેરિકા આવી પહોંચ્યા. પોતાના વહાલા વતનને ચાર ચાર વરસ પછી નજરે જોતાં બધાની આંખો અશ્રુભીની થઈ.

પેલા દાબડાની અંદરનાં રત્નોમાંથી આ છ જણાએ આયોવા સંસ્થાનમાં એક મોટા વિસ્તારવાળી જમીન ખરીદી અને તેની અંદર તેમણે કેટલાય માણસોને વસાવ્યા. આ જમીનના ભાગમાં એક નાની એવી નદી ને સરોવર હતાં; એક પર્વત પણ હતો. આ બધાંનાં નામ તેમણે મર્સી નદી, ગ્રાંટ સરોવર, ફ્રાંકલીન પર્વત એવાં એવાં જ રાખ્યાં.

થોડા વખતમાં તો તેમણે મોટી જબરી વસાહત ઊભો કરી. છયે જણાએ મરતાં સુધી સાથે જ રહેવાનો ઠરાવ કર્યો હતો. હર્બર્ટે પોતાનો અભ્યાસ પૂરો કર્યો ને કામે લાગ્યો. સ્પિલેટે ‘ન્યુ લિંકન હેરલ્ડ’ નામનું એક મોટું છાપું કાઢ્યું. ખલાસી, ખલાસી મટીને ખેડૂત થયો. નૅબને તો હાર્ડિંગને ખવરાવવા સિવાય બીજા એકેયમાં મજા શાની આવે? આયર્ટન પણ હાર્ડિંગની સેવા કરવા સિવાય પોતાનું બીજું ધ્યેય હોય એમ માનતો નહિ.

સહુ પોતાની જિંદગીના અંત સુધી સાથે જ રહ્યા, ને બાકીના દિવસો લિંકન બેટનાં પોતાનાં જૂનાં સંસ્મરણોમાં અને આનંદમાં ગાળ્યા.

●●